॥ नमोऽस्तु तस्मै जिनशासनाय ॥

श्रुतकेवलि श्रीशय्यंभवसूरिविरचितं

॥ श्री दशवैकालिकसूत्रम् ॥

सभाषांतर भाग-3 (અધ્ય. ૫-૬-૭)

નિર્યુક્તિકાર : શ્રુતકેવલી શ્રીભદ્રબાહુસ્વામી

વૃત્તિકાર : ૧૪૪૪ ગ્રન્થરચયિતા શ્રીહરિભદ્રસૂરિજી

પ્રેરક

સિદ્ધાન્તમહોદધિ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સાહેબનાં

શિષ્યરત્ન

પ.પૂ.પં. ગુરુદેવશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબ

ભાષાંતરકર્તા

મુનિ ગુણહંસવિજયજી

સંશોધનકર્તા

મુનિ ભવ્યસુંદરવિજયજી

પ્રકાશક

કમલ પ્રકાશન ટ્રસ્ટ

અમદાવાદ

પ્રકાશક :

કમલ પ્રકાશન ટ્રસ્ટ

જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન

૨૭૭૭, નિશાપોળ, ઝવેરીવાડ,

રીલિફ રોડ, અમદાવાદ-૧

ફોન ૨૫૩૫૫૮૨૩, ૨૫૩૫૬૦૩૩

લેખક :

સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,

સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્વિજય

પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબનાં વિનેય

પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજીનાં શિષ્ય

મુનિશ્રી ગુણહંસવિજયજી

પ્રથમ પ્રકાશન : વિ.સં. ૨૦૬૬ તા. ૧૫-૧૨-૨૦૦૯

નકલ : ૧૦૦૦

સૂચના : આ પુસ્તક જ્ઞાનખાતાની રકમમાંથી છપાયેલ હોવાથી પુસ્તકનું મૂલ્ય જ્ઞાનખાતે ચૂકવીને માલિકી કરી શકાય.

મૂલ્ય રૂા. ૨૫૦/-

ટાઈપસેટીંગ :

અરિહંત ગ્રાફિક્સ

ખાડિયા ચાર રસ્તા, અમદાવાદ.

મુદ્રક :

ભગવતી ઓફસેટ

બારડોલપુરા,અમદાવાદ.

સમર્પણમ્....

જેઓએ આગમોને લોહીનાં કણેકણમાં વસાવી દીધા છે...
જેઓના મુખે આજે પણ દશવૈકાલિકસૂત્ર રમે છે...
એવા

પ.પૂ. ગીતાર્થમૂર્ધન્ય, સિદ્ધાન્તદિવાકર, ગચ્છાધિપતિ
પૂ. ગુરુદેવશ્રી
આ. જયઘોષસૂરીશ્વરજી મ.સાહેબજીને

આ નાનકડી ભેટ અર્પણ કરતાં હૈયું આનંદવિભોર બની જાય છે.

લિ. કૃપાકાંક્ષી ગુણહંસવિ.

ઉમળકાભર્યા હૈયે અમે સ્વીકારીએ છીએ આપનું ઔદાર્યભર્યું સૌજન્ય....

પ.પૂ.પં.ગુરુદેવશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબનાં

શિષ્યરત્ન

પ.પૂ.મુનિરાજશ્રી હંસકીર્તિવિજયજી મ.સાહેબ

પ.પૂ.મુનિરાજશ્રી ભવ્યકીર્તિવિજયજી મ.સાહેબ

આદિ ઠાણાનાં વિ.સં.૨૦૬૫નાં ચાતુર્માસની સ્મૃતિનિમિત્તે

● સૌજન્ય ●

શ્રી સરદારબાગ શ્વે.મૂ.પૂ. જૈન સંઘ

બારડોલી

જ્ઞાનદ્રવ્યથી શ્રુતભક્તિનો લાભ લીધો એ બદલ ખૂબ ખૂબ ધન્યવાદ....

લિ.

કમલ પ્રકાશન ટ્રસ્ટ

ઉમળકાભર્યા હૈયે અમે સ્વીકારીએ છીએ આપનું ઔદાર્યભર્યું સૌજન્ય....

● સૌજન્ય ●

શ્રી ડીસા શ્વે.મૂ.પૂ. જૈન સંઘ

ડીસા

જ્ઞાનદ્રવ્યથી શ્રુતભક્તિનો લાભ લીધો એ બદલ
ખૂબ ખૂબ ધન્યવાદ....

લિ.
કમલ પ્રકાશન ટ્રસ્ટ

પ્રસ્તાવના

દશવૈકાલિક સૂત્ર !

પરમ પાવન પિસ્તાલીશ આગમોમાંનું એક અતિસુંદર આગમ !

૨૧૦૦૦ વર્ષ પાંચમા આરાનાં અંત સુધી જે અખંડ પણે ટકશે !

એનો મહિમા અપરંપાર છે, એ તો એના પરથી જ જણાઈ આવે કે ચૌદપૂર્વધર - શ્રુતકેવલિ - શય્યંભવસૂરિ મહારાજાએ, માત્ર છ મહિનાનું જેનું આયુષ્ય શેષ હતું, તેવા પોતાના દીક્ષિત પુત્ર 'મનક'નાં કલ્યાણને માટે પૂર્વોમાંથી તેને ઉદ્ધૃત કર્યું !

કેવા સુંદર પદાર્થો હશે એમાં, જેને ભણવાથી ૬ મહિનામાં સાધુજીવનનો સાર સમજાઈ જાય...આત્મકલ્યાણ નિશ્ચિત થઈ જાય !

આજે પણ એનો મહિમા અખંડ છે - એના ચાર અધ્યયન અર્થસહિત ભણાય નહીં ત્યાંસુધી મહાવ્રત આરોપણ (વડીદીક્ષા) ન કરવાની પરંપરા છે... એનું પાંચમું પિંડૈષણાઅધ્યયન અર્થસહિત ભણ્યા વિના ગોચરી જવાનો અધિકાર નથી મળતો.

એનું સાતમું વાક્યશુદ્ધિ અધ્યયન અર્થસહિત ભણ્યા વિના દેશના આપવાનો - અરે ! બોલવાનો પણ અધિકાર નથી મળતો... ટંકશાળી અને અર્થશાલિ છે એના વચનો... દરેક સાધુભગવંતે અવશ્ય ભણવા - ગોખવા - સમજવા - ઉતારવા જેવા.

પણ, આ તો ચૌદપૂર્વધર મહર્ષિનાં વચનો...ગંભીર, રહસ્યભરપૂર... અલ્પમતિ એવા આપણે તેનો તાગ શી રીતે પામી શકીએ ?

ઉપકાર કર્યો આપણા પર પૂર્વર્ષિઓએ...ભદ્રબાહુસ્વામી મહારાજાએ...નિર્યુક્તિ રચીને...અગત્સ્યસિંહસૂરિએ ચૂર્ણિ રચીને... હરિભદ્રસૂરિઆદિ મહાપુરુષોએ ટીકાઓ રચીને...

આ વિવરણો પ્રમાણમાં સરળ છે. તાર્કિકશિરોમણિ હરિભદ્રસૂરિ મ.સા.ની ટીકા સૌથી વિસ્તૃત છે. ખૂબ સુંદરપદાર્થો છે, તેમાં...

છતાં, પડતાં કાળને કારણે ાથમિક અભ્યાસીઓને તે પણ સમજવું કઠિન પડે, તે સંભવિત છે.

અને એટલે અનુવાદકાર પૂ.મુ.શ્રી ગુણહંસવિજયજી મ.સા. સરળ ગુજરાતી ભાષામાં તેનો અનુવાદ પ્રસ્તુત કરી રહ્યા છે.

સ્વયં ઉચ્ચકક્ષાનાં વિદ્વાન્ હોવા છતાં, આવા પ્રાથમિક ગ્રંથ ઉપર અનુવાદ લખવા માટે આટલો પરિશ્રમ વેઠે છે, સમયનો ભોગ આપે છે, તે તેમની પ્રાથમિક અભ્યાસુઓ પરની કરૂણાનું પરિણામ છે. વર્તમાનકાળે અભ્યાસની રૂચિ ધરાવનારાઓને પણ અભ્યાસ કરાવનાર અધ્યાપકોનો સંયોગ સરળતાથી નથી થતો, તેવું ઘણીવાર જોવા મળે છે અને સ્વયં અભ્યાસ કરવામાં કઠિન સ્થળો એ અટકી જવાથી હતોત્સાહ થઈ જાય છે.

એ સમસ્યાનું નિરાકરણ કરવા જ આ અનુવાદ પ્રસ્તુત થઈ રહ્યો છે.

પૂ. હરિભદ્રસૂરિ મહારાજની કઠિન પંક્તિઓને વિસ્તારથી સરળભાષામાં રજૂ કરવા તેમણે ઘણો પુરુષાર્થ કર્યો છે, તે અનુવાદ જોતાં જ સમજાઈ જશે.

પ્રત્યેક સાધુ-સાધ્વીજી ભગવંતો અવશ્ય આ ગ્રંથનો તલસ્પર્શી અભ્યાસ કરે તો તેમનું જીવન સંયમની સુવાસથી મહેંકી ઊઠે, તે બાબતમાં કોઈ શંકા નથી...એટલે મારા સહિત સહુ આ ગ્રંથને ભણે, અને તેમાં આ અનુવાદ સહાયકસાથીની ગરજ સારે... અને તેના દ્વારા વિશુદ્ધસંયમજીવનની પ્રાપ્તિ કરી, પરમપદને નજીક લાવે, એ જ શુભાભિલાષા...

લિ.

મુનિ ભવ્યસુંદરવિજય

બે શબ્દો

દશવૈકાલિક જેવા મહાન સૂત્રની રચના કરી છે ચૌદપૂર્વધર શ્રી શય્યંભવસૂરીશ્વરજી મહારાજાએ ! એના ઉપર નિર્યુક્તિની રચના કરી છે ચૌદપૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામીજીએ !

ચૂર્ણિની રચના કરી છે શ્રી જિનદાસગણિમહત્તરજીએ !

વૃત્તિની રચના કરી છે ૧૪૪૪ ગ્રન્થરચયિતા શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ !

હજારો વર્ષો પૂર્વેનું આ અણમોલ સાહિત્ય કાળના પ્રવાહમાં ક્યાંય ખતમ ન થઈ જાય અને આપણાં સુધી પહોંચે એ માટે એની સુરક્ષા કાજે જબરદસ્ત ભોગ આપ્યો છે હજારો શ્રમણ-શ્રમણીઓએ અને શ્રાવક-શ્રાવિકાઓએ !

મારા જેવા સાધુ પણ આનું ભાષાંતરાદિ કામ સારી રીતે પાર પાડી શકે એ માટે કૃપાબળ-પીઠબળ પૂરું પાડ્યું છે પરમોપકારી પૂજ્યપાદ ભવોદધિતારક ગુરુદેવશ્રીએ !

ભાષાંતરમાં ભૂલો ન રહી જાય એ માટે અક્ષરશઃ બધું જ તપાસી આપવાનો અનહદ ઉપકાર કર્યો છે પૂજ્યપાદ શાસનપ્રભાવક આચાર્યદેવ શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મ.સાહેબના શિષ્ય મુનિરાજ ભવ્યસુંદરવિજયજીએ !

ત્રણ-ત્રણ પ્રુફો જોવા - ક્રમશઃ ગોઠવવા... વગેરે વગેરે અતિ મહેનત અને ઘણો લાંબો સમય માંગી લેતું કપરું કામ સહર્ષ વધાવી લઈને સંપૂર્ણ કરી દીધું છે વિદ્યાશિષ્ય મુનિરાજ રાજહંસવિજયજીએ !

પ્રકાશનનાં કાર્યમાં ખૂબ ઉલ્લાસથી સહકાર આપ્યો છે તે કમલ પ્રકાશનનાં ગુણવંતભાઈ અને તેમની પ્રેસની ટીમે !

આવી તો ઢગલાબંધ સહાય બાદ જે કામ શક્ય બન્યું છે, એમાં ભાષાંતરકર્તા તરીકેનો યશ લેવાનો મને કોઈ જ હક નથી. આ આખાય કાર્યમાં મારા ભાગે તો ૧% જેટલો ય હિસ્સો માંડ આવે... એટલે જો આ કાર્ય ખરેખર સારું થયેલું લાગે, ઉપયોગી લાગે તો એનો યશ મને આપવાને બદલે આ તમામ ઉત્તમ આત્માઓને જ આપવો એવી મારી નમ્ર વિનંતી છે. હા ! જે કંઈ ક્ષતિઓ હશે, એ મારી જ હશે એ પણ નિશ્ચિત હકીકત જાણવી.

વર્તમાન ૧૫ હજાર સાધુ-સાધ્વીજી ભગવંતો અધરી ભાષાદિને કારણે આ ગ્રન્થનાં અમૂલ્યપદાર્થોથી વંચિત ન રહી જાય, એ માટે તેઓને ગુજરાતી ભાષામાં સ્પષ્ટતાવાળું ભાષાંતર આપવું જરૂરી લાગ્યું, માટે જ આ ભાષાંતર કર્યું છે. બાકી તો સંયમીઓ સંસ્કૃતમાં જ અભ્યાસ કરે, ભાષાંતરને ન અડે એ જ અમને ઈષ્ટ છે. ભાષાંતર વિના વૃત્તિ નહી સમજી શકનારાઓ માટે જ આ ભાષાંતર છે, એ ખાસ ધ્યાનમાં લેવું. વળી જો અધ્યાપન કરાવનાર સદ્ગુરુનો યોગ મળે તો એમની પાસે જ જ્ઞાન મેળવવું... એ ન મળે તો જ નાછુટકે ભાષાંતરના સહારે વાંચન કરવાનું છે.

આ ભાષાંતરમાં નિક્ષેપાદિની સમજમાં સરળતા રહે તે માટે પૂ.પં.શ્રી હીરચંદ્રવિજયજી મ.સાહેબના શિષ્યવૃંદે તૈયાર કરેલ અધ્યયનપ્રમાણેના કોષ્ઠકો પણ લીધા છે. કોષ્ઠક તૈયાર કરનાર મહાત્માનો પણ હું સબહુમાન આભાર માનું છું.

પ્રાંતે આ આખાય ભાષાંતરમાં મહાપુરુષોની ઈચ્છા વિરુદ્ધ કંઈપણ લખાયું હોય તો મન-વચન-કાયાથી ત્રિવિધે-ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં......

લિ.

મુનિ ગુણહંસવિજય

ભા.સુ. ૧૩ સં. ૨૦૬૫

ખાસ ધ્યાન રાખો.

આ ગ્રંથ વાંચનના અધિકારી યોગોદ્વહન કરી ચૂકેલા પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો જ છે.

તેથી ગૃહસ્થોએ આ ગ્રંથ વાંચવો નહીં.

અનધિકૃત વાંચન જ્ઞાનવરણીય-મોહનીય વિ. કર્મોના બંધ દ્વારા સંસારવર્ધક હોવાથી અહિતકર છે.

પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોએ પણ મુખ્યતયા ગીતાર્થ ગુરુભગવંતો પાસે જ અભ્યાસ કરવાનો છે.

પરંતુ જેમને તેવા સંયોગો ઉપલબ્ધ નથી. તેઓ, પોતાના ગુરુવર્ગની અનુજ્ઞા લઈને આ અનુવાદની સહાય લઈને અભ્યાસ કરી શકે છે.

આ ગ્રંથ માત્ર વાંચી જવા માટે નથી. સાંગોપાંગ અભ્યાસ, ગાથાઓ - અર્થો - પદાર્થોને ગોખીને ઉપસ્થિત કરાશે, તો સંયમજીવનમાં અત્યંત ઉપકારી બનશે.

प्रथमो विरामः

-મુનિ રાજહંસવિજય

અધ્યયન-૫

આ અધ્યયનમાં આખી ભિક્ષાચર્યાનું વર્ણન કરાયું છે. સાધુએ કયા કાળે ભિક્ષાર્થે જવું, કયા કાળે ન જવું, ભિક્ષાએ જતાં કેવી રીતે ચાલવું, કેવા ઘરોમાં ભિક્ષાર્થે જવું, ઘરમાં પ્રવેશતાં શું ધ્યાન રાખવું, કયા સ્થાનો દૂરથી જ છોડી દેવા, કયા સ્થાનોને વિશે દષ્ટિ ન કરવી, કેવા દાયક પાસે ભિક્ષા ગ્રહણ કરવી, કેવા દાયક પાસે ભિક્ષા ગ્રહણ ન કરવી, કેવી ભિક્ષા ગ્રહણ કરવી કલ્પે, કેવી ભિક્ષા ગ્રહણ કરવી ન કલ્પે, અકલ્પ્ય દ્રવ્ય વહોરાઈ ગયા બાદ શું કરવું, વહોરેલી ભિક્ષા કેવી રીતે ક્યાં વાપરવી, વગેરે ભિક્ષાચર્યા સંબંધી તમામ બાબતો આ અધ્યયનમાં જણાવાયેલી છે.

અંતમાં જે સંયમી એષણાદિસંયમમાં અપ્રમાદિ વિગેરે છે તે સંયમી મૃત્યુ સમયે પણ ચારિત્રને સાધે છે એમ જણાવવા દ્વારા એષણાદિ સંયમની મહત્તા દર્શાવી છે.

આજે પણ આ અધ્યયનનાં ાદ્યંત અધ્યયન બાદ ગોચરી ગ્રહણ કરવા જવાની સંમતિ અપાય છે.

અધ્યયન-૬

આ અધ્યયનમાં રાજાદિ દ્વારા પૂછાયેલા આચારને વિસ્તારથી જણાવાયો છે. આ રહી તેની કેટલીક ઝલકો ૧૨ પ્રકારનો શ્રાવક ધર્મ અને ૧૦ પ્રકારનો સાધુધર્મ છે. (નિ. ૨૪૬) આચાર જિનશાસનમાં છે. અન્યત્ર કપિલાદિ મતમાં નથી (ગા. ૫) વ્રતષટ્કાદિ ૧૮ સ્થાનોમાંથી કોઈપણ સ્થાનને સેવતો સંયમી શ્રમણ ન બને. (નિ. ૨૬૭) દંતશુદ્ધિ માટેની સળી પણ સંયમી યાચ્યા વિના ગ્રહણ ન કરે. (ગા. ૧૩) અબ્રહ્મ પાપનું મૂળ છે. માટે સંયમી સ્ત્રી સાથે વાત કરવાદિને પણ વર્જે (ગા. ૧૬) સંનિધિ લોભસ્વરૂપ છે. વળી થોડી પણ સંનિધિ કરનાર ભાવથી સાધુ નથી બલ્કે ગૃહસ્થ છે. (માટે સંયમી અલ્પ પણ સંનિધિ ન સેવે) (ગા. ૧૮) આસક્તિરહિત સાધુને વસ્ત્રાદિધારણ પરિગ્રહ થતો નથી કા.કે, મહર્ષિઓએ મૂર્ચ્છા = રાગને જ પરિગ્રહ કહ્યો છે. (ગા. ૨૦) જેઓ નિત્ય-ક્રીત-ઔદ્દેશિક-આહૃતપિંડાદિ ગ્રહણ કરે છે તેઓ તે પિંડની ઉત્પત્તિમાં થનાર જીવહિંસાની અનુમતિ આપે છે (ગા. ૪૮) સંયમીને પલંગ, માંચડો વિગેરે પર બેસવું અનાચરિત છે. (ગા. ૫૩) ગોચરી ગયેલ જે સાધુ ઘરમાં બેસવાની પ્રવૃત્તિ કરે છે તે મિથ્યાત્વરૂપી ફલવાળા અનાચારને પામે છે. (ગા. ૫૬) રોગી કે નિરોગી જે સંયમી સ્નાનને કરે છે

તેના વડે સંયમ ત્યજાય છે. (ગા. ૬૦) મૈથુનથી ઉપશાંતને વિભૂષાવડે શું કામ છે ? (ગા. ૬૪)

આ અને આવાપ્રકારનાં ઢગલાબંધ આચારોનું નિરૂપણ ગ્રંથકારશ્રીએ આ અધ્યયનમાં કર્યું છે.

અધ્યયન-૭

આ અધ્યયનમાં રાજાદિ દ્વારા પૂછાયેલ આચાર પણ નિરવદ્યવચનથી કહેવો. કા.કે, જે સાવદ્ય-નિરવદ્યવચનનાં ભેદને જાણતો નથી તેને ઉપદેશનો તો શું બોલવાનો પણ અધિકાર નથી અપાયો. આ પદાર્થને લક્ષ્યમાં રાખીને ગ્રંથકારશ્રી-નિર્યુક્તિકારશ્રી અને વૃત્તિકારશ્રીએ ભાષાનાં ભેદો, કઈ ભાષા આરાધની, કઈ ભાષા વિરાધની, સત્યભાષા-મૃષાભાષા-સત્યામૃષા-અસત્યામૃષા ભાષાનું વિવેચન, કઈ ભાષા બોલવી, કઈ ભાષા ન બોલવી આદિ વિસ્તાર સહિત દર્શાવેલ છે. તેની કેટલીક ઝલકો જોઈએ.

વચનનાં પ્રકારોનો અજ્ઞાતા જો કે કંઈ ન બોલે તો પણ તે વચનગુપ્તિને પામેલો નથી. (નિ. ૨૯૦) જયારે વચનનાં પ્રકારોનો જ્ઞાતા આખો દિવસ બોલે તો પણ તે વચનગુપ્તિને પામેલો છે. (નિ. ૨૯૧) સંયમી સત્યા, અસત્યામૃષા ભાષા ોલે. અસત્યા, સત્યામૃષાને સર્વપ્રકારે ન બોલે. (ગા. ૧) ત્રણેકાળ સંબંધિ જે પદાર્થમાં શંકા હોય તેને "આ આ પ્રમાણે છે." એમ ન કહે. (ગા. ૯) કાણાને કાણો, નપુંસકને નપુંસક, રોગીને રોગી અને ચોરને ચોર ન કહેવો. (ગા. ૧૨) સ્ત્રીને માતા, માસી, ફઈ, દીકરી, પૌત્રી... આ પ્રમાણે બોલાવવી નહિ. (ગા. ૧૫) એ રીતે પુરુષને બાપા, કાકા, મામા, ભાણિયો, પુત્ર, પૌત્ર... આ પ્રમાણે ન બોલાવવો. (ગા. ૧૮) પંચેન્દ્રિયજીવોમાં 'આ સ્ત્રી, આ પુરુષ' એમ જયાં સુધી ન જાણે ત્યાં સુધી જાતિથી બોલાવવા. (ગા. ૨૧) સંયમી ઉદ્યાન, પર્વત કે વનોને વિશે મોટા વૃક્ષોને જોઈને "આ વૃક્ષો પ્રાસાદો, તોરણો, ઘરો, નાવ વગેરે માટે સમર્થ છે" એમ ન બોલે. (ગા. ૨૬-૨૭) "આ ફળો પાકી ગયા છે, ખાવા માટે યોગ્ય થઈ ગયા છે, આ ફળો બે ભાગ કરવા યોગ્ય છે." એમ સંયમી ન બોલે. (ગા. ૩૨) મુનિ સુકૃત, સુપક્વ, સુછિન્ન, સુહૃત, સુમૃત, સુનિષ્ઠિત, સુલષ્ટ વિગેરે <u>સાવદ્યવચનો</u> ન બોલે (ગા. ૪૧) સાધુ બધે બધું વિચારીને બોલે અર્થાત્ દોષ ન લાગે એ મુજબ બોલે. (ગા. ૪૪) સાધુ અસંયતને "બેસ, જા, સૂઈજા, બોલ" આ પ્રમાણે ન કહે. (ગા. ૪૭)

આવા અનેકપ્રકારનાં સાવદ્ય-અનવદ્યવચનોનું નિરૂપણ ગ્રંથકારશ્રીએ આ અધ્યયનમાં કરેલું છે.

અધ્યયનાનુક્રમ

(૧) પિંડૈષણા અધ્યયન

ઉદ્દેશો-૧ .... ૧

ઉદ્દેશો-૨ .... ૧૦૦

(૨) મહાચારકથા અધ્યયન ૧૩૫

(૩) વાક્યશુદ્ધિ અધ્યયન ૨૦૧

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

દશવૈકાલિકસૂત્રમ્

ચતુર્દશપૂર્વધર શ્રીભદ્રબાહુસ્વામીવિરચિતનિર્યુક્તિયુત-સૂરિપુરંદર
શ્રીહરિભદ્રસૂરિવિરચિતવૃત્તિયુત ચતુર્દશપૂર્વધર શ્રીશય્યંભવસૂરિકૃત

શ્રી દશવૈકાલિકસૂત્ર હારિભદ્રીવૃત્તિનું ભાષાંતર

॥ अथ पञ्चमाध्ययनम् पिण्डैषणाख्यम् ॥

॥ प्रथमोद्देशकः ॥

अधुना पिण्डैषणाख्यमारभ्यते, अस्य चायमभिसंबन्धः-इहानन्तराध्ययने 'साधोराचारः षड्जीवनिकायगोचरः प्राय' इत्येतदुक्तम्, इह तु धर्मकाये सत्यसौ स्वस्थे सम्यक्पाल्यते, स चाहारमन्तरेण प्रायः स्वस्थो न भवति, स च सावद्येतरभेद इत्यनवद्यो ग्राह्य इत्येतदुच्यते, उक्तं च-''से संजए समक्खाए, निरवज्जाहारि जे विऊ । धम्मकायट्ठिए सम्मं, सुहजोगाण साहए ॥१॥' इत्यनेनाभिसंबन्धेनायातमिदमध्ययनं,

---

પિંડૈષણાનામક પાંચમું અધ્યયન

પ્રથમ ઉદ્દેશો

હવે પિંડૈષણા નામનું પાંચમું અધ્યયન શરુ કરાય છે. આનો આ સંબંધ છે. અહીં અનન્તરઅધ્યયનમાં = ચોથા અધ્યયનમાં એ વાત કરી કે સાધુનો આચાર પ્રાયઃ ષડ્જીવનિકાયવિષયક હોય છે."

આ પાંચમાં અધ્યયનમાં તો આ વાત કહેવાય છે કે જો આ ધર્મકાય સ્વસ્થ હોય તો આ આચાર સારી રીતે પાળી શકાય, અને તે ધર્મકાય પ્રાયઃ આહાર વિના સ્વસ્થ ન રહે. અને તે આહાર સાવદ્ય અને નિરવદ્ય એમ બે ભેદવાળો છે. એટલે એમાં અનવદ્ય=નિરવદ્ય આહાર ગ્રહણ કરવો. (इह तु... एतदुच्यते એમ અન્વય કરવો... સાવદ્યથી ઈતર=જુદો એટલે નિરવદ્ય)

કહ્યું જ છે કે "જે વિદ્વાન નિરવદ્યઆહારવાળો છે, સમ્યક્ રીતે ધર્મકાયમાં રહેલો છે અને શુભયોગોનો સાધક છે, તે સંયત=સાધુ કહેવાયેલો છે." (સંસારીઓનું શરીર કર્મબંધ કરવામાં મુખ્ય નિમિત્ત બનતું હોવાથી એ કર્મકાય કહેવાય. સુસાધુઓનું શરીર

ધર્મ કરવામાં નિમિત્ત હોવાથી એ ધર્મકાય કહેવાય.)

આમ આ સંબંધથી આવેલું આ અધ્યયન છે.

भङ्ग्यन्तरेणैतदेवाह भाष्यकार:-

मूलगुणा वक्खाया उत्तरगुणअवसरेण आयायं ।

पिंडज्झयणमियाणि निक्खेवे नामनिप्फन्ने ॥६१॥ भाष्यम् ॥

ભાષ્યકાર બીજી પદ્ધતિથી આ જ વાત કરે છે.

ભાષ્ય ૬૧ ગાથાર્થ મૂલગુણો કહેવાયા હવે ઉત્તરગુણોનાં અવસરથી આવેલું આ પિંડાધ્યયન છે. હવે નામનિષ્પન્ન નિક્ષેપમાં પિંડઅધ્યયન છે.

व्याख्या-'मूलगुणा:' प्राणातिपातनिवृत्त्यादय: 'व्याख्याता:' सम्यक् प्रतिपादिता अनन्तराध्ययने, ततश्च 'उत्तरगुणावसरेण' उत्तरगुणप्रस्तावेनायातमिदमध्ययनम्-इदानीं यत्प्रस्तुतम् । इह चानुयोगद्वारोपन्यास: पूर्ववत्तावद्यावन्नामनिष्पन्नो निक्षेप:, तथा चाह-निक्षेपे नामनिष्पन्ने,

---

ટીકાર્થ : અનન્તર અધ્યયનમાં = ચોથા અધ્યયનમાં પ્રાણાતિપાતનો ત્યાગ વગેરે મૂલગુણો સારી રીતે પ્રતિપાદન કરાયા. એટલે ત્યારબાદ ઉત્તરગુણોનો પ્રસ્તાવ આવ્યો. એ અનુસારે હવે આ પાંચમું અધ્યયન છે કે જે પ્રસ્તુત છે.

અહીં અનુયોગદ્વારનો ઉપન્યાસ પૂર્વની જેમ ત્યાં સુધી કરવો કે છેક નામનિષ્પન્ન નિક્ષેપ આવે. એજ વાત કરે છે કે નામનિષ્પન્ન નિક્ષેપમાં... (ગાથા ૨૩૪ સાથે સંબંધ જોડવો...)

किमित्याह-

पिंडो अ एसणा य दुपयं नामं तु तस्स नायव्वं । चउचउनिक्खेवेहिं परूवणा तस्स कायव्वा ॥ २३४॥

नामंठवणापिंडो दव्वे भावे अ होइ नायव्वो । गुडओयणाइ दव्वे भावे कोहाइया चउरो ॥२३५॥

(પ્રશ્ન : નામ નિષ્પન્ન નિક્ષેપામાં શું ?... અર્થાત્ એમાં શેનો નિક્ષેપો આવશે ?)

ઉત્તર :

નિ.૨૩૪ ગાથાર્થ : તેનું નામ પિંડ અને એષણા એમ બે પદવાળું જાણવું. તેની ચાર ચાર નિક્ષેપા વડે પ્રરૂપણા કરવી.

નિ.૨૩૫ ગાથા ' નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એમ ચાર પ્રકારનો પિંડ જાણવો. દ્રવ્યપિંડમાં ગોળ, ભાત વગેરે અને ભાવપિંડમાં ક્રોધાદિ ચાર.

व्याख्या-पिण्डश्चैषणा च 'द्विपदं नाम तु' द्विपदमेव विशेषाभिधानं 'तस्य' उक्तसंबन्धस्याध्ययनस्य ज्ञातव्यं, चतुश्चतुर्निक्षेपाभ्यां नामादिलक्षणाभ्यां प्ररूपणा 'तस्य' पदद्वयस्य कर्तव्येति गाथार्थः ॥ अधिकृतप्ररूपणामाह-नामस्थापनापिण्डो द्रव्ये भावे च भवति ज्ञातव्यः, पिण्डशब्दः प्रत्येकमभिसंबध्यते, नामस्थापने क्षुण्णे, द्रव्यपिण्डं त्वाह-गुडौदनादिः 'द्रव्य' मिति द्रव्यपिण्डः, भावे क्रोधादयस्त्वत्वारः पिण्डा इति गाथार्थः ॥

टीકાર્થ : કહેવાયેલા સંબંધવાળા પાંચમા અધ્યયનનું નામ પિંડ અને એષણા એમ બે પદવાળું જ જાણવું. આ એનું વિશેષ નામ છે. (અધ્યયન એ એનું સામાન્ય નામ છે.) નામાદિ લક્ષણવાળા ચાર-ચાર નિક્ષેપાથી તે બે પદની પ્રરૂપણા કરવી. (બે ચતુષ્ક હોવાથી चतुश्चतुर्निक्षेपाभ्यां... એમ દ્વિવચનનો પ્રયોગ કરેલો છે.)

અધિકૃતની = જેનો અધિકાર ચાલે છે તેની = પદદ્વયના નિક્ષેપની પ્રરૂપણાને કહે છે.

નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એમ ચાર પ્રકારે પિંડ છે.

પિંડશબ્દ દરેકની સાથે જોડવો.

એમાં નામ, સ્થાપના એ બે પિંડ પ્રસિદ્ધ છે.

દ્રવ્યપિંડ બતાવે છે. ગોળ, ભાત વગેરે દ્રવ્યપિંડ છે.

ભાવમાં તો ક્રોધાદિ ચાર એ પિંડ છે.

पिंडि संघाए जम्हा ते उइया संघया य संसारे । संघायत्यंति जीवं कम्मेणट्ठप्पगारेण ॥२३६॥

નિ. ૨૩૬ ગાથાર્થ પિડ્ ધાતુ સંઘાત અર્થમાં છે, જે કારણથી તે ક્રોધાદિ ઉદય પામેલા અને સંહત = ભેગા રહેલાં છતાં સંસારી જીવને આઠ પ્રકારના કર્મ સાથે જોડે છે. (માટે તે પિંડ છે.)

अत्रैवान्वर्थमाह-'पिडि संघाते' धातुरिति शब्दवित्समयः, यस्मात्ते क्रोधादय

उदिताः सन्तो विपाकप्रदेशोदयाभ्यां संहता एव संसारिणं संघातयन्ति-जीवं योजयन्तीत्यर्थः, केनेत्याह-कर्मणाऽष्टप्रकारेण-ज्ञानावरणीयादिना, अतः क्रोधादयः पिण्ड इति गाथार्थः ।। प्ररूपितः पिण्डः, साम्प्रतमेषणाऽवसरः, तत्र क्षुण्णत्वान्नामस्थापने अनादृत्य द्रव्यैषणामाह-

---

ટીકાર્થ : ચાર ભાવપિંડમાં જ અન્વર્થને બતાવે છે. (ચારકષાયોને પિંડ શી રીતે કહેવાય ? એ દર્શાવવા એમાં પિંડ શબ્દનો અર્થ વ્યાકરણ પ્રમાણે શી રીતે ઘટે છે ? એ દર્શાવે છે.) વૈયાકરણીઓનું શાસ્ત્ર આ છે કે પિડ્ ધાતુ સંઘાતમાં સમૂહમાં છે. અર્થાત્ પિડ્ ધાતુ સમૂહ અર્થને જણાવે છે અને આ અર્થ આ ક્રોધાદિમાં પણ ઘટે છે. જે કારણથી તે ક્રોધાદિ ચાર કષાયો વિપાકોદય અને પ્રદેશોદય દ્વારા ઉદયમાં આવે ત્યારે સમૂહરૂપ જ હોય છે અને એવા તે કષાયો સંસારી જીવને જોડે છે.

પ્રશ્ન : જીવને કોની સાથે જોડે છે ?

ઉત્તર જ્ઞાનાવરણીયાદિ કર્મોની સાથે જોડે છે.

આથી જ તે ક્રોધાદિ ચાર એ પિંડ છે.

પિંડની પ્રરૂપણા થઈ ગઈ.

હવે એષણાનો અવસર છે.

તેમાં નામ-સ્થાપના ક્ષુણ્ણ હોવાથી તેનો અનાદર કરીને (તેની પ્રરૂપણા ોડી દઈને) દ્રવ્યૈષણાને કહે છે.

दव्वेसणा उ तिविहा सचित्ताचित्तमीसदव्वाणं । दुपयचउप्पयअपया नरगयकरिसावणदुमाणं ॥२३७॥

નિ. ૨૩૭ ગાથાર્થ : ટીકાર્થથી સ્પષ્ટ થશે.

द्रव्यैषणा तु त्रिविधा भवति, सचित्ताचित्तमिश्रद्रव्याणामेषणा द्रव्यैषणा, सचित्तानां द्विपदचतुष्पदापदानां यथासंख्यं नरगजद्रुमाणामिति, कार्षापणग्रहणादचित्तद्रव्यैषणा अलङ्कृतद्विपदादिगोचरमिश्रद्रव्यैषणा च द्रष्टव्येति गाथार्थः ॥

ટીકાર્થ : દ્રવ્યૈષણા ત્રણપ્રકારે છે. (૧) સચિત્તદ્રવ્યોની એષણા (૨) અચિત્તદ્રવ્યોની એષણા (૩) મિશ્રદ્રવ્યની એષણા.

સચિત્ત દ્રવ્યૈષણા ત્રણપ્રકારે છે. (૧) દ્વિપદ સચિત્તદ્રવ્યૈષણા એટલે બે પગવાળા મનુષ્યરૂપ સચિત્તદ્રવ્યની તપાસ કરવી તે. (૨) ચારપગવાળા હાથીરૂપ સચિત્તદ્રવ્યની તપાસ કરવી તે. (૩) પગરહિત વૃક્ષરૂપ સચિતદ્રવ્યની તપાસ કરવી તે.

ગાથામાં કાર્ષાપણ શબ્દનું ગ્રહણ કરેલું છે. એના દ્વારા અચિત્તદ્રવ્યૈષણા અને અલંકૃતદ્વિપદાદિ સંબંધી મિશ્રદ્રવ્યૈષણા સમજી લેવી. (કાર્ષાપણ = સિક્કો = રૂપિયો = નાણું. એ અચિત્ત છે. એની તપાસ એ અચિત્તદ્રવ્યૈષણા કહેવાય. તથા મનુષ્ય આભૂષણોથી વિભૂષિત હોય તો એ પોતે સચિત્ત અને આભૂષણો અચિત્ત... એટલે મિશ્રદ્રવ્ય કહેવાય. એની ગવેષણા એ દ્વિપદમિશ્રદ્રવ્યૈષણા કહેવાય. એમ હાથી અલંકૃત હોય તો ચતુષ્પદમિશ્રદ્રવ્યૈષણા અને વૃક્ષાદિ વસ્તુ અચિત્તદ્રવ્યથી અલંકૃત હોય ત્યારે અપદમિશ્રદ્રવ્યૈષણા કહેવાય.)

भावैषणामाह-

भावेसणा उ दुविहा पसत्थ अपसत्थगा य नायव्वा । नाणाईण पसत्था अपसत्था कोहमाईणं ॥२३८॥

ભાવૈષણાને બતાવે છે.

નિ.૨૩૮ ગાથાર્થ પ્રશસ્ત અને અપ્રશસ્ત એમ બે પ્રકારે ભાવૈષણા જાણવી. જ્ઞાનાદિની પ્રશસ્ત અને ક્રોધાદિની અપ્રશસ્ત.

भावैषणा तु पुनर्द्विविधा, प्रशस्ता अप्रशस्ता च ज्ञातव्या, एतदेवाह- 'ज्ञानादीना'मिति ज्ञानादीनामेषणा प्रशस्ता क्रोधादीनामप्रशस्तैषणेति गाथार्थः ॥

ટીકાર્થ : ભાવૈષણા બે પ્રકારે છે. પ્રશસ્ત અને અપ્રશસ્ત.

એમાં જ્ઞાનાદિ સારા ભાવોની એષણા = તપાસ = પ્રાપ્ત કરવાનો પ્રયત્ન એ પ્રશસ્ત ભાવૈષણા.

ક્રોધાદિની એષણા અપ્રશસ્તભાવૈષણા.

प्रकृतयोजनामाह-

भावस्सुवगारित्ता एत्थं दव्वेसणाइ अहिगारो । तीइ पुण अत्थजुत्ती वत्तव्वा पिंडनिज्जुत्ती ॥२३९॥

આમ નિક્ષેપા દર્શાવીને હવે પ્રસ્તુતમાં એનું જોડાણ કરે છે.

નિ. ૨૩૯ **ગાથાર્થ :** ભાવને ઉપકારી હોવાથી અહીં દ્રવ્યૈષણાનો અધિકાર છે. તેની અર્થયુક્તિ પિંડનિર્યુક્તિ કહેવી.

'भावस्य' ज्ञानादेरुपकारित्वाद् 'अत्र' प्रक्रमे द्रव्यैषणयाऽधिकारः 'तस्याः' पुनर्द्रव्यैषणायाः 'अर्थयुक्तिः' हेयेतररूपा अर्थयोजना वक्तव्या पिण्डनिर्युक्तिरिति गाथार्थः ॥ सा च पृथक्स्थापनतो मया व्याख्यातैवेति नेह व्याख्यायते ।

ટીકાર્થ : દ્રવ્ય = ગોચરી વગેરે એ જ્ઞાનાદિ રૂપ ભાવને ઉપકારી છે. માટે અહીં દ્રવ્યૈષણાની અર્થયુક્તિ રૂપ પિંડનિર્યુક્તિ કહેવી. અર્થયુક્તિ = કઈ દ્રવ્યૈષણા હોય છે. અને કઈ દ્રવ્યૈષણા ઉપાદેય છે... એ.

પ્રશ્ન એ પિંડનિર્યુક્તિ કઈ છે ?

ઉત્તર : એ પિંડનિર્યુક્તિ જુદી સ્થાપન કરવા પૂર્વક મારાવડે વ્યાખ્યાન કરાયેલી જ છે એટલે અહીં એનું વ્યાખ્યાન કરાતું નથી. (પિંડનિર્યુક્તિગ્રન્થ આ પાંચમાઅધ્યયનમાંથી જ ઉદ્ભવ પામેલ છે. એ ઘણો મોટો ગ્રન્થ હોવાથી એ આખા જુદા ગ્રન્થ તરીકે જ રાખવામાં આવેલો છે. હવે ઉપરના વચન ઉપરથી એમ લાગે છે કે શ્રીહરિભદ્રસૂરિજીએ એના ઉપર વ્યાખ્યાન કરેલું જ હશે અને એટલે જ અહીં એનું ફરી વ્યાખ્યાન કરતાં નથી. અલબત્ત, પિંડનિર્યુક્તિ ઉપર એમની ટીકા મળતી નથી. પણ ૧૪૪૪ ગ્રન્થોમાંથી જેમ ઘણાં વિચ્છેદ પામ્યા, તેમ આ પણ વિચ્છેદ પામેલ હોય એ સંભવિત છે.)

अधुना प्रकृताध्ययनावतारप्रपञ्चमाह-

पिण्डेसणा य सव्वा संखेवेणोयरइ नवसु कोडीसु । न हणइ न पयइ न किणइ कारावणअणुमईहि नव ॥२४०॥

હવે પ્રસ્તુતઅધ્યયનનો શેમાં શેમાં અંતર્ભાવ=અવતાર થાય છે, એના વિસ્તારને બતાવે છે.

નિ.૨૪૦ **ગાથાર્થ :** આખી પિંડૈષણા સંક્ષેપથી નવ કોટિમાં અવતરે છે. હણે નહિ, પકાવે નહિ, ખરીદે નહિ. કરાવવા અને અનુમતિ વડે નવ.

पिण्डैषणा च 'सर्वा' उद्गमादिभेदभिन्ना संक्षेपेणावतरति नवसु कोटीषु, ताश्चेमाः- न हन्ति न पचति न क्रीणाति स्वयं, तथा न घातयति न पाचयति न क्रापयत्यन्येन,

तथा घ्नन्तं वा पचन्तं वा क्रीणन्तं वा न समनुजानात्यन्यमिति नव । एतदेवाह-कारणानुमतिभ्यां नवेति गाथार्थः ॥

ટીકાર્થ : ઉદ્ગમ, ઉત્પાદન અને એષણા આ બધા ભેદોથી જુદા જુદા પ્રકારની પિંડૈષણા સંક્ષેપથી નવ કોટિમાં જ સમાવેશ પામી જાય છે.

તે નવ કોટિ આ છે સ્વયં (૧) હણે નહિ (૨) પકાવે નહિ (૩) ખરીદે નહિ. તથા બીજાવડે (૪) હણાવે નહિ (૫) પકાવડાવે નહિ (૬) ખરીદાવે નહિ. તથા બીજોકોઈ (૭) હણતો હોય (૮) પકાવતો હોય (૯) ખરીદતો હોય તો એને અનુમતિ આપે નહિ.

આ જ વાત કરે છે કે કરાવવા અને અનુમતિ દ્વારા નવ થાય. (કરવાના ત્રણભેદ તો આપેલા જ છે.)

सा नवा दुह कीरइ उग्गमकोडी विसोहिकोडी अ । छसु पढमा ओयरइ कीयतियम्मी विसोही उ ॥२४१॥

નિ.૨૪૧ ગાથાર્થ : તે નવ પ્રકારે રહેલી પિંડૈષણા બે પ્રકારે કરાય છે. (૧) ઉદ્ગમકોટી (૨) વિશોધિકોટી. છમાં પહેલી અવતરે અને ક્રીતત્રિકમાં બીજી.

सा नवधा स्थिता पिण्डैषणा द्विविधा क्रियते-उद्गमकोटी विशोधिकोटी च, तत्र षट्सु हननघातनानुमोदनपचनपाचनानुमोदनेषु प्रथमा-उद्गमकोटी अविशोधिकोट्यवतरति, क्रीतत्रितये क्रयणक्रापणानुमतिरूपे विशोधिस्तु-विशोधिकोटी द्वितीयेति गाथार्थः ॥

ટીકાર્થ : ઉપર નવપ્રકારે દર્શાવેલી પિંડૈષણા બે પ્રકારે વહેંચી શકાય. (૧) ઉદ્ગમકોટી (૨) વિશોધિકોટી. તેમાં હનન-ઘાતન-અનુમોદન તથા પચન-પાચન-અનુમોદન આ છ કોટીમાં પહેલી ઉદ્ગમ કોટી આવે. એ અવિશોધિકોટી છે. જ્યારે ખરીદવું-ખરીદાવવું-ખરીદીનીઅનુમતિ રૂપ ક્રીતત્રિકમાં બીજી વિશોધિકોટી અવતરે છે.

एतदेव व्याचिख्यासुराह भाष्यकारः-

कोडीकरणं दुविहं उग्गमकोडी विसोहिकोडी अ । उग्गमकोडी छक्कं विसोहिकोडी अणेगविहा ॥६२॥भाष्यम्॥

આ જ વાતનું વ્યાખ્યાન કરવાની ઈચ્છાવાળા ભાષ્યકાર કહે છે કે

ભાષ્ય ૬૨ ગાથાર્થ : કોટીકરણ બે પ્રકારે છે. ઉદ્‌ગમકોટી અને ઉત્પાદનકોટી. ઉદ્‌ગમકોટી ષટ્ક છે. વિશોધિકોટી અનેકપ્રકારની છે.

'कोटीकरण'मिति कोट्येव कोटीकरणं, कोटी(करणं) द्विविधम्-उद्गमकोटी विशोधिकोटी च, उद्गमकोटी षट्कं-हननादिनिष्पन्नमाधाकर्मादि, विशोधिकोटी-क्रीतत्रितयनिष्पन्ना अनेकधा ओघौद्देशिकादिभेदेनेति गाथार्थः ॥

ટીકાર્થ : કોટી એજ કોટીકરણ કહેવાય. તે બે પ્રકારે છે. ઉદ્‌ગમકોટી, વિશોધિકોટી. તેમાં ષટ્ક = હનનાદિથી બનેલ આધાકર્માદિ એ ઉદ્‌ગમકોટી છે. જ્યારે વિશોધિકોટી ક્રીતત્રિકથી બનેલી છે, તે ઓઘૌદ્દેશિકવગેરે ભેદથી અનેકપ્રકારે છે.

षट्कोट्याह-

कम्मुद्देसिअचरिमतिग पूइयं मीसचरिमपाहुडिआ । अज्झोयर अविसोही विसोहिकोडी भवे सेसा ॥२४२॥

ષટ્કોટી તરીકે શું શું આવે એ બતાવે છે.

નિ. ૨૪૨ ગાથાર્થ : ટીકાર્થથી સ્પષ્ટ થશે.

कर्म-संपूर्णमेव औद्देशिकचरमत्रितयं-कर्मौद्देशिकस्य पाखण्डश्रमणनिर्ग्रन्थ-विषयं, पूति-भक्तपानपूत्येव मिश्रग्रहणात्पाखण्डश्रमण‌निर्ग्रन्थमिश्रजातं चरम-प्राभृतिका बादरेत्यर्थः, अध्यवपूरक इत्यविशोधिरित्येतत्षट्कं । विशोधिकोटी भवति शेषा-ओघौद्देशिकादिभेदभिन्नाऽनेकविधेति गाथार्थः ॥

ટીકાર્થ : (૧) કર્મ = આધાકર્મ બધું જ + (૨) કર્મૌદ્દેશિકના છેલ્લા ત્રણ ભેદ. પાખંડી સંબંધી, શ્રમણ સંબંધી, નિર્ગ્રન્થસંબંધી, (૩) ભક્તપાનપૂતિ જ + (૪) મિશ્રશબ્દના ગ્રહણથી પાખંડીમિશ્ર, શ્રમણમિશ્ર, નિર્ગ્રન્થમિશ્ર + (૫) ચરમપ્રાભૃતિકા એટલે કે બાદરપ્રાભૃતિકા (૬) અધ્યવપૂરક

આ અવિશોધિકોટી છે. આ છ થયા.

(અહીં ગાથામાં પૂતિશબ્દ છે, તેમાં ભક્તપાનપૂતિ જ લેવી. ઉપકરણપૂતિ નહિ. તથા હનનત્રિક + પાચનત્રિક એમ છ કોટી પણ થાય. જ્યારે ઉપર બતાવ્યા પ્રમાણે છ દોષો એ પણ છ કોટી થાય. મિશ્રજાત = મિશ્ર = મિશ્રતરીકે થયેલ ભોજનાદિ.)

બાકીની બધી કોટી વિશોધિકોટી છે. તે ઓઘૌદ્દેશિકાદિભેદોથી અનેકપ્રકારે છે.

इहैव रागादियोजनया कोटीसंख्यामाह-

नव चेवट्ठारसगा सत्तावीसा तहेव चउपन्ना । नउई दो चेव सया सत्तरिआ हुंति कोडीणं ॥२४३॥

रागाई मिच्छाई रागाई समणधम्म नाणाई । नव नव सत्तावीसा नव नउईए य गुणगारा ॥२४४॥

આ નવકોટીમાં જ રાગાદિની યોજના કરવાદ્વારા જે કોટીસંખ્યા બને, એ હવે બતાવે છે.

નિ. ૨૪૩-૨૪૪ ગાથાર્થ : ટીકાર્થવત્

नव चैव कोट्यः तथाऽष्टादशकं कोटीनां तथा सप्तविंशतिः कोटीनां तथैव चतुष्पञ्चाशत्कोटीनां तथा नवतिः कोटीनां द्वे एव च शते सप्तत्यधिके कोटीनामिति गाथाक्षरार्थः ॥ भावार्थस्तु वृद्धसंप्रदायादवसेयः, स चायम्-णव कोडीओ दोहिं रागदोसेहिं गुणियाओ अट्ठारस हवंति, ताओ चेव नव तिहिं मिच्छत्ता(ण)णाणअविरतीहिं गुणिताओ सत्तावीसं हवंति, सत्तावीसा रागदोसेहिं गुणिया चउप्पन्ना हवंति, ताओ चेव णव दसविहेण समणधम्मेण गुणिआओ विसुद्धाओ णउती भवंति, सा णउती तिहिं नाणदंसणचरित्तेहिं गुणिया दो सया सत्तरा भवंतीति गाथार्थः ॥ उक्तो नामनिष्पन्नो निक्षेपः,

ટીકાર્થ : ૯ કોટી, ૧૮, ૨૭, ૫૪, તથા ૯૦, ૨૭૦ આમ કોટી થાય.

આનો ભાવાર્થ વૃદ્ધસંપ્રદાયથી જાણવો.

તે વૃદ્ધસંપ્રદાય આ છે.

ઉપરની નવકોટીઓને રાગ અને દ્વેષ એમ બે સાથે ગુણો એટલે ૧૮ કોટી થાય. તે જ નવ કોટીને મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતિ એ ત્રણ સાથે ગુણો એટલે ૨૭ કોટી થાય. તે ૨૭ કોટીને રાગ-દ્વેષ સાથે ગુણો તો ૨૭ x ૨ = ૫૪ કોટી થાય. તે જ નવકોટી દસશ્રમણધર્મ સાથે ગુણો તો ૯ x ૧૦ = ૯૦ વિશુદ્ધકોટી થાય. તે જ ૯૦ કોટી જ્ઞાન-દર્શન-ચારિત્ર સાથે ગુણો તો ૨૭૦ કોટી થાય.

(ક્ષમાયુક્ત, જ્ઞાનયુક્ત હું હનન કરીશ નહિ... એમ ક્ષમાદિ ૧૦ ધર્મો દ્વારા ૧૦ ભેદ થાય. એ ૧૦ ભેદો જ્ઞાનથી થયા. એમ દર્શન અને ચારિત્રથી ૧૦,૧૦

ભેદો થાય. એ ૧૦ ભેદો જ્ઞાનથી થયા. એમ દર્શન અને ચારિત્રથી ૧૦,૧૦ ભેદો થાય. આમ કુલ ૩૦ ભેદ થાય. આ ૩૦ ભેદ હનનકોટીથી મળ્યા. એમ નવેનવ કોટીથી ૩૦ ભેદ મળે, એટલે ૩૦ x ૯ = ૨૭૦ ભેદ મળે. એમ બધામાં સ્વયં વિચારી લેવું.)

નામનિષ્પન્ન નિક્ષેપ કહેવાઈ ગયો.

साम्प्रतं सूत्रालापकनिष्पन्नस्यावसर इत्यादिचर्चः पूर्ववत्तावद्यावत्सूत्रानुगमेऽस्खलितादिगुणोपेतं सूत्रमुच्चारणीयं, तच्चेदम्-

संपत्ते भिक्खकालंमि, असंभंतो अमुच्छिओ ।

इमेण कमजोगेण, भत्तपाणं गवेसए ॥१॥

હવે સૂત્રાલાપકનિષ્પન્ન નિક્ષેપનો અવસર છે... વગેરે ચર્ચા પૂર્વની જેમ ત્યાં સુધી જાણવી કે છેક સૂત્રાનુગમ આવે અને એમાં અસ્ખલિતાદિગુણોથી યુક્ત સૂત્ર ઉચ્ચારવાનું છે.

તે સૂત્ર આ છે.

ગાથા-૧ ભિક્ષાકાળ આવે એટલે અસંભ્રાન્ત અને અમૂર્ચ્છિત સાધુ આ ક્રમયોગથી ભોજન-પાણીની ગવેષણા કરે.

अस्य व्याख्या-'संप्राप्ते' शोभनेन प्रकारेण स्वाध्यायकरणादिना प्राप्ते 'भिक्षाकाले' भिक्षासमये, अनेनासंप्राप्ते भक्तपानैषणाप्रतिषेधमाह, अलाभाज्ञाखण्डनाभ्यां दृष्टादृष्टविरोधादिति, 'असंभ्रान्तः' अनाकुलो यथावदुपयोगादि कृत्वा, नान्यथेत्यर्थः, 'अमूर्च्छितः' पिण्डे शब्दादिषु वा अगृद्धो, विहितानुष्ठानमितिकृत्वा, न तु पिण्डादावेवासक्त इति, 'अनेन' वक्ष्यमाणलक्षणेन 'क्रमयोगेन' परिपाटीव्यापारेण 'भक्तपानं' यतियोग्यमोदनारनालादि 'गवेषयेद्' अन्वेषयेदिति सूत्रार्थः ॥१॥

ટીકાર્થ : ભિક્ષાનો સમય સંપ્રાપ્ત થાય ત્યારે એટલે કે ભિક્ષાકાળ સારીરીતે પ્રાપ્ત થાય ત્યારે અર્થાત્ સ્વાધ્યાય કરવાવગેરે દ્વારા જયારે ભિક્ષાનો કાળ થાય ત્યારે ગોચરી જવાનું છે.

આ **संप्राप्ते** વિશેષણ દ્વારા અસંપ્રાપ્તકાળમાં ભક્ત-પાનની એષણાનો પ્રતિષેધ કહી

દીધો. અર્થાત્ ભિક્ષાકાળ આવ્યો ન હોય ત્યારે ગોચરી ન જવું એ દર્શાવી દીધું.

પ્રશ્ન પણ અપ્રાપ્તકાળમાં ભિક્ષા જઈએ તો વાંધો શું ?

ઉત્તર : ત્યારે ગોચરીનો લાભ ન થાય એટલે દષ્ટવિરોધ થાય = પ્રત્યક્ષ નુકસાન થાય અને અપ્રાપ્તકાળમાં ભિક્ષા ન જવાની જે ભગવાનની આજ્ઞા છે, એનું ખંડન થવાના કારણે અદષ્ટવિરોધ થાય એટલે કે પરોક્ષ નુકસાન થાય. (અલાભથી દષ્ટવિરોધ અને આજ્ઞાખંડનથી અદષ્ટવિરોધ એમ ક્રમશઃ જોડવું. લાભ ન થવો એ પ્રત્યક્ષ નુકસાન છે. અને આજ્ઞાખંડનથી પાપબંધાદિ અને એનાથી મળનાર દુર્ગતિ વગેરે અદષ્ટ = પરોક્ષ નુકસાન છે.)

સંપ્રાપ્ત ભિક્ષાકાળમાં પણ અનાકુલ સાધુ ગોચરી જાય. અર્થાત્ યોગ્ય રીતે ઉપયોગ વગેરે કરીને જાય, એમને એમ ન જાય.

તથા એ સાધુ પિંડમાં કે શબ્દ વગેરેમાં અનાસક્ત હોય. ગોચરી જવું એ વિહિત = શાસ્ત્રોક્ત = જિનોક્ત અનુષ્ઠાન છે. એટલે એ સાધુ ગોચરી જાય છે. પિંડાદિમાંજ આસક્ત થઈને ગોચરી નથી જતો. (આશય એ છે કે "ભગવાને ઉચિત કારણસર ગોચરી જવાની આજ્ઞા કરી છે. માટે હું જાઉં છું." એમ વિચારીને સાધુ ગોચરી જાય છે. ખાવાની આસક્તિથી કે ત્યાં સ્ત્રી વગેરેના શબ્દો સાંભળવાદિની આસક્તિથી ગોચરી ન જાય...)

આવો સાધુ વક્ષ્યમાણ લક્ષણવાળા ક્રમયોગથી = ક્રમ વ્યાપારથી સાધુને યોગ્ય એવા ભોજન-પાણીની ગવેષણા કરે. ઓદનાદિ એ ભોજન અને આરનાલાદિ = કાંજી વગેરે પાણી.

यत्र यथा गवेषयेत्तदाह-

से गामे वा नगरे वा, गोअरग्गगओ मुणी । चरे मंदमणुव्विग्गो, अव्वक्खित्तेण चेअसा ॥२॥

જ્યાં જે રીતે ગવેષણા કરે તે બતાવે છે.

ગા.૨ ગામમાં કે નગરમાં ગોચરી ગયેલો તે મુનિ અવ્યાક્ષિપ્ત ચિત્તથી ઉદ્વેગ વિના ધીમે ધીમે ચાલે.

'से' इत्यादि सूत्रं, व्याख्या-'<u>से</u>' इत्यसंभ्रान्तोऽमूर्च्छितः ग्रामे वा नगरे वा, उपलक्षणत्वादस्य कर्बटादौ वा, '<u>गोचराग्रगत</u>' इति गोरिव चरणं गोचरः- उत्तमाधममध्यमकुलेष्वरक्तद्विष्टस्य भिक्षाटनम् अग्रः-प्रधानोऽभ्याहृताधाकर्मादि-

परित्यागेन तद्गतः-तद्वर्ती मुनिः-भावसाधुः चरेत्-गच्छेत् 'मन्दं' शनैः शनैर्न द्रुतमित्यर्थः, 'अनुद्विग्नः' प्रशान्तः परीषहादिभ्योऽबिभ्यत् 'अव्याक्षिप्तेन चेतसा' वत्सवणिग्जाया-दृष्टान्तात् शब्दादिष्वगतेन 'चेतसा' अन्तःकरणेन एषणोपयुक्तेनेति सूत्रार्थः ॥२॥

ટીકાર્થ : से = અસંભ્રાન્ત અને અમૂર્ચ્છિત એવો તે સાધુ ગામમાં કે નગરમાં ગોચરી માટે ફરે. ગામ કે નગર એ ઉપલક્ષણ છે એટલે એનાથી કર્બટ મડમ્બાદિ સ્થાનો પણ સમજી લેવાના. (કર્બટ વગેરે ગાથામાં બતાવ્યા નથી, પણ એ પણ અહીં સમજી લેવાના છે. જેમ આજે ગામ, તાલુકો, જિલ્લો, રાજ્ય વગેરે વગેરે ક્ષેત્રભેદો છે. તેમ ત્યારે ગામ, નગર, કર્બટ, મડમ્બ વગેરે ભેદો હતા. એમાં જે ફરક છે, તે આગળ આવશે. આશય એ કે સાધુ માત્ર ગામ કે નગરમાં જ ફરે એમ ન સમજવું. પણ આવા કર્બટાદિ સ્થાનોમાં પણ ગોચરી જાય...)

गोचराग्रगतः શબ્દ છે, એમાં ગાયની જેમ ચાલવું-ચરવું એ ગોચર-અર્થાત્ રાગદ્વેષરહિત સાધુનું ઉત્તમ, અધમ અને મધ્યમકુલોમાં = ઘરોમાં ભિક્ષા માટે ફરવું એ ગોચર.

આ ગોચર એ અગ્ર = પ્રધાન છે. અભ્યાહૃત, આધાકર્માદિ દો ોના ત્યાગ દ્વારા આ ગોચર અગ્ર=પ્રધાન કહેવાય.

આવા ગોચરાગ્રમાં વર્તતો એવો ભાવસાધુ ધીમે ધીમે જાય. ઝડપથી ન ચાલે. એ સાધુ અનુદ્વિગ્ન હોય = પરીષહાદિથી ગભરાતો ન હોય. તથા વાછરડું અને વણિકની વધુના દૃષ્ટાન્ત અનુસારે શબ્દાદિમાં નહિ ગયેલા, એષણામાં ઉપયોગવાળા એવા ચિત્ત વડે સાધુ ચાલે. (અત્યંત ભૂખ્યા થયેલા વાછરડાને સોળ શણગાર સજેલી વહુ જ્યારે ખાવાનું આપે છે, ત્યારે વાછરડાનું બધું જ ધ્યાન ખાવામાં હોય છે. વહુને જોવાની તો એને ઈચ્છા પણ ન હોય. એમ સાધુનું બધું જ ધ્યાન ૪૨ દોષો વિનાના પિંડ સંબંધમાં હોય, વહોરાવનાર સ્ત્રીવગેરેના રૂપ-શબ્દાદિમાં સાધુનું ધ્યાન ન હોય...)

यथा चरेत्तथैवाह-

पुरओ जुगमायाए, पेहमाणो महिं चरे । वज्जंतो बीअहरियाइं, पाणे अ दगमट्टिअं ॥३॥

જે રીતે સાધુ ચરે, તે જ રીત બતાવે છે.

ગા.૩ આગળ યુગમાત્ર દૃષ્ટિથી પૃથ્વીને જોતો, બીજહરિતને, જીવોને, પાણી અને

માટીને વર્જતો ચાલે.

'पुरतो' इति सूत्रं, व्याख्या-'पुरतः' अग्रतो 'युगमात्रया' शरीरप्रमाणया शकटोर्द्धिसंस्थितया, दृष्ट्येति वाक्यशेषः, 'प्रेक्षमाणः' प्रकर्षेण पश्यन् 'महीं' भुवं 'चरेत्' यायात्, केचिन्नेति योजयन्ति, न शेषदिगुपयोगेनेति गम्यते, न प्रेक्षमाण एव अपि तु 'वर्जयन्' परिहरन् बीजहरितानीति, अनेनानेकभेदस्य वनस्पतेः परिहारमाह, तथा 'प्राणिनो' द्वीन्द्रियादीन् तथा 'उदकम्' अप्कायं 'मृत्तिकां च' पृथिवीकायं, चशब्दात्तेजोवायुपरिग्रहः । दृष्टिमानं त्वत्र लघुतरयोपलब्धावपि प्रवृत्तितो रक्षणायोगात् महत्तरया तु देशविप्रकर्षेणानुपलब्धेरिति सूत्रार्थः ॥३॥

ટીકાર્થ : આગળની બાજુ શરીરપ્રમાણ અને ગાડાની ધુરાના આકારે રહેલી એવી દૃષ્ટિથી જમીનને સારી રીતે જોતો એ સાધુ ચાલે. (બળદના ગળા ઉપર આડું લાકડું હોય, એ આડા લાકડાની સાથે બે ઊભા લાકડા ગાડાની સાથે જોડાયેલા હોય. જેનો આકાર– ^આ રીતે થાય. એ બે ઊભા લાકડા શકટોર્દ્ધિ તરીકે ગણાય. અહીં સાધુની બંને આંખોનો ઉપયોગ આગળની જમીન ઉપર છે, જ્યાં પગ મુકવાનો છે ત્યાં છે. એટલે મુખ પર રહેલી બંને આંખો જમીન ઉપર એકજ સ્થાને કેન્દ્રિત થાય છે, એટલે એ આંખો અને જોવાની પૃથ્વી વચ્ચે લીટી કરીએ તો શકટોર્દ્ધિ જેવો આકાર થાય. ટુંકમાં એ બે લાકડા ગાડા પાસે પહોળા છે, બળદના ગળા પાસે સાંકડા છે. એમ બે આંખોની દૃષ્ટિ મુખ પાસે પહોળી છે. જમીન પાસે સાંકડી થાય છે.)

અહીં કેટલાકો **न** એ શબ્દ બહારથી જોડે છે. અર્થાત્ "ન ચાલે" એમ અર્થ કરે છે. ત્યાં **शेषदिगुपयोगेन** એ સમજી લેવાનું છે. આશય એ છે કે "બીજી દિશાઓમાં ઉપયોગ રાખવા પૂર્વક આ સાધુ ન ચાલે પરંતુ નીચે જમીનને જોતો ચાલે.."

માત્ર જોતો જ ચાલે એમ નહિ, પરંતુ બીજ અને હરિતને વર્જતો ચાલે. આ 'બીજહરિત' શબ્દથી અનેકભેદવાળા વનસ્પતિનો ત્યાગ કરવાનું જણાવી દીધું.

તથા બેઈન્દ્રિય વગેરેને, અપ્કાયને અને પૃથ્વીકાયને વર્જતો ચાલે.

च શબ્દથી અગ્નિ અને વાયુ લઈ લેવા. એને પણ વર્જતો ચાલે.

અહીં શરીરપ્રમાણ દૃષ્ટિથી જોવાનું જણાવ્યું છે. એનાથી જો વધુ નાની દૃષ્ટિથી જુએ. એટલે કે નજીકમાં જુએ તો જીવની ઉપલબ્ધિ થાય = જીવ દેખાય તો પણ પ્રવૃત્તિ દ્વારા એનું રક્ષણ કરવું શક્ય ન બને. (પગ પડવાની તૈયારી જ હોવાથી પગ અટકાવવો શક્ય

ન બને.) અને જો વધુ મોટી દષ્ટિથી જુએ એટલે કે ઘણી દૂર દૃષ્ટિ રાખે તો એ દેશના વિપ્રકર્ષને કારણે, આંખ અને ક્ષેત્રની દૂરાઈને કારણે જીવ દેખાય જ નહિ...

આ બે કારણસર વધુ નાની કે વધુ મોટી દૃષ્ટિ ત્યાગીને શરીરપ્રમાણ દૃષ્ટિ રાખવાનું જણાવ્યું છે.

उक्तः संयमविराधनापरिहारः, अधुना त्वात्मसंयमविराधनापरिहारमाह-

ओवायं विसमं खाणुं, विज्जलं परिवज्जए । संकमेण न गच्छिज्जा, विज्जमाणे परक्कमे ॥४॥

સંયમવિરાધનાનો પરિહાર દર્શાવી દીધો.

હવે આત્માની = શરીરની અને સંયમની વિરાધનાના પરિહારને દર્શાવે છે.

ગા.૪ અવપાત, વિષમ, સ્થાણુ, વિજલને વર્જવા. બીજોમાર્ગ હોય તો પુલથી ન જવું.

'ओवाय'मिति सूत्रं, व्याख्या-'अवपातं' गर्तादिरूपं 'विषमं' निम्नोन्नतं 'स्थाणुम्' ऊर्ध्वकाष्ठं 'विजलं' विगतजलं कर्दमं 'परिवर्जयेत्' एतत्सर्वं परिहरेत्, तथा 'संक्रमेण' जलगर्तापरिहाराय पाषाणकाष्ठरचितेन न गच्छेत्, आत्मसंयमविराधनासंभवात्, अपवादमाह-विद्यमाने पराक्रमे-अन्यमार्ग इत्यर्थः, असति तु तस्मिन् प्रयोजनमाश्रित्य यतनया गच्छेदिति सूत्रार्थः ॥४॥

ટીકાર્થ : અવપાત એટલે ખાડો વગેરે. વિષમ એટલે નીચું-ઊંચુ સ્થાન, સ્થાણું એટલે ઊભુ લાકડું. (જમીનમાંથી ઉપરની તરફ નીકળેલું, જમીનમાં સંબદ્ધ લાકડું). જેમાંથી પાણી નીકળી ગયું છે. તેવો કાદવ... આ બધું વર્જવું. અર્થાત્ આવા સ્થાનેથી ન જવું.

તથા પાણી કે ખાડાને ઓળંગવા માટે પત્થર કે લાકડાથી બનાવાયેલા પુલથી જવું નહિ. કેમકે એમાં આત્મવિરાધના અને સંયમવિરાધનાનો સંભવ છે. (મોટા ખાડાને ઓળંગવા માટે ઉપર લાકડું ગોઠવેલું હોય, એના ઉપરથી ચાલીને જવામાં જો સ્થિરતા ન રહે તો પડી જવાય, તથા એમાં કાણાદિ હોય તો એમાં ત્રસાદિજીવો હોય એની વિરાધના થાય. વગેરે બાબતો સ્વયં વિચારી લેવી.)

આમાં અપવાદ બતાવે છે કે બીજો માર્ગ હોય તો પુલ ઉપરથી નજવું. અર્થાત્ જો બીજો માર્ગ ન હોય અને આગળ જવું જરૂરી હોય તો એવા કાર્યને આશ્રયીને તો પુલ

ઉપરથી પણ યતનાપૂર્વક જવું. (અત્યારે જે સીમેન્ટ કોંક્રીટના પુલ હોય છે. એ તો સીધા રસ્તા જેવા જ છે, એના માટે આ વાત નથી.)

अवपातादौ दोषमाह-

पवडंते व से तत्थ, पक्खलंते व संजए । हिंसेज्ज पाणभूयाइं, तसे अदुव थावरे ॥५॥

અવપાતાદિમાં દોષ દેખાડે છે.

ગા.-૫ તે ત્યાં પડી જતો અથવા સ્ખલના પામતો સંયત ત્રસ અથવા સ્થાવર પ્રાણભૂતોની હિંસા કરે.

'पवडंते'त्ति सूत्रं, व्याख्या-प्रपतन्वाऽसौ 'तत्र' अवपातादौ प्रस्खलन्वा 'संयतः' साधुः 'हिंस्याद्' व्यापादयेत् 'प्राणिभूतानि' प्राणिनो-द्वीन्द्रियादयः भूतानि-एकेन्द्रियाः, एतदेवाह-त्रसानथवा स्थावरान्, प्रपातेनात्मानं चेत्येवमुभयविराधनेति सूत्रार्थः ॥५॥

ટીકાર્થ : એ ખાડા વગેરે સ્થાનેથી જવામાં સાધુ પડે અથવા તો સ્ખલના પામે... એમ થાય તો બેઈન્દ્રિય વગેરે પ્રાણીઓ કે એકેન્દ્રિય વગેરે ભૂતોની હિંસા કરનારો બને. આ જ વાત કરે છે કે ત્રસ અથવા સ્થાવરને હણનારો બને. (ત્રસ = પ્રાણી, સ્થાવર = ભૂત) વળી પડવા દ્વારા પોતાની જાતને પણ હણે એટલે આ પ્રમાણે ઉભયવિરાધના થાય.

यतश्चैवं

तम्हा तेण न गच्छिज्जा, संजए सुसमाहिए । सइ अन्नेण मग्गेण, जयमेव परक्कमे ॥६॥

જે કારણથી આ પ્રમાણે છે.

ગા.૬ તે કારણથી સુસમાહિત સંયત બીજો સીધો માર્ગ હોય તો તેના વડે ન જાય. (બીજો માર્ગ ન હોય તો) યતનાપૂર્વક પરાક્રમ કરે.

'तम्हा' सूत्रं, व्याख्या-तस्मात्तेन-अवपातादिमार्गेण न गच्छेत् संयतः सुसमाहितो, भगवदाज्ञावर्तीत्यर्थः, 'सत्यन्येने'ति अन्यस्मिन् समादौ 'मार्गेणे'ति मार्गे, छान्दसत्वात्सप्तम्यर्थे तृतीया, असति त्वन्यस्मिन्मार्गे तेनैवावपातादिना 'यतमेव

पराक्रमेत्' यतमिति क्रियाविशेषणं, यतमात्मसंयमविराधनापरिहारेण यायादिति सूत्रार्थः ॥६॥

ટીકાર્થ : તેથી તે ખાડા વગેરેના રસ્તેથી સુસમાહિત સાધુ ન જાય. સુસમાહિત એટલે ભગવાનની આજ્ઞામાં વર્તનારો... સમ=સીધો વગેરે માર્ગ હોય તો આ માર્ગે ન જવું.

ગાથામાં **अन्नेण मग्गेण** એ ત્રીજી વિભક્તિ છે. તે સપ્તમીના અર્થમાં લેવી.

જો અન્યમાર્ગ ન હોય તો તે જ અવપાતાદિ માર્ગથી યતનાપૂર્વક જાય.

यतम् શબ્દ ક્રિયાનું વિશેષણ છે **यतं** એટલે આત્માની અને સંયમની વિરાધનાનો પરિહાર કરવાપૂર્વક જાય.

अत्रैव विशेषतः पृथिवीकाययतनामाह-

इंगालं छारियं रासिं, तुसरासिं च गोमयं । ससरक्खेहिं पाएहिं, संजओ तं नइक्कमे ॥७॥

અહીં જ વિશેષથી પૃથ્વીકાયની યતના કહે છે.

ગા.૭ અંગારરાશિ, ક્ષારરાશિ, તુષરાશિ અને છાણને સંયત ધૂળવાળા પગો વડે આક્રમે નહિ.

'इंगाल'मिति सूत्रम्, 'आङ्गारमि'ति अङ्गाराणामयमाङ्गारस्तमाङ्गारं राशिम्, एवं क्षारराशिं, तुषराशिं च गोमयराशिं च, राशिशब्दः प्रत्येकमभिसंबध्यते 'सरजस्काभ्यां पद्भ्यां' सचित्तपृथिवीरजोगुण्डिताभ्यां पादाभ्यां 'संयतः' साधुः 'तम्' अनन्तरोदितं राशिं नाक्रामेत्, मा भूत्पृथिवीरजोविराधनेति सूत्रार्थः ॥७॥

ટીકાર્થ અંગારની આ (રાશિ) તે આંગાર કહેવાય. (અંગાર એટલે કોલસા બનાવવા માટે લાકડાઓ અધકચરા બાળેલા હોય તે) એમ ક્ષારરાશિ = ખારનો ઢગલો, તુષરાશિ = ફોતરાનો ઢગલો, ગોમયરાશિ = છાણનો ઢગલો... અહીં રાશિશબ્દ દરેક સાથે જોડવો.

સચિત્ત પૃત્વીરજથી ગુંડિત પગોથી સાધુ તે હમણા જ દર્શાવેલ રાશિને આક્રમે નહિ. (અર્થાત્ એ ઢગલાઓને પગથી ન સ્પર્શે, એના ઉપર પગ ન મૂકે.)

(પ્રશ્ન : શા માટે ?)

ઉત્તર પૃથ્વીરજની વિરાધના ન થાઓ... એ માટે આમ કરે.

(આશય એ છે કે પગ ઉપર સચિત્ત માટી લાગી હોય અને જો આ પગ આ બધા ઢગલા પર પડે તો આ ઢગલા દ્વારા એ સચિત્ત માટીની વિરાધના થાય.)

अत्रैवाप्कायादियतनामाह-

न चरेज्ज वासे वासंते, महियाए वा पडंतिए । महावाए व वायंते, तिरिच्छसंपाइमेसु वा ॥८॥

અહીં જ અપ્‌કાયાદિની યતનાને કહે છે.

ગા.૮ વરસાદ વરસતો હોય, કે ધુમ્મસ પડતું હોય કે મોટો વાયુ વાતો હોય કે પતંગીયાદિ જીવો પડતા હોય ત્યારે સાધુ ન ચરે.

'न चरेज्ज'त्ति सूत्रं, न चरेद्वर्षे वर्षति, भिक्षार्थं प्रविष्टो वर्षणे तु प्रच्छन्ने तिष्ठेत्, तथा महिकायां वा पतन्त्यां, सा च प्रायो गर्भमासेषु पतति, महावाते वा वाति सति, तदुत्खातरजोविराधनादोषात्, तिर्यक्संपतन्तीति तिर्यक्संपाताः-पतङ्गादयः तेषु वा सत्सु क्वचिदशनिरूपेण न चरेदिति सूत्रार्थः ॥८॥

ટીકાર્થ : જયારે વરસાદ વરસતો હોય ત્યારે સાધુ ગોચરી માટે ન ચરે. (બહાર ન જાય). જો ગોચરી માટે પ્રવેશી ચૂક્યો હોય (નીકળી જ ગયો હોય) અને પછી વરસાદ પડે તો પ્રચ્છન્ન = ઉપરથી ઢંકાયેલા સ્થાનમાં ઊભો રહે. તથા ધુમ્મસ પડતું હોય તો પણ ન ચરે. ધુમ્મસ પ્રાયઃ ગર્ભમાસોમાં થાય છે. (મારવાડીતિથિ પ્રમાણે કા.વ.૧ થી મહાસુદ પુનમ સુધી ચારમાસ ગર્ભમાસ ગણાય. બાકીના આઠ માસ પણ ધુમ્મસ સંભવે ખરું.પણ મુખ્યતયા તો આ ચાર માસમાં જ હોય...)

અથવા મોટો પવન વાતો હોય તો પણ સાધુ ન ચરે. કેમકે મહાવાતથી ઉડાડાયેલી સચિત્તધુળની વિરાધનાનો દોષ લાગે.

જે તીર્છા પડે તે તિર્યક્‌સંપાત કહેવાય. અર્થાત્ માખી-મચ્છર-મસી વગેરે. તે કોઈક સ્થાનોમાં અશનિરૂપે હોય છે. અર્થાત્ છ પ્રકારની ઈતિ (ઉપદ્રવવિશેષ)માંની એક ઈતિ આ છે કે આ બધા જીવો પડે. તો જયારે આ અશનિરૂપે પડતા હોય ત્યારે સાધુ ગોચરી ન જાય. (છુટા છવાયા પડતા હોય તો એમાં યતના સંભવિત હોવાથી જવામાં વાંધો નથી...)

उक्ता प्रथमव्रतयतना, साम्प्रतं चतुर्थव्रतयतनोच्यते -

न चरेज्ज वेससामंते, बंभचेरवसाणु(ण)ए । बंभयारिस्स दंतस्स, हुज्जा तत्थ विसुत्तिआ ॥९॥

પહેલા મહાવ્રતની યતના કહેવાઈ ગઈ. હવે ચોથા મહાવ્રતની યતના કહેવાય છે.

ગા.૯ બ્રહ્મચર્યને વશકરનાર એવા વેશ્યાગૃહની નજીકમાં સાધુ ન ચરે. બ્રહ્મચારી દાન્તસાધુને ત્યાં વિસ્રોતસિકા થાય.

'न चरेज्ज'त्ति, सूत्रं, 'न चरेद्वेश्यासामन्ते' न गच्छेद्गणिकागृहसमीपे, किंविशिष्ट इत्याहं-'ब्रह्मचर्यवशानयने(नय)' ब्रह्मचर्य-मैथुनविरतिरूपं वशमानयति-आत्मायत्तं करोति दर्शनाक्षेपादिनेति ब्रह्मचर्यवशानयनं तस्मिन्, दोषमाह-'ब्रह्मचारिण:' साधोः 'दान्तस्य' इन्द्रियनोइन्द्रियदमाभ्यां भवेत् 'तत्र' वेश्यासामन्ते 'विस्त्रोतसिका' तद्रूपसंदर्शनस्मरणापध्यानकचवरनिरोधतः ज्ञानश्रद्धाजलोज्झनेन संयमस(श)स्य-शोषफला चित्तविक्रियेति सूत्रार्थः ॥९॥

ટીકાર્થ : ગણિકાના ઘરની નજીકમાં સાધુ ન ચરે.

પ્રશ્ન : એ ઘર કેવા પ્રકારનું છે ? કઈ વિશેષતાવાળું છે ?

ઉત્તર : મૈથુન વિરતિ રૂપ જે બ્રહ્મચર્ય છે, તેને વશમાં લાવે, દર્શનના આક્ષેપ વગેરે દ્વારા સ્વાધીન (ગણિકાધીન) કરે તેવું તે ગણિકાગૃહ છે. (ત્યાં વેશ્યા વગેરેનું દર્શન થાય, એના તરફ ખેંચાણ થાય... એ દ્વારા બ્રહ્મચર્ય એને આધીન બને... અર્થાત્ ખતમ થાય.)

આવા સ્થાને જવામાં જે દોષ છે, તે દોષ બતાવે છે કે ઈન્દ્રિયો અને મનના દમન દ્વારા દાન્ત એવા બ્રહ્મચારી સાધુને તે વેશ્યાગૃહની નજીકમાં વિસ્રોતસિકા થાય.

પ્રશ્ન : વિસ્રોતસિકા એટલે શું ?

ઉત્તર : તેના રૂપનું સારી રીતે દર્શન, એ પછી એનું સ્મરણ, એ પછી ખરાબ ધ્યાન, આ રૂપ જે કચરો છે, એના વડે આત્મારૂપી ખેતરમાં જ્ઞાન-શ્રદ્ધા રૂપી પાણી આવતું અટકે. આના દ્વારા જ્ઞાન અને શ્રદ્ધા રૂપ પાણીનો ત્યાગ થાય, એ અંદર ન જાય. એના કારણે સંયમરૂપી ધાન્ય સુકાઈ જાય. આ રીતે સંયમધાન્ય સુકાઈ જવું એજ જેનું ફલ છે એવા ચિત્તના વિકારો એનું નામ વિસ્રોતસિકા.

(આત્મા ખેતર છે, સંયમ એ એમાં વાવેલું - ઉગેલુ ધાન્ય છે, જ્ઞાન અને શ્રદ્ધા એ

બે પાણી છે. સ્ત્રીદર્શન, સ્મરણાદિ કચરો છે. આ કચરો એ જ્ઞાનાદિને આત્મામાં પ્રવેશતા અટકાવનાર છે. એટલે એ જ્ઞાનાદિ અંદર ન આવે, પરિણામે સંયમધાન્ય સુકાઈ જાય...)

एष सकृच्चरणदोषो वेश्यासामन्तसंगत उक्तः, साम्प्रतमिहान्यत्र चासकृच्चरणदोषमाह-

अणायणे चरंतस्स, संसग्गीए अभिक्खणं । हुज्ज वयाणं पीला, सामन्नंमि अ संसओ ॥१०॥

વેશ્યાના ઘરની પાસે એકાદવાર જવામાં-ચરવામાં જે દોષ લાગે, તે આ બતાવી દીધો. હવે વેશ્યાગૃહની નજીકમાં વારંવાર જવામાં આલોક અને પરલોકસંબંધી જે દોષ લાગે, તેને બતાવે છે.

ગા.૧૦ વારંવાર અનાયતનમાં ચરનારા સાધુને વારંવાર સંસર્ગના કારણે વ્રતોની પીડા થાય અને સાધુપણામાં સંશય થાય.

'अणायणे'त्ति सूत्रम्, अनायतने-अस्थाने वेश्यासामन्तादौ '<u>चरतो</u>' गच्छतः '<u>संसर्गेण</u>' संबन्धेन '<u>अभीक्ष्णं</u>' पुनः पुनः, किमित्याह-भवेत् '<u>व्रतानां</u>' प्राणातिपातविरत्यादीनां पीडा, तदाक्षिप्तचेतसो भावविराधना, '<u>श्रामण्ये च</u>' श्रमणभावे च द्रव्यतो रजोहरणादिधारणरूपे भूयो भावव्रतप्रधानहेतौ संशयः, कदाचिदुन्निष्क्रामत्येवेत्यर्थः, तथा च वृद्धव्याख्या-वेसादिगयभावस्स मेहुणं पीडिज्जइ, अणुवओगेणं एसणाकरणे हिंसा, पडुप्पायणे अन्नपुच्छणअवलवणाऽसच्चवयणं, अणणुण्णायवेसाइदंसणे अदत्तादाणं, ममत्तकरणे परिग्गहो, एवं सव्ववयपीडा, दव्वसामन्ने पुण संसयो उण्णिक्खमणेण त्ति सूत्रार्थः ॥१०॥

ટીકાર્થ : વેશ્યાગૃહની નજીક વગેરે અસ્થાનોમાં વારંવાર જે સાધુ જાય, તેને વારંવાર વેશ્યાદર્શન વગેરેનો સંબંધ થાય. તેનાથી પ્રાણાતિપાતવિરતિ વગેરે વ્રતોને પીડા થાય. તે વેશ્યાદિ તરફ ખેંચાયેલા ચિત્તવાળાને ભાવવિરાધના થાય. (આશય એમ લાગે છે કે કોઈકને એવો પ્રશ્ન થાય કે આમાં ચોથાવ્રતને પીડા થાય એ બરાબર પણ બધા વ્રતોને પીડા શી રીતે થાય ? તેના ઉત્તર રૂપે આ વાત કરી છે કે વેશ્યાસક્ત ચિત્તવાળાને ભાવથી તો પાંચેય વ્રતની વિરાધના છેજ. એકવ્રતના ભંગમાં સર્વવ્રતનો ભંગ ગણાય. એ ભાવથી

સમજવું.)

તથા સાધુપણું દ્રવ્યથી વિચારીએ તો ઓઘો વગેરે ધારણ કરવારૂપ છે, ફરીથી ભાવવ્રત મેળવવાનું પ્રધાનકારણ છે, એવા સાધુપણામાં સંશય થાય. અર્થાત્ કદાચ એવું બને કે દીક્ષા છોડી જ દે.

(વ્રતપીડા અને શ્રામણ્યસંશય એમ બે દોષ બતાવ્યા છે. વૃત્તિકારશ્રીએ વ્રતપીડા એટલે આસક્તમનવાળાને ભાવથી વ્રતવિરાધના દર્શાવી છે અને શ્રામણ્યસંશયથી દ્રવ્યથી વ્રતવિરાધના દર્શાવી છે. આમ બે દોષો જુદા પાડયા છે.)

જુઓ, વૃદ્ધવ્યાખ્યા (ચૂર્ણિ) આ પ્રમાણે છે.

વેશ્યાદિમાં ગયેલા ભાવવાળા સાધુનું મૈથુન પીડા પામે. (એટલે કે ચોથુંવ્રત પીડા પામે.) તથા એ સાધુ ઉપયોગ વિના ગોચરીની એષણા કરે એમાં હિંસા થાય. તથા વર્તમાનમાં તે સમયે કોઈ બીજો વ્યક્તિ પ્રશ્ન કરે કે "તું શું કરે છે ? કેમ ચંચળ છે ?" ત્યારે પોતે પોતાનો દોષ છુપાવશે, અપલાપ કરશે, એમાં અસત્યવચન દોષ થાય. તથા વેશ્યાદિનું દર્શન કરવાની અનુમતિ પ્રભુએ કે વેશ્યાએ આપેલી નથી. એટલે રજા નહિ અપાયેલ વેશ્યાદિના દર્શન કરવામાં અદત્તાદાન દોષ લાગે. ત્યાં મમત્વ કરવામાં પરિગ્રહદોષ લાગે આ રીતે સર્વવ્રતોને પીડા થાય. દ્રવ્યસાધુપણામાં સંશય ઉન્નિષ્ક્રમણ = દીક્ષાત્યાગથી થાય. અર્થાત્ દીક્ષા ેડી દે એ જ દ્રવ્યસાધુતામાં સંશય જાણવો.

(**पडुप्पायणे** વગેરેનો અર્થ એમ પણ સંભવે કે એ સાધુ ગોચરી વહોરવા જાય એ જ પ્રત્યુત્પાદન કહેવાય. માટે જ એ વખતના દોષોને ઉત્પાદન દોષો કહ્યા છે. હવે એ ગોચરી વહોરતી વખતે પણ મનમાં વેશ્યાદિના વિચારો ચાલતા હોય ત્યારે એ ગોચરી સંબંધી પૃચ્છા કરવાને બદલે બીજું જ કંઈક પૂછી બેસે, પછી એ ભૂલને છુપાવવા વળી જુઠું બોલે... અપલાપ કરે... આ રીતે અસત્યવચન દોષ લાગે.)

निगमयन्नाह-

तम्हा एअं विआणित्ता, दोसं दुग्गइवड्ढणं । वज्जए वेससामंतं, मुणी एगंतमस्सिए ॥११॥

નિગમન કરતાં (ઉપર દર્શાવેલી બાબતોનો ઉપસંહાર કરતાં) કહે છે કે,

ગા.૧૧ તેથી દુર્ગતિ વધારનારા આ દોષને જાણીને એકાંતને આશ્રિત મુનિ

વેશ્યાગૃહના સામીપ્યને વર્જે.

'तम्हा' इति सूत्रम्, यस्मादेवं तस्मादेतत् विज्ञाय 'दोषम्' अनन्तरोदितं दुर्गतिवर्धनं वर्जयेद्वेश्यासामन्तं मुनि 'एकान्तं' मोक्षमाश्रित इति सूत्रार्थः ॥११॥ आह-प्रथमव्रतविराधनानन्तरं चतुर्थव्रतविराधनोपन्यासः किमर्थम् ? उच्यते, प्राधान्यख्यापनार्थम्, अन्यव्रतविराधनाहेतुत्वेन प्राधान्यम्, तच्च लेशतो दर्शितमेवेति ।

ટીકાર્થ : જે કારણથી વેશ્યાગૃહ સમીપમાં જવામાં ઉપર પ્રમાણે દોષ લાગે છે, તે કારણથી એકાંતને = મોક્ષને આશ્રિત (મોક્ષમાત્રની તમન્નાવાળો સાધુ) અનંતર જ કહેવાયેલા દુર્ગતિ વધારનાર દોષને જાણીને વેશ્યાગૃહની નજીક જવાનું છોડી દે.

પ્રશ્ન પહેલા પ્રથમવ્રતની વિરાધના બતાવી, એ પછી તરત જ ચોથાવ્રતની વિરાધનાનો ઉપન્યાસ શા માટે કર્યો ? વચ્ચેના ત્રણ વ્રત સંબંધી વિરાધના કેમ ન બતાવી ?

ઉત્તર ોથા વ્રતની વિરાધનાની પ્રધાનતા દર્શાવવા માટે આમ કર્યું છે ?

પ્રશ્ન એની પ્રધાનતા શા માટે ?

ઉત્તર ચોથાવ્રતની વિરાધના બીજાવ્રતોની વિરાધનાનું કારણ બને છે, માટે તેની પ્રધાનતા છે. અન્યવ્રતવિરાધનાહેતુત્વ પૂર્વે જ લેશથી દેખાડી જ દીધું છે.

अत्रैव विशेषमाह-

साणं सूइअं गाविं, दित्तं गोणं हयं गयं । संडिम्भं कलहं जुद्धं, दूरओ परिवज्जए ॥१२॥

ગોચરીસંબંધમાં જ વિશેષવાત દર્શાવે છે.

ગા.૧૨ કુતરો, વીયાએલી ગાય, દપ્ત બળદ, ઘોડો, હાથી, બાળકોવાળું સ્થાન, ઝઘડો, યુદ્ધ આ બધાને દૂરથી વર્જવું.

'साणं'ति सूत्रं, 'श्वानं' लोकप्रतीतम्, 'सूतां गाम्' अभिनवप्रसूतामित्यर्थः, 'दृप्तं' च दर्पितं, किमित्याह-गावं हयं गजं, गौः-बलीवर्दो हयः-अश्वो गजो-हस्ती । तथा 'संडिम्भं' बालक्रीडास्थानं 'कलहं' वाक्प्रतिबद्धं 'युद्धं' खड्गादिभिः, एतत् 'दूरतो' दूरेण परिवर्जयेत्, आत्मसंयमविराधनासंभवात्, श्वसूतगोप्रभृतिभ्य आत्मविराधना,

डिम्भस्थाने वन्दनाद्यागमनपतनभण्डनप्रलुठनादिना संयमविराधना, सर्वत्र चात्मपात्रभेदादिनोभयविराधनेति सूत्रार्थः ॥१२॥

ટીકાર્થ : શ્વાન લોકમાં પ્રતીત-પ્રસિદ્ધ જ છે.

સૂતાં ગાં એટલે નવી જ પ્રસવ આપનારી ગાય.

દર્પિત ગાય (બળદ), ઘોડો, હાથી.

સંડિમ્ભ એટલે બાળકોને રમવાનું સ્થાન.

વાણી-વચન વડે પ્રતિબદ્ધ અર્થાત્ વાચિક ઝઘડો એ કલહ.

તલવારાદિ વડે પરસ્પર યુદ્ધ થાય.

આ બધા જ સ્થાનોને દૂરથી વર્જવા. કેમકે અહીં આત્માની વિરાધના અને સંયમની વિરાધનાનો સંભવ છે. એમાં કુતરા, પ્રસવેલી ગાય વગેરે દ્વારા આત્માની = શરીરની વિરાધના થાય. બાળકોના સ્થાનમાં જઈએ, તો બાળકો વંદનાદિ માટે એકદમ દોડી આવે, એ દોડાદોડીમાં કોઈક પડી જાય અથવા તો એ બાળકોનો ધક્કો લાગવાથી સાધુ પડી જાય. આ રીતે દોડાદોડીમાં બાળકો વચ્ચે પરસ્પર ભંડન = ઝઘડો થાય, અથવા તો સાધુ પડવાના કારણે ગુસ્સે થાય એટલે બાળકોને ગમે તેમ બોલવા લાગે એ રીતે ભંડન થાય, ગબડી પડેલો સાધુ જમીન પર આળોટાય કે પડેલા બાળકો આ ોટાય... આ બધા વડે સંયમની વિરાધના થાય (કેમકે આમાં જમીન પર રહેલા જીવો મરવાદિ દોષ લાગવાનો જ.) (આમા પાત્રુ પડી જવું, વસ્તુઓ ઢોળાઈ જવી વગેરે દોષો પણ વિચારી લેવા..)

તથા ઉપર બતાવેલા બધા જ સ્થાનોમાં આત્માનાં = શરીરનાં અને પાત્રનાં ભેદ વગેરેથી ઉભયવિરાધના થાય.

अत्रैव विधिमाह-

अणुन्नए नावणए, अप्पहिट्ठे अणाउले । इंदिआणि जहाभागं, दमइत्ता मुणी चरे ॥१३॥

ગોચરી સંબંધમાં જ જે વિધિ છે, તે વિધિને બતાવે છે.

ગા.૧૩ અનુન્નત, અનવનત, અપ્રહૃષ્ટ, અનાકુલ એવો મુનિ યથાયોગ્ય ઈન્દ્રિયોને દમીને ચરે.

'अणुण्णए'त्ति सूत्रम्, 'अनुन्नतो' द्रव्यतो भावतश्च, द्रव्यतो नाकाशदर्शी भावतो न जात्याद्यभिमानवान्, 'नावनतो' द्रव्यभावाभ्यामेव, द्रव्यानवनतोऽनीचकायः भावानवनतः अलब्ध्यादिनाऽदीनः 'अप्रहृष्टः' अहसन् 'अनाकुलः' क्रोधादिरहितः 'इन्द्रियाणि' स्पर्शनादीनि 'यथाभागं' यथाविषयं 'दमयित्वा' इष्टानिष्टेषु स्पर्शादिषु रागद्वेषरहितो 'मुनिः' साधु 'चरेद्' गच्छत्, विपर्यये प्रभूतदोषप्रसङ्गात्, तथाहि-द्रव्योन्नतो लोकहास्यः भावोन्नत ईर्यां न रक्षति द्रव्यावनतः बक इति संभाव्यते भावावनतः क्षुद्रसत्त्व इति, प्रहृष्टो योषिद्दर्शनाद्रक्त इति लक्ष्यते, आकुल एवमेव, अदान्तः प्रव्रज्यानर्ह इति सूत्रार्थः ॥१३॥

ટીકાર્થ : ગોચરી ચરનાર સાધુ ઉન્નત ન હોય. એમાં દ્રવ્યથી અને ભાવથી બંને પ્રકારે ઉન્નત ન હોય.

દ્રવ્યથી ઉન્નત ન હોય એનો અર્થ એ કે ઉપર આકાશને જોયા ન કરે.

ભાવથી ઉન્નત ન હોય એનો અર્થ એ કે જાતિ વગેરેના અભિમાનવાળો ન હોય.

એમ દ્રવ્ય અને ભાવથી જ અવનત ન હોય.

દ્રવ્યથી અવનત ન હોય એનો અર્થ એ કે નીચી નમેલી કાયાવાળો ન હોય.

ભાવથી અવનત ન હોય એનો અર્થ એ કે ગોચરીલબ્ધિ ન હોવાદિ કારણે દીન ન બને. તથા એ સાધુ અપ્રહૃષ્ટ= હસતો ન હોય, અનાકુલ = ક્રોધાદિરહિત હોય.

આવો સાધુ સ્પર્શનાદિ ઈન્દ્રિયોને પોતપોતાના વિષય પ્રમાણે દમન કરીને એટલે કે ઈષ્ટ અનિષ્ટ સ્પર્શાદિમાં રાગદ્વેષથી રહિત બનીને ચાલે.

(સ્પર્શેન્દ્રિયનો વિષય સ્પર્શ છે, કાનનો વિષય શબ્દ છે. સારા સ્પર્શમાં રાગી ન બને, ખરાબ સ્પર્શમાં દ્વેષી ન બને. એમ સારા શબ્દમાં રાગી ન બને અને ખરાબ સ્પર્શમાં દ્વેષી ન બને. આ રીતે દરેક ઈન્દ્રિયના પોતપોતાના વિષયમાં સમજી શકાય છે.)

ઉપર દર્શાવેલ બાબતોથી ઊંધુ કરવામાં ઘણા બધા દોષો સંભવે છે. એટલે સાધુ ઉપર મુજબ જ કરે.

તે દોષો કયા લાગે એ જોઈએ.

દ્રવ્યોન્નત = આકાશ તરફ જોયા કરનાર સાધુ લોકમાં મશ્કરીપાત્ર બને.

ભાવોન્નત = જાત્યાદિ અભિમાનવાળો સાધુ ઈર્યાસમિતિનું રક્ષણ = પાલન ન કરી શકે.

દ્રવ્યાવનત = ઘણો નમી ગયેલો સાધુ લોકો વડે 'બગલા' તરીકે વિચારાય. (બગલો મોઢુ નીચું રાખે પણ એની નજર માછલા પકડવામાં જ હોય, એટલે એ કપટી કહેવાય. એમ અતિ નમી ગયેલા સાધુ માટે લોકો આવી કલ્પના કરી બેસે.)

ભાવાવનત = અલબ્ધિના કારણે દીનતાવાળો સાધુ ક્ષુદ્રસત્વવાળો = સત્ત્વહીન કહેવાય.

પ્રહૃષ્ટ = હસતો સાધુ લોકો વડે એ રીતે કલ્પાય કે "આ સાધુ સ્ત્રીના દર્શનથી રાગી થયેલો છે. માટે હસે છે."

આકુલ = ક્રોધાદિવાળો સાધુ પણ એજ પ્રમાણે લોકો વડે કલ્પાય કે "આ સાધુ સ્ત્રીદર્શનથી ક્રોધાદિવાળો બનેલો છે..." (સ્ત્રી સામે પોતાનો પ્રભાવ બતાવવા ક્રોધ કરે, અહંકાર ભરેલું વર્તન કરે, જાતજાતની માયા કરે, સ્ત્રી સામે વારંવાર જોયા કરવા વગેરે રૂપ લોભ કરે... આ સાધુ આકુળ કહેવાય. જોનારાઓ આ બધા પાછળનો ભાવ સમજી જાય... સાધુ એવો ન હોય તો પણ તેઓ એવો કલ્પી લે.)

અદાન્તસાધુ પ્રવ્રજ્યામાટે અયોગ્ય છે.

किं च-

दवदवस्स न गच्छेज्जा, भासमाणो अ गोअरे । हसंतो नाभिगच्छिज्जा, कुलं उच्चावयं सया ॥१४॥

વળી,

ગા.૧૪ ગોચરીમાં ઉંચા કે નીચા કુલોમાં સદા જલ્દી જલ્દી ન ચાલે, બોલતો ેલતો ન ચાલે. હસતો હસતો ન ચાલે.

'दवदवस्स' त्ति सूत्रं, '<u>द्रुतं द्रुतं</u>' त्वरितमित्यर्थः न गच्छेत् भाषमाणो वा न गोचरे गच्छेत्, तथा हसन्नाभिगच्छेत्, कुलमुच्चावचं सदा, उच्चं- द्रव्यभावभेदाद्द्विधा- द्रव्योच्चं धवलगृहवासि भावोच्चं जात्यादियुक्तम्, एवमवचमपि द्रव्यतः कुटीरकवासि भावतो जात्यादिहिनमिति । दोषा उभयविराधनालोकोपघातादय इति सूत्रार्थः ॥१४॥

ટીકાર્થ : જયારે સાધુ ગોચરી જાય, ત્યારે ઉંચા કે નીચા કુળોમાં પણ જાય. પણ ત્યાં ક્યાંય જલ્દી જલ્દી ન ચાલે તથા વાતો કરતો = બોલતો ન ચાલે. તથા હસતો હસતો ન જાય.

એમાં ઊંચુ કુળ દ્રવ્ય અને ભાવ ભેદથી બે પ્રકારે છે. શ્વેતઘરમાં રહેનાર કુલ દ્રવ્યથી ઉચ્ચ કુળ કહેવાય. જયારે ઉત્તમજાતિ વગેરેવાળું કુળ ભાવથી ઉચ્ચ કહેવાય. (પૂર્વના જમાનામાં ગરીબ વગેરે લોકો તો છાણ-માટીના બનેલા ઘરોમાં રહેતા. જેઓ શ્રીમંત હોય તેઓ જ વિશિષ્ટ ઘરોમાં રહે અને એમના ઘર ઉપર ચૂનો ઢોળેલો હોય એટલે એ ઘરો શ્વેત હોય, સફેદ હોય... એ દૃષ્ટિએ ધવલગૃહમાં રહેનાર કુળો ઉચ્ચકુળ કહ્યા છે. એવું જણાય છે.)

એ રીતે નીચકુળ પણ દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારે છે.

એમાં ઝુંપડીમાં રહેનાર કુળ દ્રવ્યથી નીચકુળ.

ઊંચીજાતિ વગેરેથી રહિત કુળ ભાવથી નીચકુળ.

આ બધા ઘરોમાં ઝડપી જવામાં, બોલતા જવામાં... આત્મવિરાધના, સંયમવિરાધના એમ બંને વિરાધના તથા લોકોપઘાત વગેરે દોષો લાગે.

(ઝડપી ચાલવામાં નીચે જીવો મરી જાય, પડી જવાય તેથી સંયમ + આત્મવિરાધના થાય, લોકો પણ આ રીતે સાધુને ચાલતો જોઈ નિંદા કરે... આમ બોલતા બોલતા કે હસતા હસતા ચાલવામાં પણ યથાસંભવ દોષ સમજી લેવાના.)

(અહીં નીચકુળમાં જવાનો નિષેધ નથી કર્યો, માત્ર જલ્દી જલ્દી જવાનો જ નિષેધ કર્યો છે. એનો અર્થ એમ ન સમજવો કે 'નીચકુળમાં જવાય' જે કુળો લોકમાં નિંદ્ય, ત્યાજય હોય એવા નીચકુળમાં ન જવાય. પણ જે કુળો વિશિષ્ટ જાતિ વગેરે વાળા ન હોવા છતાં લોકમાં ભિક્ષાચર્યા માટે નિંદ્ય, ત્યાજય ન હોય તેવા નીચકુળોનો નિષેધ ન સમજવો...)

अत्रैव विधिमाह-

आलोअं थिग्गलं दारं, संधिं दगभवणाणि अ । चरंतो न विनिज्झाए, संकट्ठाणं विवज्जए ॥१५॥

અહીં જ = ગોચરીસંબંધમાં જ વિધિ કહે છે.

ગા.૧૫ ચરતો = ફરતો સાધુ આલોક, થિગ્ગલ, દ્વાર, સંધિ, પાણીભવનોને ન જુએ. શંકાના સ્થાનો વર્જી દે.

'आलोअं थिग्गलं' ति सूत्रम् 'अवलोकं' निर्यूहकादिरूपं 'थिग्गलं' चितं द्वारादि,

संधिः-चितं क्षत्रम्, 'उदकभवनानि' पानीयगृहाणि चरन् भिक्षार्थं न 'विनिध्यायेत्' विशेषेण पश्येत्, शङ्कास्थानमेतदवलोकादि अतो विवर्जयेत्, तथा च नष्टादौ तत्राशङ्कोपजायत इति सूत्रार्थः ॥१५॥

ટીકાર્થ : અવલોક નિર્યૂહક વગેરે રૂપ છે. (આજે જેમ ફલેટોમાં બારણાઓમાં કાણા હોય છે. ત્યાં કાચ લગાડેલો હોય છે, તેમાંથી બહારની તરફ જોઈ શકાય કે કોણ આવ્યું છે ? આવા કાણા વગેરે નિર્યૂહક કહેવાય. જુના કાળમાં ભલે આવા કાણા ન હોય. પણ લાકડાના દરવાજાઓમાં તિરાડ હોય, સાંકળાદિના સ્થાનોમાં કાણા હોય... એ સંભવિત છે. એમાંથી અંદર નજર કરી શકાય.)

થિગ્ગલ એટલે ચિતદ્વારાદિ. (જ્યાં પહેલા બારણું હોય એટલે એ ભાગ આખા ઘરમાં મોટા કાણા જેવો.જ છે, હવે એ જગ્યાએ બારણું બંધ કરી દીધુ એટલે એ થિગડું કહેવાય. એમ એવા મોટા ગાબડાઓ ઢાંકવા પણ લાકડા વગેરે મુકાયા હોય તો એ પણ થિગ્ગલ કહેવાય. ટુંકમાં જેમ વસ્ત્રમાં કોઈક ભાગ ફાટી જાય, કાણું-ગાબડું પડે એને બીજા વસ્ત્રથી પૂરી દેવામાં આવે એમ ઘરમાં તે-તે સ્થાને રહેલા ગાબડાને બારણાદિ દ્વારા પૂરવામાં આવે તે થિગ્ગડ. ત્યાં અમુક અમુક જગ્યામાંથી અંદર તરફ જોઈ શકાય એ શક્ય છે.)

સંધિ એટલે ચિતક્ષત્ર. (ચોર વગેરેએ ચોરી કરવા માટે ઘરનો કોઈ ભાગ તોડી પાડયો હોય તો એ ખાતર પાડેલું કહેવાય છે. એનું નામ જ ક્ષત્ર. આવો ભાગ ફરી માટી-છાણાદિ દ્વારા પૂરી દેવામાં આવે તો એ ચિતક્ષત્ર કહેવાય. આજ સંધિ. આમાંય અમુક ભાગમાં નાના-નાના છિદ્રો રહી જાય, તો એમાંથી અંદર જોઈ શકાય.)

ઉદક ભવન એટલે પાણીના ઘરો = પાણિયારું (પાણી ભરેલા ઘડાઓની વચ્ચે વચ્ચે જે જગ્યા હોય, એમાંથી સામેની તરફના દૃશ્યો જોઈ શકાય.)

ભિક્ષા માટે ચરતો સાધુ આ બધાને વિશેષથી ન જુએ. (અર્થાત્ આ બધા સ્થાનોમાંથી "ઘરની અંદર કોણ છે ? શું કરે છે ? રસોઈ બની છે ?" વગેરે જોવાનો પ્રયત્ન બિલકુલ ન કરે.)

આ અવલોકાદિ એ શંકાના સ્થાનો છે, માટે સાધુ એને વર્જે.

આ શંકાસ્થાન આ રીતે કે જો સાધુ આવી રીતે જુએ, અને લોકો સાધુને આ રીતે જોતો જોઈ જાય અને પછી જો એ જ ઘરમાં કોઈ વસ્તુ નષ્ટ થાય=ચોરાઈ જાય કે ખૂન થાય... તો ત્યાં સાધુ ઉપર બધાને શંકા જાય કે સાધુ આવી રીતે છાની રીતે, ધારી ધારી

અંદર જોતો હતો. કદાચ એણે જ આ બધું કર્યું હોય.

किंच-

रण्णो गिहवईणं च, रहस्सारक्खियाण य । संकिलेसकरं ठाणं, दूरओ परिवज्जए ॥१६॥

વળી

ગા.૧૬ સાધુ રાજાના, ગૃહપતિના, આરક્ષકોના સંકલેશકરનારા ગુપ્તસ્થાનોને દૂરથી વર્જે.

'रण्णो'त्ति सूत्रं, 'राज्ञः'- चक्रवर्त्यादेः 'गृहपतीनां' श्रेष्ठिप्रभृतीनां रहसाठाणमिति योगः, 'आरक्षकाणां च' दण्डनायकादीनां 'रहःस्थानं' गुह्यापवरकमन्त्रगृहादि 'संक्लेशकरम्' असदिच्छाप्रवृत्त्या मन्त्रभेदे वा कर्षणादिनेति, दूरतः परिवर्ज्जयेदिति सूत्रार्थः ॥१६॥

ટીકાર્થ : રાજા એટલે ચક્રવર્તીવગેરે.

ગૃહપતિ એટલે શ્રેષ્ઠીવગેરે.

रहसाठाणम् એ પ્રમાણે શબ્દનો યોગ કરવો.

અર્થાત્ રાજાના ગુપ્તસ્થાનો, શ્રેષ્ઠીઓના ગુપ્તસ્થાનો, દંડનાયક = સેનાપતિ, કોટવાલવગેરેના ગુપ્તસ્થાનો = ગુપ્તઓરડાઓ, મંત્રણાગૃહો સંકલેશને કરનારા છે, એટલે એમને દૂરથી જ વર્જવા. (ત્યાં ન જવું)

પ્રશ્ન : આ સ્થાનો સંક્લેશકરનારા શી રીતે ?

ઉત્તર ખરાબ ઈચ્છાવડે પ્રવૃત્તિ થવાથી અથવા તો મંત્રણાના ભેદદ્વારા કર્ષણાદિ થવાથી આ સ્થાનો સંક્લેશકરનારા છે.

(રાજાના કે શ્રેષ્ઠીના ગુપ્તસ્થાનો એટલે તેમના અંતઃપુર વગેરે સ્થાનો. ત્યાં રાણીઓ, રાજકુમારીઓ, શ્રેષ્ઠીપત્નીઓ, પુત્રીઓ હોય... આવા સ્થાનોમાં સાધુ જાય, તો એ બધાનું દર્શન થાય, એ લોકો હસવા-રમવાદિ અનેક પ્રવૃતિઓ કરતા હોય... એ બધું દેખાય એમાં ખરાબ ઈચ્છા થાય, એના દ્વારા એમની સાથે વાતચીત કરવી, વારંવાર ત્યાં જવું વગેરે રૂપ ખરાબપ્રવૃત્તિ પણ થાય.

જે કોટવાલ-સેનાપતિ વગેરેના મંત્રણાગૃહાદિ હોય, ત્યાં તેઓ અનેક પ્રકારની ગુપ્ત વાતચીત કરતા હોય, સાધુ જો ત્યાં પહોંચે અને એમને ખબર પડે તો તેઓ એમ સમજે કે અમારી મંત્રણા = ગુપ્ત વાતચીતો ખુલ્લી પડી ગઈ, સાધુ જાણી ગયો... એટલે ગુસ્સે થઈ તેઓ સાધુને પકડે, ખેંચીને જેલ વગેરેમાં લઈ જાય, પૂરી દે...

આમ આ બધા સ્થાનો સંક્લેશકર છે. આનો બીજીરીતે પણ અર્થ થઈ શકે, તે સ્વયં વિચારી લેવો.)

किंच-

पडिकुट्ठकुलं न पविसे, मामगं परिवज्जए । अचिअत्तकुलं न पविसे, चिअत्तं पविसे कुलं ॥१७॥

ગા.૧૭ નિષિદ્ધકુલમાં પ્રવેશ ન કરવો, મામકકુલ છોડી દેવું. અપ્રીતિકર કુલમાં પ્રવેશ ન કરવો, પ્રીતિવાળા કુળમાં પ્રવેશ કરવો.

'पडिकुट्ठ'त्ति सूत्रं, प्रतिकुष्टकुलं द्विविधम्-इत्वरं यावत्कथिकं च, इत्वरं सूतकयुक्तं, यावत्कथिकम्-अभोज्यम्, एतन्न प्रविशेत् शासनलघुत्वप्रसङ्गात्, 'मामकं' यत्राऽऽह गृहपतिः-मा मम कश्चिद्गृहमागच्छेत्, एतत् वर्जयेत्, भण्डनादिप्रसङ्गात्, 'अचिअत्तकुलम्' अप्रीतिकुलं यत्र प्रविशद्भिः साधुभिरप्रीतिरुत्पद्यते, न च निवारयन्ति, कुतश्चिन्निमित्तान्तरात्, एतदपि न प्रविशेत्, तत्संक्लेशनिमित्तत्वप्रसङ्गात्, 'चिअत्तम्' अचिअत्तविपरीतं प्रविशेत्कुलं, तदनुग्रहप्रसङ्गादिति सूत्रार्थः ॥१७॥

ટીકાર્થ : નિષિદ્ધ કુલ બે પ્રકારે છે. (૧) ઈત્વર (૨) યાવત્કથિક.

ઈત્વરનિષિદ્ધકુલ એટલે સૂતકવાળું ઘર. (અહીં સૂતકકાળ સુધી જ ન જવાય, પછી જવાય એટલે થોડાક કાળ માટે ત્યાં જવાનો નિષેધ હોવાથી એ ઈત્વર ગણાય.)

યાવત્કથિકનિષિદ્ધકુલ એટલે અભોજ્યકુળ. (જે હલકાવર્ણવાળાઓના ઘરના આહાર-પાણી શિષ્ટપુરુષો લેતાં ન હોય એ બધાં અભોજ્યકુળોમાં કદી જવાનું ન હોવાથી એ યાવત્કથિકનિષિદ્ધકુળ ગણાય.)

આ કુલોમાં પ્રવેશવું નહિ, કેમકે એમાં શાસનની લઘુતા થવાનો પ્રસંગ આવે. (લોકો બોલે કે જૈનસાધુઓ આવા ઘરોમાં જાય, એ ખોટું છે. લોકવિરુદ્ધ છે...)

જે ઘરમાં ગૃહપતિ = માલિક કહે કે 'મારા ઘરમાં કોઈએ આવવું નહિ' એ મામકકુલ

કહેવાય. એ ઘર છોડી દેવું. કેમકે ત્યાં જઈએ તો ઝઘડો વગેરે થવાનો પ્રસંગ આવે. જે ઘરમાં સાધુઓ પ્રવેશે એટલે અપ્રીતિ થતી હોય પણ કોઈક (શરમ વગેરે) અન્ય કારણસર સાધુઓને ના ન પાડતા હોય તે ઘરો અપ્રીતિકુલ કહેવાય. આવા ઘરમાં પણ ન જવું. કેમકે એમને સંકલેશ થાય અને એમાં સાધુ નિમિત્ત બને.

જે અપ્રીતિકુલથી વિપરીત છે, તેવા પ્રીતિકુલમાં પ્રવેશવું. કેમકે ત્યાં તો તે ગૃહસ્થઉપર ઉપકાર કરવાનો પ્રસંગ થાય. અર્થાત્ આપણાં નિમિત્તે એને ધર્મ થાય.

किं च-

साणीपावरपिहिअं, अप्पणा नावपंगुरे । कवाडं नो पणुल्लिज्जा, उग्गहंसि अजाइआ ॥१८॥

ગા.૧૮ સાણી કે પ્રાવારથી ઢંકાયેલા ઘરને સાધુ જાતે ન ખોલે. અવગ્રહને યાચ્યા વિના કમાડને ઉઘાડે નહિ.

'साणि' त्ति सूत्रं, 'शाणीप्रावारपिहित'मिति शाणी- अतसीवल्कजा पटी, प्रावार:-प्रतीत: कम्बल्याद्युपलक्षणमेतत्, एवमादिभि: पिहितं-स्थगितं, गृहमिति वाक्यशेष: । 'आत्मना' स्वयं 'नापवृणुयात्' नोद्घाटयेदित्यर्थ:, अलौकिकत्वेन तदन्तर्गतभुजिक्रियादिकारिणां प्रद्वेषप्रसङ्गात्, तथा 'कपाटं' द्वारस्थगनं 'न प्रेरयेत्' नोद्घाटयेत्, पूर्वोक्तदोषप्रसङ्गात्, किमविशेषेण ?, नेत्याह-'अवग्रहमयाचित्वा' आगाढप्रयोजनेऽननुज्ञाप्यावग्रहं-विधिना धर्मलाभमकृत्वेति सूत्रार्थ: ॥१८॥

ટીકાર્થ : શાણી એટલે અતસીવનસ્પતિની છાલમાંથી બનેલા વસ્ત્ર. (સાદડી, કંતાન વગેરે.)

પ્રાવાર તો પ્રતીત છે. (વસ્ત્ર વગેરે.)

આ પ્રાવારાદિ બતાવ્યા એ કામળી વગેરેનું ઉપલક્ષણ સમજવું. એટલે કે એ બધા પણ સમજી લેવાના.

આ બધી વસ્તુઓથી ઢંકાયેલ ઘરને સાધુ જાતે ઉઘાડે નહિ.

ગાથામાં गृहं શબ્દ લખ્યો નથી, તે વાક્યના શેષ તરીકે લઈ લેવો.

પ્રશ્ન સાધુ કેમ આ ઘરને ન ઉઘાડે ?

ઉત્તર સાધુ અલૌકિક છે, એટલે ઘરની અંદર ભોજન ક્રિયા વગેરે કરનારાઓને

પ્રદ્વેષ થવાનો પ્રસંગ આવે.

(જેમ મુસ્લિમોના ઘરોમાં પડદાઓ હોય છે, તેમ જુના જમાનામાં ઘરોમાં બારણા બંધ જ રાખે એવું નહિ, પણ સાદડી, કામળી, કપડો, પડદો વગેરે રાખે. એના દ્વારા ખુલ્લો ભાગ ઢાંકી અંદર ભોજનાદિ કરે. હવે ગોચરી નીકળેલો સાધુ એ સાદડી વગેરે હટાડી અંદર જુએ તો અંદરના લોકોને ગુસ્સો આવે. એ ગુસ્સો આવવાનું મુખ્ય કારણ એ છે કે સાધુ લોકો કરતા સાવ જુદા જ પ્રકારનો છે. જેમ જૈનોના ઘરોમાં કોઈ ગૃહસ્થ=સંસારી માણસ આવે તો એમાં વિચિત્રતા ન લાગે પણ બાવો ફકીર આવે તો એ લોકો કરતાં જુદા જ પ્રકારનો હોવાથી ત્યાં વિચિત્રતા જ અનુભવાય. એમ જૈનસાધુ પણ અલૌકિક લાગવાથી તે ગૃહસ્થોને દ્વેષાદિ થાય કે "આ કેમ આ રીતે જુએ છે ?" એ ગૃહસ્થો મોટા ભાગે અજૈન હોય ત્યારે જ આવું બને. કેમકે અજૈનોને જ આ રીતે દ્વેષ થવાનો સંભવ છે. પ્રાચીનકાળમાં સાધુઓ અજૈનઘરોમાં પણ જતા.

તથા બારણાના સ્થગનને = ઢાંકેલા કમાડને સાધુ ઉઘાડે નહિ. કેમકે એમાં પૂર્વે જણાવેલા દો ેનો પ્રસંગ થાય.

પ્રશ્ન : શું અવિશેષથી = સામાન્યથી = બધે જ આમ સમજવું ? અર્થાત્ સાધુ શું દરેકે દરેક સ્થાને આ રીતે કદી બારણું ઉઘાડવાદિ ક્રિયા ન કરી શકે ?

ઉત્તર ના, એવું નથી. આગાઢ પ્રયોજન હોય ત્યારે અવગ્રહની અનુજ્ઞા લીધા વિના એટલે કે વિધિપૂર્વક ધર્મલાભ કર્યા વિના સાધુ કમાડાદિ ન ઉઘાડે.

(સાર એ કે વિશેષ પ્રયોજન ન હોય તો કમાડ ઉઘાડવા, પડદા દૂર કરવાદિ પ્રવૃત્તિ કરવી જ નહિ.

પણ જો ગોચરી દુર્લભ હોવી વગેરે વિશેષ પ્રયોજન આવી પડે અને એટલે તે ઘરમાં ગોચરી જવું જરૂરી હોય તો બહારથી ધર્મલાભ બોલવું ે સાંભલી અંદર રહેલા બહાર આવે, અથવા તો સાધુને અંદર આવવા જણાવે... એટલે આ રીતે રજા મળે, પછી સાધુ બારણું ખોલી કે પડદો દૂર કરી અંદર જાય. પણ આગાઢકારણે પણ આ રીતે રજા વિના સીધે સીધા તો અંદર ન જ જવાય.)

विधिशेषमाह-

गोअरग्गपविट्ठो अ, वच्चमुत्तं न धारए । ओगासं फासुअं नच्चा, अणुन्नविअ वोसिरे ॥१९॥

શેષવિધિને કહે છે.

ગા.૧૯ ગોચરાગ્રમાં પ્રવેશેલો સાધુ (ગોચરી માટે જતો સાધુ) સ્થંડિલ-માત્રુ અટકાવે નહિ. અચિત્ત અવકાશ જાણી રજા લઈ વોસિરાવે.

'गोयरग्ग'त्ति सूत्रं, गोचराग्रप्रविष्टस्तु वर्चो मूत्रं वा न धारयेत्, अवकाशं प्रासुकं ज्ञात्वाऽनुज्ञाप्य व्युत्सृजेदिति । अस्य विषयो वृद्धसंप्रदायादवसेयः, स चायम्-पुव्वमेव साहुणा सन्नाकाइओवयोगं काऊण गोअरे पविसिअव्वं, कहिंवि ण कओ कए वा पुणो होज्जा ताहे वच्चमुत्तं ण धारेअव्वं, जओ मुत्तनिरोहे चक्खुवघाओ भवति, वच्चनिरोहे जीविओवघाओ, असोहणा अ आयविराहणा, जओ भणिअं-'सव्वत्थ संजम'मित्यादि, अओ संघाडयस्स सयभायणाणि समप्पिअ पडिस्सए पाणयं गहाय सन्नाभूमीए विहिणा वोसिरिज्जा । वित्थरओ जहा ओहणिज्जुत्तीए । इति सूत्रार्थः ॥१९॥

ટીકાર્થ : ગોચરાગ્રમાં પ્રવેશેલો સાધુ સ્થંડિલ-માત્રુ ધારી ન રાખે. નિર્દોષ જગ્યા જાણી રજા લઈ વોસિરાવે. (ખ્યાલ રાખવો કે શાસ્ત્રમાં **व्युत्सृजेत्** શબ્દ સીધા જ સ્થંડિલ માત્રુ જવા માટે વપરાય છે. જયારે **परिष्ठापयेत्** શબ્દ પ્યાલામાં કરીને પરઠવવાની ક્રિયા અંગે વપરાય છે.)

આનો વિષય વૃદ્ધસંપ્રદાયથી જાણવો.

તે આ છે. ગોચરી જતા પહેલા જ સાધુએ સંજ્ઞા=કાયિકાના ઉપયોગને કરીને ગોચરીમાં પ્રવેશવું=જવું. (સંજ્ઞા= સ્થંડિલ, કાયિકા = માત્રુ. ઉપયોગ કરવો એટલે મને સંજ્ઞાદિની શંકા છે કે નહિં ? એ ધ્યાનમાં લેવું, શંકા હોય તો ટાળવી, સંજ્ઞા–કાયિકા કરી લેવા...)

પણ કોઈપણ કારણસર ઉપયોગ કર્યો ન હોય, અથવા ઉપયોગ કર્યો હોય છતાં ગોચરી ગયા બાદ ફરી શંકા થાય, તો સ્થંડિલ માત્રુ અટકાવવા નહિ. કેમકે મૂત્રનો નિરોધ કરવામાં ચક્ષુનો ઉપઘાત થાય. વર્ચસ્=સંજ્ઞાનો નિરોધ કરવામાં જીવનનો ઉપઘાત થાય. આ આત્મવિરાધના સારી નથી. કેમકે ઓઘનિ.માં કહ્યું છે કે સર્વત્ર સંયમની રક્ષા કરવી. પણ સંયમ કરતા પણ આત્માની = શરીરની રક્ષા કરવી.

એટલે આવે વખતે સંઘાટક સાધુને પોતાના પાત્રા આપી દઈ ઉપાશ્રયે જઈ પાણી લઈ સંજ્ઞાભૂમિમાં વિધિપૂર્વક સંજ્ઞા વોસિરાવવી.

આ વિષયમાં વિસ્તાર જે રીતે ઓ.નિ.માં આપેલો છે, તે રીતે સમજવો.

णीअदुवारं तमसं, कुट्ठगं परिवज्जए । अचक्खुविसओ जत्थ, पाणा दुप्पडिलेहा(हगा) ॥२०॥

ગા.૨૦. નીચા બારણાંવાળા, અંધકારવાળા ઓરડાને છોડી દેવો કે જ્યાં ચક્ષુનો વ્યાપાર નથી. જીવો દુઃખેથી જણાય છે.

तथा 'नीयदुवार'न्ति सूत्रं, 'नीचद्वारं' नीचनिर्गमप्रवेशं 'तमस'मिति तमोवन्तं 'कोष्ठकम्' अपवरकं परिवर्ज्जयेत्, न तत्र भिक्षां गृह्णीयात्, सामान्यापेक्षया सर्व एवंविधो भवत्यत आह-'अचक्षुर्विषयो यत्र' न चक्षुर्व्यापारो यत्रेत्यर्थः, अत्र दोषमाह-प्राणिनो दुष्प्रत्युपेक्षणीया भवन्ति, ईर्याशुद्धिर्न भवतीति सूत्रार्थः ॥२०॥

ટીકાર્થ : જે ઓરડામાં નીકળવાનો અને પ્રવેશવાનો ભાગ નીચો છે, જે ઓરડો અંધકારવાળો છે. તે છોડી દેવો. ત્યાં ભિક્ષા ન લેવી. (બારણું નીચું હોય, તો પ્રકાશ ઓછો મળે, પ્રકાશ ન મળવાથી ઓરડો અંધારાવા ો હોય.)

સામાન્યથી તો બધા જ ઓરડા આવા પ્રકારના હોય છે. (અને એટલે ક્યાંય ગોચરી ન જવાય.) એટલે કહે છે કે જ્યાં ચક્ષુનો વ્યાપાર ન હોય એવા ઓરડાને છોડી દેવો.

ચક્ષુ વ્યાપાર ન હોય ત્યાં જે દોષ છે, તે દોષ દર્શાવે છે કે ત્યાં જીવો દુઃખેથી દેખાય. અર્થાત્ ત્યાં ઈર્યાસમિતિની શુદ્ધિ ન રહે.

(લગભગ બધા ઓરડા નીચા બારણાવાળા, ઓછાવત્તા અંધકારવા ા હોય છે. પણ જો એમાં નીચે રહેલા કીડી વગેરે જીવો સ્પષ્ટ દેખી શકતા હોય, તો એમાં ગોચરી જવાય. પણ નીચે જીવો છે કે નહિ ? એ જોઈ જ ન શકાય એ રીતે અંધારું હોય તો પછી ત્યાં ગોચરી ન જવાય...)

किंच-

जत्थ पुप्फाइं बीआइं, विप्पइन्नाइं कुट्ठए । अहुणोवलित्तं उल्लं, दट्ठूणं परिवज्जए ॥२१॥

વળી,

ગા. ૨૧ જે ઓરડામાં પુષ્પો, બીજો વિખેરાયેલા પડ્યા હોય. જે ઓરડો હમણાં જ લેપેલો હોય, ભીનો હોય... તો એ જોઈને તે ઓરડો છોડી દેવો.

'जत्थ'त्ति सूत्रं, यत्र 'पुष्पाणि' जातिपुष्पादीनि 'बीजानि' शालिबीजादीनि 'विप्रकीर्णानि' अनेकथा विक्षिप्तानि, परिहर्तुमशक्यानीत्यर्थः, कोष्ठके कोष्ठकद्वारे वा, तथा 'अधुनोपलिप्तं' साम्प्रतोपलिप्तम् 'आर्द्रम्' अशुष्कं कोष्ठकमन्यद्वा दृष्ट्वा परिवर्ज्जयेद्दूरत एव, न तु तत्र धर्मलाभं कुर्यात्, संयमात्मविराधनापत्तेरिति सूत्रार्थः ॥२१॥

ટીકાર્થ : જે ઓરડામાં = રૂમમાં કે ઓરડાના બારણા પાસે જાઈવગેરે પુષ્પો કે શાલિડાંગરવગેરે બીજો છુટાછવાયા વેરાયેલા હોય અને એ અનેકપ્રકારે એવી રીતે વેરાયેલા હોય કે એને બિલકુલ સ્પર્શ ન થાય એ રીતે ત્યાં ડગલા મૂકી જવું શક્ય જ ન હોય તો આવા ઓરડામાં ગોચરી માટે ન જવું.

તથા જે ઓરડો નજીકના કાળમાં જ છાણ-લીંપણથી લીંપ્યો હોય અને એટલે જે ભીનો હોય તો એવો ઓરડો કે બીજું કોઈપણ સ્થાન જોઈને એ દૂરથી જ છોડી દેવું. ત્યાં ધર્મલાભ ન કરવો, એટલે કે ત્યાં ગોચરી લેવા ન જવું. કેમકે ત્યાં સંયમવિરાધનાની અને આત્મવિરાધનાની પ્રાપ્તિ થાય છે.

(પુષ્પો, બીજ કે ભીની માટી વગેરેમાં જીવવિરાધના તો સ્પષ્ટ જ છે. તથા આવી જગ્યાએ અદ્ધર અદ્ધર પગ મૂકવાનો પ્રયત્ન કરવામાં ક્યારેક પડી જવાય, બીજ વગેરે પગમાં વાગે તો પણ તેમાં પડી જવાય, લીંપણ ભીનું-ચીકણું હોવાથી સાધુ લપસી પડે... આ રીતે આત્મવિરાધનાનો સંભવ છે.)

किं च-

एलगं दारगं साणं, वच्छगं वावि कुट्ठए । उल्लंघिआ न पविसे, विउहित्ताण व संजए ॥२२॥

ગા.૨૨ ઘેંટો, બાળક, કુતરો કે વાછરડું ઓરડામાં હોય તો એને ઓળંગીને કે ઉઠાડીને સાધુ પ્રવેશ ન કરે.

'एलगं'ति सूत्रम्, 'एडकं' मेषं 'दारकं' बालं 'श्वानं' मण्डलं 'वत्सकं वापि' क्षुद्रवृषभलक्षणं कोष्ठके उल्लङ्घ्य पद्भ्यां न प्रविशेत्, 'व्यूह्य वा' प्रेर्य वेत्यर्थः, 'संयतः' साधुः आत्मसंयमविराधनादोषाल्लाघवाच्चेति सूत्रार्थः ॥२२॥

ટીકાર્થ : ઓરડામાં (કે ઓરડાના દરવાજા વગેરે પાસે) ઘેંટુ કે નાનો છોકરો કે કુતરું

કે વાછરડું (નાનો બળદ) રહેલો હોય, તો બે પગથી કુદકો મારી એને ઓળંગીને અંદર પ્રવેશ ન કરવો. અથવા તો પગ-દાંડાદિ દ્વારા એને પ્રેરીને = ત્યાંથી દૂર હટાવીને અંદર પ્રવેશ ન કરવો. કેમકે એમાં આત્મવિરાધના અને સંયમવિરાધના રૂપ દોષ લાગે તથા લાઘવ થાય.

(સાધુ કુતરા ઉપરથી કુદકો મારવા જાય એજ વખતે ગભરાયેલુ કુતરું ઊભું-ઊંચુ થાય તો સાધુ એની સાથે અથડાય, પડે એટલે આત્મવિરાધના. પડવાથી જીવો મરે. એ કુતરાને ગભરાટ થવાથી પણ સંયમદોષ લાગે. અથવા તો ગભરાયેલું કુતરું બચકું ભરે તો પણ આત્માની વિરાધના અને ગભરાટથી ભાગે એટલે બીજા જીવો મરે એમાં સંયમવિરાધના તથા સાધુ પડે તો પાત્રાદિ ભાંગે, બધું ઢોળાય... આજ વાત યથાયોગ્ય રીતે ઘેંટા, છોકરાદિમાં પણ વિચારી લેવી. તથા સાધુ આવી રીતે કુદકા મારે કે દાંડાદિથી પેલાને હટાડે તો લોકમાં ારું ન દેખાય. "આ સાધુઓ વિચિત્ર છે. આવી રીતે કુદકાઓ મારે છે. ભોજન મેળવવા કેવું કેવું કરે છે ?" વગેરે રીતે શાસનની હલકાઈ થાય... આમ અનેક રીતે આ દોષો વિચારી લેવા.)

इहैव विशेषमाह-

असंसत्तं पलोइज्जा, नाइदूरा वलोअए । उप्फुल्लं न विनिज्झाए, निअट्टिज्ज अयंपिरो ॥२३॥

ગોચરીસંબંધમાં જ વિશેષ બતાવે છે.

ગા.૨૩ અસંસક્ત રીતે જુએ, ઘણે દૂર સુધી ન જુએ. વિકસિતનેત્રોથી ન જુએ, બોલ્યા વિના પાછો ફરે.

'असंसत्तं' ति सूत्रम्, 'असंसक्तं प्रलोकयेत्' न योषिद्दृष्टेर्दृष्टिं मेलयेदित्यर्थः, रागोत्पत्तिलोकोपघातदोषप्रसङ्गात्, तथा 'नातिदूरं प्रलोकयेत्' दायकस्यागमनमात्रदेशं प्रलोकयेत्, परतश्चौरादिशङ्कादोषः, तथा 'उत्फुल्लं' विकसितलोचनं 'न विणिज्झाए' त्ति न निरीक्षेत गृहपरिच्छदमपि, अदृष्टकल्याण इति लाघवोत्पत्तेः, तथा निवर्तेत गृहादलब्धेऽपि सति अजल्पन्-दीनवचनमनुच्चारयन्निति ॥२३॥

ટીકાર્થ : ગોચરી ગયેલો સાધુ સંસકિત ન થાય એ રીતે જુએ. અર્થાત્ સ્ત્રીની આંખને પોતાની આંખ ન મેળવે. (આંખો મિલાવે નહિ..) કેમકે એમાં રાગની ઉત્પત્તિ

અને લોકોપઘાત થાય. (સ્ત્રીના મુખ સામે એકાગ્રતાથી જુએ, આંખોમાં આંખ મેળવે, એમાં રાગાદિ ઉત્પન્ન થાય અને આ રીતે સાધુ જુએ એટલે લોકો પણ નિંદા કરે કે સાધુ સ્ત્રી સામે ધારી ધારીને જોતો હતો...)

તથા ઘરમાં બહુ દૂર સુધી દષ્ટિપાત ન કરે, પણ ગોચરી આપનારના આગમનમાત્ર પ્રદેશને જુએ એના કરતાં આગળ દષ્ટિપાત કરે તો ચોર વગેરેની શંકા થવા રૂપ દોષ લાગે. (ગોચરી વહોરાવનાર ગોચરી લઈને જ્યાંથી આવતો હોય ત્યાંથી એના પગ નીચે સચિત્તપાણી, વનસ્પતિ વગેરેની વિરાધના થતી નથી ને ? એ થાય તો ગોચરી ન વહોરાય... એટલે સાધુ એ ગોચરી આપનારના આગમનના તમામ સ્થાનને જુએ, પણ એની પાછળ દૂર દૂર ઓરડા વગેરે સુધી દષ્ટિપાત ન કરે... એવું કરે તો ઘરવાળાઓને શંકા જાય કે સાધુ કેમ ઓરડામાં કે ખૂબ અંદર સુધી જુએ છે ? એ કંઈ ધનાદિ ચોરવાની ઈચ્છાવાળો તો નથી ને ?" એમ શંકા કરે.

તથા ક્યારેક એવી પણ શંકા થાય કે "આ સાધુ મારી દીકરી-બહેન-પુત્રવધુ વગેરેને જોવા માટે દૂર દૂર અંદર દષ્ટિ ફેલાવી રહ્યો છે." એટલે આ રીતે ન જોવું.)

તથા ઘરની સામગ્રીને પણ વિકસિત નેત્રોપૂર્વક ન જોવી. (ઘરમાં જાતજાતની સુંદર મજાની વસ્તુઓ પડેલી હોય, સાધુ આભો બની, આંખો ફાડી એ બધું જુએ નહિ.) કેમકે લોકો બોલે કે આ તો અદૃષ્ટકલ્યાણવાળો છે. આ પ્રમાણે શાસનની લઘુતાની ઉત્પત્તિ થાય. (જેણે જીવનમાં સુખ-સમૃદ્ધિ વગેરે જોઈ નથી એવા, ગરીબો દુઃખીઓ અદૃષ્ટકલ્યાણ કહેવાય. આવાઓને જ્યારે કોઈ સારી સારી વસ્તુ જોવા મળે, ત્યારે તેઓ પહેલાં આવું જોયું ન હોવાથી આંખો ફાડીને, આશ્ચર્ય સાથે એ બધી વસ્તુઓ નિહાળે... આવું લોકો જાણતાં જ હોય છે. એટલે સાધુ પણ જો વિકસિતનેત્રે ઘરની સુંદર-મજાની વસ્તુઓ જોયા કરે તો એ બધાં વિચારે કે "આ બિચારાએ સંસારના કોઈ સુખો અનુભવ્યા નથી લાગતા, ગરીબ હશે... એટલે જ આમ આશ્ચર્યથી બધું નિહાળે છે.." આ રીતે શાસનની અપભ્રાજના થાય...)

તથા ગોચરી ન મળે તો પણ કોઈપણ દીનવચન બોલ્યા વિના જ ઘરમાંથી નીકળી જાય. (પણ ખેદ વ્યક્ત ન કરે, દુઃખી ન થાય...)

तथा-

अइभूमिं न गच्छेज्जा, गोअरग्गगओ मुणी । कुलस्स भूमिं जाणित्ता,

मिअं भूमिं परक्कमे ॥२४॥

ગા.૨૪ ગોચરાગ્રગયેલો મુનિ અતિભૂમિમાં ન જાય. કુલની ભૂમિ જાણીને મિતભૂમિમાં જાય.

'अइभूमिं न गच्छिज्जा' इति सूत्रम्, अतिभूमिं न गच्छेद्-अननुज्ञातां गृहस्थैः, यत्रान्ये भिक्षाचरा न यान्तीत्यर्थः, गोचराग्रगतो मुनिः, अनेनान्यदा तद्गमनासंभवमाह, किं तर्हि ?, कुलस्य भूमिम्-उत्तमादिरूपामवस्थां ज्ञात्वा 'मितां भूमिं' तैरनुज्ञातां पराक्रमेत्, यत्रैषामप्रीतिर्नोपजायत इति सूत्रार्थः ॥२४॥

ટીકાર્થ : ગોચરીગયેલો સાધુ અતિભૂમિમાં ન જાય, એટલે કે ગૃહસ્થોવડે જે જગ્યાએ જવાની રજા અપાયેલી નથી, એ જગ્યાએ ન જાય. અર્તાત્ જયાં બીજા ભિક્ષાચરો ન જતાં હોય ત્યાં સાધુ પણ ન જાય. (આશય એ છે કે ગૃહસ્થો યાચકોને ઘરના બારણા પાસે કે ઘરની બહારની રૂમમાં જ ભિક્ષા આપતા હોય, પણ છેક અંદર રસોડા સુધી યાચકાદિ જતાં ન હોય, તો સાધુએ પણ અંદર ઘૂસી ન જવું. પરંતુ ઘરના બારણે કે ઘરની અંદરની રૂમમાં ઊભા રહેવું. ટુંકમાં ઘરના જેટલા ભાગ સુધી બીજા ભિક્ષાચરો જતાં હોય એટલા ભાગ સુધી જવું. અલબત્ત એ વખતે અજૈનોમાં પણ ગોચરી જવાનું હોવાથી આ મર્યાદા હતી. આજે જૈનોમાં યથાસંભવ વિચારવું.)

પ્રશ્ન : અહીં ગોચરીની જ વાત ચાલે છે, તો **गोचराग्रगतः** એ વિશેષ આપવાની શી જરૂર છે ? કોઈ એવો અર્થ પણ કરી બેસે કે "ગોચરી ગયેલો સાધુ જ અતિભૂમિ ન જાય, એ સિવાય ઘરોમાં ગયેલો સાધુ તો અતિભૂમિમાં પણ જાય..." આમ ઊંધો અર્થ થઈ જવાની સંભાવના રહે, એટલે એ વિશેષણ લખવું ન જોઈએ.

ઉત્તર **गोचराग्रगतः** વિશેષણ દ્વારા અન્યકાળમાં ગૃહસ્થના ઘરમાં અતિભૂમિમાં જવાના અસંભવને દર્શાવ્યો છે. (આશય એ છે કે સાધુ ગૃહસ્થના ઘરે જાય ત્યારે જ એને અતિભૂમિગમનનો સંભવ છે. ગૃહસ્થના ઘરે જાય જ નહિ ત્યારે તો અતિભૂમિગમનનો સંભવ જ ન હોવાથી એનો નિષેધ કરવાની પણ જરૂર નથી. હવે સાધુ ગોચરી માટે જ ગૃહસ્થોના ઘરે જાય, એ સિવાય ન જાય, અને એટલે ગોચરી સિવાયના કાળમાં અતિભૂમિગમન જ અસંભવિત હોવાથી એનો નિષેધ કરવાની જરૂર નહિ... આ વાત દર્શાવવા માટે **गोचराग्रगतः** એ વિશેષણ મૂકેલું છે. જેનો ભાવાર્થ એ કે ગોચરી ગયેલો સાધુ અતિભૂમિગમન ન કરે, ગોચરી વિના તો ગૃહસ્થ ઘરે સાધુ જતો જ નથી. એટલે

ઉપદેશ આપવાની જરૂર નહિ...)

પ્રશ્ન : તો પછી શું કરવું ? ક્યાં સુધી જવું ?

ઉત્તર : કુલની ઉત્તમ વગેરે રૂપ અવસ્થાને જાણીને તેમનાવડે રજા અપાયેલ ભૂમિ સુધી જવું. (કેવું ઘર છે, એ ઘરમાં ક્યાં સુધી પ્રવેશ કરવો ઉચિત છે, ઉત્તમકુળોમાં, મધ્યમકુળોમાં... એ બધામાં આ ભૂમિમાં ફરક પડે... એ બધું જાણ્યા બાદ અનુજ્ઞાતભૂમિ સુધી જવું.) ટુંકમાં જ્યાં એ ઘરવાળાઓને અપ્રીતિ ન થાય, ત્યાંસુધી જવું.

विधिशेषमाह-

तत्थेव पडिलेहिज्जा, भूमिभागं विअक्खणो । सिणाणस्स य वच्चस्स, संलोगं परिवज्जए ॥२५॥

બાકી રહેલી વિધિને બતાવે છે.

ગા.૨૫ વિચક્ષણ સાધુ ત્યાં જ ભૂમિભાગનું પ્રતિલેખન કરે. સ્નાન અને સ્થંડિલના સંલોકને વર્જે.

'तत्थेव'त्ति सूत्रं, 'तत्रैव' तस्यामेव मितायां भूमौ प्रत्युपेक्षेत सूत्रोक्तेन विधिना 'भूमिभागम्' उचितं भूमिदेशं 'विचक्षणो' विद्वान्, अनेन केवलागीतार्थस्य भिक्षाटनप्रतिषेधमाह, तत्र च तिष्ठन् स्नानस्य तथा 'वर्चसो' विष्ठायाः संलोकं परिवर्जयेत्, एतदुक्तं भवति-स्नानभूमिकायिकादिभूमिसंदर्शनं परिहरेत्, प्रवचनलाघवप्रसङ्गात्, अप्रावृतस्त्रीदर्शनाच्च रागादिभावादिति सूत्रार्थः ॥२५॥

ટીકાર્થ : વિદ્વાન સાધુ તે જ મિતભૂમિમાં (પહોંચીને) શાસ્ત્રમાં કહેલી વિધિ વડે ભૂમિભાગને ઉચિત ભૂમિદેશને બરાબર જુએ. (જ્યાં એણે ઉભા રહેવું યોગ્ય ગણાય તેવા સ્થાનને ચકાસી લે, પછી ત્યાં ઉભો રહે.)

પ્રશ્ન ગાથામાં **गोचराग्रगतः** શબ્દ કેમ લખ્યો છે ?

ઉત્તર વિચક્ષણ એટલે વિદ્વાન, ગીતાર્થ ! આ શબ્દ દ્વારા એકલા અગીતાર્થને ભિક્ષાટનનો પ્રતિષેધ જણાવ્યો છે. (અર્થાત્ ગીતાર્થ ગોચરી જઈ શકે, અગીતાર્થ નહિ...)

તે સ્થાનમાં ઊભો રહેલો સાધુ સ્નાન અને વિષ્ઠાના સંલોકને વર્જે.

કહેવાનો આશય એ છે કે સાધુ એવા સ્થાને ન ઊભો રહે કે જ્યાંથી ગૃહસ્થોની

સ્નાન કરવાની જગ્યા, માત્રુ-વિષ્ઠાદિ કરવાની જગ્યા દેખાય... પણ આવા સ્થાનો ન દેખાય એ રીતે જ સાધુ ઊભો રહે. જો એમ ન કરે તો શાસનની લઘુતા થાય. (એ સ્થાનમાં સ્ત્રીઓ કે પુરુષો સ્નાનાદિ કરતા હોય અને સાધુ ત્યાં જુએ, દેખાય એ રીતે ઊભો રહે એટલે લોકો તો કહેવાના જ કે "આ સાધુઓ આવું બધુ જુએ છે..." આમ પ્રવચનલાઘવ થાય...) તતા વસ્ત્રરહિત સ્ત્રીનું દર્શન થવાથી રાગ વગેરે પણ થાય, માટે આવા સ્થાને ઊભા ન રહેવું.

किंच-

दगमट्टिअआयाणे, बीआणि हरिआणि अ । परिवज्जंतो चिट्ठिज्जा, सव्विंदिअसमाहिए ॥२६॥

ગા.૨૬ પાણી-માટી લાવવાનો માર્ગ, બીજ, હરિતને ત્યજતો સર્વેન્દ્રિયસમાહિત સાધુ રહે.

'दग'त्ति सूत्रम्, 'उदकमृत्तिकादानम्' आदीयतेऽनेनेत्यादानो-मार्गः, उदकमृत्तिकानयनमार्गमित्यर्थः, 'बीजानि' शाल्यादीनि 'हरितानि च' दूर्वादीनि, चशब्दादन्यानि च सचेतनानि परिवर्जयंस्तिष्ठेदनन्तरोदिते देशे 'सर्वेन्द्रियसमाहितः' शब्दादिभिरनाक्षिप्तचित्त इति सूत्रार्थः ॥२६॥

ટીકાર્થ : જે માર્ગથી પાણી-માટી વગેરે લવાય તે **આદાન** કહેવાય. અર્થાત્ **આદાન** એટલે માર્ગ. પાણી અને માટી લાવવાનો માર્ગ, શાલી વગેરે બીજો, દૂર્વા વગેરે વનસ્પતિઓ, **च** શબ્દથી બીજા પણ સચિત પદાર્થોને વર્જતો સાધુ હમણાં જ કહેલા સ્થાનમાં શબ્દાદિથી આક્ષિપ્ત નહિ થયેલા = આકર્ષિત નહિ થયેલા ચિત્તવા ો રહે. (ઘરવાળાઓ જે માર્ગથી માટી-પાણી લાવતા હોય, ત્યાં જ ઊભો રહે તો એમને માટી-પાણી લાવવામાં મુશ્કેલી પડે. એમાં કંઈક ઢોળાય તો સાધુ નિમિત્તે વિરાધના થયેલી ગણાય... એટલે કોઈપણ પ્રકારે હિંસા ન થાય એવા સ્થાનમાં સાધુ ઊભો રહે. તથા શબ્દ સાંભળવામાં કે રૂપ જોવામાં મન ખેંચાઈ ન જાય એ રીતે વૈરાગી બનીને ઊભો રહે.)

तत्थ से चिट्ठमाणस्स, आहरे पाणभोअणं । अकप्पिअं न गेण्हिज्जा, पडिगाहिज्ज कप्पिअं ॥२७॥

ગા.૨૭ ત્યાં ઊભારહેલા સાધુને (માટે) (સ્ત્રી) પાન-ભોજન લાવે, અકલ્પ્ય ન લેવું, કલ્પ્ય લેવું.

'तत्थ'त्ति सूत्रं, 'तत्र' कुलोचितभूमौ 'से' तस्य साधोस्तिष्ठतः सतः 'आहरेद्' नयेत्पानभोजनं, गृहीति गम्यते, तत्रायं विधिः-'अकल्पिकम्' अनेषणीयं न गृह्णीयात्, प्रतिगृह्णीयात् 'कल्पिकम्' एषणीयम्, एतच्चार्थापन्नमपि कल्पिकग्रहणं द्रव्यतः शोभनमशोभनमप्येतदविशेषेण ग्राह्यमिति दर्शनार्थं साक्षादुक्तमिति सूत्रार्थः ॥२७॥

ટીકાર્થ : કુલને ઉચિત ભૂમિમાં સાધુ ઊભો રહે એટલે તેને માટે ગૃહસ્થ ભોજન-પાણી લાવે. ગાથામાં ગૃહી શબ્દ લખેલો નથી, પણ એ સમજી લેવાનો છે.

તેમાં આ વિધિ છે કે અનેષણીય = દોષિત ગ્રહણ ન કરવું પણ નિર્દોષ ગ્રહણ કરવું.

પ્રશ્ન : સાધુ ભોજન-પાણી લેવા જ ગયો છે, એમાં 'અકલ્પિક ન લેવું' એમ કહ્યું એટલે અર્થાપત્તિથી સમજી જ લેવાય કે 'કલ્પિક ગ્રહણ કરવું.' એ લખવાની જરૂર નથી.

ઉત્તર : કલ્પિકનું ગ્રહણ કરવું એ વાત અર્થાપત્તિથી આવી જ જાય છે. એટલે એ કહેવાની જરૂર ન હોવા છતાં અહીં સાક્ષાત્ કહ્યું છે, તે એવું દેખાડવા માટે કે એ કલ્પ્ય ભોજન-પાન દ્રવ્યથી સુંદર હોય કે અસુંદર હોય એ બધું જ એક સરખી રીતે લેવું. (પણ સારું લેવું, અણગમતું ન લેવું... એવું ન કરવું...)

आहरंती सिआ तत्थ, परिसाडिज्ज भोअणं । दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥२८॥

ગા.૨૮ ભોજનને લાવતી ગૃહીણી ક્યારેક ભોજનને ઢોળે... તો આપતા એવા તેને નિષેધ કરવો કે મને આવું કલ્પે નહિ.

'आहरंति' त्ति सूत्रम्, 'आहरन्ती' आनयन्ती भिक्षामगारीति गम्यते 'स्यात्' कदाचित् 'तत्र' देशे 'परिशाटयेद्' इतश्चेतश्च विक्षिपेद् भोजनं वा पानं वा, ततः किमित्याह-ददतीं 'प्रत्याचक्षीत' प्रतिषेधयेत्तामगारीं, स्त्र्येव प्रायो भिक्षां ददातीति स्त्रीग्रहणं, कथं प्रत्याचक्षीतेत्यत आह-न मम कल्पते तादृशं-परिशाटनावत्, समयोक्तदोषप्रसङ्गात्, दोषांश्च भावं ज्ञात्वा कथयेद् मधुबिन्दूदाहरणादिनेति सूत्रार्थः ॥२८॥

ટીકાર્થ : સાધુને વહોરાવવા માટે ભિક્ષા લઈને આવતી સ્ત્રી કયારેક તે સ્થાનમાં ભોજન કે પાણીને આજુબાજુ ઢોળી દે. (કાળજી ન રહેવાથી ઢોળાઈ જાય..) તો શું કરવું ? એ કહે છે કે ગોચરી આપતી તે સ્ત્રીને નિષેધ કરવો. ગાથામાં **अगारी** શબ્દ લખ્યો નથી, એ સમજી લેવો. અહીં સ્ત્રી જ પ્રાયઃ ભિક્ષા આપનાર હોય એટલે **ददतीं** એમ સ્ત્રીલિંગ પ્રયોગ કર્યો છે.

પ્રશ્ન સ્ત્રીને નિષેધ કેવી રીતે કરવો ?

ઉત્તર : એને કહેવું કે આવી ઢોળી ઢોળીને લવાયેલી વસ્તુ મને ન કલ્પે, કેમકે એમાં શાસ્ત્રે કહેલા દોષો લાગે.

પ્રશ્ન એમાં કયા દોષો લાગે ? એવી એ સ્ત્રીને શંકા જિજ્ઞાસા થાય તો ?

ઉત્તર : સ્ત્રીનો યોગ્ય ભાવ જાણીને સાધુ મધુબિંદુના ઉદાહરણ વગેરે દ્વારા દોષોને કહે, જણાવે. (સાધુને ખીર વહોરાવવા જતા મંત્રીપત્નીથી એક ટીપું નીચે ઢોળાયું, એના ઉપર માખી, એને પકડવા ગિરોળી, એને પકડવા કુતરો, બે કુતરા વચ્ચે ઝઘડો, એનાથી બે પક્ષના માણસો વચ્ચે ઝઘડો, યુદ્ધ... એ આખું દૃષ્ટાન્ત પિંડનિર્યુક્તિમાંથી જાણવું.)

किंच-

संमद्दमाणी पाणाणि, बीआणि हरिआणि अ । असंजमकरिं नच्चा, तारिसिं परिवज्जए ॥२९॥

વળી

ગા.૨૯ પ્રાણીઓ, બીજો અને હરિતને સંમર્દતી સ્ત્રીને અસંયમ કરનારી જાણીને તેવા પ્રકારની સ્ત્રીને વર્જવી.

'संमद्द'त्ति सूत्रं, 'संमर्दयन्ती' पद्भ्यां समाक्रामन्ती, कानित्याह-'प्राणिनो' द्वीन्द्रियादीन् 'बीजानि' शालिबीजादीनि 'हरितानि' दूर्वादीनि 'असंयमकरीं' साधुनिमित्तमसंयमकरणशीलां ज्ञात्वा तादृशीं परिवर्जयेत्, ददतीं प्रत्याचक्षीत इति सूत्रार्थः ॥२९॥

ટીકાર્થ : એ સ્ત્રી આવતી હોય ત્યારે બે પગવડે બેઈન્દ્રિયાદિ જીવોને મર્દનકરતી કે શાલિબીજ વગેરેને કે ઘાસદિ વનસ્પતિને મર્દનકરતી આવતી હોય, તો સાધુનિમિત્તે અસંયમકરવાનાં સ્વભાવવાળી એને જાણીને તેવાપ્રકારની સ્ત્રીને વર્જવી. અર્થાત્

ભિક્ષાવહોરાવતી તેને નિષેધ કરવો કે મને આવું ન કલ્પે. (અહીં ખ્યાલ રાખવો કે એ સ્ત્રી જાણી જોઈને જીવો ઉપર પગ મૂકે છે અને મારે છે એવું નથી. પણ એ સંસારી છે, જીવોને બચાવવા માટેની યતના એમની પાસે ન હોય. એટલે એ તો ભિક્ષા લઈ નીચે ઉપયોગ રાખ્યા વિના જ આવે, એમાં જો એના પગ કીડી વગેરે ઉપર પડે તો એ સાધુનિમિત્તે ભોજન લઈ આવતી હોવાથી આ વિરાધના સાધુનિમિત્તે થયેલી કહેવાય, માટે એ વસ્તુ ન ચાલે.)

तथा

साहट्टु निक्खिवित्ता णं, सचित्तं घट्टियाणि य । तहेव समणट्ठाए, उदगं संपणुल्लिया ॥३०॥ ओगाहइत्ता चलइत्ता, आहरे पाणभोअणं । दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥३१॥

ગા.૩૦-૩૧ ગાથાર્થ ટીકાર્થથી સ્પષ્ટ થશે.

'साहट्टु'त्ति सूत्रं, संहृत्यान्यस्मिन् भाजने ददाति, 'तं फासुगमवि वज्जए, तत्थ फासुए फासुयं साहरइ फासुए अफासुअं साहरइ अफासुए फासुयं साहरइ अफासुए अफासुअं साहरइ, तत्थ जं फासुअं फासुए साहरइ तत्थवि थेवे थेवं साहरइ थेवे बहुअं साहरइ बहुए थेवं साहरइ बहुए बहुअं साहरइ ।' एवमादि यथा पिण्डनिर्युक्तौ । तथा निक्षिप्य भाजनगतमदेयं षट्सु जीवनिकायेषु ददाति, 'सचितम्' अलातपुष्पादि 'घट्टयित्वा' संचाल्य च ददाति तथैव 'श्रमणार्थं' प्रव्रजितनिमित्तमुदकं 'संप्रणुद्य' भाजनस्थं प्रेर्य ददातीति सूत्रार्थः ॥३०॥ 'ओगाहइत्ता' सूत्रं, तथा च 'अवगाह्य' उदकमेवात्माभिमुखमाकृष्य ददाति तथा चालयित्वा उदकमेव ददाति, उदके नियमादनन्तवनस्पतिरिति प्राधान्यख्यापनार्थं सचित्तं घट्टयित्वेत्युक्तेऽपि भेदेनोपादानम्, अस्ति चायं न्यायो-यदुत सामान्यग्रहणेऽपि प्राधान्यख्यापनार्थं भेदेनोपादानं, यथा-ब्राह्मणा आयाता वशिष्ठोऽप्यायात इति, ततश्चोदकं चालयित्वा 'आहरेत्' आनीय दद्यादित्यर्थः, किं तदित्याह-'पानभोजनम्' ओदनारनालादि तदित्थंभूतां ददतीं 'प्रत्याचक्षीत' निराकुर्यात् न मम कल्पते तादृशमिति पूर्ववदेवेति सूत्रद्वयार्थः ॥३१॥

ટીકાર્થ : (૧) એ દાત્રી-સ્ત્રી બીજા ભાજન-વાસણમાં સંહરણ કરીને આપે તો એ વસ્તુ અચિત્ત હોય તો પણ વર્જવી તેમાં પ્રાસુક પર પ્રાસુકનું સંહરણ કરે, પ્રાસુક પર

અપ્રાસુકને સંહરે, અપ્રાસુક પર પ્રાસુકને સંહરે, અપ્રાસુક પર અપ્રાસુકને સંહરે... (આમાંથી અપ્રાસુક શબ્દવાળા ત્રણ ભાંગા તો વર્જનીય જ છે.) જે પ્રાસુક પર પ્રાસુકના સંહરણનો ભાંગો છે,તેમાં પણ ેડા ઉપર થોડાને સંહરે, થોડા પર ઘણાંને સંહરે, ઘણાં પર થોડાને સંહરે, ઘણાં પર ઘણાંને સંહરે... આ બધું જે રીતે પિંડનિર્યુક્તિમાં ણાવ્યું છે, તે પ્રમાણે સમજી લેવું.

(૨) તથા ભાજનમાં રહેલી અદેયવસ્તુને = નહિ વહોરાવવા યોગ્ય વસ્તુને ષટ્જીવનિકાય ઉપર મૂકીને (ભાજનમાં રહેલી બીજી દેયવસ્તુને) વહોરાવે...

(૩) ઉંબાડીયું, પુષ્પ વગેરેનો સંઘટ્ટોકરીને = હલાવીને વહોરાવે...

(૪) સાધુને માટે ભાજનમાં રહેલા પાણીને પ્રેરીને = હલાવીને વહોરાવે...

(૫) પાણીને પોતાના તરફ ખેંચીને વહોરાવે,

(૬) પાણીને ચલાવીને = હલાવીને વહોરાવે...

પ્રશ્ન : **सचित्तं घट्टियाणि** એ શબ્દદ્વારા તમામ સચિત્તનું ઘટ્ટન આવી જ જાય છે, એટલે પુનઃ પાણીનું ચાલન જુદું બતાવવાની જરૂર નથી.

ઉત્તર **सचित्तं घट्टयित्वा** એમ કહેલું છે, તો પણ "પાણીમાં અવશ્ય અનન્તવનસ્પતિ હોય છે." એ પ્રમાણે પાણીની પ્રધાનતા દર્શાવવા માટે એનું જુદું ગ્રહણ કરેલું છે.

(પ્રશ્ન પણ આમાં તો એકજ વાત બીજીવાર કહેવા રૂપ દોષ ન લાગે ?)

ઉત્તર આ ન્યાય છે કે સામાન્યનું ગ્રહણ કરેલું હોય તો પણ પ્રધાનતા દર્શાવવા માટે ભેદથી = વિશેષથી ગ્રહણ થાય. દા.ત. બ્રાહ્મણો આવી ગયા છે, વશિષ્ઠ પણ આવી ગયા છે.. અહીં વશિષ્ઠ બ્રાહ્મણ જ છે, એટલે પહેલાં વાક્યમાં એનું સામાન્યથી ગ્રહણ થઈ જ ગયું છે. છતાં એની પ્રધાનતા દર્શાવવા એનું સ્વતંત્ર ગ્રહણ કરેલું છે.

એટલે આ પ્રમાણે અર્થ કરવો કે પાણીને ચાલિત કરીને, (ભોજન-પાન) લાવીને આપે.

પ્રશ્ન : 'લાવીને આપે.' એમ કહ્યું. પણ શું લાવીને આપે ?

ઉત્તર : પાન ભોજન લાવીને આપે. એટલે કે ભાત = કાંજી વગેરે લાવીને આપે.

તો આવા પ્રકારની વહોરાવનારી સ્ત્રીને નિષેધ કરવો કે "મને તેવા પ્રકારનું ન કલ્પે." એ બધું પૂર્વની જેમ જ સમજવું.

(આમાં પદાર્થની સ્પષ્ટતા માટે ઉપર ભાષાંતરમાં ૧ થી ૬ નંબર આપેલા છે...

એ દરેકનો ભાવાર્થ આ પ્રમાણે સમજવો...

પ્રથમ તો એ વાત ખ્યાલમાં રાખવી કે સાધુને અપાતી વસ્તુ તો પ્રાસુક જ છે, પણ એ આપવા જતાં બીજા બધા દોષો લાગી જવાથી એ વસ્તુ સાધુને કલ્પતી નથી. (૧) **साहट्टु** એ શબ્દ દ્વારા સંહૃતદોષ બતાવેલો છે. સાધુને આપવા યોગ્ય વસ્તુની ઉપર પડેલી વસ્તુ ત્યાંથી ઉપાડી બીજા ભાજન વગેરેમાં મૂકવી એ સંહૃતદોષ છે. દા.ત. દાળની તપેલીની ઉપર લીંબુ છે, એ લીંબુ ઉપાડી બીજી તપેલી પર મૂકે છે. તો અહીં સચિત્ત વસ્તુ અચિત્ત પર મૂકેલી બંને. એમ દાળની તપેલી પરનું ઢાંકણ ઉપાડી કાચાપાણી પર મૂકે તો એ અચિત્તવસ્તુ સચિત્ત પર મૂકેલી ગણાય. દાળની તપેલી પરનું ઢાંકણ ખુલ્લી જમીન પર મૂકે તો એ અચિત્તવસ્તુ અચિત્ત ઉપર મૂકેલી ગણાય. એમાં સ્તોક-બહુ વગેરેથી ચતુર્ભંગી જાતે સમજી લેવી.

અથવા સાધુને જે વાટકીવિગેરેથી વહોરાવવાનું છે તેમાં પડેલ અદેયવસ્તુ અન્યત્ર મૂકી તે વાટકી વિગેરેથી વહોરાવવું તે સંહૃતદોષ છે.

(૨) વહોરાવવાયોગ્ય વસ્તુ બીજી અદેય સચિત્તાદિવસ્તુ પર પડી છે, તે વહોરાવવાની વસ્તુ લઈને વહોરાવે તો એ નિક્ષિપ્તદોષ છે. એમાં પણ સંહૃતવત્ યથાયોગ્ય વિચારી લેવું.

(૩) ઉંબાડીયું એટલે સળગતી દોરી જેવું એક સાધન સમજવું. સાધુને વહોરાવવાની ક્રિયા કરવા જતાં એ દોરીને હાથ લગાવવાથી એ હલે, પુષ્પાદિને સ્પર્શી જાય...

(૪) તપેલી, ડોલમાં કાચુંપાણી હોય, દાત્રી એને હલાવી દે...

(૫) તપેલી, ડોલને કોઈક કારણસર પોતાના તરફ ખેંચીને વહોરાવે...

(૬) ઢોળાયેલા પાણીવગેરે ઉપર દાત્રીનો પગ પડે...

ઉપરની છ બાબતોમાં જે ભેદ છે, એ બરાબર ધ્યાનમાં રાખવો...)

पुरेकम्मेण हत्थेण, दव्वीए भायणेण वा । दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥३२॥

ગા.૩૨ પુરઃકર્મવાળા હાથથી, દર્વી = ડોયાથી કે ભાજનથી વહોરાવતી સ્ત્રીને નિષેધ કરવો કે મને તેવા પ્રકારનું ન કલ્પે.

'पुरेकम्मे'त्ति सूत्रं, पुरःकर्मणा हस्तेन-साधुनिमित्तं प्राक्कृतजलोज्झनव्यापारेण, तथा 'दर्व्या' डोवसदृशया 'भाजनेन वा' कांस्यभाजनादिना ददतीं 'प्रत्याचक्षीत'

प्रतिषेधयेत्, न मम कल्पते तादृशमिति पूर्ववदेवेति सूत्रार्थः ॥३२॥

ટીકાર્થ પુરઃકર્મવાળા હાથથી એટલે કે સાધુને માટે પૂર્વે કરાયેલા પાણીથી ધોવા રૂપ વ્યાપારથી કે ડોયાના જેવા નાના (ચમચો-ચમચી વગેરે) કાંસાના ભાજન વગેરેથી વહોરાવતી સ્ત્રીને નિષેધ કરવો કે મને તેવા પ્રકારનું ન કલ્પે... એ બધું પૂર્વની જેમ જ સમજવું.

(અહીં ભાવાર્થ આ પ્રમાણે-સાધુને વહોરાવવા માટે હાથ કાચા પાણીથી ધુએ કે ચમચો કાચા પાણીથી ધુએ તો સાધુનિમિત્તે આ વિરાધના થયેલી હોવાથી એ હાથ વગેરેની વહોરાવાતી વસ્તુ ન કલ્પે. ભલે ને અત્યારે એ હાથ વગેરે ચોક્ખા હોય..)

एवं उदउल्ले ससिणिद्धे, ससरक्खे मट्टिआउसे ।
हरिआले हिंगुलए, मणोसिला अंजणे लोणे ॥३३॥
गेरुअवन्निअसेढिअसोरट्ठिअपिट्ठकुक्कुसकए य ।
उक्किट्ठमसंसट्ठे, संसट्ठे चेव बोद्धव्वे ॥३४॥

ગા.૩૩-૩૪ ગાથાર્થ ટીકાર્થથી સ્પષ્ટ થશે.

'एवं'ति सूत्रम्, 'एवम्' उदकार्द्रेण 'हस्तेन' करेण, उदकार्द्रो नाम गलदुदकबिन्दुयुक्तः, एवं सस्निग्धेन हस्तेन, सस्निग्धो नाम ईषदुदकयुक्तः, एवं 'सरजस्केन हस्तेन' सरजस्को नाम-पृथिवीरजोगुण्डितः, एवं 'मृद्गतेन हस्तेन' मृद्गतो नाम-कर्दमयुक्तः, एवमूषादिष्वपि योजनीयम्, एतावन्ति एव एतानि सूत्राणि, नवरमूषः-पांशुक्षारः, हरितालहिङ्गुलकमनःशिलाः- पार्थिवा वर्णकभेदाः, अञ्जनं-रसाञ्जनादि लवणं-सामुद्रादि ॥३३॥ तथा 'गेरुअ'त्ति सूत्रं, गैरिका-धातुः, वर्णिका-पीतमृत्तिका, श्वेतिका-शुक्लमृत्तिका, सौराष्ट्रिका-तुवरिका, पिष्टम्-आमतण्डुलक्षोदः, कुक्कुसाः प्रतीताः, 'कृतेनेति' एभिः कृतेन, हस्तेनेति गम्यते, तथोत्कृष्ट इति उत्कृष्टशब्देन कालिङ्गालाबुत्रपुषफलादीनां शस्त्रकृतानि श्लक्ष्णखण्डानि भण्यन्ते, चिञ्चिणिकादिपत्रसमुदायो वा उदूखलकण्डित इति, तथा असंसृष्टो-व्यञ्जनादिना अलिप्तः, संसृष्टश्चैव व्यञ्जनादिलिप्तो बोद्धव्यो हस्त इति, विधिं पुनरत्रोदूर्ध्वं वक्ष्यति स्वयमेवेति सूत्रार्थः ॥३४॥

ટીકાર્થ : એ પ્રમાણે પાણીથી ભીનાં હાથથી, સસ્નિગ્ધ હાથથી કે, સરજસ્કહાથથી, માટીવાળા હાથથી, ઉષવાળા હાથથી વહોરાવે તો એનો નિષેધ કરવો. એમાં ટપકતાં પાણીનાં ટીપાંઓથી યુક્ત હોય ઉદકાર્દ્ર.

કંઈકપાણીવાળો હાથ સસ્નિગ્ધ.

સચિત્તમાટીની રજથી વ્યાપેલો હાથ સરજસ્ક.

કાદવવાળો હાથ મૃદ્‌ગત. એ રીતે ઉષ વગેરેમાં પણ જોડવું. આ સૂત્રો આટલા જ છે. માત્ર ઊષ એટલે ધૂળ સ્વરૂપ જે ખાર, તે વા ો હાથ...

હરિતાલ, હિંગળો, મનઃશિલા એ પૃત્વીઓ છે. જુદા જુદા વર્ણોને અનુસારે આ ભેદો `

અંજન એટલે રસાંજન વગેરે.

લવણ એટલે સમુદ્રસંબંધી મીઠું વગેરે.

ગૈરિકા એટલે એક પ્રકારની ધાતુ

વર્ણિકા એટલે પીળી માટી.

શ્વેતિકા એટલે સફેદ માટી

સૌરાષ્ટ્રિકા એટલે તુવરિકા

પિષ્ટ એટલે ચોખાનો કાચો ભુક્કો-લોટ.

કુક્કુસ એ પ્રતીત છે. (દાણાદાર લોટ - જેમાં બીજ જેવા ભાગો રહી જવાથી મિશ્રતા સંભવે.)

कृतेन એટલે ઉપર દર્શાવેલી વસ્તુવાળા હાથથી (વહોરાવે તો ન કલ્પે.... એમ સમજવું)

ઉત્કૃષ્ટ શબ્દથી કાલિંગડા, તુંબડા, કાકડી, ફલ વગેરેને શસ્ત્રથી કરાયેલા નાના નાના ટુકડા કહેવાય છે. અથવા તો ખાંડણીમાં ખંડાયેલો આમલી વગેરેના પાંદડાઓનો સમૂહ.

અસંસૃષ્ટ એટલે વ્યંજન-શાકાદિથી નહિ લેપાયેલ

સંસૃષ્ટ એટલે વ્યંજન વગેરેથી લેપાયેલો હાથ.

(**પ્રશ્ન** : આમાં ઉત્કૃષ્ટ શબ્દ સુધી તો બધી સચિત્તવસ્તુઓની વાત છે, એટલે એમાં તો એમ સમજી લેવાય કે એ સચિત્તવસ્તુવાળા હાથથી વહોરાવે તો એ આપણને ન ચાલે. પણ અસંસૃષ્ટ અને સંસૃષ્ટમાં શું કરવાનું ? એમાં કોઈ સચિત્તાદિની વાત લખી નથી...)

ઉત્તર એમાં જે વિધિ છે. એ તો ગ્રન્થકાર જાતે જ આગળ કહેશે.

(ઉપર બે ગા ામાં જાત જાતની પૃથ્વી અને વનસ્પતિઓ દર્શાવી છે, તે વખતે જે પ્રસિદ્ધ હતું. તે એમાં જણાવી દીધું. અત્યારે એવી બીજી પણ સચિત્તવસ્તુ બાબતમાં આ વાત સમજી લેવાની કે એ સચિત્તથી વ્યાપ્ત હાથથી કે ચમચાદિથી કે તપેલી વગેરેથી કંઈપણ વહોરાવાય તો એ ન કલ્પે...)

आह च-

असंसट्ठेण हत्थेण, दव्वीए भायणेण वा । दिज्जमाणं न इच्छिज्जा, पच्छाकम्मं जहिं भवे ॥३५॥

ગા.૩૫ અસંસૃષ્ટ હાથથી, દર્વીથી કે ભાજનથી અપાતી વસ્તુ ન ઈચ્છવી, કે જ્યાં પશ્ચાત્કર્મ થાય.

'असंसट्ठेण' त्ति सूत्रम्, असंसृष्टेन हस्तेन-अन्नादिभिरलिप्तेन दर्व्या भाजनेन वा दीयमानं नेच्छेत्, किं सामान्येन ?, नेत्याह-पश्चात्कर्म भवति 'यत्र' दध्यादौ, शुष्कमण्डकादिवत् तदन्यदोषरहितं गृह्णीयादिति सूत्रार्थः ॥३५॥

ટીકાર્થ : અસંસૃષ્ટ એટલે અન્ન-ભોજનાદિથી નહિ લેપાયેલા એવા હાથથી કે દર્વીથી કે ભાજનથી આપતી વસ્તુ ન ઈચ્છવી.

પ્રશ્ન શું સામાન્યથી ? અર્થાત્ દરેકે દરેક અસંસૃષ્ટમાં આ વાત સમજવી ?

ઉત્તર : ના. જે દહીં વગેરેમાં પશ્ચાત્કર્મ થાય ત્યાં એ વસ્તુ ન ઈચ્છવી. બાકી સુકી-લુખી રોટલી વગેરેની જેમ પશ્ચાત્કર્મ અને તે સિવાયના દોષો વિનાની વસ્તુ ગ્રહણ કરવી. (**स च अन्ये च इति तदन्ये....** तद् = પશ્ચાત્કર્મ અને અન્યદોષો = આધાકર્માદિ... અત્યારે પશ્ચાત્કર્મની વાત ચાલે છે, એટલે તદ્‌થી તે સમજવો. પણ એ સિવાયના દોષો પણ ન હોય તો જ એ વસ્તુ વહોરાય એટલે અન્યદોષ શબ્દ પણ દર્શાવ્યો છે.)

(હાથ ખરડાયેલા ન હોય અને એનાથી દહીં કે મીઠાઈ વગેરે) લેપકૃતપદાર્થો સીધાં હાથથી વહોરાવે, તો એના હાથ ખરડાય, વહોરાવ્યા બાદ એ ધુએ... આમ પશ્ચાત્કર્મ થાય. એ ન થાય તે માટે ત્યાં વહોરવાનો નિષેધ છે. એમ દર્વી અને ભાજનમાં પણ સમજવું...)

संसट्ठेण य हत्थेण, दव्वीए भायणेण वा । दिज्जमाणं पडिच्छिज्जा, जं

तत्थेसणियं भवे ॥३६॥

ગા.૩૬ સંસૃષ્ટહાથથી, દર્વીથી કે ભાજનથી અપાતી વસ્તુ ગ્રહણ કરવી. કે જે ત્યાં એષણીય હોય.

'संसट्ठेण' त्ति सूत्रं, संसृष्टेन हस्तेन-अन्नादिलिप्तेन, तथा दर्व्या भाजनेन वा दीयमानं 'प्रतीच्छेद्' गृह्णीयात्, किं सामान्येन ? नेत्याह-यत्तत्रैषणीयं भवति, तदन्यदोषरहितमित्यर्थः, इह च वृद्धसंप्रदायः-संसट्ठे हत्थे संसट्ठे मत्ते सावसेसे दव्वे, संसट्ठे हत्थे संसट्ठे मत्ते णिरवसेसे दव्वे, एवं अट्ठभंगा, एत्थ पढमभंगो सव्वुत्तमो, अन्नेसुऽवि जत्थ सावसेसं दव्वं तत्थ घिप्पइ, ण इयरेसु, पच्छाकम्मदोसाउ त्ति सूत्रार्थः ॥३६॥

ટીકાર્થ : અન્નાદિથી લેપાયેલા હાથથી, દર્વીથી કે ભાજનથી અપાતી વસ્તુ ગ્રહણ કરવી.

પ્રશ્ન શું સામાન્યથી આ વાત સમજવી ? અર્થાત્ સંસૃષ્ટ હાથાદિથી જે વહોરાવાય એ બધું જ લઈ શકાય ?

ઉત્તર : ના. સંસૃષ્ટ હસ્તાદિથી વહોરાવાતી વસ્તુઓમાં પણ જે તેમાં એષણીય હોય, નિર્દોષ હોય, પશ્ચાત્કર્મ અને તે સિવાયના બીજા દોષોથી રહિત હોય તેવી જ વસ્તુ લેવી. બાકી બીજા દોષોવાળી હોય, તો સંસૃષ્ટ હાથથી અપાતી વસ્તુ પણ ન લેવી.

અહીં વૃદ્ધ સંપ્રદાય આ પ્રમાણે છે.

સંસૃષ્ટ હાથ	સંસૃષ્ટભા	સાવશેષ દ્રવ્ય
✓	✓	✓
✓	✓	✗
✓	✗	✓
✓	✗	✗
✗	✓	✓
✗	✓	✗
✗	✗	✓
✗	✗	✗

આમાં સંસૃષ્ટહાથ, સંસૃષ્ટભાજન અને સાવશેષદ્રવ્ય આ પહેલો ભાંગો ઉત્તમ છે. બાકીના પણ સાત ભાંગાઓમાં જયાં સાવશેષદ્રવ્ય છે, ત્યાં ગ્રહણ કરાય. નિરવશેષદ્રવ્યમાં ગ્રહણ ન કરાય. કેમકે ત્યાં પશ્ચાત્કર્મનો દોષ લાગે.

(**ભાવાર્થ :** એક વાસણમાં ઘીથી લથપથ રોટલીઓ છે. એટલે ભાજન સંસૃષ્ટ છે. એ ઘી ચોપડાનારાનો હાથ પણ ઘી વગેરેથી ખરડાયેલો છે. એટલે હાથ પણ સંસૃષ્ટ છે. એ પોતાના હાથેથી વાસણમાંથી ચાર રોટલી લઈ બે રોટલી વહોરાવે છે... એટલે વાસણમાં અને હાથમાં બંનેમાં રોટલી બાકી છે, એટલે અહીં સાવશેષ દ્રવ્ય છે. આ રીતે વહોરાવે તો કલ્પે. કેમકે આમાં સાધુ નિમિત્તે પશ્ચાત્કર્મ દોષ ન થાય. એ હાથમાં રહેલી બે રોટલી વાસણમાં મૂકે અને પછી હાથ ધુએ તો એમાં સાધુને દોષ નહિ...

બીજા ભાંગામાં-વાસણમાં ૮ રોટલી છે, હાથમાં ૪ લઈ ચારેચાર વહોરાવે તો અહીં વાસણમાં સાવશેષ દ્રવ્ય હોવા છતાં હાથમાં નિરવશેષ દ્રવ્ય છે. એટલે એ તરત હાથ ધુએ તો સાધુને દોષ. ધારોકે ૮ રોટલી લઈ બધી જ વહોરાવી દે. તો પછી હાથ અને વાસણ બંને ધુએ તો સાધુને દોષ. ૮ લઈ ચાર વહોરાવી ચાર પાછી વાસણમાં મૂકે તો અહીં વાસણમાં પણ પછીથી ચાર બાકી રહી અને હાથમાં પણ બાકી રહેલી હોવાથી સાવશેષ દ્રવ્ય કહેવાય. એમાં દોષ નહિ.

ત્રીજા ભાંગામાં - ઘીથી લથપથ હાથ હતાં જ, સાધુને વહોરાવવા માટે વાસણમાં પડેલી પુષ્કળ રોટલીઓમાંથી આઠ દસ રોટલી ચોકખી નાનીથાળીમાં કે છીબામાં લે, તો એ વાસણ નવું બગડ્યું એટલે એ અસંસૃષ્ટ જ કહેવાય. હવે એમાં જો હાથ અને થાળી - છીબામાં ાવશેષ રહે એ રીતે વહોરે તો દોષ નહિ. પણ જો નિરવશેષ કરે, તો દોષ લાગે. એમાં પણ છીબામાં આઠ રોટલી લીધી. એ પછી સાધુ પાસે આવી આઠે આઠ રોટલી હાથમાં પકડી, એમાંથી ચાર વહોરાવી અને બાકીની ચાર છીબામાં મુકવાના બદલે સીધી જ મોટા વાસણમાં મૂકી દે. તો છીબું સીધું ધોવા જવાની સંભાવનાને આશ્રયીને પશ્ચાત્કર્મદોષ ગણાય.

આ રીતે બધા ભાંગા વિચારી લેવા, સાર એટલો જ કે સાધુ નિમિત્તે ચોકખો હાથ કે ચોકખું વાસણ બગાડે, ખરડાવે એનો વાંધો નથી. પણ એમાં નિરવશેષ વહોરી લે= થોડું પણ બાકી ન રાખે તો દોષ લાગે.

રોટલીની માફક બીજા પણ દ્રવ્યોમાં યથાસંભવ વિચારી લેવું.)

किंच

दुण्हं तु भुजमाणाणं, एगो तत्थ निमंतए । दिज्जमाणं न इच्छिज्जा, छंदं से पडिलेहए ॥३७॥

ગા.૩૭ રક્ષણકરનારા બેમાંથી ત્યાં એક જણ નિમંત્રણ કરે, તો અપાતી વસ્તુ ન લેવી. તેની ઈચ્છાને પ્રતિલેખવી.

'दुण्हं'ति सूत्रं, 'द्वयोर्भुञ्जतोः' पालनां कुर्वतोः, एकस्य वस्तुनः स्वामिनोरित्यर्थः, एकस्तत्र 'निमन्त्रयेत्' तद्दानं प्रत्यामन्त्रयेत्, तद्दीयमानं नेच्छेदुत्सर्गतः, अपितु 'छन्दम्' अभिप्रायं 'से' तस्य द्वितीयस्य प्रत्युपेक्षेत नेत्रवक्रादिविकारैः, किमस्येदमिष्टं दीयमानं नवेति, इष्टं चेद्गृह्णीयान्न चेन्नैवेति, एवं भुञ्जानयोः-अभ्यवहारायोद्यतयोरपि योजनीयं, यतो भुजिः पालनेऽभ्यवहारे च वर्तत इति सूत्रार्थः ॥३७॥

ટીકાર્થ : કોઈક ભોજનનું રક્ષણ કરનાર બે જણ હોય, એટલે કે એક વસ્તુના બે માલિક હોય. એમાંથી એક જણ ત્યાં તે વસ્તુના દાન માટે સાધુને નિમંત્રણ આપે, તો અપાતી એ વસ્તુ ઉત્સર્ગમાર્ગે ગ્રહણ કરવી નહિ. પરંતુ તે બીજાના અભિપ્રાયને એના નેત્રો, મુખ વગેરેના વિકારો દ્વારા (હાવભાવ દ્વારા) જોવો. જાણવો કે આ વસ્તુ અપાય એ એને ઈષ્ટ છ કે નહિ ? જો એના આંખ, મુખ પરના ભાવથી એમ લાગે કે એ વસ્તુ સાધુને વહોરાવાય એ તેને ઈષ્ટ છે, તો એ લેવી. પણ જો એને ઈષ્ટ ન લાગે તો ન જ લેવી.

એ રીતે ભોજન વાપરવા માટે ઉદ્યમવાળા બનેલા બે જણમાં પણ આ જ પ્રમાણે જોડી દેવું. કેમકે **भुजि** ધાતુ પાલન કરવું અને ખાવું એમ બંને અર્થમાં વર્તે છે. (ગાથામાં **भुञ्जमाणाणं** લખેલું છે, એમાં **भुज्** ધાતુનો સીધો અર્થ તો 'ખાવું' એમ થાય. પણ જે વસ્તુ ખાવાની શરુ થઈ ગઈ છે, એ એંઠી જ બની ગઈ હોવાથી એ વહોરવાની જ નથી. એટલે અહીં વૃત્તિકારે બે રીતે અર્થ લીધા. ભોજનનું રક્ષણ કરતાં-સાચવણી કરતાં બે જણ કે ભોજન વાપરવા તૈયાર થયેલા બે જણ... એટલે એ રીતે અર્થ કરવામાં કોઈ મુશ્કેલી ન પડે. તથા બીજો માણસ કશું ન બોલે તો પણ એના હાવભાવ ઉપરથી એની રુચિ-અરુચિ જાણી શકાય, એટલે એ જાણીને એ મુજબ વર્તવું.)

ततो

दुण्हं तु भुंजमाणाण, दोऽवि तत्थ निमंतए । दिज्जमाणं पडिच्छिज्जा, जं तत्थेसणियं भवे ॥३८॥

ગા.૩૮ પાલનકરતાં બે જણમાંથી બંને ત્યાં નિમંત્રણ આપે. તો અપાતી વસ્તુ લેવી કે જે ત્યાં એષણીય હોય.

'दुण्हं'ति सूत्रं, द्वयोस्तु पूर्ववत् भुञ्जतोर्भुञ्जानयोर्वा द्वावपि तत्रातिप्रसादेन निमन्त्रयेयातां, तत्रायं विधिः- दीयमानं 'प्रतीच्छेद्' गृह्णीयात् यत्तत्रैषणीयं भवेत्, तदन्यदोषरहितमिति सूत्रार्थः ॥३८॥

ટીકાર્થ : પૂર્વની જેમ અહીં પણ પાલનકરતાં કે ખાવામાટે ઉદ્યમવંત બનેલા... એમ અર્થ કરવો. એ બંને જણ ત્યાં અતિપ્રસન્નતાથી નિમંત્રણ આપે, તો ત્યાં આ વિધિ છે કે અપાતી એ વસ્તુ ગ્રહણ કરવી કે જે ત્યાં નિર્દોષ હોય એટલે કે એક માલિકની રજા ન હોવા રૂપી દોષથી અને એ સિવાયના બાકીના પણ દો ેથી રહિત હોય તેવી વસ્તુ લેવી.

विशेषमाह-

गुव्विणीए उवण्णत्थं, विविहं पाणभोअणं । भुंजमाणं विवज्जिज्जा, भुत्तसेसं पडिच्छए ॥३९॥

વિશેષવાત બતાવે છે કે

ગા.૩૯ ગર્ભવતી માટે કલ્પાયેલું = બનાવાયેલું = રખાયેલું વિવિધ પાનભોજન વપરાતું છતું વર્જવું. વપરાયા બાદ વધેલું સ્વીકારવુ.

'गुव्विणीए' त्ति सूत्रं, 'गुर्विण्या' गर्भवत्या 'उपन्यस्तम्' उपकल्पितं, किं तदित्याह-'विविधम्' अनेकप्रकारं 'पानभोजनं' द्राक्षापानखण्डखाद्यकादि, तत्र भुज्यमानं तया विवर्ज्य, मा भूत्तस्या अल्पत्वेनाभिलाषानिवृत्या गर्भपतनादिदोष इति, 'भुक्तशेषं' भुक्तोद्धरितं प्रतीच्छेत्, यत्र तस्या निवृत्तोऽभिलाष इति सूत्रार्थः ॥३९॥

ટીકાર્થ : ગર્ભવતી સ્ત્રી માટે બનાવાયેલું, રંધાયેલું, રકાયેલું અનેક પ્રકારનું દ્રાક્ષનું પાણી, ખંડખાદ્ય (ખાંડની બનેલી વસ્તુ) વગેરે તે ગર્ભવતી સ્ત્રી વડે વપરાતું હોય તો વર્જવું. કેમકે જો એ લઈ લઈએ તો ગર્ભવતીને ખોરાક ઓછો પડે, અને તો એની ખાવાની અભિલાષાની નિવૃત્તિ ન થાય, એમ થાય તો ગર્ભ પડી જવા વગેરે દોષ લાગે.

પણ એણે વાપરી લીધું હોય અને પછી જે વધેલું હોય, તે લઈ શકાય કે જેમાં તે સ્ત્રીનો

અભિલાષ જતો રહ્યો છે.

किंच-

सिआ य समणट्ठाए, गुव्विणी कालमासिणी । उट्ठिआ वा निसीइज्जा, निसन्ना वा पुणुट्ठए ॥४०॥ तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं । दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥४१॥

ગા.૪૦/૪૧ કાલમાસવાળી ગર્ભવતી સ્ત્રી ક્યારેક ઊભી હોય અને સાધુને માટે બેસે કે બેઠેલી હોય અને સાધુને માટે ઊભી થાય... તે ભોજન-પાન સાધુઓને અકલ્પિક છે. આપતી સ્ત્રીને નિષેધ કરવો કે તેવા પ્રકારનું મને ન કલ્પે.

'सिआ य' त्ति सूत्रं, 'स्याच्च' कदाचिच्च 'श्रमणार्थं' साधुनिमित्तं 'गुर्विणी' पूर्वोक्ता 'कालमासवती' गर्भाधानान्नवममासवतीत्यर्थः, उत्थिता वा यथाकथञ्चिन्निषीदेद् निषण्णा ददामीति साधुनिमित्तं, निषण्णा वा स्वव्यापारेण पुनरुत्तिष्ठेद् ददामीति साधुनिमित्तमेवेति सूत्रार्थः ॥४०॥ 'तं भवे' त्ति सूत्रं, तद्भवेद्भक्तपानं तु तथा निषीदनोत्थानाभ्यां दीयमानं संयतानामकल्पिकम्, इह च स्थविरकल्पिकानामनिषीदनोत्थानाभ्यां यथावस्थितया दीयमानं कल्पिकं, जिनकल्पिकानां त्वापन्नसत्त्वया प्रथमदिवसादारभ्य सर्वथा दीयमानमकल्पिकमेवेति सम्प्रदायः, यतश्चैवमतो ददतीं प्रत्याचक्षीत न मम कल्पते तादृशमित्येतत्पूर्ववदेवेति सूत्रार्थः ॥४१॥

ટીકાર્થ : ક્યારેક એવું બને કે પૂર્વ જણાવેલી ગર્ભવતી સ્ત્રી ગર્ભાધાનથી માંડીને નવમા મહિનાવાળી હોય. હવે એ ઊભેલી હોય અને સાધુને વહોરાવવાદિ નિમિત્તે મુશ્કેલીથી બેસે, એ એમ વિચારે કે "બેસીને સાધુને વહોરાવું" આમ સાધુના નિમિત્તે બેસે. અથવા તો પહેલા બેઠેલી હોય અને "ઊભી થઈને સાધુને વહોરાવું." એમ વિચારી સાધુનિમિત્તે જ ઊભી થાય.

તો આ રીતે કાલમાસવાળી ગર્ભવતીવડે બેસવા-ઉઠવાદ્વારા અપાતું ભોજન-પાન સાધુઓને અકલ્પિક છે.

અહીં કાલમાસવાળી ગર્ભવતી સ્ત્રી બેસવાની કે ઊભાથવાની ક્રિયા કર્યાવિના જ પોતે જે રીતે હોય એ રીતે જ રહીને આપે, તો એનાવડે અપાતી વસ્તુ સ્થવિરકલ્પિક

સાધુઓને કલ્પ્ય છે. જ્યારે જિનકલ્પિક સાધુઓને તો ગર્ભધાનના પહેલા દિવસથી માંડીને જ ગર્ભવતી સ્ત્રી વડે સર્વપ્રકારે અપાતું અકલ્પ્ય જ છે આ પ્રમાણે સંપ્રદાય છે. (જિનકલ્પિકોને જ્ઞાનદ્વારા ખ્યાલ આવી જાય વહોરાવનાર સ્ત્રી ગર્ભવતી છે કે નહિ ? એટલે એ તો ગર્ભધારણના પહેલાં દિવસવાળી સ્ત્રીના હાથે પણ ન વહોરે. એ સ્ત્રીને પણ ખબર ન હોય કે હું ગર્ભવાળી છું, એ જિનકલ્પિકોને ખબર પડી જાય..

તથા એ ગર્ભવતી સ્ત્રી કંઈપણ હલનચલન કર્યા વિના આપે તો પણ જિનકલ્પિકોને ન કલ્પે. સ્થવિરકલ્પિકો તો ૧ થી ૮ મહીનામાં વર્તમાન ગર્ભવતી સ્ત્રીના હાથથી કોઈપણ રીતે વહોરી શકે. એ હલનચલન કરીને આપે તો પણ ચાલે. નવમા માસમાં વર્તતી ગર્ભવતી સ્ત્રીના હાથે ત્યારે જ વહોરે જ્યારે એ હલનચલન કર્યા વિના, ઉઠ-બેસ કર્યા વિના આપે...)

किंच-

थणगं पिज्जेमाणी, दारगं वा कुमारिअं । तं निक्खिवित्तु रोअंतं, आहरे पाणभोअणं ॥४२॥ तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं । दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥४३ ॥

વળી

ગા.૪૨-૪૩ છોકરા કે છોકરીને સ્તન્ય = દૂધ પીવડાવતી સ્ત્રી તેને રડતો મૂકીને ભોજનપાન લાવે, તે ભોજનપાન સાધુઓને અકલ્પ્ય છે. આપતી સ્ત્રીને નિષેધ કરવો કે મને તેવા પ્રકારનું ન કલ્પે.

'थणगं'ति सूत्रं, स्तनं(न्यं) पाययन्ती, किमित्याह-दारकं वा कुमारिकां, वाशब्दस्य व्यवहितः संबन्धः, अत एव नपुंसकं वा, तद्दारकादि निक्षिप्य रुदद्भूम्यादौ आहरेत्पानभोजनम्, अत्रायं वृद्धसंप्रदायः- गच्छवासी जइ थणजीवी पिअंतो णिक्खित्तो तो न गिण्हंति, रोवउ वा मा वा, अह अन्नंपि आहारेइ तो जति ण रोवइ तो गिण्हंति, अह रोवइ तो न गिण्हंति, अह अपिअंतो णिक्खित्तो थणजीवी रोवइ तओ ण गिण्हंति, अह ण रोवइ तो गिण्हंति, गच्छणिग्गया पुण जाव थणजीवी ताव रोवउ वा मा वा पिबंतओ (वा) अपिबंतओ वा ण गिण्हंति, जाहे अन्नंपि आहारेउं आढत्तो भवति ताहे जइ पिबंतओ तो रोवउ वा मा वा ण गेण्हंति, अह अपिबंतओ तो जइ रोवइ तो

परिहरंति, अरोविए गेण्हंति, सीसो आह-को तत्थ दोसोऽत्थि ?, आयरिओ भणइ-तस्स णिक्खिप्पमाणस्स खरेहिं हत्थेहिं घिप्पमाणस्स अथिरत्तणेण परितावणादोसा मज्जारादि वा अवहरेज्ज त्ति सूत्रार्थः ॥४२॥ 'तं भवे' त्ति सूत्रं, तद्भवेद्भक्तपानं त्वनन्तरोदितं संयतानामकल्पिकं, यतश्चैवमतो ददतीं प्रत्याचक्षीत न मम कल्पते तादृशमिति सूत्रार्थः ॥४३॥

ટીકાર્થ : સ્ત્રી પોતાના છોકરાને કે છોકરીને સ્તન્ય = સ્તનસંબંધી દૂધ પીવડાવતી હોય...

(પ્રશ્ન : ગાથામાં **दारगं वा कुमारिअं** એમ **वा** શબ્દ લખેલો છે. નિયમપ્રમાણે તો સૌથીછેલ્લે **वा** અથવા તો દરેક શબ્દોની પછી **वा** મુકવાનો હોય. **दारगं कुमारिअं वा** અથવા તો **दारगं वा कुमारिअं वा** એમ લખવું જોઈએ. એટલે આ **वा** પ્રયોગ બરાબર નથી લાગતો.)

ઉત્તર : **वा** શબ્દનો વ્યવહિતસંબંધ કરવો. અર્થાત્ **वा** ભલે **दारगं** શબ્દ પછી લખેલો છે, પણ એ **वा कुमारिअं** શબ્દ પછી સમજવો. એનો ત્યાં સંબંધ કરવો.

આમ એનું સ્થાન બદલવાનું છે, એટલે જ **नपुंसकं वा** એમ પણ સમજી લેવું. અર્થાત્ **दारगं कुमारिअं नपुंसकं वा** એમ વાક્ય સમજવું.

(મૂળવાત પર આવીએ.)

` ોકરા વગેરેને જમીન વગેરે ઉપર રડતો મૂકીને પાન-ભોજન સાધુ માટે લાવે તો...

અહીં આ વૃદ્ધસંપ્રદાય છે.

● જો સાધુ ગચ્છવાસી હોય, છોકરો સ્તનપાન પર જ જીવનારો હોય અને સ્તનપાન કરતો જ એ છોકરો જમીન પર મુકાયો હોય તો સાધુ એ સ્ત્રીએ લાવેલ ભોજન-પાનાદિ ન જ લે. ભલે એ મુકાયેલો છોકરો રડે કે ન રડે.

● હવે જો એ બાળક સ્તનપાન ઉપરાંત અનાજ પણ ખાતો થયો હોય અને એવા સ્તનપાન કરતા બાળકને સ્ત્રી નીચે મુકી ભોજનપાન લાવે, તો જો એ છોકરો રડતો ન હોય તો સાધુ ભોજન-પાન ગ્રહણ કરી શકે. જો એ છોકરો રડે તો સાધુ ભોજનપાન ગ્રહણ ન કરી શકે.

● હવે જો એ સ્તનપાન પર જ જીવનાર હોય પણ અત્યારે સ્તનપાન કરતો ન હોય

અને સ્ત્રી એને નીચે મૂકે અને જો એ રડે તો સાધુ ત્યાં ભોજનપાન ગ્રહણ ન કરે. પણ એ વખતે જો ન રડે તો ભોજન-પાન ગ્રહણ કરે.

આ બધી વાતો ગચ્છવાસી સાધુઓ માટે જાણવી.

જે ગચ્છનિર્ગત જિનકલ્પીવગેરે છે તેઓ તો જ્યાંસુધી એ બાળક સ્તનપાન પર જ જીવનારો હોય, ત્યાંસુધી એ બાળક રડે કે ન રડે, સ્તનનું દૂધ પીતો હોય કે ન પીતો હોય તો પણ ત્યાં ભોજન-પાન ગ્રહણ ન કરે.

જો એ અન્ન પણ ખાવાનું શરૂ કરી ચૂક્યો હોય તો જો એ અત્યારે સ્તનપાન કરતો હોય તો એ રડે કે ન રડે ત્યાં ભોજન પાન ન લે. પણ જો એ અત્યારે સ્તનપાન કરતો ન હોય તો પણ જો રડતો હોય તો ભોજન-પાન ગ્રહણ ન કરે.

પણ જો એ અન્ન પણ ખાતો થઈ ચૂકેલો બાળક અત્યારે સ્તનપાન કરતો ન હોય અને સ્ત્રી વડે નીચે મુકાયા બાદ રડતો પણ ન હોય તો ત્યાં ગચ્છનિર્ગત સાધુ ભોજનપાન વહોરી શકે.

શિષ્ય પ્રશ્ન કરે છે કે તેમાં દોષ શું છે ?

આચાર્ય કહે છે કે એ બાળક જમીન પર મુકાય પછી સ્ત્રી સાધુને રોટલી વગેરે વહોરાવે એટલે એ લોટની રજકણ વગેરેથી એના હાથ કર્કશ બને, એ કર્કશ હાથથી એ સ્ત્રી બાળકને ગ્રહણ કરે ત્યારે અસ્થિરતાના કારણે પરિતાપના રૂપ દોષ લાગે. (બાળકને હાથમાં કર્કશતા અનુભવાય, એટલે એ કર્કશતાથી બચવા આમ-તેમ હાલ્યા જ કરે... આમ એ અસ્થિર બને. અને તેથી એને પરિતાપના થાય.)

અથવા તો એવું બને કે એ બાળકને નીચે મુક્યા બાદ સ્ત્રી ભોજનપાન વહોરાવવા જાય, આ બાજુ બિલાડી કે કુતરો આવે અને નાના બાળકને માંસના પિંડની માફક ઉપાડીને લઈ જાય.

તે અનંતર કહેવાયેલું ભોજન-પાન સંયતોને અકલ્પિક છે. જે કારણથી આવું છે, એ કારણથી જ દાન દેનારીને નિષેધ કરવો કે મને તેવા પ્રકારનું ન કલ્પે.

किं बहुनेति, उपदेशसर्वस्वमाह-

जं भवे भत्तपाणं तु, कप्पाकप्पंमि संकिअं । दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥४४॥

વધારે કહેવાથી શું ? ઉપદેશના સર્વસ્વને કહે છે.

ગા.૪૪ જે ભોજનપાન કલ્પ્ય-અકલ્પ્યમાં શંકિત હોય, દાત્રીને પ્રતિષેધ કરવો કે તેવા પ્રકારનું મને ન કલ્પે.

'जं भवे' त्ति सूत्रं, यद्भवेद्भक्तपानं तु 'कल्पाकल्पयो:' कल्पनीयाकल्पनीयधर्मविषय इत्यर्थ:, किम् ?- 'शङ्कितं' न विद्म: किमिदमुद्गमादिदोषयुक्तं किंवा नेत्याशङ्कास्पदीभूतं, तदित्थंभूतमसति कल्पनीयनिश्चये ददतीं प्रत्याचक्षीत न मम कल्पते तादृशमिति सूत्रार्थ: ॥४४॥

ટીકાર્થ : કલ્પનીય અને અકલ્પનીય આ બે ધર્મના વિષયમાં જે ભોજનપાન શંક્તિ હોય અર્થાત્ સાધુને જયાં આવું થાય કે હું જાણતો નથી કે શું આ ઉદ્ગમાદિદોષવાળું છે કે નથી ?" આવા પ્રકારની આશંકાનું સ્થાન બનેલું જે ભોજન-પાન હોય, તો જો ત્યાં આ કલ્પનીય છે એવો નિશ્ચય ન થાય તો આવું ભોજન-પાન આપતી સ્ત્રીને નિષેધ કરવો કે "મને તેવા પ્રકારનું ન કલ્પે."

किंच -

दगवारेण पिहिअं, नीसाए पीढएण वा । लोढेण वावि लेवेण, सिलेसेणवि केणइ ॥४५॥

तं च उब्भिंदिआ दिज्जा, समणट्ठाए व दावए । दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥४६॥

ગા.૪૫ -૪૬ પાણીના ઘડાથી, ઘંટીથી, કાષ્ઠપીઠથી, શિલાપુત્રકથી કે કોઈ લેપ વડે કે શ્લેષથી ઢંકાયેલ વસ્તુ હોય, તેને સાધુને માટે ઉદ્ભેદીને દાયક આપે, તો આપતી તેને નિષેધ કરવો કે મને તાદૃશ ન કલ્પે.

'दगवारेण' त्ति सूत्रं, 'दकवारेण' उदककुम्भेन 'पिहितं' भाजनस्थं सन्तं स्थगितं, तथा 'नीसाए' त्ति पेषण्या, 'पीठकेन वा' काष्ठपीठादिना, 'लोढेन वापि' शिलापुत्रकेण, तथा 'लेपेन' मृल्लेपनादिना 'श्लेषेण वा' केनचिज्जतुसिक्थादिनेति सूत्रार्थ: ॥४५॥ 'तं च' त्ति सूत्रं, तच्च स्थगितं लिप्तं वा सत् उद्भिद्य दद्याच्छ्रमणार्थं दायक:, नात्माद्यर्थं, तदित्थंभूतं ददतीं प्रत्याचक्षीत न मम कल्पते तादृशमिति सूत्रार्थ: ॥४६॥

ટીકાર્થ : વાસણમાં કોઈક ભોજનાદિ હોય, એ પાણીના ઘડાથી ઢંકાયેલ હોય એટલે

કે એ વાસણ ઉપર પાણીનો ઘડો મુકયો હોય અથવા તો એ ભાજન ઉપર અનાજ દળવાની ઘંટીના પત્થર મુકેલા હોય, કે કાષ્ઠપીઠ = વજનદાર લાકડાનું પાટીયું મુકેલું હોય, કે શિલાપુત્રક = મોટો પત્થર મુકેલો હોય. અથવા તો ભાજનમાં વસ્તુ મુક્યા બાદ એ ભાજન પર માટીનો લેપ કરી દીધો હોય અથવા તો લાખ, સિક્થ (?) વગેરેથી ઉપર એ ભાજન બંધ કરી દીધું હોય...

હવે આવા પ્રકારની ઢંકાયેલી કે લેપવાળી વસ્તુને એ દાયક સાધુને માટે ઉદ્ભેદીને આપે... એટલે કે ભાજન પર રહેલ ઘડો, ઘંટી, કાષ્ઠપીઠ, શિલાપુત્રક દૂર કરીને એમાંની વસ્તુ આપે કે માટીનો લેપ, લાખ વગેરે તોડીને એમાં રહેલી વસ્તુ આપે... આ બધું પોતાના માટે નહિ, પણ સાધુ માટે કરે તો આવા પ્રકારની વસ્તુ આપતી સ્ત્રીને નિષેધ કરવો કે મને તાદશ ન કલ્પે.

(ઘડામાં કાચું પાણી હોય એટલે એ દૂર કરવામાં એની વિરાધના થાય. ઘંટી, કાષ્ઠપીઠાદિ વજનદાર હોય એટલે એ ઉંચકીને બીજે મુકવામાં દાયકને પીડા થાય, હાથમાંથી છટકે તો હાથ-પગ ભાંગી જાય... વગેરે દોષો લાગે. લેપ કે શ્લેષ દૂર કર્યાબાદ સાધુને વહોરાવ્યા પછી નવો લેપ કે શ્લેષ કરે એટલે એ સંબંધી વિરાધનાનો દોષ સાધુને લાગે, માટે આ બધાનો નિષેધ કરેલો છે.)

किंच-

असणं पाणगं वावि, खाइमं साइमं तहा । जं जाणिज्ज सुणिज्जा वा, दाणट्ठा पगडं इमं ॥४७॥ तारिसं भत्तपाणं तु, संजयाण अकप्पिअं । दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥४८॥

ગા.૪૭-૪૮ અશન, પાન ખાદિમ કે સ્વાદિમ જેને સાધુ જાણે કે સાંભળે કે એ દાનને માટે બનાવાયેલ છે, તો તેવા પ્રકારનું ભોજનપાન સંયતોને અકલ્પ્ય છે. આપતી સ્ત્રીને પ્રતિષેધ કરવો કે તાદશ મને ન કલ્પે.

'असणं'ति सूत्रं, अशनं पानकं वापि खाद्यं स्वाद्यम्, 'अशनम्' ओदनादि 'पानकं' च आरनालादि, 'खाद्यं' लड्डुकादि, 'स्वाद्यं' हरीतक्यादि, यज्जानीयादामन्त्रणादिना, श्रृणुयाद्वा अन्यतः, यथा दानार्थं प्रकृतमिदं, दानार्थं प्रकृतं नाम-साधुवादनिमित्तं यो ददात्यव्यापारपाखण्डिभ्यो देशान्तरादेरागतो वणिक्प्रभृतिरिति सूत्रार्थः ॥४७॥ 'तारिसं'ति सूत्रं, तादृशं भक्तपानं दानार्थं प्रवृत्तव्यापारं संयतानामकल्पिकं, यतश्चैवमतो

ददतीं प्रत्याचक्षीत न मम कल्पते तादृशमिति सूत्रार्थः ॥४८॥

ટીકાર્થ : અશન એટલે ઓદનાદિ, પાનક એટલે કાંજી વગેરે. ખાદ્ય એટલે લાડવા વગેરે. સ્વાદ્ય એટલે હરડે વગેરે. સાધુ ગૃહસ્થ વડે કરાતા આમંત્રણાદિ દ્વારા જાણે કે બીજા કોઈ પાસેથી સાંભળે કે આ વસ્તુ દાનને માટે કરાયેલી છે. (સાહેબ ! આજે બધાને આપવામાટે ભોજન બનાવેલું છે, આપ વહોરવા પધારો... એમ કોઈ આમંત્રણ આપે... સાંભળ્યું છે કે પેલો ગૃહસ્થ આજે બધાને ભોજન આપવાનો છે.. એમ કોઈ બોલે... આનાદ્વારા સાધુને ખબર પડે કે એ ભોજન દાનાર્થપ્રકૃત છે.)

પ્રશ્ન દાનાર્થપ્રકૃત એટલે શું ?

ઉત્તર બીજા દેશવગેરેમાંથી આવેલો વાણિયોવગેરે ચારેબાજુ પોતાનો સાધુવાદ-પ્રશંસા થાય, તે માટે વ્યાપાર - પ્રવૃત્તિ - આજીવિકા - ધંધા વિનાના સંસારત્યાગીઓને આપે તે દાનાર્થપ્રકૃત.

તેવા પ્રકારનું એટલે કે દાનને માટે પ્રવર્તેલા વ્યાપારવાળું ભોજનપાન સંયતોને અકલ્પ્ય છે. જે કારણથી આમ છે. એ કારણથી આપત્તી સ્ત્રીને પ્રતિષેધ કરવો કે મને તાદશ ન કલ્પે.

असणं पाणगं वावि, खाइमं साइमं तहा । जं जाणिज्ज सुणिज्जा वा, पुण्णट्ठा पगडं इमं ॥४९॥ तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं । दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥५०॥

ગા.૪૯-૫૦ (૪૭-૪૮ની જેમ સમજવું. માત્ર **दाणट्ठा** ને બદલે **पुण्णट्ठा** એટલો જ ફરક)

'असणं' ति सूत्रम्, एवं पुण्यार्थं, पुण्यार्थं प्रकृतं नाम-साधुवादानङ्गीकरणेन यत्पुण्यार्थं कृतमिति । अत्राह-पुण्यार्थप्रकृतपरित्यागे शिष्टकुलेषु वस्तुतो भिक्षाया अग्रहणमेव, शिष्टानां पुण्यार्थमेव पाकप्रवृत्तेः, तथाहि-न पितृकर्मादिव्यपोहेनात्मार्थमेव क्षुद्रसत्त्ववत्प्रवर्तन्ते शिष्टा इति, नैतदेवम्, अभिप्रायापरिज्ञानात्, स्वभोग्यातिरिक्तस्य देयस्यैव पुण्यार्थकृतस्य निषेधात्, स्वभृत्यभोग्यस्य पुनरुचितप्रमाणस्येत्वरयदृच्छा-देयस्य कुशलप्रणिधानकृतस्याप्यनिषेधादिति, एतेनाऽदेयदानाभावः प्रत्युक्तः, देयस्यैव यदृच्छादानानुपपत्तेः, कदाचिदपि वा दाने यदृच्छादानोपपत्तेः, तथा व्यवहारदर्शनात्,

अनीदृशस्यैव प्रतिषेधात्, तदारम्भदोषेण योगात्, यदृच्छादाने तु तदभावेऽप्यारम्भप्रवृत्तेः नासौ तदर्थ इत्यारम्भदोषायोगात्, दृश्यते च कदाचित्सूतकादाविव सर्वेभ्य एव प्रदानविकला शिष्टाभिमतानामपि पाकप्रवृत्तिरिति, विहितानुष्ठानत्वाच्च तथाविध-ग्रहणान्न दोष इत्यलं प्रसङ्गेन, अक्षरगमनिकामात्रफलत्वात्प्रयासस्येति ॥४९॥ 'तं भवे'त्ति सूत्रं, प्रतिषेधः पूर्ववत् ॥५०॥

ટીકાર્થ : સાધુવાદનો અંગીકાર કર્યાવિના જે પુણ્યને માટે કરાયેલું હોય તે પુણ્યાર્થપ્રકૃત કહેવાય.

(પ્રશંસા મેળવવા નહિ, પરંતુ "મને પુણ્ય મળો" એવા ભાવથી કરાયેલું હોય)

અહીં કોઈક પ્રશ્ન કરે છે કે જો પુણ્યને માટે કરાયેલી વસ્તુનો પરિત્યાગ કરવાનો હોય તો તો શિષ્ટપુરુષોના ઘરોમાં ખરેખર = પરમાર્થથી ભિક્ષાનું ગ્રહણ જ થઈ શકશે નહિ. કેમકે શિષ્ટપુરુષોની ભોજન બનાવવાની પ્રવૃત્તિ પુણ્યને માટે જ હોય છે તે આપ્રમાણે-શિષ્ટપુરુષો પિતૃકર્માદિ વિના માત્ર પોતાના જ માટે તુચ્છજીવોની માફક પ્રવૃત્તિ કરતા નથી. (મરી ગયેલા પિતાના ઉદ્દેશથી કે એવા કોઈ ને કોઈ ધાર્મિક ઉદ્દેશ એમની પાકપ્રવૃત્તિમાં હોય જ છે. એટલે શિષ્ટોની તમામ ગોચરી પુણ્યાર્થપ્રકૃત હોય, એટલે જ જો એ છોડી દેવાની હોય તો શિષ્ટોના ઘરે ગોચરી જવાનું જ બંધ કરી દેવું પડે...)

ઉત્તર : આ વાત આ પ્રમાણે નથી. કેમંકે તમને અમારા અભિપ્રાયનું જ્ઞાન નથી. અભિપ્રાય એ છે કે સ્વભોગ્ય કરતા વધારાનું જે દેય પુણ્યાર્થપ્રકૃત હોય તેનો જ નિષેધ કરેલો છે. (ઘરના ૧૦ જણ માટે રોજ ૧ કીલો લોટની રોટલી કરતા હોય, તો એ ૧ કીલો લોટની રોટલી એમને માટે સ્વભોગ્ય છે, હવે જો તેઓ "સંન્યાસી વગેરેને આપી પુણ્ય બાંધીએ" એવા પુણ્યના ભાવથી ૧ને બદલે ૧। કીલો લોટની રોટલી બનાવે, તો આ પા કીલો લોટની રોટલી એ સ્વભોગ્ય કરતા જુદી વધારાની એવી પુણ્યાર્થપ્રકૃત વસ્તુ બને છે, આવી દેયવસ્તુનો જ અહીં નિષેધ સમજવાનો છે.)

જે ભોજનપાન સ્વભૃત્યભોગ્ય હોય, એટલે જ ઉચિતપ્રમાણવાળું હોય, ઈત્વરયદચ્છાથી દેય હોય, એ કુશલપ્રણિધાનથી કરાયેલું હોય તો પણ એનો નિષેધ નથી.

(**સ્વ** = ઘરનો માલિક, **ભૃત્ય** = માલિક વડે ભરણ-પોષણ કરવા યોગ્ય એવા પત્ની-પુત્રો-ભાઈ-બહેન, નોકર-ચાકર વગેરે એ ઘરે જમતા બધા જ માણસો... આ સ્વ અને ભૃત્યો જેટલું ભોજન-પાન રોજેરોજ વાપરતા હોય તેટલું ભોજન-પાન સ્વભૃત્યભોગ્ય

કહેવાય. દા.ત. રોજ ૩ કિલો લોટની રોટલી આ લોકો વાપરતા હોય, તો એ ૩ કીલો લોટની રોટલી **स्वभृत्यभोग्य** કહેવાય.

માટે જ આવી વસ્તુ ઉચિતપ્રમાણવાળી હોય. અર્થાત્ એમના રોજીંદાપ્રમાણથી વધારે ન હોય. ૩ કિલો લોટની જ રોટલીઓ બનતી હોય, વધુ નહિ.

માટે જ આ વસ્તુ **इत्वरयदृच्छादेय** હોય. યદચ્છા એટલે ઈચ્છા. ઈત્વર એટલે અલ્પકાલીન, કાયમી નહિ. આશય એ છે કે એમણે માપસર જ રસોઈ બનાવી હોય એટલે મુખ્યઉદ્દેશ પોતાના કુટુંબનો જ છે. એમાં વળી કોઈ સંન્યાસીસાધુ આવી જાય તો એ વખતે જ "લાવ, આમને આપું... મને ધર્મ થશે..." એવી ઈચ્છા થાય... આ ઈત્વરયદચ્છા છે. જો કોઈ સંન્યાસી-સાધુ ન આવે તો આવી કોઈ ઇચ્છા પ્રગટરૂપે ન થાય... એટલે આ વસ્તુ ઈંત્વરયદચ્છાદેય બને છે.

આવા પ્રકારની વસ્તુ બનાવતી વખતે એના મનમાં કુશલ પ્રણિધાન હોય પણ ખરું. "મારે તો સંસારમાં આ બધા આરંભ-સમારંભ કરવાના જ છે. એમાં જો કોઈ મહાત્માનો લાભ મળી જશે, તો મારો બેડો પાર થશે... આવા વિચારો હોય પણ ખરા, અને એ વિચારોપૂર્વક એ વસ્તુ બનાવેલી હોય પરંતુ એ જે કંઈપણ બનાવ્યું હોય તે પોતાના પરિવારના માપ પ્રમાણે જ... એનાથી વધુ નહિ.. રોજેરોજ સંન્યાસી વગેરે આવતા ન હોય એટલે એમને આપવાનો નિશ્ચયાત્મક સંકલ્પ ન હોય.. એ સ્વાભાવિક છે.

આવી વસ્તુનો નિષેધ નથી, ભલે એ કુશલ પ્રણિધાનકૃત પણ કેમ ન હો

આનાથી વિપરીત જોઈએ તો

જે સ્વભૃત્ય કરતાં બીજાને માટે પણ ભોગ્ય હોય એટલે કે સંન્યાસી વગેરેના ઉદ્દેશથી વધારે બનાવેલું હોય તો એ ઉચિત પ્રમાણવાળું ન હોય, એનું પ્રમાણ વધારે જ હોય, તથા એ ઈત્વરયદચ્છાદેય ન હોય. સંન્યાસીસાધુ આવે ત્યારે આપવાની ઈચ્છા થાય. એમ નહિ. પણ સતત એની ઈચ્છા મુખ્ય રૂપે ચાલુ જ હોય. કેમકે વધારે બનાવેલું છે. આવી વસ્તુ કુશલપ્રણિધાનકૃત હોય પણ એ ન ચાલે...)

ઉપરના પદાર્થના કથનદ્વારા અદેયના દાનના અભાવ રૂપ પૂર્વપક્ષ ખંડિત કરાયો. (પૂર્વપક્ષ એમ કહે છે કે માલિક જે વસ્તુમાટે "આ મારે સાધુ-સંતોને આપવી છે" એવી ભાવના કરે, તે વસ્તુ દેય કહેવાય. આવી ઈચ્છાબાદ જ માલિક આપતો હોય છે. એવી ઈચ્છા વિના નહિ. એટલે હંમેશા દેયનું જ દાન થાય. જે વસ્તુ માટે માલિકને "આ હું આપું" એવી ઈચ્છા ન થાય એ વસ્તુ અદેય ગણાય. તો આવી અદેય વસ્તુનું દાન તો

સંભવિત જ નથી. માલિક વસ્તુ આપવાના પૂર્વસમયે તો એટલા વિચારવાળો બને જ કે "આ હું આપું" દા.ત. સાધુ-સંત આવ્યા, માલિકે જોયા ત્યારે એને મનમાં થશે કે "આમને હું આ આપું" એ પછી જ આપવાનો છે. આવો વિચાર થાય જ નહિ અને એમને એમ દાન થાય એ સંભવિત જ નથી.

હવે આવા આપવાના આશયવાળી વસ્તુ દેય બને છે, અને આવી વસ્તુ લેવાનો તમે જૈન સાધુઓ નિષેધ કરો છો. એવા આશયવિનાની જ વસ્તુ તમને કલ્પે છે. પણ એવી અદેયવસ્તુના દાનનો તો અભાવ જ છે. વહોરાવવાની એક ક્ષણ પૂર્વે તો એ ભાવ આપવાનો જ કે "આમને આપું." અને એ તો તમને ચાલતું નથી. કેમકે આ ભાવ પાછળ મુખ્યત્વે પુણ્યનો આશય હોવાથી એ તો પુણ્યાર્થ બની ગયું, એનો તમે નિષેધ કરો છો...

વૃત્તિકારશ્રી કહે છે કે પૂર્વપક્ષ અમારા અભિપ્રાયને સમજતો ન હોવાથી જ આ બધું બોલે છે. અમે તો સ્વભોગ્યથી વધુ બનાવવામાં આવે,... એવા પ્રકારના જ દાનનો નિષેધ કરેલો છે. તમે જે રીતનું દર્શાવ્યું, એનો તો અમે નિષેધ કરતાં જ નથી. એટલે અમને તમારી આપત્તિઓ આવતી નથી.)

તમે કહો છો કે અદેયના દાનનો અભાવ છે. પણ અમે તો કહીશું કે ઉલટું જે દેય છે, તેના જ યદચ્છાદાનનો અભાવ થાય છે. અર્થાત્ દેયવસ્તુનું જ યદચ્છાદાન ઘટતું નથી, (આશય એ છે કે પૂર્વપક્ષ દેયનું દાન સંભવે... એમ કહેવાના ભાવવાળો છે, આપણે કહીએ છીએ કે દેયનું જ દાન ન સંભવે.. અહીં દેય = સાધુ-સંતાદિ માટે પહેલેથી જ વધારે બનાવેલી વસ્તુ ! હવે આનું દાન થાય તો ખરું પણ એ યદચ્છાદાન ન કહેવાય. જે પહેલેથી નક્કી ન હોય અને અચાનક જ આપવાનો અવસર આવે તે વખતે આપવાની ઈચ્છા થાય = યદચ્છા થાય = ઈત્વરયદચ્છા થાય, અને અપાય એ યદચ્છાદાન કહેવાય. હવે જે પૂર્વેથી દેય બની ગયેલ છે, એનું આવા પ્રકારનું યદચ્છાદાન ન સંભવે. એટલે તમે અમને અદેયના દાનના અભાવની વાત કરવાનું રહેવા દો, ઉલ્ટું દેયના જ દાનનો અભાવ આવી પડે છે...)

જો ક્યારેક દાન આપવામાં આવે એટલે કે અનિશ્ચિત રૂપે દાન આપવામાં આવે તો યદચ્છાદાનની ઉપપત્તિ થાય.

પ્રશ્ન : કદાચિત્ દાનમાં જ યદચ્છાદાન ઘટે, એવું શા માટે ?

ઉત્તર : તેવા પ્રકારનો વ્યવહાર દેખાય છે માટે. વ્યવહારમાં જયારે પહેલેથી વધારે બનાવ્યા વિના જ પોતાના જ માટે બનાવેલા ભોજનાદિમાંથી સાધુસંતોને વહોરાવવામાં

આવે ત્યારે યદચ્છાદાન માનેલું છે.

આવું જે યદચ્છાદાન છે, એનો તો અમે નિષેધ કરતાં જ નથી. પણ અ આવા પ્રકારનું નથી, તેનો જ પ્રતિષેધ કરાયેલો છે. અર્થાત્ સાધુ-સંતોને આપવાની ઈચ્છાથી પહેલેથી જે વધારે બનાવવામાં આવે તેનો જ નિષેધ કરેલો છે.

પ્રશ્ન પણ એનો નિષેધ શા માટે ?

ઉત્તર ગૃહસ્થે એ ભોજનાદિ બનાવવામાં આરંભ કર્યો, તેમાં નિમિત્ત બનવાના કારણે એ આરંભનો દોષ સાધુને લાગે માટે તેનો નિષેધ કરેલો છે.

પ્રશ્ન તો યદચ્છાદાનમાં આરંભદોષ સાધુને ન લાગે ?

ઉત્તર યદચ્છાદાનમાં તો સાધુ સંતાદિના અભાવમાં પણ પેલો ગૃહસ્થ આરંભની પ્રવૃત્તિ કરે જ છે. પોતાના માટે રાંધે જ છે. એટલે એ આરંભ 'સાધુ માટે થયેલો છે' એમ ન કહેવાય. એટલે જ અહીં સાધુને આરંભદોષ ન લાગે.

વળી બીજી વાત એ કે સૂતકાદિમાં જેમ સર્વને પ્રદાનરહિત એવી શિષ્ટ તરીકે મનાયેલાઓની પણ પાકપ્રવૃત્તિ થાય છે, એમ ક્યારેક સર્વને પ્રદાનરહિત એવી શિષ્ટ તરીકે મનાયેલાઓની પણ પાકપ્રવૃત્તિ દેખાય જ છે.

(જેમ સૂતકઘરમાં જે કંઈ રસોઈ બનાવાય, એ બધી ઘર માટે જ બનાવાય છે. કેમકે લૌકિક રિવાજ પ્રમાણે સૂતકમાં કોઈને ભોજનાદિ આપી શકતા નથી. એટલે તે વખતે તમામે તમામને = દરેકે દરેકને ભોજનદાન વિનાની એવી જ પાકપ્રવૃત્તિ થાય છે. માત્ર ઘરવાળાઓ જ જમે. એટલે અહીં તો સ્વોચિત આરંભમાં પણ કોઈપણ પ્રકારનો આશય નથી. એમ સૂતકની જેમ જંગલમાંથી પસાર થતાં ગૃહસ્થો કે રાત્રે રસોઈ બનાવતા ગૃહસ્થો કોઈ પણ દાનાદિ આપવાની ભાવનાવાળા નથી હોતા. કારણ કે ત્યારે કોઈ દાન લેવા આવનારનો એમના મનમાં તો સંભવ જ નથી. એટલે બધી જ પાકપ્રવૃત્તિમાં શિષ્ટ પુરુષોનો આશય હોય જ એવું માનવાની જરૂર નથી.

વળી બીજી વાત એ કે "ગૃહસ્થે સ્વભોગ્ય ભોજન બનાવ્યું હોય, વધારે ન બનાવ્યું હોય તો એમાં એને કુશલ ભાવ હોય તો પણ એ વહોરી શકાય એવું શાસ્ત્રમાં કહેલું છે. એટલે આવું વહોરવું એ શાસ્ત્રવિહિત અનુષ્ઠાન છે. અને એમ હોવાથી જ તેવા પ્રકારનું વહોરવામાં દોષ નથી.

વિસ્તારથી સર્યું.

આ પ્રયાસ માત્ર અક્ષરગમનિકા માત્ર ફલવાળો જ છે. (અર્થાત્ મૂળસૂત્રોના

અક્ષરોનો સામાન્યથી બોધ થાય એટલા માત્ર અપેક્ષાથી જ આ ટીકા લખવાનો પ્રયાસ કરાય છે...)

મૂળવાત પર આવીએ.

આવું પુણ્યાર્થપ્રકૃત ભોજન-પાન સાધુને ન કલ્પે. આપતી સ્ત્રીને પ્રતિષેધ કરવો કે મને તાદૃશ ન કલ્પે.

असणं पाणगं वावि, खाइमं साइमं तहा । जं जाणिज्ज सुणिज्जा वा, वणिमट्ठा पगडं इमं ॥५१॥ तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं । दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥५२॥

ગા.૫૧-૫૨ ૪૯-૫૦ ગાથા પ્રમાણે જ સમજવું. માત્ર **वणिमट्ठा** શબ્દ **पुण्णट्ठा** ના સ્થાને લેવો.

'असणं'ति सूत्रं, एवं वनीपकार्थं वनीपकाः-कृपणाः ॥५१॥ 'तं भवे'त्ति सूत्रं, प्रतिषेधः पूर्ववत् ॥५२॥

ટીકાર્થ : વનીપક = કૃપણ = કંજુસ = ગરીબ (કંજુસો = ગરીબો પરની દયાથી કેટલાકો ભોજન-પાનાદિ બનાવે..)

असणं पाणगं वावि, खाइमं साइमं तहा । जं जाणिज्ज सुणिज्जा वा, समणट्ठा पगडं इमं ॥५३॥ तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं । दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥५४॥

ગા.૫૩-૫૪ ૫૧-૫૨ ગાથા પ્રમાણે જ સમજવું. માત્ર **समणट्ठा** શબ્દ **वणिमट्ठा** ના સ્થાને લેવો.

'असणं'ति सूत्रं, एवं श्रमणार्थं, श्रमणा-निर्ग्रन्थाः शाक्यादयः ॥५३॥ 'तं भवे'त्ति सूत्रं, प्रतिषेधः पूर्ववत् ॥५४॥

ટીકાર્થ : શ્રમણો એટલે શાક્યવગેરે નિર્ગ્રન્થો.

આમાં ઘણી વિશેષબાબતો વિચારી શકાય, ટુંકમાં એટલું જ કે પ્રશંસા મેળવવાના ઉદ્દેશથી કરાય એ દાનાર્થ અને પુણ્ય મેળવવાના ઉદ્દેશથી કરાય એ પુણ્યાર્થ, આ બંનેમાં

બધા સાધુ-સંતો વગેરેને આપવાનો આશય હોય તો એમાં જૈન સાધુ પણ એ આશયના ઘટક બને છે, એટલે એ ગોચરી દોષિત ગણાય. વનીપકાર્થ ગોચરી માત્ર કૃપણો માટે છે, એમાં સાધુ એ આશયનો ઘટક ન હોવાથી ૪૨ દોષની અપેક્ષાએ એ ગોચરી નિર્દોષ પણ સંભવે, પણ છતાં એ ગોચરી ન લેવાય. કેમકે એ ગોચરી લેનારા કૃપણો જ છે, એટલે સાધુ લે તો સાધુ પણ કૃપણ તરીકે ગણાઈ જાય. વળી કૃપણાદિ માટે બનાવેલી રસોઈ લેવામાં શાસનની પણ લઘુતા થાય... ઈત્યાદિ સ્વયં વિચારવું)

किंच-

उद्देसिअं कीअगडं, पूइकम्मं च आहडं । अज्झोअर पामिच्चं, मीसजायं विवज्जए ॥५५॥

ગા.૫૫ ઔદ્દેશિક, ક્રીતકૃત, પૂર્તિકર્મ, અભ્યાહૃત, અધ્યવપૂરક, પ્રામિત્યક, મિશ્રજાત વર્જવું.

'उद्देसिअं'ति सूत्रं, उद्दिश्य कृतमौद्देशिकम्-उद्दिष्टकृतकर्मादिभेदं, क्रीतकृतं-द्रव्यभावक्रयक्रीतभेदं पूतिकर्म-संभाव्यमानाधाकर्मावयवसंमिश्रलक्षणम्, आहृतं-स्वग्रामाहृतादि, तथा अध्यवपूरकं-स्वार्थमूलाद्रहणप्रक्षेपरूपं, प्रामित्यं-साध्वर्थमुच्छिद्य दानलक्षणं, मिश्रजातं च-आदित एव गृहिसंयतमिश्रोपस्कृतरूपं, वर्जयेदिति सूत्रार्थः ॥५५॥

ટીકાર્થ : (સાધુ વગેરેને) ઉદ્દેશીને કરાયેલું હોય તે ઔદ્દેશિક. એ ઉદ્દિષ્ટ, કૃત અને કર્મ વગેરે ભેદોવાળું છે. તથા દ્રવ્ય = ધનાદિથી ખરીદવું તે અને ભાવથી = વ્યાખ્યાનાદિપ્રતિભાથી ખરીદાયેલું હોય તે એમ બે ભેદવાળુ ક્રીતકૃત છે. જેમાં આધાકર્મના અવયવોનું સંમિશ્રણ સંભાવ્યમાન છે = થયેલું છે = સંભવિત છે તે પૂતિકર્મ. સ્વગ્રામથી લાવેલ આહૃત. પોતાના માટે રાંધણ મુક્યાબાદ સાધુ માટે પાછળથી વધુ અનાજનો પ્રક્ષેપ કરવો એ અધ્યવપૂરક, સાધુને આપવા માટે બીજા પાસેથી ઉછીનું લઈને આપવું તે પ્રામિત્ય. રાંધવાની શરુઆતથી જ ગૃહસ્થ અને સાધુ બંને માટે ભેગુ રંધાવાનું શરુ કરાયેલું હોય તે મિશ્રજાત.

संशयव्यपोहायोपायमाह-

उग्गमं से अ पुच्छिज्जा, कस्सट्ठा केण वा कडं ? । सुच्चा निस्संकिअं सुद्धं,

पडिगाहिज्ज संजए ॥५६॥

ગોચરી વહોરતી વખતે તે તે દોષો હોવા સંબંધી શંકા પડે, એ શંકાના નિરાકરણ માટે ઉપાય બતાવે છે કે

ગા.૫૬ તેનો ઉદ્ગમ પૂછવો કે કોને માટે ? કોના વડે કરાયેલું છે ? નિઃશંકિતપણે શુદ્ધ સાંભળીને સાધુ ગ્રહણ કરે.

'उग्गमं' ति सूत्रं, 'उद्गमं' तत्प्रसूतिरूपम् 'से' तस्य शङ्कितस्याशनादेः 'पृच्छेत्' तत्स्वामिनं कर्मकरं वा, यथा-कस्यार्थमेतत् केन वा कृतमिति, श्रुत्वा तद्वचो न भवदर्थं किंत्वन्यार्थमित्येवंभूतं निःशङ्कितं 'शुद्धं' सदृजुत्वादिभावगत्या प्रतिगृह्णीयात्संयतो, विपर्ययग्रहणे दोषादिति सूत्रार्थः ॥५६॥

ટીકાર્થ : જે અશનાદિમાં દોષ હોવાની શંકા છે, તે શંકિત અશનાદિના ઉદ્ગમની પૃચ્છા કરવી. ઉદ્ગમ એટલે તે વસ્તુની ઉત્પત્તિ ! તે વસ્તુના સ્વામીને કે નોકરને પૂછવું કે "આ કોને માટે બનાવેલું છે ? કોના વડે બનાવાયું છે ?" એ પછી ગૃહસ્થ જવાબ આપે કે "આપના માટે નથી કર્યું. પણ બીજા માટે કરેલું છે ?"

પછી એ બોલે કે "આપને માટે કરેલું નથી, પરંતુ બીજા માટે કરેલું છે" અને એના વચન, મુખ ઉપરથી ખ્યાલ આવે કે એ સાચી સરળતાથી જ આમ બોલે છે, એમાં કપટ નથી" તો આ રીતે એની સત્સરળતા વગેરે ભાવની જાણકારી દ્વારા તેના વચનો સાંભળીને એ અશનાદિ નિઃશંકપણે નિર્દોષ છે એમ જાણીને સાધુ એનો સ્વીકાર કરે.

જો વિપર્યયથી ગ્રહણ કરે, તો દોષ લાગે, માટે ઉપર મુજબ લેવું (કોઈક દોષ અંગે શંકા પડવા છતાં ન પૂછવું, પૂછ્યા પછી એ બરાબર જવાબ ન આપે છતાં લેવું, એ બરાબર જવાબ આપે છતાં એના હાવભાવ ઉપરથી કપટની ખબર પડી જાય છતાં લેવું... આ બધું વિપર્યયગ્રહણ છે, એમાં અવશ્ય દોષ લાગે જ.

એ પણ ખ્યાલ રાખવો કે જે વસ્તુમાં શંકા થાય, તેમાં પૂછવું. દરેકે દરેક વસ્તુમાં એવી પૃચ્છા કરવાની જરૂર નથી. જે વસ્તુઓમાં નિર્દંભપણે સ્પષ્ટ નિશ્ચય હોય કે આ વસ્તુ નિર્દોષ જ છે, એ વસ્તુ વહોરવામાં કોઈ જ દોષ નથી. બાકી એકેએક વસ્તુ માટે ઉપર મુજબ પૃચ્છા કરવાની નથી.)

असणं पाणगं वावि, खाइमं साइमं तहा । पुप्फेसु हुज्ज उम्मीसं, बीएसु हरिएसु वा ॥५७॥

तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं । दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥५८॥

ગા.૫૭-૫૮ અશન, પાન, ખાદિમ કે સ્વાદિમ પુષ્પ, બીજ, હરિત સાથે ઉન્મિશ્ર હોય, તો તે ભક્તપાન સાધુઓને અકલ્પ્ય છે. દેનારીને પ્રતિષેધ કરવો કે મને તાદશ ન કલ્પે.

तथा 'असणं' ति सूत्रं, अशनं पानकं वापि खाद्यं स्वाद्यं तथा 'पुष्पैः' जातिपाटलादिभिः भवेदुन्मिश्रं, बीजैर्हरितैर्वेति सूत्रार्थः ॥५७॥ 'तारिसं'ति सूत्रं, तादृशं भक्तपानं तु संयतानामकल्पिकं, यतश्चैवमतो ददतीं प्रत्याचक्षीत न मम कल्पते तादृशमिति सूत्रार्थः ॥५८॥

ટીકાર્થ : જાતિપુષ્પ, પાટલાપુષ્પ વગેરે પુષ્પો કે બીજ કે હરિત (ઘાસાદિ)થી અશનાદિ મિશ્રિત હોય, તો તે સાધુને ન કલ્પે, તેનો નિષેધ કરવો.

(ગાથામાં पुप्फेसु વગેરે સપ્તમીવિભક્તિ છે, એનો અર્થ ત્રીજીવિભક્તિમાં કરવો.)

असणं पाणगं वावि, खाइमं साइमं तहा । उदगंमि हुज्ज निक्खित्तं, उत्तिंगपणगेसु वा ॥५९॥

तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं । दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥६०॥

ગા.૫૯-૬૦ અશન, પાન, ખાદિમ કે સ્વાદિમ પાણી પર કે કીડીયારા કે નિગોદ પર નિક્ષિપ્ત હોય, તે ભક્તપાન સાધુઓને અકલ્પ્ય હોય છે, દેનારીને પ્રતિષેધ કરવો કે તાદશ મને ન કલ્પે.

तथा 'असणं' ति सूत्रं, अशनं पानकं वापि खाद्यं स्वाद्यं तथा, उदके भवेन्निक्षिप्त-मुत्तिंगपनकेषु वा कीटिकानगरोल्लीषु वेत्यर्थः, उदयनिक्खित्तं दुविहं-अणंतरं परंपरं च, अणंतरं णवणीतपोग्गलियमादि, परोप्परं जलघडोवरिभायणत्थं दधिमादि, एवं उत्तिंग-पणएसु भावनीयमिति सूत्रार्थः ॥५९॥ 'तं भवे'त्ति सूत्रं, तद्भवेद्भक्तपानं तु संयता-नामकल्पिकं, यतश्चैवमतो ददतीं प्रत्याचक्षीत न मम कल्पते तादृशमिति सूत्रार्थः ॥६०॥

ટીકાર્થ : ઉદક-પાણી उत्तिंगं - કીડીના નગરા उल्ली - નિગોદ (બાકી બધુ ગાથાર્થ મુજબ...)

ઉદકનિક્ષિપ્ત બે પ્રકારે છે. (૧) અનંતર (૨) પરંપર.

અનન્તર નિક્ષિપ્ત માખણ, માંસ વગેરે. (આ બધી વસ્તુઓ સીધી પાણીમાં પણ મુકવામાં આવે, એટલે અનન્તર નિક્ષિપ્ત કહેવાય. અહીં આ વસ્તુઓ વહોરવાની નથી, પણ માત્ર અનન્તરનિક્ષિપ્તનું સ્વરૂપ દર્શાવ્યું છે.)

જ્યારે પાણીના ઘડાની ઉપર વાસણ મુકેલું હોય અને એમાં દહીં વગેરે હોય તો એ પાણી ઉપર પરંપરનિક્ષિપ્ત કહેવાય. એમ કીડીના નગરા અને નિગોદમાં પણ વિચારવું.

(આમાં પિંડનિર્યુક્તિ પ્રમાણે વિશેષતા એ છે કે અનંતરનિક્ષિપ્ત તો ન જ લેવાય. પણ પરંપર નિક્ષિપ્તમાં જો નીચેનું પાણી વગેરે બિલકુલ ન હલે... એ રીતે લેવાય તો વહોરી શકાય. એ બધી બાબતો વિસ્તારથી જાણવી હોય તો પિંડનિર્યુક્તિ જોવી.

તથા પાણીમાં નિક્ષિપ્ત વહોરવામાં તો પાણી હલવાદિ દ્વારા વિરાધના સ્પષ્ટ જ છે. ઉતિંગમાં એવું બને કે એના પર રહેલ વસ્તુ ઉપર કીડીઓ ચડી ગયેલી હોય, એને દૂર કરવામાં સંઘટ્ટાદિ વિરાધના થાય. તથા એ વસ્તુમાં અંદર સુધી કીડીઓ ઘુસી ગઈ હોય તો ખંખેરવા છતાં પણ દૂર ન થાય... વગેરે. નિગોદમાં તો દોષ સ્પષ્ટ જ છે.)

असणं पाणगं वावि, खाइमं साइमं तहा । तेउम्मि हुज्ज निक्खित्तं, तं च संघट्टिआ दए ॥६१॥

तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं । दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥६२॥

ગા.૬૧-૬૨ અશન, પાન, ખાદિમ કે સ્વાદિમ અગ્નિ પર નિક્ષિપ્ત હોય અને તેને સંઘટ્ટો કરીને વહોરાવે તો તે ભોજન-પાન સાધુઓને અકલ્પિક છે. દેનારીને પ્રતિષેધ કરવો કે તાદૃશ મને ન કલ્પે.

तथा 'असणं'ति सूत्रं, अशनं पानकं वापि खाद्यं स्वाद्यं तथा, तेजसि भवेन्निक्षिप्तं, 'तेजसि' इत्यग्नौ तेजस्काय इत्यर्थः, तच्च संघट्टय, यावद्भिक्षां ददामि तावत्तापातिशयेन मा भूदुद्वर्तिष्यत इत्याघट्ट्य दद्यादिति सूत्रार्थः ॥६१॥ 'तं भवे'त्ति सूत्रं, तद्भवेद्भक्तपानं तु संयतानामकल्पिकमतो ददतीं प्रत्याचक्षीत न मम कल्पते तादृशमिति सूत्रार्थः ॥६२॥

ટીકાર્થ : કંઈકવસ્તુ અગ્નિઉપર મુકેલી હોય અને સાધુને વહોરાવનાર સ્ત્રી વિચારે કે "જ્યાંસુધી હું ભિક્ષા આપીશ, ત્યાંસુધી તો અગ્નિના તાપના અતિશયના કારણે ઉપર

મુકેલી વસ્તુ બળી જશે." એમ વિચારી એ સ્ત્રી આઘટ્ટન કરીને સાધુને વહોરાવે એટલે કે નીચે રહેલા લાકડા ઓછા કરે કે ગરમી ઓછી થાય એ માટેનો પ્રયત્ન કરીને સાધુને વહોરાવે. અથવા તો ઉપર પડેલી વસ્તુ ત્યાંથી ઉપાડી લે... એમાં પણ અગ્નિનો સંઘટ્ટો થઈ જાય... આ રીતે આપે તો ન ચાલે. (આજે રોટલી, દૂધ વગેરેમાં આવું બને છે. સાધુ વહોરવા આવે અને દૂધ ઊભરાય, તો બહેનો તરત ગેસ=ચૂલો બંધ કરી દે... એમ રોટલી બળતી હોય તો પણ ગેસ=ચૂલો બંધ કરે કે રોટલી ઉતારે... આ બધામાં લગભગ અગ્નિવિરાધના- સંઘટ્ટાદિ થઈ જાય.)

આવી વસ્તુનો પ્રતિષેધ કરવો.

एवं उस्सक्किया, ओसक्किया, उज्जालिआ, पज्जालिआ, निव्वाविया, उस्सिंचिया, निस्सिंचिया, उववत्तिया, ओयारिया दए ।।६३।।

तं भवे भत्तपाणं तु, संजयाणं अकप्पिअ। दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ।।६४।।

ગા.૬૩-૬૪ એ પ્રમાણે ઉત્સેકકરીને, અવસર્પણકરીને, ઉજ્જવાલનકરીને, પ્રજ્વાલનકરીને, નિર્વાપનકરીને, ઉત્સેકકરીને, નિઃસેચનકરીને, ઉદ્વર્તનકરીને, અવતરણકરીને આપે. તે ભોજન-પાન સાધુઓને અકલ્પ્ય છે. દેનારીને નિષેધ કરવો કે તાદૃશ મને ન કલ્પે.

एवं 'उस्सक्किय'त्ति यावद्भिक्षां ददामि तावन्मा भूद्विध्यास्यतीत्युत्सिच्य दद्याद्, एवं 'ओसक्किया' अवसर्प्य अतिदाहभयादुल्मुकान्युत्सार्येत्यर्थः, एवं 'उज्जालिया पज्जालिया' 'उज्जवाल्य' अर्धविध्यातं सकृदिन्धनप्रक्षेपेण, 'प्रज्वाल्य' पुनः पुनः । एवं 'निव्वाविया' निर्वाप्य दाहभयादेवेति भावः, एवं 'उस्सिंचिया निस्सिंचिया' 'उत्सिच्य' अतिभृतादुज्झनभयेन ततो वा दानार्थं तीमनादीनि, 'निषिच्य' तद्भाजनाद्रहितं द्रव्यमन्यत्र भाजने तेन दद्यात्, उद्वर्तनभयेन वाऽऽद्रहितमुदकेन निषिच्य, एवं 'ओवत्तिया ओयारिया' 'अपवर्त्य' तेनैवाग्निनिक्षिप्तेन भाजनेनान्येन वा दद्यात्, तथा 'अवतार्य' दाहभयाद्दानार्थं वा दद्यात्, अत्र तदन्यच्च साधुनिमित्तयोगे न कल्पते ।।६३।। 'तं भवे' त्ति सूत्रं पूर्ववत् ।।६४।।

ટીકાર્થ :

(૧) "જ્યાં સુધી હું ભિક્ષા વહોરાવીશ, ત્યાં સુધીમાં આ અગ્નિ ઓલવાઈ જશે, એમ ન થાઓ" એ મારે સ્ત્રી અગ્નિને ઉત્સેચીને આપે. (પહેલા તો લાકડા અને છાણની અગ્નિ હતી. એ અગ્નિ ઠંડી પડવા લાગે, ત્યારે લોકો ફુંક મારીને એને પ્રજવલિત કરતા. જો ભિક્ષાદાન સમય દરમ્યાન અગ્નિ ઓલવાઈ જાય, તો એને ફરી પેટાવવામાં મુશ્કેલી તો પડે જ. કેમકે આજના જેવી માચીસ - લાઈટરની પદ્ધતિ ન હતી, કે તરત અગ્નિ પેટાવી શકાય. એટલે અગ્નિ ઓલવાઈ ન જાય એ માટે સ્ત્રીઓ ભૂંગળાદિ દ્વારા કે સુપડાદિ દ્વારા પવન નાંખીને અગ્નિને ઓલવવા ન દે, વધારે પણ આવું કરે તો સાધુ નિમિત્તે વિરાધના થઈ, માટે ન ચાલે... એમ આગળ પણ સમજવું.)

(૨) વહોરાવતા સુધીમાં તો "અતિદાહના કારણે વસ્તુ બળી જશે..." એમ અતિદાહના ભયથી ઊંબાડીયાને દૂર કરીને, બહાર કાઢીને ભિક્ષા વહોરાવે.

(૩) અડધી ઓલવાઈ ચૂકેલી વસ્તુને એકવાર ઈંધનપ્રક્ષેપ દ્વારા ઉજ્જવલિત કરે.

(૪) વારંવાર ઈંધન પ્રેક્ષપ કરે તો એ પ્રજવાલન. એમ કરીને ભિક્ષા આપે.

(૫) 'વસ્તુ બળી જશે' એવા દાહના ભયથી જ અગ્નિ ઓલવી દઈને આપે.

(૬) આખા ભરેલા વાસણમાંથી દૂધ વગેરે વસ્તુ અગ્નિના કારણે બહાર ઢોળાઈ ન જાય એ માટે એ વાસણમાંથી નાના વાસણાદિ દ્વારા દૂધ કાઢી લઈને બીજી ભિક્ષા વહોરાવે. (વસ્તુ ઘટવાથી ઢોળાય નહિ...) અથવા તો એ અગ્નિ પર રહેલા વાસણમાંની વસ્તુ જ આપવી હોય, તો પણ એમાંથી એ વસ્તુ કાઢીને વહોરાવે. વાસણ નમાવ્યા વિના જ નાના વાસણથી એ અગ્નિ પર રહેલા વાસણમાંથી વસ્તુ લે.)

તીમનાદિ એટલે વઘારેલું દહીં, વઘારેલી છાશ વગેરે...

(૭) અગ્નિ પર મુકેલા વાસણમાં જે દ્રવ્ય રાંધણ માટે મુક્યું હોય, તે દ્રવ્ય બીજા ભાજનમાં કાઢી લઈ તે ખાલી થયેલા ભાજનથી વહોરાવે. (દા.ત. નાની તપેલીમાં શાક ગરમ થાય છે. સાધુને દાળ વહોરાવવી છે, એ નાની તપેલીથી વહોરાવવી ફાવે એમ છે. તો એનું શાક બીજી કઢાઈ વગેરેમાં ખાલી કરીને એ નાની તપેલીથી દાળ વહોરાવે...)

અથવા તો "તાપને લીધે દ્રવ્ય ઊભરાઈને બહાર ઢોળાઈ જશે" એવા ભયને લીધે એ રાંધણની વસ્તુને, રાંધણને પાણીથી સીંચીને વહોરાવે. (ઉભરો આવતી વસ્તુ પર જરાક પાણી છાંટવાથી એ તત્કાળ તો ઉભરો આવતી અટકે...)

(૮) અગ્નિ પર રહેલા વાસણને જ નમાવીને એ નમાવેલા વાસણથી જ વહોરાવે

કે પછી એ નમાવેલા વાસણમાંથી અન્યવાસણમાં વસ્તુ લઈને અન્યવાસણથી વહોરાવે...

(૯) વસ્તુ બળી જવાના ભયથી વસ્તુ અગ્નિ ઉપરથી નીચે ઉતારી લઈ બીજી ભિક્ષા આપે, અથવા તો અગ્નિ પરની વસ્તુ વહોરાવવી હોય, તો એ માટે પણ એ વસ્તુ અગ્નિ ઉપરથી નીચે ઉતારી લઈ વહોરાવે. (નં.૮ માં અગ્નિ ઉપર વાસણ રાખીને એને નમાવે છે.)

અહીં આ વિરાધના જો સાધુના નિમિત્તથી થઈ હોય તો અહીં તે વસ્તુ કે તે સિવાયની વસ્તુ સાધુને ન કલ્પે.

(દા.ત. ગેસ=ચૂલા પર પડેલું દૂધ ગોચરી વહોરાવતા સુધીમાં ઉભરો આવીને ઢોળાઈ ન જાય, એ માટે ગેસ ધીમો કરે... તો સાધુ નિમિત્તે આ વિરાધના થઈ. અહીં એ દૂધ તો ન જ ચાલે, પણ દૂધ સિવાયની બાકીની વસ્તુ પણ ન ચાલે. ટુંકમાં જે ઘરમાં સાધુ નિમિત્તે કંઈપણ વિરાધના થાય, તે ઘરમાં તે વખતે તો સાધુ કંઈપણ વહોરી ન શકે...)

દેનારી સ્ત્રીને નિષેધ કરવો કે તાદશ મને ન કલ્પે.

हुज्ज कट्ठं सिलं वावि, इट्टालं वावि एगया । ठविअं संकमट्ठाए, तं च होज्ज चलाचलं ॥६५॥

ण तेण भिक्खू गच्छिज्जा, दिट्ठो तत्थ असंजमो । गंभीरं झुसिरं चेव, सव्विंदिअसमाहिए ॥६६॥

ગા.૬૫-૬૬ એકદા લાકડું કે પત્થર કે ઈંટ સંક્રમ માટે મુકેલી હોય, અને તે ચલાચલ હોય. ભિક્ષુ તે ઉપરથી ન જાય. ત્યાં અસંયમ દેખાયેલો છે. સર્વેન્દ્રિયસમાહિત ભિક્ષુ ગંભીર અને ઝૂષિરને (પરિવર્જે- ત્યાગે).

गोचराधिकार एव गोचरप्रविष्टस्य 'होज्ज' त्ति सूत्रं, भवेत् काष्ठं शिला वापि इट्टालं वाऽपि 'एकदा' एकस्मिन् काले प्रावृडादौ स्थापितं संक्रमार्थं, तच्च भवेत् 'चलाचलम्' अप्रतिष्ठितं, न तु स्थिरमेवेति सूत्रार्थः ॥६५॥ 'ण तेण' त्ति सूत्रं, न 'तेन' काष्ठादिना भिक्षुर्गच्छेत्, किमिति ?, अत्राह-दृष्टस्तत्रासंयमः, तच्चलने प्राण्युपमर्दसंभवात्, तथा 'गम्भीरम्' अप्रकाशं 'शुषिरं चैव' अन्तःसाररहितम्, 'सर्वेन्द्रियसमाहितः' शब्दादिषु रागद्वेषावगच्छन्, परिहरेदिति सूत्रार्थः ॥६६॥

ટીકાર્થ : ગોચરીનો અધિકાર ચાલે છે, એમાં જ ગોચરી માટે નીકળેલા સાધુને

માટેની વિધિ બતાવે છે. કે ચોમાસા વગેરે કાળમાં એવું બને કે સંક્રમ માટે = ચાલવા માટે લાકડું-પત્થર કે ઈંટાળા મુકેલા હોય, (પાણી વહેતું હોય એટલે આ બધા ઉપર પગ મૂકી મૂકીને ઘરોમાં કે તે તે સ્થાનોમાં જવાનું હોય...) અને તે ચલાચલ = અપ્રતિષ્ઠિત હોય. સ્થિર જ હોય એવું ન હોય. (પણ ક્યારેક અમુક રીતે પગ મુકાય તો સ્થિર રહે, નહિ તો અસ્થિર રહે...) તો એવા લાકડાદિ ઉપરથી ભિક્ષુએ ન જવું.

પ્રશ્ન શા માટે ન જવું ?

ઉત્તર : તેમાં અસંયમ દેખાયેલો છે. કેમકે તે લાકડું વગેરે હલે એટલે જીવોની હિંસા થવાનો સંભવ છે.

તથા શબ્દવગેરેમાં રાગ અને દ્વેષને ન પામતા સાધુ ગંભીર અને ઝૂષિરને છોડી દે. એમાં ગંભીર એટલે પ્રકાશરહિત = જે પ્રગટ ન હોય તે. ઝૂષિર એટલે અંદર સારભૂત પદાર્થરહિત. (અંદરથી પોલું હોય એવી વસ્તુમાં જીવોત્પત્તિની સંભાવના વધારે છે. દા.ત. રૂવાળી રજાઈ. એમાં અંદર પોલાણ ઘણું હોય એટલે એમાં કીડાદિ થવાની સંભાવના વધારે, એટલે જ એના ઉપર ચાલવું નહિ કે એનો વપરાશ કરવો નહિ. તથા ઉપર દર્શાવેલો હલતો પત્થર એ અપ્રકાશમાં દૃષ્ટાન્ત તરીકે લઈ શકાય. પત્થરની નીચેની જગ્યા આંખેથી દેખાતી નથી. ત્યાં જીવોની સંભાવના છે, પત્થર હલે એટલે એ અપ્રકાશ જગ્યા પર પણ પત્થરનો ભાગ દબાય, ત્યાં રહેલા જીવોની વિરાધના થાય...)

किंच-

निस्सेणिं फलगं पीढं, उस्सवित्ता णमारुहे । मंचं कीलं च पासायं, समणट्ठा एव दावए ।।६७।। दुरूहमाणी पवडिज्जा, हत्थं पायं व लूसए । पुढविजीवे विहिंसिज्जा, जे अ तन्निस्सिया जगे ।।६८।। एआरिसे महादोसे, जाणिऊण महेसिणो । तम्हा मालोहडं भिक्खं, न पडिगिण्हंति संजया ।।६९।।

વળી,

ગા. ૬૭-૬૮-૬૯ સાધુને આપવામાટે નિસરણી, ફલક, પીઠ ઉપરકરીને, માંચડા, ખીલાને ઉંચાકરીને પ્રાસાદઉપર ચડે. ચડતી તે સ્ત્રી પડે, હાથ અને પગ ખંડિત થાય, પૃથ્વીજીવોની હિંસા થાય તથા જે તન્નિશ્રિત જીવો હોય તેની હિંસા થાય. આવા પ્રકારના

મોટાદોષોને જાણીને મહર્ષિ સંયતો માલાપહૃત ભિક્ષાને ગ્રહણ ન કરે.

'णिस्सेणिं' ति सूत्रं, निश्रेणिं फलकं पीठम् 'उस्सवित्ता' उत्सृत्य ऊर्द्ध्वं कृत्वा इत्यर्थः, आरोहेन्मञ्चं, कीलकं च उत्सृत्य कमारोहेदित्याह-प्रासादं, 'श्रमणार्थं' साधुनिमित्तं 'दायको' दाता आरोहेत्, एतदप्यग्राह्यमिति सूत्रार्थः ॥६७॥ अत्रैव दोषमाह- 'दुरूहमाणि' त्ति सूत्रं, आरोहन्ती प्रपतेत्, प्रपतन्ती च हस्तं पादं वा 'लूषयेत्' स्वकं स्वत एव खण्डयेत्, तथा पृथ्वीजीवान् विहिंस्यात्, कथंचित्तत्रस्थान्, तथा यानि च तन्निश्रितानि 'जगन्ति' प्राणिनस्तांश्च हिंस्यादिति सूत्रार्थः ॥६८॥ 'एआरिसे' त्ति सूत्रं, 'ईदृशान्' अनन्तरोदितरूपान्महादोषान् ज्ञात्वा 'महर्षयः' साधवः । यस्माद्दोषकारिणीयं तस्मात् 'मालापहृतां' मालादानीतां भिक्षां न प्रतिगृह्णन्ति संयताः, पाठान्तरं वा 'हंदि मालोहडं' ति, हन्दीत्युपप्रदर्शन इति सूत्रार्थः ॥६९॥

ટીકાર્થ : (પ્રાસાદ એટલે ઉપરનું માળીયું વગેરે ઊંચુંસ્થાન સમજવું. એમાં રહેલી વસ્તુ સાધુને વહોરાવવી છે, એ લેવા માટે સ્ત્રી ઊંચા થવાનો કે ઉંચે ચડવાનો પ્રયત્ન કરે છે. એ માટે...) સીડી કે ફલક = લાકડાનું પાટીયું કે પીઠ = પીઠિકા = બાજોઠાદિને ઉંચાકરીને પ્રાસાદઉપર = માળીયાદિઉપર ચઢે છે. એમ માંચડાને કે ખીલાને ઉંચાકરીને પ્રાસાદઉપર ચઢે. આ બધું જ સાધુને વહોરાવવામાટે દાતા કરે.

તો આવી વસ્તુ પણ વહોરવી નહિ.

અહીં જ દોષ બતાવે છે.

ચડતી સ્ત્રી પડી જાય અને પડતી સ્ત્રી પોતાના જ હાથ કે પગને પોતે જ ખંડિત કરી દે. (પોતાના શરીરના વજનાદિથી જ હાથ કે પગ ભાંગી જાય, ફેક્ચર થાય...) તથા જો નીચેની જગ્યામાં કોઈપણ રીતે કાચુંમીઠું - સચિત્તમાટી વગેરે પૃથ્વીજીવો રહેલા હોય તો એ તથા એ પૃથ્વીની અંદર જે બીજા નિગોદ, ત્રસાદિજીવો હોય તે બધાની વિરાધનાકરનારી એ સ્ત્રી બને. અર્થાત્ એ જીવો મરી જાય.

આ હમણાં જ દર્શાવાયેલા મોટાદોષોને જાણીને 'જે કારણથી આ ભિક્ષા દોષવાળી છે' તે કારણથી સંયતસાધુઓ માળીયાઉપરથી લવાયેલી ભિક્ષાને ગ્રહણ કરતાં નથી.

ક્યાંક **तम्हा मालोहडं** ને બદલે **हंदि मालोहडं** એમ બીજો પાઠ છે ત્યાં **हन्दि** શબ્દ ઉપપ્રદર્શનમાં છે. (આ પદાર્થ દર્શાવવામાટે છે = ધ્યાન દોરવવામાટે છે...)

(અહીં આટલી સ્પષ્ટતા જાણી લેવી કે ક્યાંક પહેલો માળ, બીજો માળ એ રીતે પણ

હોય અને એમાં બીજા માળ પર ચડવા માટે સીડીનો ઉપયોગ કરવો પડતો હોય. ક્યાંક એવું હોય કે નીચેના ઓરડામાં જ અમુક ભાગ માળીયા તરીકે હોય, એમાં વસ્તુ ગોઠવી હોય. અત્યારે તો ઉપર ઉપર કબાટો પણ હોય છે. એમાં ખાદ્યવસ્તુના ડબ્બા રાખવામાં આવતા હોય છે. આ બધું લેવા સ્ત્રીએ ઉપર ચઢવું પડે. એ માટે સીડી વગેરેનો આશરો લેવો પડે, એમાં પડી જવાની સંભાવના રહે જ.

લાકડાના ટેબલ વગેરે ઉપર ચડે, તો પણ એવું બનતું હોય છે કે ટેબલની વચ્ચેવચ ભાર આવવાને બદલે જો કોઈપણ એકબાજુ ભાર આવે, તો એ ટેબલ ઉંધુ વળી જાય, ચઢનારો પડી જાય... એટલે એ પણ ન ચાલે...

તથા તે વખતે લાકડાના મોટા-મોટા ખીલાઓ પણ કોઈક ઘરમાં હોય, તેના આધારે પણ સ્ત્રી ઉપર ચઢવા પ્રયત્ન કરે એ સંભવિત છે. ઘણીવાર ભીંતમાં જે ખીલા ઘોંચી દેવાયા હોય, તેના આધારે પણ દાત્રી ઉપર ચઢવા પ્રયત્ન કરે... આ બધામાં એ ખીલો ખસે કે તૂટે એટલે દાત્રી પડે...

આમ આ બાબતમાં પ્રાચીન અને વર્તમાન પરિસ્થિતિ પ્રમાણે અનેક બાબતો વિચારવી.)

प्रतिषेधाधिकार एवाह-

कंदं मूलं पलंबं वा, आमं छिन्नं व सन्निरं । तुंबागं सिंगबेरं च, आमगं परिवज्जए ॥७०॥

પ્રતિષેધનો અધિકાર ચાલુ જ છે એમાં જ આ કહે છે કે,

ગા.૭૦. કંદ, મૂળ, પ્રલંબ, છિન્ન સંનિર (આ બધું) કાચું હોય તો વર્જવું. તુંબાક અને સિંગબેર કાચા હોય તો વર્જવા.

'कंदं मूलं' ति सूत्रं, 'कन्दं' सूरणादिलक्षणम् 'मूलं' विदारिकारूपम् 'प्रलम्बं वा' तालफलादि, आमं छिन्नं वा 'सन्निरम्' सन्निरमिति पत्रशाकम्, 'तुम्बाकं' त्वग्मिजान्तर्वर्ति आर्द्रा वा तुलसीमित्यन्ये, 'श्रृङ्गबेरं' चार्द्रकम्, आमं परिवर्जयेदिति सूत्रार्थः ॥७०॥

ટીકાર્થ : સૂરણાદિ એ કંદ છે. વિદારિકા એ મૂલ છે. તાલફલાદિ એ ફળ છે. આ બધા આમ = કાચા હોય તથા છિન્ન એવું પત્રશાક (પાંદડા રૂપ શાક-ભાજી-કોથમીરાદિ) કાચું હોય તો આ બધું વર્જવું.

તુંબાક એટલે ત્વગ્મિંજાની અંતર્વર્તી પદાર્થ (?)

અન્યલોકો એમ કહે છે કે ભીનીતુલસી = તુંબાક.

શૃંગબેર એટલે સુંઠ.

આ બધું કાચું હોય તો વર્જવું.

(કાચું હોય એ સચિત હોય એટલે વર્જવું. પાક્યા પછી પણ બધું ચાલે જ એવો નિયમ નથી. ફળ પાક્યા પછી પણ અંદર બીજ સચિત્ત હોવાથી ન વપરાય, બીજ કાઢ્યા પછી પણ ૪૮ મિનિટ બાદ વપરાય. કંદમૂળ વગેરે પાકીગયેલા-રંધાઈગયેલા અચિત્ત હોય, તો પણ ન વપરાય...)

तहेव सत्तुचुन्नाइं, कोलचुन्नाइं आवणे । सक्कुलिं फाणिअं पूअं, अन्नं वावि तहाविहं ॥७१॥

विक्कायमाणं पसढं, रएणं परिफासिअं । दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥७२॥

ગા.૭૧-૭૨ દુકાનમાં = બજારમાં સાથવો, બદરસક્તુ, તલપાપડી, દ્રવગોળ, પૂય અથવા તો બીજું પણ તેવા પ્રકારનું મોદકાદિ. આ બધું પ્રસહ્ય વિક્રીયમાણ હોય, રજથી પરિસ્પૃષ્ટ હોય, આવા પ્રકારનું આપતીને નિષેધ કરવો કે મને તાદશ ન કલ્પે.

'तहेव' त्ति सूत्रं, तथैव 'सक्तुचूर्णान्' सक्तून् 'कोलचूर्णान्' बदरसक्तून् 'आपणे' वीथ्यां, तथा 'शष्कुलीं' तिलपर्पटिकां 'फाणितं' द्रवगुडं 'पूयं' कणिकादिमयम्, अन्यद्वा तथाविधं मोदकादि ॥७१॥ किमित्याह-'विक्कायमाणं' ति सूत्रं, विक्रीयमाणमापणे इति वर्तते, 'प्रसह्य' अनेकदिवसस्थापनेन प्रकटम्, अत एव 'रजसा' पार्थिवेन 'परिस्पृष्टं' व्याप्तं, तदित्थम्भूतं तत्र ददतीं प्रत्याचक्षीत न मम कल्पते तादृशमिति सूत्रद्वयार्थः ॥७२॥

ટીકાર્થ : સક્તુચૂર્ણ - સેકેલા જવનો ભુક્કો-લોટ વગેરે.

કોલચૂર્ણ - બોરનું ચૂર્ણ.

શષ્કુલી - તલપાપડી

ફાણિત - ઢીલો ગોળ

પૂય - લોટાદિનો બનેલો પુડલો...

આ બધુ બજારમાં દુકાનમાં વેચાતું હોય, એ ઘણાં દિવસોથી ત્યાં જ મુકી રાખેલું

હોવાના કારણે પ્રગટ કહેવાય. ઘણાં દિવસથી દુકાનમાં (દેખાવ વગેરે માટે) ખુલ્લું પડેલું હોય એટલે જ ઊડતી માટી-ધૂળ વગેરેથી વ્યાપ્ત હોય... આવા પ્રકારની વસ્તુ સ્ત્રી વહોરાવે તો નિષેધ કરવો કે મને તાદશ ન કલ્પે.

(અહીં આજે પણ મીઠાઈની ફરસાણની દુકાનોમાં કેટલીક ખાદ્યવસ્તુઓ ખુલ્લી પડેલી હોય, એના ઉપર માખી વગેરે ન બેસે, એ માટે કેટલાકો વળી કાણાવાળી જાળી પણ ઉપર મુકતા હોય... પણ આ બધી ઘણા દિવસોથી પડેલી વસ્તુઓ હોય એટલે એમાં ઊડતી ધૂળની રજકણો વગેરે લાગી હોવાની સંભાવના છે. એ સચિત્ત પણ હોઈ શકે. એટલે આવી વસ્તુઓ વહોરવાનો નિષેધ કરેલો જાણવો.)

किंच-

बहुअट्ठियं पुग्गलं, अणिमिसं वा बहुकंटयं । अच्छियं तिंदुयं बिल्लं, उच्छुखंडं व सिंबलिं ॥७३॥

अप्पे सिआ भोअणज्जाए, बहुउज्झियधम्मियं । दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥७४॥

ગા. ૭૩-૭૪ બહુ-અસ્થિક પુદ્ગલ, બહુકંટક અનિમિષ, અસ્થિક, તિંદુક, ઈક્ષુખંડ, સિંબલી... આ ભોજનજાત અલ્પ છે. ઘણું ફેંકી દેવાના સ્વભાવવાળું છે. (આવું) આપનારીને પ્રતિષેધ કરવો કે મારે તાદશ ન કલ્પે.

'बहुअट्ठियं-'ति सूत्रं, बह्वस्थि 'पुद्गलं' मांसम् 'अनिमिषं वा' मत्स्यं वा बहुकण्टकम्, अयं किल कालाद्यपेक्षया ग्रहणे प्रतिषेधः, अन्ये त्वभिदधति-वनस्पत्यधिकारात्तथाविधफलाभिधाने एते इति, तथा चाह-'अत्थिकं' अस्थिक-वृक्षफलम्, 'तेंदुकं' तेंदुरुकीफलम्, बिल्वम् इक्षुखण्डमिति च प्रतीते, 'शाल्मलिं वा' वल्लादिफलिं वा, वाशब्दस्य व्यवहितः संबन्ध इति सूत्रार्थः ॥७३॥ अत्रैव दोषमाह-'अप्पे'त्ति सूत्रं, अल्पं स्याद्भोजनजातमत्र, अपि तु बहूज्झनधर्मकमेतत्, यतश्चैवमतो ददतीं प्रत्याचक्षीत न मम कल्पते तादृशमिति सूत्रार्थः ॥७४॥

ટીકાર્થ : ઘણાં હાડકાવાળું માંસ હોય કે ઘણાં કાંટાવાળી માછલી હોય... તો એ ન લેવું.

પ્રશ્ન : સાધુએ તો માંસ-માછલી લેવાના જ નથી, પછી એ વધુ હાડકાવાળા હોય

કે બીજા હોય... એટલે આવો નિષેધ કરવો જોઈએ કે માંસ-માછલી ન લેવા એને બદલે આવો વિચિત્ર પ્રતિષેધ કેમ કર્યો? આનો અર્થ તો એવો થયો કે ઓછા હાડકાદિવાળા માંસાદિ કે હાડકાદિ વિનાના માંસાદિ લેવાય...

ઉત્તર : તે તે કાલ વગેરેની અપેક્ષાએ ગાઢકારણસર જ્યારે માંસ-માછલીનું ગ્રહણ કરવું જ પડે. ત્યારે અપવાદમાર્ગે એ ગ્રહણ કરવામાં આ પ્રતિષેધ જાણવો કે → અપવાદે એ લેવું જ પડે તો પણ ઘણાં હાડકાવાળા માંસાદિ ન લેવાં. (અમુક વિચિત્રપ્રકારના રોગાદિમાં કે એવી કોઈ વિષમ પરિસ્થિતિમાં માંસાદિ લેવા પડે... એવું બને. પણ આ વાત અતિ-અતિ ગાઢકારણોમાં જ સમજવી. અને તે પણ બાહ્યપરિભોગ માટે જ સમજવું.)

બીજાઓ તો કહે છે કે "અહીં વનસ્પતિનો અધિકાર ચાલે છે, એટલે જ અહીં માંસ-માછલીની વાત સંભવિત નથી. એટલે જ અહીં પુદ્ગલ અને અનિમિષ શબ્દથી તેવા પ્રકારના ફલના નામો જ આ સમજવા. અર્થાત્ પુદ્ગલ નામનું કોઈક ફળ છે. જેમાં ઠળીયા ઘણાં હોય છે. અનિમિષ નામનું કોઈક ફળ છે, જેમાં કાંટા ઘણાં હોય છે... એનો નિષેધ અત્રે કરેલો છે."

જુઓ, આગળ બધા વનસ્પતિના જ નામો છે. અસ્થિક એટેલે અસ્થિકવૃક્ષનું ફલ, તેંદુક = તેંદુરુકીફલ, બિલ્વ અને ઈક્ષુખંડ = શેરડી એ બે પ્રસિદ્ધ છે. શાલ્મલિ = વલ્લાદિફળી **वा** શબ્દનો વ્યવહિતસંબંધ કરવો. (**व सिंबलिं** એમ લખેલું છે, એમાં **व** ને પાછળ જોડવાનો છે. **सिंबलिं वा** એમ અર્થ લેવાનો છે. આ જ વ્યવહિત સંબંધ કહેવાય...) (અન્યમતનો આશય એ છે કે અસ્થિક, બિલ્વ, ઈક્ષુખંડ, શિંબલિ આ ચારેય વનસ્પતિ છે, તો એના જ અધિકારમાં માંસ-માછલીની વાત ક્યાંથી આવે ? એટલે પુદ્ગલ - અનિમિષ શબ્દથી તે નામવાળા ફળો જ લેવા જોઈએ.

ગ્રન્થકારે પોતાનો અભિપ્રાય જુદો દર્શાવ્યો છે. એમણે તો પુદ્ગલ = માંસ અને અનિમિષ = માછલી એજ અર્થ લીધો છે. એની પાછળ એવો આશય હોઈ શકે કે અહીં વનસ્પતિનો અધિકાર નથી, પણ જેમાં ખાવાનું ઓછું અને પરઠવવાનું વધારે એવી વસ્તુઓ બતાવવાનો અધિકાર છે. ૭૪મી ગાથા ઉપરથી એ ખ્યાલ આવી જ જાય છે. એટલે વનસ્પતિનો જ અધિકાર હોત તો અન્યમત સ્વીકારી શંકાત. પણ અહીં તો **बहुउज्झनधार्मिक** વસ્તુનો અધિકાર છે. એમાં વનસ્પતિ વગેરે જે જે આવે એ બધું જ બતાવી શકાય. એટલે હાડકાવાળા માંસ અને કાંટાવાળી માછલીનો એ દષ્ટિએ ઉલ્લેખ કરવામાં આવે તો એ કંઈ ખોટું નથી જ. અને આવું અપવાદ માર્ગે સંભવિત પણ છે.

તેમ છતાં અન્યમત પ્રમાણે તે નામના બે ફળો લેવામાં આવે, તોય વિશેષ વાંધો

* * * નમોઽસ્તુ તસ્મૈ જિનશાસનાય * * *

નથી... એટલે એનું ખંડન પણ કરેલું નથી.)

આમાં જ દોષ બતાવે છે કે

આ વસ્તુઓમાં ભોજન કરવાનું ઓછું હોય, પરંતુ આ બધું ઘણું નાંખી દેવાના સ્વભાવવાળું છે. જે કારણથી આવું છે, એ કારણથી આપતી સ્ત્રીને નિષેધ કરવો કે તાદૃશ મને ન કલ્પે. (ઠળીયા-કાંટા વગેરે ઘણું નાંખી દેવું પડે... માટે.)

उक्तोऽशनविधिः, साम्प्रतं पानविधिमाह-

तहेवुच्चावयं पाणं, अदुवा वारधोअणं । संसेइमं चाउलोदगं, अहुणाधोअं विवज्जए ॥७५॥

અશનવિધિ કહેવાઈ ગઈ હવે પાનવિધિને કહે છે.

ગા.૭૫ તેજ પ્રમાણે ઊંચુ-નીચું પાણી અથવા વારધોવણ, સંસ્વેદિમ, (ઉત્સર્ગ-અપવાદ મુજબ ગ્રહણ કરવું.) તંદુલોદક અધુનાધૌત હોય તો વર્જવું.

'तहेव'त्ति सूत्रं, तथैव यथाशनमुच्चावचं तथा पानम् 'उच्चं' वर्णाद्युपेतं द्राक्षापानादि 'अवचं' वर्णादिहीनं पूत्यारनालादि अथवा 'वारकधावनं' गुडघटधावनमित्यर्थः, 'संस्वेदजं' पिष्टोदकादि, एतदशनवदुत्सर्गापवादाभ्यां गृह्णीयादिति वाक्यशेषः, 'तन्दुलोदकम्' अद्रिकरकं 'अधुनाधौतम्' अपरिणतं विवर्जयेदिति सूत्रार्थः ॥७५॥

ટીકાર્થ : જે રીતે અશન સારું-ખરાબ બંને પ્રકારનું મળે, તેમ પાન પણ ઉચ્ચ-નીચ બે પ્રકારનું હોય. એમાં સારા વર્ણ-ગંધ-રસાદિવાળું હોય તે ઉચ્ચ. જેમકે દ્રાક્ષનું પાણી વગેરે. અવચ એટલે વર્ણાદિરહિત. જેમકે મલિન આરનાલ (કાંજી) વગેરે.

આ અથવા વારકધાવન એટલે કે ગોળ ભરેલા ઘડાને (ગોળ ખાલી થયા બાદ) ધોયો હોય તે પાણી.

સંસ્વેદજ એટલે પિષ્ટોદક (લોટ સંબંધી ધોવાણાદિનું પાણી...)

આ બધું પાણી અશનની માફક ઉત્સર્ગ અને અપવાદથી ગ્રહણ કરવું.

આ **उत्सर्गापवादाभ्यां गृह्णीयात्** શબ્દ લખેલો નથી, પણ એ વાક્ય શેષ તરીકે લઈ લેવાનું છે.

(આશય એ કે આ બધામાં ઉત્સર્ગમાર્ગે કયું પાણી કયારે લેવાય ?

અપવાદમાર્ગે કયું પાણી ક્યારે લેવાય ?... એ બધું વિચારી સમજી એ મુજબ લેવું)

હવે જે ચોખાનું ધોવાણનું પાણી છે, કે જે અટ્ટિકરક કહેવાય છે, તે જો હમણાં જ ધોયેલું હોય તો એ સચિત્ત હોય, એ પાણી વર્જવું. (ચોખાને બરાબર ધુએ, ત્યારનું પાણી એ અહીં સમજવું)

अत्रैव विधिमाह-

जं जाणेज्ज चिराधोयं, मईए दंसणेण वा । पडिपुच्छिऊण सुच्चा वा, जं च निस्संकिअं भवे ॥७६॥

આ ચોખાના પાણીમાં જ વિધિ બતાવે છે કે

ગા.૭૬. મતિથી, દર્શનથી, પ્રતિપૃચ્છા કરીને કે સાંભળીને જે પાણી ચિરધૌત જણાય, જે નિઃશંક્તિ હોય, તે ગ્રહણ કરવું.

'जं जाणिज्ज'त्ति सूत्रं, यत्तन्दुलोदकं 'जानीयात्' विद्याच्चिरधौतम्, कथं जानीयादित्यत आह-मत्या दर्शनेन वा, 'मत्या' तद्ग्रहणादिकर्मजया 'दर्शनेन वा' वर्णादिपरिणतसूत्रानुसारेण च, वा चशब्दार्थः, तदप्येवंभूतं कियती वेलाऽस्य धौतस्येति पृष्ट्वा गृहस्थं, 'श्रुत्वा वा' महती वेलेति श्रुत्वा च प्रतिवचनं 'यच्चे'ति यदेव निःशङ्कितं भवति निरवयवप्रशान्ततया तन्दुलोदकं तत्प्रतिगृह्णीयादिति, विशेषः पिण्डनिर्युक्तावुक्त इति सूत्रार्थः ॥७६॥

ટીકાર્થ : જે ચોખાનું ધોવાણ એવું જણાય કે "આ ઘણા કાળથી ધોવાયેલું છે"

પ્રશ્ન પણ એ ખબર શી રીતે પડે ?

ઉત્તર : મતિથી : સાધુ રોજ આવા ચોખાના ધોવાણના પાણી લેતો જ હોય, એટલે આ તે પાણી લેવા, જોવા, સુંઘવા વગેરેની ક્રિયાથી એને એવા પ્રકારની બુદ્ધિ થઈ જ ગઈ હોય કે ચિરધૌત પાણી કેવું હોય અને અધુનાધૌત પાણી કેવું હોય ? એટલે એ કાર્મિકીમતિથી સાધુને ખબર પડી જાય કે આ પાણી ચિરધૌત છે...

દર્શનથી : ધોવાણવાળું પાણી કેવા પ્રકારના વર્ણવાળું, ગંધવાળું થાય તો એ પરિણત = અચિત્ત બને... આ બધું નિરૂપણ કરનારા સૂત્રો એ અહીં દર્શન તરીકે લેવાના છે. એ સૂત્રોના અનુસારે પણ સાધુ નક્કી કરે કે "આ પાણી ચિરધૌત છે" (આમાં શ્રુતજ્ઞાનનો મુખ્ય આધાર લે છે...)

અહીં **वा** શબ્દ **च** શબ્દના અર્થવાળો છે. અર્થાત્ માત્ર કાર્મિકીમતિથી કે માત્ર સૂત્રથી જાણે એમ નહિ. પણ એ બંનેથી જાણે કે "આ વસ્તુ ચિરધૌત છે..."

(આશય એમ જણાય છે કે કોઈક કાર્મિકીમતિવા ો હોય. એને ચિરધૌતની ખબર પડતી હોય એવો ગૃહસ્થ દીક્ષા લે, તો પણ એને એ રીતે પાણી લાવવાની રજા ન મળે. એણે સૂત્ર ગોખવા, અર્થ કરવા... વગેરે કરવું જ પડે... એ પછી એને પાણી લાવવાની સંમતિ મળે. એટલે માત્ર કાર્મિકી મતિથી જાણેલું ન ચાલે.

એમ કોઈ યુવાન દીક્ષા લઈ સૂત્રો ભણી લે, પણ એને ચિરધૌતાદિનો કોઈપણ અનુભવ ન હોય તો એને પણ માત્ર સૂત્રોના આધારે પાણી લાવવાની સંમતિ ન મળે. જુના સાધુઓ એની સાથે જાય, એમની સાથે એ પાણી વહોરતો થાય, એ રીતે કાર્મિકીમતિ થાય, પછી એ પાણી લાવવા માટે યોગ્ય કરે. ત્યાં સુધી એ પાણી લાવવામાં પ્રમાણભૂત ન ગણાય. ટુંકમાં ગ્રહણશિક્ષા (થિયરીકલ) અને આસેવન શિક્ષા (પ્રેક્ટીકલ) બંનેની જરૂરિયાત છે. આ દર્શાવવા માટે જ **वा** શબ્દ **च** શબ્દના અર્થમાં જણાવેલો છે.)

આ રીતે મતિથી + દર્શનથી એ પાણી ચિરધૌત છે. એ વાત જાણ્યા બાદ પણ ગૃહસ્થને પૃચ્છા કરવી કે ધોવાયેલા આને કેટલો સમય થયો ?" એ પછી "ઘણો સમય થયો" એ પ્રમાણે પ્રતિવચન સાંભળીને જે પાણી નિઃશંકિત થાય કે એ અચિત્ત છે. ત્યારબાદ એ તન્દુલોદક ગ્રહણ કરવું.

પ્રશ્ન : પણ એ પાણી નિઃશંક્તિ કેવી રીતે થાય કે "એ ચિરધૌત છે, અચિત્ત છે."

ઉત્તર **निरवयवप्रशान्ततया** એ ચોખા ધોયેલું પાણી બીજા વાસણમાં નીતારેલું હોય, એમાં ચોખાના અવયવો ભળેલા હોવાથી એ શરુઆતમાં તો ડહોળું હોય. ધીમે ધીમે એ અવયવો નીચે બેસી જાય, અને પાણી પણ સ્થિર થતું જાય. આમ ઉપરનું પાણી નિરવયવ = અવયવો વિનાનું = ચોખાના અંશો નીચે બેસી ગયા હોય તેવું પ્રશાન્ત = શાંત = સ્થિર થઈ ગયેલું હોય, એના ઉપરથી એ નિઃશંકપણે જાણી શકાય કે એ પાણી ચિરધૌત છે, માટે જ અચિત્ત છે."

આ બાબતમાં જે વિશેષ બાબતો છે, તે પિંડનિર્યુક્તિમાં કહેલી છે.

उष्णोदकादिविधिमाह-

अजीवं परिणयं नच्चा, पडिगाहिज्ज संजए । अह संकियं भविज्जा, आसाइत्ताण रोअए ॥७७॥

ઉષ્ણોદક = ત્રણઉકાળાવાળું પાણી વગેરેની વિધિને કહે છે.

ગા.૭૭ અજીવ પરિણત જાણીને સાધુ ગ્રહણ કરે, હવે જો શંકિત હોય તો ચાખીને નિર્ણય કરે.

'अजीवं'ति सूत्रं, उष्णोदकमजीवं परिणतं 'ज्ञात्वा' त्रिदण्डपरिवर्तनादिरूपं मत्या दर्शनेन वेत्यादि वर्तते, तदित्थंभूतं प्रतिगृह्णीयात्संयतः, चतुर्थरसमपूत्यादि देहोपकारकं मत्यादिना ज्ञात्वेत्यर्थः, अथ शङ्कितं भवेत् तत आस्वाद्य 'रोचयेद्' विनिश्चयं कुर्यादिति सूत्रार्थः ॥७७॥

ટીકાર્થ : ઉકાળેલું પાણી જીવરહિત = અચિત જાણીને એટલે કે એ ત્રણઉકાળાવાળું છે... વગેરે જાણીને...

પ્રશ્ન એ શી રીતે જણાય ?

ઉત્તર ૭૬મી ગાથાનો मइए, दंसणेण वा એ શબ્દ અહીં પણ લેવો. અર્થાત્ કર્મજન્યમતિથી તથા ઉષ્ણોદકસ્વરૂપ પ્રતિપાદક સૂત્રથી જાણીને અને એ પછી પૃચ્છા-શ્રવણ દ્વારા જાણીને તેવા પ્રકારના પાણીને સાધુ ગ્રહણ કરે.

ભાવ એ છે કે "ચોથારસવાળું (આમ્લરસવાળુ; ખટાશવાળું), અપૂતિ = ચોકખું દેહને ઉપકારક એવું આ પાણી છે" એ પ્રમાણે મત્યાદિથી જાણીને સાધુ લે.

હવે જો એ પાણી દેહોપકારક હોવામાં શંકા થાય તો પછી એ પાણી ચાખીને નિર્ણય કરે.

तच्चैवं-

थोवमासायणट्ठाए, हत्थगंमि दलाहि मे । मा मे अच्चंबिलं पूअं, नालं तण्हं विणित्तए ॥७८॥

તે આ પ્રમાણે.

ગા.૭૮ ચાખવામાટે મારા હાથમાં થોડું આપો. એવું ન થાઓ કે અતિ-આમ્લ, પૂતિજલ તરસ દૂર કરવા સમર્થ ન બનો.

'थोवं'ति सूत्रं, स्तोकमास्वादनार्थं प्रथमं तावत् हस्ते देहि मे, यदि साधुप्रायोग्यं ततो ग्रहीष्ये, मा मे अत्यम्लं पूति नालं तृडपनोदाय । ततः किमनेनानुपयोगिनेति सूत्रार्थः ॥७८॥

ટીકાર્થ : સાધુ સ્ત્રીને કહે કે "પહેલા મને ચાખવા માટે થોડુંક પાણી હાથમાં આપો. જો સાધુયોગ્ય હશે, તો ગ્રહણ કરીશ. પણ એવું ન બનો કે એ અતિ ખાટું હોય. પૂતિ = ખરાબ હોય... અને એટલે તરસના નાશ માટે સમર્થ ન બને" અર્થાત્ એવું પાણી હશે તો નહિ લઉં.

જો એવું હોય તો અનુપયોગી એ જલથી શું કામ ?

(આ ત્રણ ઉકાળાવાળા પાણીની વાત છે, એટલે એમાં એ અતિખાટું હોવાની વાત શી રીતે સંગત થાય ? એ વિચારણીય છે. ચોખાના ધોવાણનું પાણી કે ભાત રાંધ્યા પછીનું ઓસામણ રૂપ પાણી ખાટું હોય... પણ ત્રણ ઉકાળાવાળા ચોક્ખા પાણીમાં આમ શી રીતે સંભવે ? આ અંગે વિશેષ સમાધાન તો ગીતાર્થો જ આપી શકે, છતાં નીચેના મુદ્દા પર વિચાર કરવો કે (ક) તે તે કાળમાં કે તે તે સ્થાનમાં ચોકખું પાણી પણ વિચિત્ર સ્વાદવાળું આવતું હોય. તે વખતે આજની માફક ટાંકાનું પાણી, ફીલ્ટર કરેલું પાણી ન હતું. કુવા, તળાવ વગેરેનું પાણી હતું. એ પાણી ક્યારેક અતિખટાશવાળું કે વિચિત્ર પ્રકારનું આવે એ સંભવિત છે. કયાંક કયાંક એવા ખારાશવાળા પાણી આજે પણ અનુભવાય જ છે.

(ખ) જો ભાતના ઓસામણને પણ ત્રણ ઉકાળાવાળામાં ગણી લેતા હોય તો એમાં પણ અતિ-આમ્લરસનો સંભવ રહે. ખ્યાલ રાખવો કે બતાવેલા પાંચરસમાં ખારો રસ વગેરે નથી બતાવ્યા.

એવા કોઈક રસ પણ અતિ-આમ્લ તરીકે લઈ શકાય ખરા... એવા સંયોગજન્ય રસો સંભવિત છે.)

(બીજીવાત એ કે સાધુ આ રીતે ગૃહસ્થોના ઘરમાં ઊભા ઊભા પાણી ચાખી શકે ?... એનો જવાબ એ કે મોટાભાગે તો આવું ન કરે, શંકા પડે તો અન્યત્ર જઈ ત્યાંથી વહોરે. પણ પાણી દુર્લભ હોય અને જયાં મળે, ત્યાં શંકા પડી હોય ત્યાં અપવાદરૂપે તે કાળમાં સાધુઓને આ રીતે પાણી ચાખવાની સંમતિ અપાયેલી હશે. આજે તો આપણે ત્રણઉકાળાવાળું ચોક્ખું પાણી જ વહોરવાનું હોવાથી આપણને એ રીતની છૂટ નથી. અને આમ પણ કાળ-પરિસ્થિતિ બદલાય એમ અમુક આચારોમાં પણ ફેરફાર થાય. આપણે આજે ઘરોમાં સુંઘવાદ્વારા કે સ્પર્શવાદ્વારા તો તે તે વસ્તુની પરીક્ષાં ક્યારેક ક્યારેક કરીએ જ છીએ...)

तं च अच्चंबिलं पूयं, नालं तण्हं विणित्तए । दिंतिअं पडिआइक्खे, न

मोऽस्तु तस्मै जिनशासनाय

मे कप्पइ तारिसं ॥७९॥

ગા.૭૯. તે અત્યામ્લ પૂતિજલ તૃષ્ણા દૂર કરવા સમર્થ ન હોય તો દાત્રીને પ્રતિષેધ કરવો કે મને તાદશ ન કલ્પે.

'तं च' त्ति सूत्रं, सुगमम् ॥७९॥

ટીકાર્થ : સૂત્ર સુગમ છે.

आस्वादितं च सत्साधुप्रायोग्यं चेद्गृह्यत एव नो चेदग्राह्यं ।

तं च होज्ज अकामेण, विमणेणं पडिच्छिअं । तं अप्पणा न पिबे, नोवि अन्नस्स दावए ॥८०॥

પાણી ચાખી લીધા બાદ જો સાધુને યોગ્ય હોય તો ગ્રહણ કરાય, પણ જો યોગ્ય ન હોય તો ગ્રહણ ન કરાય. પણ

ગા.૮૦ તે અકામથી કે વિમનથી લઈ લીધું. તો તે જાતે ન પીએ, બીજાને પણ ન આપે.

'तं च' त्ति सूत्रं, 'तच्च' अत्यम्लादि भवेद् 'अकामेन' उपरोधशीलतया 'विमनस्केन' अन्यचित्तेन 'प्रतीप्सितं' गृहीतम् तदात्मना कायापकारकमित्यनाभोगधर्मश्रद्धया न पिबेत् नाप्यन्येभ्यो दापयेत्, रत्नाधिकेनापि स्वयं दानस्य प्रतिषेधज्ञापनार्थं दापनग्रहणम्, इह च 'सव्वत्थ संजमं संजमाओ अप्पाणमेवे'त्यादि भावनयेति सूत्रार्थः ॥८०॥

ટીકાર્થ : તે અતિ-આમ્લાદિ રૂપ પાણી સામેવાળાના આગ્રહને વશ થઈને ઈચ્છા ન હોવા છતાં વહોર્યું. અથવા તો ત્યારે ચિત્ત બીજા કોઈક ઉપયોગવાળું હોવાથી એના લીધે આ પાણી વહોરાઈ ગયું. (આવું બને છે કે સામેવાળાનો ઘણો આગ્રહ હોય તો ન લેવું હોય તો પણ લેવું પડે, એમ ઘણીવાર મનનો ઉપયોગ બીજામાં હોય તો પણ વહોરાઈ જાય છે...) તો આ પાણી સાધુએ 'એ પાણી શરીરને નુકસાનકારી છે' એટલે જાતે અજ્ઞાનવાળી ધર્મશ્રદ્ધાથી ન પીવું કે બીજાઓને અપાવડાવવું પણ નહિ.

(આભોગ = જ્ઞાન, જેમાં આભોગ નથી એવી ધર્મશ્રદ્ધા એ અનાભોગધર્મશ્રદ્ધા કહેવાય. ટુંકમાં સમજણ વિનાની અંધશ્રદ્ધા જેવી ધર્મશ્રદ્ધા સારી નથી." મારે પાણી

પરઠવવું નથી. એમાં જીવવિરાધનાદિ થાય. હું એ બચાવવા માટે સારા ભાવથી પાણી વાપરીશ, તો મને કશું જ નુકશાન નહિ થાય..." આ બધો વિચાર એ આવા પ્રકારની શ્રદ્ધા છે. આવી શ્રદ્ધાથી આવું શરીરને નુકસાનકારી પાણી વાપરવાનો નિષેધ છે. આવી શ્રદ્ધાથી ખરાબ પાણી વપરાય, તો શરીરને નુકસાન થાય અને અંતે તો આત્માનું વધુ અહિત થાય. કોઈક સાધુ "મારે પરઠવવું નથી જ, હું વાપરીજ જઈશ. ધર્મના પ્રભાવે મને કશું નહિ થાય..." એ રીતની શ્રદ્ધાથી આવું પાણી પી લે... એ શક્ય છે. એટલે એનો સ્પષ્ટ નિષેધ કરવો પડ્યો...)

(પ્રશ્ન : **न अन्येभ्यो दद्यात्** ને બદલે **दापयेत्** કેમ લખ્યું ? બીજાને આપવું નહિ. એ જ અર્થ બરાબર છે. એના માટે **दद्यात्** જ ઉચિત છે. **दापयेत्** = અપાવડાવવું નહિ એવો પ્રયોગ શા માટે ?)

ઉત્તર અહીં **दान** ને બદલે **दापन** નું ગ્રહણ કરેલું છે, તે એ જણાવવા માટે કે "રત્નાધિકે પણ જાતે આ દાન કરવું નહિ." આશય એ છે કે નાનો સાધુ આવું પાણી વહોરી લાવે તો એ તો ન વાપરે કે ન બીજાને આપે. પણ તે વખતે વડીલ સાધુ એ પાણી લઈ વડીલપણાના ઉપયોગથી નાના સાધુને વપરાવે તો એ પણ ન ચાલે. એમ વડીલ જ પોતે એવું પાણી લઈ આવ્યા અને પછી નાના સાધુને એવું પાણી વપરાવે... એ પણ ન ચાલે... આવું દર્શાવવા **दापन** નું ગ્રહણ કરેલું છે. ક્યારેક એવું બને કે નાનો આવું પાણી લઈ આવે, વડીલને ખબર પડે તો એ નાનાને કહે કે ફલાણા સાધુને મારા નામથી એ પાણી આપો. એને વપરાવી દો..." તો આ રીતે વડીલ દાપન કરે, આ બધું ન ચાલે...)

(પ્રશ્ન : પણ તો શું એ પાણી પરઠવી દેવાનું, એમાં સંયમવિરાધના ન થાય ?)

ઉત્તર : અહીં ઓ.નિ.ની **सव्वत्थ संजमं...** એ ગાથાની ભાવના ભાવવી. અને એ દ્વારા આ વાત સમજવી. (સંયમરક્ષા કરતા પણ શરીરરક્ષા = આત્મરક્ષા મોટી છે... એ બધો આ ગાથાનો સાર છે. શરીર હશે તો જ વધુ સારું સંયમ પળાશે...)

अस्यैव विधिमाह-

एगंतमवक्कमित्ता, अचित्तं पडिलेहिआ । जयं परिट्ठविज्जा, परिट्ठप्प पडिक्कमे ॥८१॥

આવા વહોરાઈ ગયેલા અયોગ્ય પાણીની જ શું વિધિ કરવી એ બતાવે છે કે

ગા.૮૧ એકાંતમાં જઈ અચિત્તસ્થાન જોઈ યતનાથી પરઠવવું. પરઠવીને પ્રતિક્રમણ કરવું.

'एगंतं'ति सूत्रं, एकान्तम् '<u>अवक्रम्य</u>' गत्वा '<u>अचित्तं</u>' दग्धदेशादि प्रत्युपेक्ष्य चक्षुषा प्रमृज्य रजोहरणेन स्थण्डिलमिति गम्यते '<u>यतम्</u>' अत्वरितं प्रतिष्ठापयेद्विधिना त्रिर्वाक्यपूर्वं व्युत्सृजेत् । प्रतिष्ठाप्य वसतिमागतः प्रतिक्रामेदीर्यापथिकाम् । एतच्च बहिरागतनियमकरणसिद्धं प्रतिक्रमणमबहिरपि प्रतिष्ठाप्य प्रतिक्रमणनियमज्ञापनार्थमिति सूत्रार्थः ॥८१॥

ટીકાર્થ : એ પાણી લઈ એકાંતસ્થાનમાં જવું. ત્યાં બળી ગયેલો પ્રદેશ વગેરે રૂપ અચિત્ત ધરતી ચક્ષુથી બરાબર જોઈ લેવી, પછી ઓઘાથી બરાબર પૂંજી લેવી. પછી ઉતાવળ વિના વિધિપૂર્વક એટલે કે ત્રણવાર વાક્ય બોલવાપૂર્વક વોસિરાવવું. (આ વધેલું અયોગ્ય જલ છે, એ પરઠવવું છું... એમ ત્રણવાર બોલવાનું...)

એ પરઠવીને વસતિમાં આવેલો સાધુ ઈરિયાવહિ કરી લે.

પ્રશ્ન : સાધુ બહારથી ઉપાશ્રયમાં આવે તો પણ ઈરિયાવહિ તો કરવાની જ છે. પછી એ પરઠવીને આવે કે પરઠવ્યા વિના... એમાં કોઈ ફરક પડતો નથી. એટલે એ વાત તો પ્રસિદ્ધ જ છે, તો પછી ઈરિયાવહિ કરવી એમ લખવાની શી જરૂર ?

ઉત્તર : સો ડગલા બહારથી આવેલા સાધુએ અવશ્ય ઈરિયાવહિ = પ્રતિક્રમણ કરવું જ એવો નિયમ જ છે. એ નિયમ દ્વારા આ પ્રતિક્રમણ કર્તવ્ય તરીકે સિદ્ધ જ છે. એટલે અહીં એ લખવાની જરૂર નથી, છતાં લખ્યું છે તે એ જણાવવા માટે કે "૧૦૦ ડગલાની અંદર પરઠવે તો પણ એણે પ્રતિક્રમણ અવશ્ય કરવું જ." (૧૦૦ ડગલામાં જ નિર્દોષ જગ્યામાં પાણી પરઠવે અને સાધુ વિચારે કે "ઈરિયાવહિ તો ૧૦૦ ડગલા બહારથી આવીએ ત્યારે જ કરવાની છે. એટલે અત્યારે જરૂર નહિ." પણ આ ખોટું છે. કેમકે કંઈપણ પરઠવીએ તો એ ભલે અંદર પરઠવો કે બહાર... ઈરિયાવહિ કરવી જ પડે... એ દર્શાવવા માટે જ આ લખેલું છે કે પરઠવીને આવ્યા બાદ પ્રતિક્રમણ કરવું.)

एवमन्नपानग्रहणविधिमभिधाय भोजनविधिमाह–

सिआ अ गोयरग्गगओ, इच्छिज्जा परिभुत्तुअं(भुंजिउं) । कुट्ठगं भित्तिमूलं वा, पडिलेहित्ताण फासुअं ॥८२॥

अणुन्नवित्तु मेहावी, पडिच्छन्नंमि संवुडे । हत्थगं संपमज्जित्ता, तत्थ भुंजिज्ज संजए ॥८३॥

આ પ્રમાણે અન્ન-પાણીની ગ્રહણકરવાની વિધિને કહીને હવે ભોજનકરવાની વિધિ બતાવે છે.

ગા.૮૨-૮૩ ગોચરી ગયેલો સાધુ ક્યારેક વાપરવાની ઈચ્છા કરે, કોષ્ઠક કે ભીંતના મૂલ એવી પ્રાસુક જગ્યાને પ્રતિલેખીને મેધાવી સાધુ સંવૃત્ત બની ગુપ્ત તે સ્થાનમાં અનુજ્ઞા લઈને હસ્તકને = મુહપત્તીને (લઈને) પ્રમાર્જન કરીને ત્યાં સંયત વાપરે.

'सिआ अ'त्ति सूत्रं, 'स्यात्' कदाचिद् 'गोचराग्रगतो' ग्रामान्तरं भिक्षां प्रविष्ट इच्छेत्परिभोक्तुं पानादि पिपासाद्यभिभूतः सन्, तत्र साधुवसत्यभावे 'कोष्ठकं' शून्यचट्टमठादि 'भित्तिमूलं वा' कुड्यैकदेशादि, प्रत्युपेक्ष्य चक्षुषा प्रमृज्य च रजोहरणेन 'प्रासुकं' बीजादिरहितं चेति सूत्रार्थः ॥८२॥ तत्र 'अणुन्नवि'त्ति सूत्रं, 'अनुज्ञाप्य' सागारिकपरिहारतो विश्रमणव्याजेन तत्स्वामिनमवग्रहं 'मेधावी' साधुः 'प्रतिच्छन्ने' तत्र कोष्ठकादौ 'संवृत' उपयुक्तः सन् साधुरीर्याप्रतिक्रमणं कृत्वा तदनु 'हस्तकं' मुखवस्त्रिकारूपम्, आदायेति वाक्यशेषः, संप्रमृज्य विधिना तेन कायं तत्र भुञ्जीत 'संयतो' रागद्वेषावपाकृत्येति सूत्रार्थः ॥८३॥

ટીકાર્થ ક્યારેક એવું બને કે બીજે ગામ ગોચરી ગયેલો સાધુ તરસ વગેરેથી અભિભૂત થાય અને એટલે પાણી પીવાદિ ઈચ્છા કરે. હવે ત્યાં સાધુઓની વસતિ = ઉપાશ્રય ન હોય તો કોષ્ઠક = ઓરડો = શૂન્યચટ્ટ, મઠ વગેરે સ્થાનને કે ભીંતના એક ભાગ વગેરે સ્થાનને ચક્ષુથી બરાબર જોઈને, એ સ્થાન બીજાદિ રહિત જણાય તો એ સ્થાનને ઓઘાથી પ્રમાર્જી લે.

એ પછી સાધુ ત્યાં કોઈપણ ગૃહસ્થ ન આવે એવા પ્રકારના સ્થાનની એના માલિક પાસે રજા લઈ લે, એમાં આરામ કરવાનું બહાનું કાઢે. અર્થાત્ જે સ્થાનમાં ગૃહસ્થાદિ આવતા હોય એ સ્થાનના માલિકને કહે કે "મારે આ સ્થાનમાં આરામ કરવો છે" આમ રજા લઈ લે અને પછી એ સાધુ ઉપયોગવા ો બની કોષ્ઠકાદિસ્થાનમાં ઈરિયાવહી કરી લે.

એ પછી હસ્તક = મુહપત્તીને હાથમાં લઈ, એનાથી વિધિપૂર્વક શરીરને પૂંજી લઈ ત્યાં એ સાધુ રાગદ્વેષને દૂર કરીને વાપરે. (आदाय એ શબ્દ ગાથામાં નથી, એ વાક્યશેષ તરીકે બહારથી લઈ લેવો.)

तत्थ से भुंजमाणस्स, अट्ठिअं कंटओ सिआ । तणकट्ठसक्करं वावि, अन्नं वावि तहाविहं ॥८४॥

तं उक्खिवित्तु न निक्खिवे, आसएण न छड्डुए । हत्थेण तं गहेऊण, एगंतमवक्कमे ॥८५॥

एगंतमवक्कमित्ता, अचित्तं पडिलेहिआ । जयं परिट्ठविज्जा, परिट्ठप्प पडिक्कमे ॥८६॥

ગા.૮૪-૮૫-૮૬ ત્યાં સાધુ વાપરતો હોય એમાં કદાચ ઠળીયા કે કાંટા, તણખલું, લાકડું, કાંકરો કે બીજું કંઈક તેવા પ્રકારનું નીકળે... તેને ઉંચકીને નિક્ષેપ ન કરે = મોઢાથી ન છાંડે. હાથથી તે પકડીને એકાંતમાં જાય... એકાંતમાં જઈ અચિત્તસ્થાન પ્રતિલેખીને, યતનાથી પરઠવે. પરઠવીને પ્રતિક્રમણ કરે.

'तत्थ'त्ति सूत्रं, 'तत्र' कोष्ठकादौ 'से' तस्य साधोर्भुञ्जानस्य अस्थि कण्टको वा स्यात्, कथंचिद्गृहिणां प्रमाददोषात्, कारणगृहीते पुद्गल एवेत्यन्ये, तृणकाष्ठशर्करादि चापि स्यात्, उचितभोजनेऽन्यद्वापि तथाविधं बदरकर्कटकादीति सूत्रार्थः ॥८४॥ 'तं उक्खिवित्तु' इति सूत्रं, 'तद्' अस्थ्यादि उत्क्षिप्य हस्तेन यत्र क्वचिन्न निक्षिपेत्, तथा 'आस्येन' मुखेन नोज्झेत्, मा भूद्विराधनेति, अपितु हस्तेन गृहीत्वा 'तद्' अस्थ्यादि एकान्तमवक्रामेदिति सूत्रार्थः ॥८५॥ 'एगंत'त्ति सूत्रं, एकान्तमवक्रम्य अचित्तं प्रत्युपेक्ष्य यतं प्रतिष्ठापयेत्, प्रतिष्ठाप्य प्रतिक्रामेदिति, भावार्थः पूर्ववदेवेति सूत्रार्थः ॥८६॥

ટીકાર્થ : તે કોષ્ઠકાદિમાં તે સાધુ વાપરતો હોય, વાપરવામાં જ ઠળીયો કે કાંટો (અથવા તો હાડકું કે માછલીનો કાંટો...) નીકળે. આમ તો આવું બને નહિ, પણ કોઈપણ રીતે વહોરાવનાર ગૃહસ્થોના પ્રમાદદોષને કારણે આવું બને...

અહીં બીજાઓ એમ કહે છે કે સાધુએ કારણસર માંસ વહોર્યું હોય તો એમાં હાડકાદિ નીકળે.

એમ તણખલું-કાષ્ઠ (લાકડાનો નાનો ભાગ) કે કાંકરો નીકળે.

ઉચિત = સાધુયોગ્ય ભોજનમાં બીજું પણ બોરનો ઠળીયો વગેરે તેવા પ્રકારની વસ્તુ નીકળે (કે જે વાપરી ન શકાય.)

તો સાધુ તેને હાથથી પકડીને ગમે ત્યાં નાંખી ન દે, એમ મોઢાથી જ એને ગમે ત્યાં થુંકી ન દે...

પ્રશ્ન : કેમ ન થુંકે, ન નાંખે ?

ઉત્તર વિરાધના ન થાય એ માટે... (ગમે ત્યાં નાંખે અને ત્યાં સચિત્ત માટી-પાણી વગેરે હોય તો તેની વિરાધના થાય... ત્રસજીવો હોય તો તેની વિરાધના થાય...)

પરંતુ હાથથી એ ઠળીયા-હાડકાદિને પકડીને એકાંતસ્થાનમાં જાય.

એકાંતમાં જઈને અચિત્ત સ્થાન જોઈને, યતનાપૂર્વક પરઠવે. પરઠવીને પ્રતિક્રમણ કરે.

આ ગાથાનો ભાવાર્થ પૂર્વની જેમ સમજવો.

वसतिमधिकृत्य भोजनविधिमाह-

सिआ य भिक्खू इच्छिज्जा, सिज्जमागम्म भुत्तुअं । सपिंडपायमागम्म, उंडुअं पडिलेहिआ ॥८७॥ विणएणं पविसित्ता, सगासे गुरुणो मुणी । इरियावहियमायाय, आगओ अ पडिक्कमे ॥८८॥

વસતિને આશ્રયીને ભોજનવિધિ જણાવે છે.

ગા.૮૭-૮૮ ક્યારેક સાધુ ઉપાશ્રયે આવીને વાપરવા માટે ઈચ્છે. પિંડપાત સહિત આવીને, ઉંદુક = સ્થાનને પ્રતિલેખીને, વિનયથી પ્રવેશીને, ગુરુની પાસે ઈરિયાવહી કરીને, આવેલો છતો તે સાધુ પ્રતિક્રમણ (કાઉસ્સગ્ગ) કરે.

'सिआ य'त्ति सूत्रं, 'स्यात्' कदाचित् तदन्यकारणाभावे सति भिक्षुरिच्छेत् 'शय्यां' वसतिमागम्य परिभोक्तुं, तत्रायं विधिः-सह पिण्डपातेन-विशुद्धसमुदानेनागम्य, वसतिमिति गम्यते, तत्र बहिरेवोन्दुकं-स्थानं प्रत्युपेक्ष्य विधिना तत्रस्थः पिण्डपातं विशोधयेदिति सूत्रार्थः ॥८७॥ तत ऊर्ध्वं 'विणएण'त्ति सूत्रं, विशोध्य पिण्डं बहिः 'विनयेन' नैषेधिकीनमःक्षमाश्रमणेभ्योऽञ्जलिकरणलक्षणेन प्रविश्य, वसतिमिति गम्यते, सकाशे गुरोः मुनिः, गुरुसमीप इत्यर्थः, 'ईर्यापथिकामादाय' "इच्छामि पडिक्कमिउं इरियावहियाए" इत्यादि पठित्वा सूत्रं, आगतश्च गुरुसमीपं प्रतिक्रामेत्-कायोत्सर्गं कुर्यादिति सूत्रार्थः ॥८८॥

ટીકાર્થ : ક્યારેક એવું બને કે અન્ય ગામ જવાથી તરસ-ભૂખ લાગવી એકારણ કે એ સિવાયના બીજા પણ બહાર ગોચરી કરવાના કારણો જયારે ન હોય ત્યારે સાધુ ઉપાશ્રયમાં આવીને ગોચરી વાપરવાની ઈચ્છા કરે.

તેમાં આ વિધિ છે.

સાધુ જે વિશુદ્ધ ગોચરી લાવ્યો છે, તેની સાથે વસતિમાં = ઉપાશ્રયમાં આવે. ત્યાં ઉપાશ્રયની બહાર જ અમુક સ્થાન વિધિપૂર્વક જોઈ લઈ ત્યાં ઉભો રહી લાવેલી ગોચરીને વિશોધી લે (લાવેલી ગોચરીમાં કોઈ જીવજંતુ વગેરે નથી, ફુગાદિ નથી ને ? એ બધું તપાસી લે...) એ પછી **विणएण** એ સૂત્ર છે.

આમ બહાર પિંડની વિશુદ્ધિ કરીને ત્યારબાદ વિનયથી વસતિમાં પ્રવેશે.

નિસીહિ બોલવી, **नमः क्षमाश्रमणेभ्यः** બોલવું, હાથ જોડવા. અંજલિ કરવી... આ વિનય છે.

એમ વસતિમાં વિનયથી પ્રવેશ્યા બાદ ગુરુની પાસે **इच्छामि पडिक्कमिउं...** એ સૂત્ર બોલે. અને ગુરુ પાસે આવેલો સાધુ પ્રતિક્રમે - કાઉસ્સગ્ગ કરે.

(પ્રતિક્રમણ એટલે આમ તો ઈરિયાવહિ થાય. પણ અહીં એનો અર્થ કાઉસ્સગ્ગ કરેલો છે. કેમકે ઈરિયાવહિનો તો જુદો ઉલ્લેખ છે જ.)

आभोइत्ताण नीसेसं, अईआरं जहक्कमं । गमणागमणे चेव, भत्तपाणे व संजए ॥८९॥ उज्जुप्पन्नो अणुव्विग्गो, अव्वक्खित्तेण चेअसा । आलोए गुरुसगासे, जं जहा गहिअं भवे ॥९०॥

ગા.૮૯-૯૦ સાધુ ગમનાગમનમાં અને ભક્તપાનમાં ક્રમશઃ સઘળા અતિચારોને આભોગીને = યાદ કરીને ઋજુપ્રજ્ઞ, અનુદ્વિગ્ન છતાં અવ્યાક્ષિપ્ત મનથી જે વસ્તુ જેપ્રમાણે ગ્રહણ કરેલી હોય તેપ્રમાણે ગુરુની પાસે આલોચે.

'आभोइत्ताण'त्ति सूत्रं, तत्र कायोत्सर्गे 'आभोगयित्वा' ज्ञात्वा निःशेषमतिचारं 'यथाक्रमं' परिपाट्या, क्वेत्याह-'गमनागमनयोश्चैव' गमने गच्छत आगमन आगच्छतो योऽतिचारः तथा 'भक्तपानयोश्च' भक्ते पाने च योऽतिचारः तं 'संयतः' साधुः कायोत्सर्गस्थो हृदये स्थापयेदिति सूत्रार्थः ॥८९॥ विधिनोत्सारिते चैतस्मिन् 'उज्जुप्पन्न'त्ति सूत्रं, 'ऋजुप्रज्ञः' अकुटिलमतिः सर्वत्र 'अनुद्विग्नः' क्षुदादिजयात्प्रशान्तः अव्याक्षिप्तेन चेतसा, अन्यत्रोपयोगमगच्छतेत्यर्थः, आलोचयेद्गुरुसकाशे, गुरोर्निवेदयेदिति भावः, 'यद्' अशनादि 'यथा' येन प्रकारेण हस्तदा(घाव)नादिना गृहीतं भवेदिति सूत्रार्थः ॥९०॥

ટીકાર્થ : ગુરુ પાસે ઈરિયાવહિ કરીને કાઉસ્સગ્ગમાં રહેલો સાધુ પોતાને જતા અને આવતા જે અતિચાર લાગેલો હોય તેને અને ભોજન અને પાનમાં જે અતિચાર લાગેલો હોય તેને ક્રમસર પોતાના હૃદયમાં સ્થાપે-ધારી રાખે.

એ પછી વિધિપૂર્વક કાઉસ્સગ્ગ પારે, એ પરાયે છતે સર્વત્ર અકુટિલમતિવાળો = સરળબુદ્ધિવાળો ભૂખ વગેરેના જયથી પ્રશાન્ત એવો તે સાધુ અવ્યાક્ષિપ્ત મનથી એટલે કે બીજા વિષયમાં ઉપયોગ નહિ પામતા મનથી ગુરુ પાસે આલોચના કરે, અર્થાત્ જે અશનાદિ હાથદાન વગેરે જે રીતે લીધું હોય તે પ્રમાણે ગુરુને જણાવે.

(સ્ત્રીએ હાથથી, ચમચાથી, તપેલેથી... દાન કર્યું હોય, તો એ બધું જણાવે. કૌંસના પાઠ પ્રમાણે સ્ત્રીએ હાથ ધોવા વગેરે દ્વારા જે વહોરાવેલું હોય તે જણાવે. આવું સાધુએ વહોરવાનું જ નથી, પણ કારણસર વહોર્યું હોય તો એની આલોચના કરે...)

तदनु च

न सम्ममालोइअं हुज्जा, पुव्विं पच्छा व जं कडं । पुणो पडिक्कमे तस्स, वोसट्ठो चिंतए इमं ॥९१॥

ગા.૯૧ પહેલાં કે પછી જે કરેલું હોય, તે સમ્યક્ આલોચિત થયું ન હોય, તેનું પુનઃ પ્રતિક્રમણ કરે. કાઉસ્સગ્ગમાં રહેલો સાધુ આ (વક્ષ્યમાણ) વિચારે.

'न संमं'तिसूत्रं, न सम्यगालोचितं भवेत् सूक्ष्मम् अज्ञानात्- अनाभोगेनाननुस्मरणाद्वा, पूर्वं पश्चाद्वा यत्कृतं, पुरःकर्म पश्चात्कर्म वेत्यर्थः, 'पुनः' आलोचनोत्तरकालं प्रतिक्रामेत् 'तस्य' सूक्ष्मातिचारस्य 'इच्छामि पडिक्कमिउं गोअरचरिआए' इत्यादि सूत्रं पठित्वा 'व्युत्सृष्टः' कायोत्सर्गस्थश्चिन्तयेदिदं- वक्ष्यमाणलक्षणमिति सूत्रार्थः ॥९१॥

ટીકાર્થ : ગુરુને નિવેદન તો કરી દીધું પણ પૂર્વકૃત = પૂર્વકર્મ કે પશ્ચાત્કર્મ કોઈ સૂક્ષ્મ રીતે થયેલા હોય, એ સૂક્ષ્મ પૂર્વકર્માદિ સમ્યગ્ રીતે આલોચિત ન પણ થયા હોય. સમ્યગ્ રીતે ગુરુને ન પણ કહેવાયા હોય ?

પ્રશ્ન : એનું શું કારણ ?

ઉત્તર એના બે કારણ છે. (૧) અજ્ઞાન (૨) અનાભોગથી અનનુસ્મરણ.

જ્યારે એ સૂક્ષ્મપૂર્વકર્માદિ થયા હોય ત્યારે એને સાધુ જાણી જ શક્યો ન હોય. એ દોષ થયો હોવાનું એને જ્ઞાન જ થયું ન હોય. હવે એ દોષનું જ અજ્ઞાન છે, તો એની

ગુરુ આગળ નિવેદના પણ શી રીતે થાય ?

બીજું એ કે એ સાધુએ ગોચરી વહોરતી વખતે તો એ દોષ જાણ્યો હોય, પરંતુ કાઉસ્સગ્ગમાં દોષોનું ચિંતન કરતી વખતે એ સૂક્ષ્મદોષ તરફ એનો આભોગ = ઉપયોગ ન ગયો હોય અને એટલે એ સાધુને એનું સ્મરણ થયું ન હોય. આમ દોષજ્ઞાન હોવા છતાં અત્યારે અનાભોગના કારણે એનું સ્મરણ ન થવાથી એની આલોચના પણ કરી ન હોય. આ બે રીતે અમુક દોષો આલોચિત થયા ન હોય એટલે આ આલોચના સમ્યક્ થઈ ન કહેવાય.

એટલે જ આલોચના કર્યા બાદ તે સૂક્ષ્મ અતિચારનું પ્રતિક્રમણ કરે. અર્થાત્ ઈચ્છામિ પડિક્કમિઉં **गोअरचरिआए** એ સૂત્ર બોલે. એ બોલીને કાઉસ્સગ્ગમાં ઊભો રહે અને એમાં આ (વક્ષ્યમાણ) વિચારે.

अहो जिणेहिं असावज्जा, वित्ती साहूण देसिआ । मुक्खसाहणहेउस्स, साहुदेहस्स धारणा ॥९२॥

ગા.૯૨ અહો ! જિનેશ્વરોવડે સાધુઓને મોક્ષસાધનનાં હેતુભૂત સાધુદેહનાં ધારણ માટે અસાવદ્યવૃત્તિ દેખાડાયેલી છે.

'अहो जिणेहिं' सूत्रं, '<u>अहो</u>' विस्मये '<u>जिनैः</u>' तीर्थकरैः '<u>असावद्या</u>' अपापा '<u>वृत्तिः</u>' वर्त्तना साधूनां दर्शिता देशिता वा '<u>मोक्षसाधनहेतोः</u>' सम्यग्दर्शनज्ञानचारित्रसाधनस्य साधुदेहस्य '<u>धारणाय</u>' संधारणार्थमिति सूत्रार्थः ॥९२॥

ટીકાર્થ : **अहो** શબ્દ આશ્ચર્ય દર્શાવવા માટે છે. મોક્ષનાં સાધન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. તેનું સાધન સાધુદેહ છે. તેને ટકાવવા માટે પ્રભુએ સાધુઓને આ નિરવદ્ય વૃત્તિ - ભિક્ષાચર્યા દેખાડેલી છે.કે કહેલી છે.

(**दर्शिता** અથવા **देशिता** એમ બંને અર્થ લીધા છે.)

ततश्च-

णमुक्कारेण पारित्ता, करित्ता जिणसंथवं । सज्झायं पट्ठवित्ता णं, वीसमेज्ज खणं मुणी ॥९३॥

ત્યારબાદ

ગા.૯૩ નમસ્કારથી પારીને, જિનસંસ્તવ કરીને, સ્વાધ્યાય પ્રસ્થાપીને ક્ષણવાર મુનિ વિશ્રામ કરે.

'णमोक्कारेण'त्ति सूत्रं, नमस्कारेण पारयित्वा 'नमो अरिहंताण'मित्यनेन, कृत्वा जिनसंस्तवं "लोगस्सुज्जोअगरे" इत्यादिरूपं, ततो न यदि पूर्वं प्रस्थापितस्ततः स्वाध्यायं प्रस्थाप्य मण्डल्युपजीवकस्तमेव कुर्यात् यावदन्य आगच्छन्ति, यः पुनस्तदन्यः क्षपकादिः सोऽपि प्रस्थाप्य विश्राम्येत् 'क्षणं' स्तोककालं मुनिरिति सूत्रार्थः ॥९३॥

ટીકાર્થ : કાઉસ્સગ્ગ પૂર્ણ થાય એટલે **नमो अरिहंताणं** એ શબ્દદ્વારા કાઉ. પારે, એ પછી લોગસ્સસૂત્ર બોલવા રૂપ જિનસંસ્તવ કરે. ત્યારબાદ જો પૂર્વે સ્વાધ્યાય પ્રસ્થાપિત કર્યો ન હોય તો સ્વાધ્યાય પ્રસ્થાપીને માંડલીમાં વાપરનારો સાધુ સ્વાધ્યાય જ કરે કે જ્યાં સુધી બીજા સાધુઓ આવી જાય. જે વળી આ વાપરનાર સાધુ કરતા બીજો તપસ્વી વગેરે માંડલીમાં નહિ વાપરનાર છે, તે પણ ક્ષણવાર - થોડોકસમય વિશ્રામ કરે.

(એમ લાગે છે કે અત્યારે પચ્ચ. પાર્યા બાદ ૧૭ ગાથા બોલવી એ સ્વાધ્યાય પ્રસ્થાપનની જ એક પ્રક્રિયા હશે. સાધુએ જો પૂર્વે પચ્ચ. પારી લીધું હોય તો એણે ત્યારે જ સ્વા.પ્રસ્થાપન કરી દીધું હોય, તો એને નવું સ્વા.પ્રસ્થાપન જરૂરી નહિ. પરંતુ પચ્ચ. પારવાનું બાકી હોય તો એ પારીને સ્વા.પ્રસ્થાપન = ૧૭ ગાથા બોલે.

હવે આ સાધુ માંડલીમાં વાપરનાર કે તપસ્વી વગેરે હોવાને લીધે સ્વતંત્ર વાપરનાર પણ હોય. માંડલી ઉપજીવકે જ્યાં સુધી બધા સાધુ ગોચરી વહોરી આવી ન જાય ત્યાં સુધી રાહ જોવાની હોય, એટલે એ સાધુ સ્વા.પ્રસ્થાપન પછી પણ બીજા સાધુઓ આવી ન જાય ત્યાં સુધી સ્વાધ્યાય કરે.

હવે જે સ્વતંત્ર વાપરનારા છે. તેઓ ગોચરીથી આવે એ બાદ એમણે બીજા સાધુઓની રાહ જોવાની જરૂર નથી. કેમકે તેઓ માંડલીમાં વાપરનારા નથી. આમ છતાં એમણે તરત ગોચરી ન વાપરવી. ક્ષણવાર વિશ્રામ લેવો. જેથી શ્રમના કારણે વિષમ થયેલી શરીરની ધાતુઓ વિશ્રામથી સમ થાય જો તરત વાપરે તો આરોગ્યને હાનિ પહોંચવાનો સંભવ છે...)

वीसमंतो इमं चिंते, हियमट्ठं लाभमस्सिओ । जइ मे अणुग्गहं कुज्जा, साहू हुज्जामि तारिओ ॥९४॥

ગા.૯૪ વિશ્રામકરતો લાભાર્થી સાધુ હિતકારી આ અર્થ વિચારે કે જો સાધુઓ મારાપર ઉપકાર કરે તો હું તારિત થાઉં.

'वीसमंत'त्ति सूत्रं, विश्राम्यन्निदं चिन्तयेत् परिणतेन चेतसा,-'हितं' कल्याणप्रापकमर्थ-वक्ष्यमाणं, किंविशिष्टः सन् ?-भावलाभेन-निर्जरादिनाऽर्थोऽस्येति लाभार्थिकः, यदि 'मे' मम अनुग्रहं कुर्युः साधवः प्रासुकपिण्डग्रहणेन ततः स्यामहं तारितो भवसमुद्रादिति सूत्रार्थः ॥९४॥

ટીકાર્થ : વિશ્રામકરતો સાધુ પરિણતચિત્તથી કલ્યાણઅપાવનાર આ વક્ષ્યમાણ અર્થ વિચારે.

પ્રશ્ન : તે સાધુ કેવો છે ? કયા વિશેષણોથી વિશિષ્ટ છે ?

ઉત્તર : નિર્જરા વગેરે રૂપ ભાવલાભથી અર્થ = પ્રયોજન છે જેને એવો આ સાધુ છે. લાભાર્થિકછે. (મૂળમાં **लाभमस्सिओ** છે, એનો અર્થ **लाभमाश्रितः** થાય. પણ વૃત્તિકારના વચન પ્રમાણે એમ લાગે છે કે એમની સામે **लाभमट्ठिओ** પાઠ હોવો જોઈએ. **म** અલાક્ષણિક હોવાથી એ નીકળી જાય એટલે **लाभार्थिक** શબ્દ બને. **लाभमाश्रितः** શબ્દનો અર્થ પણ લાભાર્થિક શબ્દ પ્રમાણે લઈ શકાય છે.)

એ વિચારે કે

જો સાધુઓ મેં લાવેલા નિર્દોષ પિંડના ગ્રહણ દ્વારા મારા ઉપર ઉપકાર કરે, તો એમના વડે હું સંસાર સમુદ્રમાંથી તરાયેલો થાઉં. અર્થાત્ એ સાધુઓ મને સંસારમાંથી તારનાર બને. ("હું ભોજનાદિ આપી સાધુ ઉપર ઉપકાર કરું છું" કે "આ વૈયાવચ્ચ દ્વારા હું સંસાર તરું છું" એવા વિચાર આ સાધુ કરતો નથી.)

एवं संचिन्त्योचितवेलायामाचार्यमामन्त्रयेद्, यदि गृह्णाति शोभनं, नो चेद्वक्तव्योऽसौ भगवन् ! देहि केभ्योऽप्यतो यद्दातव्यं, ततो यदि ददाति सुन्दरम्, अथ भणति त्वमेव प्रयच्छ, अत्रान्तरे-

साहवो तो चिअत्तेणं, निमंतिज्ज जहक्कमं । जइ तत्थ केइ इच्छिज्जा, तेहिं सद्धिं तु भुंजए ॥९५॥

આ પ્રમાણે વિચારીને ઉચિત સમય થાય એટલે સાધુ આચાર્યને આમંત્રણ આપે. અર્થાત્ એમને વિનંતિ કરે કે મેં લાવેલી વસ્તુમાંથી આપને યોગ્ય લાગે એ વાપરવા કૃપા

કરશો..'' જો આચાર્ય લે તો સારું. જો ન લે તો સાધુએ આચાર્યને કહેવું કે "ભગવન્ ! આમાંથી જે આપવું હોય તે કોઈપણ સાધુઓને આપો..."

હવે જો આચાર્ય એ રીતે આપે તો સુંદર.

પણ આચાર્ય કહે કે તું જ આપી દે.

આવું બને, એ વખતે શું કરવું ? એ હવે બતાવે છે કે

ગા.૯૫ ત્યારબાદ સાધુઓને મનપ્રણિધાનવડે ક્રમશઃ નિમંત્રે. જો તેમાં કોઈ ઈચ્છે, તો તેમની સાથે વાપરે...

'साहवो'त्ति सूत्रं, साधूंस्ततो गुर्वनुज्ञातः सन् 'चिअत्तेणं'ति मनःप्रणिधानेन निमन्त्रयेत् 'यथाक्रमं' यथारत्नाधिकतया, ग्रहणौचित्यापेक्षया बालादिक्रमेणेत्यन्ये, यदि तत्र 'केचन' धर्मबान्धवाः 'इच्छेयुः' अभ्युपगच्छेयुस्ततस्तैः सार्धं भुञ्जीत उचितसंविभागदानेनेति सूत्रार्थः ॥९५॥

ટીકાર્થ : ગુરુની અનુજ્ઞા પામીચૂકેલો સાધુ ત્યારબાદ સાધુઓને મનના પ્રણિધાનવડે = સુંદરભાવ વડે રત્નાધિકના ક્રમ પ્રમાણે નિમંત્રે. અર્થાત્ સૌથી પહેલાં મોટાસાધુને ત્યારપછી નાના, ત્યારબાદ એનાથી નાના... એ રીતે ગોચરી વાપરવાની વિનંતી કરે.

બીજાઓ કહે છે કે **जहक्कमं** નો અર્થ રત્નાધિકના ક્રમ પ્રમાણે ન લેવો. પરંતુ ગ્રહણના ઔચિત્યની અપેક્ષાએ બાલાદિના ક્રમથી નિમત્રે... એમ અર્થ લેવો. આશય એ છે કે બાલ સાધુ પ્રથમ ગ્રહણ કરે તે ઉચિત હોય, ગ્લાન ગ્રહણ કરે તે ઉચિત હોય... તો જયારે જે ક્રમથી સાધુઓ ગ્રહણ કરે એ ઉચિત હોય ત્યારે તે ક્રમથી નિમંત્રણ કરવું.

(આશય એ છે કે રત્નાધિકની પ્રધાનતા પ્રમાણે નિમંત્રણ ન કરવું. પણ ક્યારેક કોઈ સાધુ અતિગ્લાન હોવાથી એને પ્રથમ ગ્રહણ કરવું યોગ્ય હોય તો એ નાનો હોય તો પણ એને પ્રથમ નિમંત્રણ કરવું. ક્યારેક ગ્લાન હોવા છતાં પણ વિશેષ માંદગી ન હોય અને એ વખતે બાલ સાધુને પ્રથમ ગ્રહણ ઉચિત હોય તો એને નિમંત્રણ પહેલાં કરવું...)

હવે જો નિમંત્રણ કરીએ તેમાં કોઈ ધર્મબંધુઓ નિમંત્રણ સ્વીકારે તો ઉચિત સંવિભાગના દાન વડે એની સાથે વાપરે. (એની સાથે વાપરે... એનો અર્થ એવો નહિ કે એકજ પાત્રામાં બંને ભેગા વાપરે... એનો અર્થ એટલો જ કે પોતાની ગોચરીમાંથી એ સાધુને ઉચિત વિભાગ વાપરવા આપે... આ રીતે વાપરવું એ જ એની સાથે વાપરેલું ગણાય.)

अह कोई न इच्छिज्जा, तओ भुंजिज्ज एक्कओ । आलोए भायणे साहू, जयं अप्परिसाडियं ॥९६॥

ગા.૯૬ જો કોઈ ન ઈચ્છે, તો સાધુ એકલો યતનાથી ઢોળાય નહિ એ રીતે પ્રકાશમાં વાપરે.

'अह कोइ'त्ति सूत्रं, अथ कश्चिन्नेच्छेत् साधुस्ततो भुञ्जीत '<u>एकको</u>' रागादिरहित इति, कथं भुञ्जीतेत्यत्राह-'<u>आलोके भाजने</u>' मक्षिकाद्यपोहाय प्रकाशप्रधाने भाजन इत्यर्थः '<u>साधुः</u>' प्रव्रजितः '<u>यतं</u>' प्रयत्नेन तत्रोपयुक्तः '<u>अपरिशाटं</u>' हस्तमुखाभ्यामनुज्झन् इति सूत्रार्थः ॥९६॥

ટીકાર્થ જો કોઈ સાધુ ન ઈચ્છે, તો સાધુ એકલો વાપરે.

પ્રશ્ન સાધુ તો માંડલીમાં વાપરે છે, તો એ એકલો વાપરનાર કેમ કહેવાય ?

ઉત્તર : 'એકલો' નો અર્થ એમ કરવો કે એ રાગાદિદોષોથી રહિત બનીને વાપરે.

પ્રશ્ન : કેવી રીતે વાપરે ?

ઉત્તર : માખી વગેરેને દૂર કરવા માટે પ્રકાશપ્રધાન ભાજનમાં વાપરે. (પ્રકાશવાળું, ખુલ્લુંપાત્રુ હોય તો માખીવગેરે સ્પષ્ટ દેખાય, એટલે એ દૂર કરી શકાય...)

આ સાધુ પ્રયત્નપૂર્વક તે ભોજનમાં ઉપયોગ રાખીને વાપરે. તથા હાથ અને મુખથી નહિ ઢોળતો વાપરે. (વાપરતાં વાપરતાં પાત્રાની બહાર તો ન જ ઢોળાવું જોઈએ, પણ હાથમાં કોળીયો ઉપાડ્યાબાદ એમાંથી કોઈક દાણો પાછો પાત્રામાં પડે તો એ પણ ન ચાલે. એમ મોઢામાં કોળીયો મુકયાબાદ મોઢામાંથી કોઈક દાણો-ટીપું પાત્રામાં પડે એ પણ ન ચાલે. જોગમાં આ રીતે પડે એને દોષ ગણેલો છે, એ જોગકર્તાઓને ખ્યાલ હશે...)

भोज्यमधिकृत्य विशेषमाह-

तित्तगं व कडुअं व कसायं, अंबिलं व महुरं लवणं वा । एअलद्धमन्नत्थ पउत्तं, महुघयं व भुंजिज्ज संजए ॥९७॥

ભોજ્ય = વાપરવાની વસ્તુને આશ્રયીને વિશેષતા બતાવે છે.

ગા.૯૭ તિક્ત, કટુ, કષાય, આમ્લ, મધુર કે લવણ... મેળવેલી - અન્ય માટે પ્રયુક્ત આ વસ્તુને સાધુ મધુઘીની જેમ વાપરે.

'तित्तगं व'त्ति सूत्रं, तिक्तकं वा एलुकवालुङ्कादि, कटुकं वा आर्द्रकतीमनादि, कषायं वल्लादि, अम्लं तक्रारनालादि, मधुरं क्षीरमध्वादि, लवणं वा प्रकृतिक्षारं तथाविधं शाकादि लवणोत्कटं वाऽन्यत्, एतत्तिक्तादि 'लब्धम्' आगमोक्तेन विधिना प्राप्तम् 'अन्यार्थम्' अक्षोपाङ्गन्यायेन परमार्थतो मोक्षार्थं प्रयुक्तं तत्साधकमितिकृत्वा मधुघृतमिव च भुञ्जीत संयतः, न वर्णाद्यर्थम्, अथवा मधुघृतमिव 'णो वामाओ हणुआओ दाहिणं हणुअं संचारेज्ज'त्ति सूत्रार्थः ॥९७॥

ટીકાર્થ : તિક્તક - એલુક, વાલુંકાદિ (કડવી વસ્તુ)

કટુક - આર્દ્રક, તીમનાદિ (તીખી વસ્તુ)

અમ્લ - છાશ, આરનાલાદિ ખાટી વસ્તુ

મધુર - દૂધ, મધુ વગેરે મીઠી વસ્તુ (મધુ એટલે ખાંડ વગેરે જેવી મીઠાશવાળી વસ્તુ)

લવણ - સ્વભાવથી જ ખારા તેવા પ્રકારના શાક વગેરે અથવા તો વધુ મીઠાવાળી બીજી કોઈ વસ્તુ.

એ બધું આગમમાં કહેલી વિધિથી મેળવાયેલું હોય

અને આ બધું અન્યને માટે પ્રયુક્ત હોય. અર્થાત્ સાધુ શરીર માટે નહિ, પરંતુ ગાડામાં જેમ તેલ પૂરવામાં આવે એ ન્યાયથી પરમાર્થથી તો મોક્ષને માટે જ વાપરે છે. આ ભોજન પરમાર્થથી મોક્ષસાધક છે એટલે સાધુ મધુ-ઘીની જેમ વાપરે. પણ શરીરનો વર્ણ વધે, સારો સ્વાદ મળે... એ બધા માટે ન વાપરે.

અથવા તો આવો અર્થ પણ થાય કે સાકરમિશ્રિત ઘી પ્રવાહી રૂપ હોય અને એ સીધું જ પેટમાં ઉતરી જાય. એને મોઢામાં ડાબી-જમણી બાજુ વાગોળવાનું ન હોય. એમ સાધુ ડાબી દાઢમાંથી જમણી દાઢમાં ખાદ્યવસ્તુને ન લઈ જાય... એમ જમણી દાઢમાંથી ડાબી દાઢમાં ન લઈ જાય... ટુંકમાં કોઈપણ એકજ બાજુથી ભોજન વાપરી લે.

किंच-

अरसं विरसं वावि, सूइअं वा असूइअं । उल्लं वा जइवा सुक्कं, मंथुकुम्मासभोअणं ॥९८॥

उप्पण्णं नाइहीलिज्जा, अप्पं वा बहु फासुअं । मुहालद्धं मुहाजीवी, भुंजिज्जा दोसवज्जिअं ॥९९॥

ગા.૯૮-૯૯ અરસ કે વિરસ, સૂચિત કે અસૂચિત, આર્દ્ર કે શુષ્ક, મન્થુકુલ્માષ ભોજન... ઉત્પન્ન થયેલા આ ભોજનની હીલના ન કરવી. ભલે એ અચિતવસ્તુ અલ્પ હોય કે ઘણી. મુધાજીવીસાધુ મુધાલબ્ધ ભોજનને દોષ વિના વાપરે.

'अरसं'त्ति सूत्रं, 'अरसम्'-असंप्राप्तरसं हिङ्ग्वादिभिरसंस्कृतमित्यर्थः, 'विरसं वापि' विगतरसमतिपुराणौदनादि 'सुचितं' व्यञ्जनादियुक्तम् 'असुचितं वा' तद्रहितं वा, कथयित्वा अकथयित्वा वा दत्तमित्यन्ये, 'आर्द्रं' प्रचुरव्यञ्जनम्, यदिवा शुष्कं स्तोकव्यञ्जनं वा, किं तदित्याह-'मन्थुकुल्माषभोजनं' मन्थु-बदरचूर्णादि कुल्माषाः-सिद्धमाषाः, यवमाषा इत्यन्ये इति सूत्रार्थः ॥९८॥ एतद्भोजनं किमित्याह-'उप्पण्णं'ति सूत्रं, 'उत्पन्नं' विधिना प्राप्तं 'नातिहीलयेत्' सर्वथा न निन्देत्, अल्पमेतन्न देहपूरकमिति किमनेन ?, बहु वा असारप्रायमिति, वाशब्दस्य व्यवहितः संबन्धः, किंविशिष्टं तदित्याह-'प्रासुकं' प्रगतासु निर्जीवमित्यर्थः, अन्ये तु व्याचक्षते-अल्पं वा, वाशब्दाद्विरसादि वा, बहुप्रासुकं-सर्वथा शुद्धं नातिहीलयेदिति, अपि त्वेवं भावयेत्-यदेवेह लोका ममानुपकारिणः प्रयच्छन्ति तदेव शोभनमिति । एवं 'मुधालब्धं' कोण्टलादिव्यतिरेकेण प्राप्तं 'मुधाजीवी' सर्वथा अनिदानजीवी, जात्याद्यनाजीवक इत्यन्ये, भुञ्जीत 'दोषवर्जितं' संयोजनादिरहितमिति सूत्रार्थः ॥९९॥

ટીકાર્થ : કોઈક વસ્તુ રસ વિનાની હોય એટલે કે હિંગ વગેરેથી સંસ્કાર કરાયેલી ન હોય. વઘાર કર્યા વિનાની હોય.

કોઈક વસ્તુ વિગતરસ હોય. જેમાં પૂર્વે રસ હતો એ હવે નીકળી ગયો હોય...

જેમકે ઘણાં જુના ભાત વગેરે.

કોઈક ભોજન સૂચિત-વ્યંજનાદિવાળું હોય.

કોઈક ભોજન અસૂચિત-વ્યંજનાદિરહિત હોય.

બીજાઓ કહે છે કે સૂચિત=કહીને અપાયેલું હોય.. (વસ્તુ કઈ છે, કેવી છે.. એ કહ્યું હોય)

અસૂચિત=કહ્યા વિના અપાયેલું હોય.

કોઈક ભોજન આર્દ્ર-પુષ્કળ વ્યંજનવાળું હોય.

અથવા કોઈક ભોજન શુષ્ક-અલ્પવ્યંજનવાળું હોય.

પ્રશ્ન : આવા બધાં ભોજનતરીકે કઈ કઈ વસ્તુ આવે ?

ઉત્તર મન્થુ એટલે બદરચૂર્ણાદિ. કુલ્માષ એટલે સિદ્ધમાષ = રાંધેલા અડદ. બીજાઓ કહે છે કે કુલ્માષ એટલે યવમાષ (જવ અને અડદ બે ભેગા રાંધેલા હોય..) આ બધી વસ્તુઓ ઉપર દર્શાવેલા ભોજન તરીકે સંભવે.

પ્રશ્ન : આ ભોજનનું શું કરવાનું ?

ઉત્તર વિધિપૂર્વક પ્રાપ્ત થયેલા આ ભોજનની સર્વથા નિંદા ન કરવી. અર્થાત્ કોઈપણ પ્રકારે નિંદા ન કરવી કે "આ અલ્પ છે, દેહને પૂરક બને એમ નથી. આ ભોજન વડે શું કામ છે ?" એમ વધારે ભોજન હોય પણ અસાર જેવું જ હોય. તો એની પણ નિંદા ન કરવી કે "આ તુચ્છ વસ્તુ ખાવાથી શું ?"

वा શબ્દનો વ્યવહિત સંબંધ કરવો. અર્થાત્ **अप्पं वा बहु** એમ જે લખેલું છે, એને **अप्पं बहु वा** એમ સમજવું. **वा** નો સંબંધ **बहु** શબ્દ પછી કરવો.

પ્રશ્ન : આ અલ્પ કે બહુ ભોજન કયા વિશેષણથી વિશિષ્ટ છે ?

ઉત્તર : **प्रगताः असवः प्राणाः यस्मात् तत्** = નિર્જીવ છે. જેમાંથી જીવો ચ્યવી ગયા છે એવું આ ભોજન છે.

(સચિત્ત તો વાપરવાનું નથી. જે અચિત છે, તે અલ્પ કે બહુ હોય, તેની હીલના ન કરવી.)

બીજાઓ આ પ્રમાણે આ શબ્દોનો અર્થ કહે છે કે

अल्पं वा માં **वा** શબ્દથી વિરસાદિ લેવાના.

बहुप्रासुकं એટલે સર્વપ્રકારે શુદ્ધ.

અર્થાત્ જે સર્વપ્રકારે શુદ્ધ હોય તે અલ્પ હોય, વિરસ હોય તો પણ એની નિંદા ન કરવી.

પરંતુ એમ વિચારવું કે મેં આ લોકો ઉપર કોઈપણ ઉપકાર કર્યો નથી, આમ છતાં અનુપકારી એવા મને લોકો જે આપે છે, એજ સારું છે. (મફતમાં કોણ આપે ?)

આ પ્રમાણે મુધાલબ્ધ = મંત્ર-તંત્રાદિ પ્રયોગ કર્યા વિના સહજ રીતે મેળવાયેલ ભોજનને મુધાજીવી સાધુ સંયોજનાદિ દોષ વિના વાપરે.

मुधाजीवी = સર્વથા નિદાન વિના જીવનારો. (મારે આ જોઈએ જ... એવા પ્રકારનો આગ્રહ એ નિદાન. એ વિના જ જીવનારો. અર્થાત્ જે મળે એનાથી ચલાવનારો. અથવા "તારે મને આટલું આટલું આપવું. બદલામાં હું તને આ આ સહાય કરીશ "એવા નિદાન-નિર્ણય ન કરનારો...)

બીજાઓ કહે છે કે **મુધાજીવી** = જાત્યાદિઅનાજીવક. અર્થાત્ પોતાની સારીજાતિ, કુળ, શ્રુત વગેરેનું પ્રદર્શન કરી એના દ્વારા ગૃહસ્થને ખુશ કરીને વસ્તુ મેળવે એ જાત્યાદિ આજીવક કહેવાય. આ સાધુ આવો ન હોય.

एतद्दुरापमिति दर्शयति–

दुल्लहा उ मुहादाई, मुहाजीवीवि दुल्लहा ।

मुहादाई मुहाजीवी, दोऽवि गच्छंति सुग्गइं ॥१००॥ ति बेमि ।

पिंडेसणाए पढमो उद्देसो समत्तो ॥१॥

આવું ભોજન મળવું અઘરું છે એ દેખાડે છે કે

ગા.૧૦૦ મુધાદાઈ દુર્લભ છે, મુધાજીવી પણ દુર્લભ છે. મુધાદાયી અને મુધાજીવી બંને સદ્ગતિમાં જાય છે. એમ હું કહું છું.

'दुल्लह'त्ति, दुर्लभा एव मुधादातारः, तथाविधभागवतवत्, मुधाजीविनोऽपि दुर्लभाः, तथाविधचेल्लकवत् । अमीषां फलमाह-मुधादातारो मुधाजीविनश्च द्वावप्येतौ गच्छतः 'सुगतिं' सिद्धिगतिं कदाचिदनन्तरमेव कदाचिद्देवलोकसुमानुषप्रत्यागमनपरम्परया । ब्रवीमीतिपूर्ववत् । अत्र भागवतोदाहरणम्-जहां एगो परिव्वायगो सो एगं भागवयं उवट्ठिओ, अहं तव गिहे वरिसारत्तं करेमि, मम उदंतं वहाहि, तेण भणिओ-जइ मम उदंतं न वहसि, एवं हवउ त्ति । सो से भागवओ सेज्जभत्तपाणादिणा उदंतं वहति । अन्नया य तस्स घोडओ चोरेहिं हिओ, अतिप्पभायंतिकाऊण जालीए बद्धो, सो अ परिव्वायगो तलाए ण्हायओ गओ, तेण सो घोडओ दिट्ठो, आगंतुं भणइ-मम पाणीयतडे पोत्ती विस्सरिया, गोहो विसज्जिओ, तेण घोडओ दिट्ठो, आगंतुं कहियं, तेण भागवएण णायं, जहा-परिव्वायगेण कहियं । तेण परिव्वायगो भण्णति-जाहि, णाहं तव णिव्विट्ठं उदंतं वहामि, णिव्विट्ठं अप्पफलं भवति। एरिसो मुधादाई ॥ मुधाजीविंमि उदाहरणं-एक्को राया धम्मं परिक्खई, को धम्मो ?, जो अणिव्विट्ठं भुंजइ त्ति, तो तं परिक्खामित्ति काऊण मणुस्सा संदिट्ठा, राया मोदए देइ, तत्थ बहवे कप्पडियादयो आगया, पुच्छिज्जंति-तुम्हे केण भुंजह ?, अन्नो भणइ-अहं मुहेण भुंजामि, अन्नो-अहं पाएहिं, अन्नो-अहं हत्थेहिं, अन्नो-अहं लोगाणुग्गहेण, चेल्लगो भणइ-अहं मुहियाए । रण्णा पुच्छिअं-कहं चिअ ?, एगेण कहिअं-अहं कहगो अओ

मुहेण, अण्णेण भणिअं-अहं लेहवाहगो अओ पाएहिं, अण्णेण भणिअं-अहं लेहगो अओ हत्थेहिं, भिक्खुणा भणिअं-अहं पव्वइओ अओ लोगाणुग्गहेण, चेल्लएण भणिअं-अहं संजायसंसारविरागो अओ मुहियाए, ताहे सो राया एस धम्मोत्तिकाऊण आयरियसमीवं गओ, पडिबुद्धो पव्वइओ य । एसो मुहाजीवित्ति सूत्रार्थः ॥१००॥

इति श्रीहरिभद्रसूरिविरचितायां दशवैकालिकवृत्तौ पिण्डैषणाध्ययनस्य प्रथमोद्देशकः ॥१॥

●

ટીકાર્થ : મુધા દાન દેનારાઓ તેવા પ્રકારના ભાગવતની જેમ દુર્લભ જ છે. (ભાગવતની વાર્તા હમણાં જ આપશે.) મુધાજીવીઓ પણ તેવા પ્રકારના નાના સાધુની જેમ દુર્લભ છે.

આ બંનેને શું ફલ મળે એ દેખાડે છે કે

મુધાદાતાઓ અને મુધાજીવીઓ બંને સુગતિ - મોક્ષને પામે છે. ક્યારેક એ ભવ પછી તરત જ મોક્ષ પામે, ક્યારેક દેવલોક, સુંદરમનુષ્યભવમાં પાછું આવવું... એ પરંપરા દ્વારા મોક્ષ પામે.

ब्रवीमि શબ્દ પૂર્વની જેમ સમજી લેવો.

અહીં ભાગવતનું ઉદાહરણ -

એક પરિવ્રાજક હતો. એ એક ભાગવત (ભગવાનનો ભક્ત) પાસે ઉપસ્થિત થયો. "હું તારા ઘરે ચોમાસું કરું, જો તું મારી સંભાળ લે. (સમાચારને વહન કરે.)" એમ કહ્યું. ભાગવતે કહ્યું "જો તમે મારી સંભાળ ન લો, તો તમે ભલે અહીં ચોમાસું કરો."

(ભાગવત સાચો ભાગવત હતો. સાધુ શરમમાં પડી ગૃહસ્થની સંભાળ લે, એ એને મંજુર ન હતું. એટલે એણે આવી શરત કરી...)

પછી તે ભાગવત શય્યા, ભોજન, પાણી વગેરે દ્વારા પરિવ્રાજકની સંભાળ લે છે. એકવાર તેનો ઘોડો ચોરો ચોરી ગયા. "અતિપ્રભાત છે - વહેલી સવાર છે" એમ વિચારી ચોરોએ ઘોડો જાળીમાં (તળાવકાંઠે આવેલી ઝાડીની અંદર) બાંધ્યો.

તે પરિવ્રાજક તળાવે સ્નાન કરવા ગયો. તેણે તે ઘોડો જોયો. પાછો આવીને કહે છે કે "તળાવના કિનારે મારી પોતડી-વસ્ત્ર ભૂલી ગયો છું." ભાગવતે નોકરને ત્યાં મોકલ્યો. તેણે ઘોડો જોયો. (પરિવ્રાજક સ્પષ્ટ એમ કહી દે કે 'મેં ત્યાં તમારો ઘોડો જોયો.' તો પરિવ્રાજકની સંભાળ લીધી કહેવાય. પરિવ્રાજક એ ન સ્વીકારે... એટલે એણે વસ્ત્ર ભૂલાઈ જવાના બહાને નોકરને ત્યાં મોકલાવ્યો.) આવીને એણે વાત કરી. તે ભાગવત સમજી ગયો કે પરિવ્રાજકે આ ઘોડાની વાત કહી છે. (કપટ દ્વારા મને એની ભાળ આપી છે...)

ભાગવતે પરિવ્રાજકને કહ્યું કે "તમે અહીંથી જતા રહો. હું તમારી બદલાવાળી સંભાળ નહિ કરું. અર્થાત્ તમે મારો ઘોડો મેળવી આપી મારી સંભાળનો બદલો વાળ્યો છે. પણ એ મને મંજુર નથી. કેમકે બદલાવાળી સંભાળ અલ્પફલવાળી હોય છે.

આવા પ્રકારનો જીવ મુધાદાયી કહેવાય.

મુધાજીવીમાં ઉદાહરણ -

એક રાજા ધર્મની પરીક્ષા કરે છે. "કયો ધર્મ સાચો ? જે અનિર્વિષ્ટ = બદલો આપ્યા વિના વાપરે તેમનો ધર્મ સાચો. તો હું તે ધર્મની પરીક્ષા કરું કે કયા ધર્મમાં આ પ્રમાણે છે" આમ વિચારી રાજાએ માણ ોને સંદેશો આપી ચારે બાજુ મોકલ્યા. તેઓ જાહેરાત કરે છે કે "રાજા લાડવાઓ આપે છે" ત્યાં ઘણાં કાર્પટિક વગેરે (સંન્યાસી વગેરે) આવ્યા.

રાજા બધાને પૂછે છે કે "તમે શેનાથી ખાઓ ો ?"

બીજો કહે "હું મુખથી ખાઉં છું."

બીજો કહે " હું પગથી ખાઉં છું."

બીજો કહે " હું હાથથી ખાઉં છું."

બીજો કહે " હું લોકના અનુગ્રહથી ખાઉં છું."

નાનો જૈન સાધુ કહે " હું ફોગટ = મુધા ખાઉં છું."

રાજાએ પૂછ્યું કે "આ બધું શી રીતે ?"

એક કહે "હું કથાકાર છું એટલે મોઢાથી ખાનારો ગણાઉં."

બીજો કહે " હું લેખવાહક સંદેશવાહક છું. એટલે પગથી ખાનારો ગણાઉં."

બીજો કહે " હું ેખક છું, એટલે હાથથી ખાઉં છું."

ભિક્ષુ કહે હં પ્રવ્રજિત છું, એટલે લોકની કૃપાથી ખાઉં છું."

નાનો સાધુ કહે " હું સંસાર ઉપર વૈરાગ્ય પામેલો છું, એટલે મુધા-ફોગટ ખાઉં છું. (અર્થાત્ રાગવિના = ખાવાની ઈચ્છા વિના = કોઈ પ્રત્યે દીનતા દાખવ્યા વિના મોક્ષમાટે શરીર ટકાવવા જે મળે એનાથી ચલાવું છું.) (દરેકે પોતપોતાના જે અંગો આજીવિકાનું સાધન હતાં, તે તે અંગોને ભોજનના કારણ દર્શાવ્યા...)

ત્યારે તે રાજા "આ ધર્મ સાચો" એમ વિચારી આચાર્ય પાસે ગયો. પ્રતિબોધ પામ્યો અને દીક્ષા લીધી. આ મુધાજીવી છે.

પાંચમું અધ્યયન-પહેલોઉદેશો સંપૂર્ણ

नमोऽस्तु तस्मै जिनशासनाय

॥ द्वितीयोद्देशकः ॥

पडिग्गहं संलिहित्ता णं, लेवमायाए संजए । दुगंधं वा सुगंधं वा, सव्वं भुंजे न छड्डुए ॥१॥

પિંડૈષણાનામક પાંચમું અધ્યયન
દ્વિતીય ઉદ્દેશો

ગા.૧ દુર્ગંધી કે સુગંધી બધું જ વાપરે, છાંડી ન દે. સાધુ લેપમાત્રાથી પાત્રાનું સંલેખન કરીને...

पिण्डैषणायाः प्रथमोद्दशके प्रक्रान्तोपयोगि यन्नोक्तं तदाह-'पडिग्गहं'ति सूत्रं, 'प्रतिग्रहं' भाजनं 'संलिख्य' प्रदेशिन्या निरवयवं कृत्वा, कथमित्याह-'लेपमर्यादया' अलेपं संलिह्य 'संयतः' साधुः दुर्गन्धि वा सुगन्धि वा भोजनजातं, गन्धग्रहणं रसाद्युपलक्षणं, 'सर्व' निरवशेषं 'भुञ्जीत' अश्नीयात् 'नोज्झेत्' नोत्सृजेत् किञ्चिदपि, मा भूत्संयमविराधना । अस्यैवार्थस्य गरीयस्त्वख्यापनाय सूत्रार्थयोर्व्यत्ययोपन्यासः, प्रतिग्रहशब्दो माङ्गलिक इत्युद्देशादौ तदुपन्यासार्थं वा, अन्यथैवं स्यात्-दुर्गन्धि वा सुगन्धि वा, सर्वं भुञ्जीत नोज्झेत् । प्रतिग्रहं संलिह्य लेपमर्यादया संयतः । विचित्रा च सूत्रगतिरिति सूत्रार्थः ॥१॥

ટીકાર્થ : પિંડૈષણાના પહેલા ઉદ્દેશામાં પ્રસ્તુતમાં ઉપયોગી જે વાત કહી નથી તે અહીં કહે છે. સાધુ પાત્રાને પહેલી આંગળીથી નિરવયવ - અવયવરહિત કરે. અર્થાત્ પહેલી આંગળીથી ઘસી ઘસીને પાત્રામાં લાગેલા બધા ખાદ્ય અંશો વાપરી લે.

પ્રશ્ન : એ સંલેખન કેવી રીતે કરે ?

ઉત્તર : પાત્રામાં લેપ ન રહે, પાત્રુ કોરું રહે એ રીતે સંલેખન કરે.

આ રીતે સંલિખન કરીને સાધુ દુર્ગંધી કે સુગંધી ભોજનને વાપરે.

અહીં ગન્ધનું ગ્રહણ રસાદિનું ઉપલક્ષણ છે. અર્થાત્ એ પણ સમજી લેવું કે રસવાળું કે વિરસવાળું, સુસ્પર્શવાળું કે કુસ્પર્શવાળું... બધું વાપરે. કંઈપણ પરઠવી ન દે. જો પરઠવે તો સંયમવિરાધના થાય એ ન થાય તે માટે બધું વાપરે.

પ્રશ્ન : આમાં વાપરવાનું પહેલા હોય અને વાપર્યા પછી સંલેખન કરવાનું હોય ન?

તો ગાથામાં પહેલા અડધા ભાગમાં સંલેખન બતાવ્યું અને છેલ્લા અડધા ભાગમાં વાપરવાનું બતાવ્યું. આ તો ઊંધુ થઈ ગયું. આમ કેમ ?

ઉત્તર સુગંધી કે દુર્ગંધી બધું વાપરવું કશું છાંડવું નહિ" અહીં આજ પદાર્થની મહાનતા છે, એ મહાનતા દર્શાવવા માટે સૂત્રના અડધા-અડધા બે ભાગનો ઊંધાક્રમથી ઉપન્યાસ કરેલો છે.

અથવા તો એમ સમજવું કે પડિગ્ગહં = પ્રતિગ્રહ શબ્દ માંગલિક શબ્દ છે. એટલે મંગલ માટે ઉદ્દેશાની શરુઆતમાં તે શબ્દનો ઉપન્યાસ કરવા બે સૂત્રાર્થોનો વિપર્યાસ કરેલો છે. બાકી જો એમ ન હોત તો તો આ પ્રમાણે થાત કે સુગંધી કે દુર્ગંધી બધું જ સાધુ વાપરે. પરઠવે નહિ. એ પછી લેપ ન રહે એ રીતે પાત્રાનું સંલેખન કરીને સાધુ...

વળી સૂત્રની ગતિ વિચિત્ર હોય છે. (એટલે સૂત્રોમાં ગૂઢ-ગંભીર કારણસર આવા પ્રકારની વિચિત્રતાઓ જોવા મળે એ સંભવિત છે.)

विधिविशेषमाह-

सेज्जा निसीहियाए, समावन्नो अ गोअरे । अयावयट्ठा भुच्चा णं, जइ तेणं न संथरे ।।२।।

तओ कारणमुप्पण्णे, भत्तपाणं गवेसए । विहिणा पुव्वउत्तेणं, इमेणं उत्तरेण य ।।३।।

આ રીતે પાત્રુ સંલેખન કર્યાપછી જે વિશેષપ્રકારની વિધિ સંભવિત છે, તે હવે બતાવે છે.

ગા.૨-૩ શય્યામાં, નૈષેધિકીમાં કે ગોચરીમાં રહેલો સાધુ અસંપૂર્ણ વાપરીને જો તેનાથી નિર્વાહ ન પામે તો કારણ ઉત્પન્ન થયે છતેં (પુનઃ) પૂર્વ કહેલી વિધિથી અને આ આગળ કહેવાતી વિધિથી ભોજન-પાનની ગવેષણા કરે.

'सेज्ज'त्ति सूत्रं, 'शय्यायां' वसतौ 'नैषेधिक्यां' स्वाध्यायभूमौ, शय्यैव वाऽसमञ्जसनिषेधान्नैषेधिकी तस्यां समापन्नो वा गोचरे, क्षपकादिः छन्नमठादौ अयावदर्थं भुक्त्वा न यावदर्थम्-अपरिसमाप्तमित्यर्थः, णमिति वाक्यालङ्कारे । यदि तेन भुक्तेन 'न संस्तरेत्' न यापयितुं समर्थः, क्षपको विषमवेलापत्तनस्थो ग्लानो वेति सूत्रार्थः ।।२।। 'तओ'त्ति सूत्रं, ततः 'कारणे' वेदनादावुत्पन्ने पुष्टालम्बनः सन् भक्तपानं 'गवेषयेद्'

अन्विष्ये(न्वेषये)त्, अन्यथा सकृद्भुक्तमेव यतीनामिति 'विधिना' पूर्वोक्तेन संप्राप्ते भिक्षाकाल इत्यादिना, अनेन च वक्ष्यमाणलक्षणेनोत्तरेण चेति सूत्रार्थः ॥३॥

ટીકાર્થ : શય્યા = વસતિ = ઉપાશ્રય. નૈષેધિકી = સ્વાધ્યાયભૂમિ (વસતિમાં અસજ્ઝાય થાય... વગેરે કારણોસર જે જુદા સ્થાનમાં સાધુઓ સ્વાધ્યાય કરવા જાય તે સ્વાધ્યાયભૂમિ...)

અથવા તો શય્યા પોતે જ નૈષેધિકી. એમ અર્થ કરવો.

પ્રશ્ન : શય્યા પોતે જ નૈષેધિકી કેમ કહેવાય ?

ઉત્તર : શય્યામાં અનુચિત ક્રિયાઓનો નિષેધ થતો હોવાથી એને નૈષેધિકી કહેવાય.

તથા તપસ્વી વગેરે સાધુ ગોચરી ગયેલો હોય અને ત્યાં જ ભૂખ લાગે તો ગુપ્ત મઠ - એકાંતવાળા મઠ વગેરેમાં વાપરે.

આમ, સાધુ ઉપાશ્રયમાં, સ્વા.ભૂમિમાં કે ગોચરીમાં વાપરે... પણ એ અસંપૂર્ણ વાપરે. એટલે કે પેટ ન ભરાય, નિર્વાહન થાયં એટલું વાપરે. અર્થાત્ ગોચરી ઘટી પડે તો વાપરેલા ભોજનથી પોતાની જાતને નિર્વાહ કરવા સમર્થ ન બને.

તપસ્વી વિષમકાળમાં = ગોચરી સિવાયના કાળમાં વહોરવા જાય ત્યારે ઓછું મળે (એને ભૂખ હોવાથી વિષમકાળમાં પણ જાય) તથા એ પત્તન - સ્થાન-શહેર જ વિષમ હોય કે જેથી જલ્દી પૂરતી ગોચરી ન મળે. અથવા તો ગ્લાનને એવું બને કે (શરુઆતમાં ગોચરી લાવી પણ પછી) ફરી વાપરવાની ઈચ્છા થાય કે ગ્લાન પ્રાયોગ્ય વસ્તુ ન મળી હોય... એટલે વાપરેલી ગોચરીથી એમનો નિર્વાહ ન થાય એવું બને. (સામાન્યથી સાધુઓ યોગ્યકાળે યોગ્યસ્થાને ગોચરી જતાં હોય એટલે એમને પૂરતું મળી રહે એટલે પ્રાયઃ એમને અલ્પભોજનના લીધે અનિર્વાહનો પ્રશ્ન ન નડે... એ હેતુથી જ અહીં **क्षपको विषमवेला...** ઈત્યાદિ લખેલું છે.)

આ રીતે વેદનાદિ કારણ ઉત્પન્ન થાય ત્યારે આ કારણરૂપી પુષ્ટઆલંબનવાળો સાધુ (બીજીવાર) ભોજન અને પાણીની ગવેષણા કરે, બાકી આવું કારણ ન હોય તો સાધુઓને એકજ વાર વાપરવાનું છે.

આ ગવેષણા **संपत्ते भिक्खकालंमि** એમ પહેલાઉદ્દેશામાં બતાવેલી વિધિથી અને આ વક્ષ્યમાણ લક્ષણવાળી ઉત્તર = હવે પછીની વિધિથી કરે. (અહીં વેદના એટલે ભૂખ લાગવી એ... એમ સમજવું)

कालेण निक्खमे भिक्खू, कालेण य पडिक्कमे । अकालं च विवज्जित्ता, काले कालं समायरे ॥४॥

ગા.૪ ભિક્ષુ કાળે નીકળે, કાળે પાછો ફરે. અકાળને વર્જીને કાળે કાળને આચરે.

'कालेणं'ति सूत्रं, यो यस्मिन् ग्रामादावुचितो भिक्षाकालस्तेन करणभूतेन 'निष्क्रामेद्' भिक्षुर्वसतेर्भिक्षायै, कालेन चोचितेनैव यावता स्वाध्यायादि निष्पद्यते तावता 'प्रतिक्रामेत्' निवर्तेत । भणिअं च-खेत्तं कालो भायणं तिन्निवि पहुप्पंति हिंडउत्ति अट्ठ भंगा । 'अकालं च वर्जयित्वा' येन स्वाध्यायादि न संभाव्यते स खल्वकालस्तमपास्य काले कालं समाचरेदिति सर्वयोगोपसंग्रहार्थं निगमनं, भिक्षावेलायां भिक्षां समाचरेत्, स्वाध्यायादिवेलायां स्वाध्यायादीनीति, उक्तं च-'जोगो जोगो जिणसासणंमी'त्यादि, इति सूत्रार्थः ॥४॥

ટીકાર્થ : જે ગામાદિમાં જે ઉચિત ભિક્ષાકાળ હોય, કારણભૂત તે કાલ વડે ભિક્ષુ ભિક્ષા માટે વસતિમાંથી નીકળે. (**कालेण** એમાં ત્રીજી વિભક્તિ સહાર્થમાં, **विना** ના યોગમાં નથી, પણ કરણના અર્થમાં છે, એમ દર્શાવવા **करणभूतेन** લખેલું છે. ગુજરાતીમાં એમ બોલાય "તે કાળમાં સાધુ નીકળે...")

તથા ઉચિતકાલ વડે જ પાછો ફરે. એટલે કે જેટલા કાળે પા । આવી જવાથી સ્વાધ્યાય વગેરે યોગો આચરી શકાય એટલા કાળમાં પાછો ફરે. કહ્યું જ છે કે "ક્ષેત્ર, કાળ અને ભાજન આ ત્રણ પૂરતા હોય... એમ આઠ ભાંગા થાય." (આનું વિસ્તૃત વિવરણ ઓઘનિ.માં આપેલું છે. ટુંકમાં કાળ = જે સમયે ઉપાશ્રયે આવ્યા બાદ ગોચરી વાપરી, ઠલ્લે જઈ, સાંજની ઠલ્લે માત્રાની વસતિ જોતી વખતે સૂર્યાસ્ત થાય અને પછી પ્રતિલેખન થાય... મોડામાં મોડા તે સમય સુધીમાં તો આવી જ જવું એમ ક્ષેત્ર = ઘરો પૂરતા હોવા પાત્ર = પાત્રામાં વહોરવાની શક્યતા હોવી વગેરે)

તથા જે કાળે નીકળવાથી સ્વાધ્યાયાદિ ન સંભવે તે ખરેખર અકાળ કહેવાય. તેને છોડીને કાળમાં કાલને આચરવા.

પ્રશ્ન : અહીં તો ગોચરી જવાની વાત ચાલે છે, એમાં 'કાલને આચરવું' એમ કેમ કીધું ?

ઉત્તર : બધા યોગોનો સંગ્રહ કરવા માટે આ લખ્યું છે **कालं = कालोचितं योगं** અર્થાત્ ભિક્ષાકાળમાં ભિક્ષા આચરવી, સ્વાધ્યાયાદિના કાળમાં સ્વાધ્યાયાદિ આચરવા...

કહ્યું છે કે "જિનશાસનમાં પરસ્પર વિરોધ ન આવે એ રીતે દરેક યોગ દુઃખક્ષય માટે આચરવાના છે..."

अकालचरणे दोषमाह-

अकाले चरसी भिक्खू, कालं न पडिलेहसि । अप्पाणं च किलामेसि, संनिवेसं च गरिहसि ॥५॥

અકાળે ચરવામાં શું દોષ છે ? તે બતાવે છે.

ગા.૫ ભિક્ષુ ! અકાળે ચરે છે, કાળને પ્રતિલેખતો નથી. જાતને દુઃખી કરે છે અને સંનિવેશને નિંદે છે.

'अकाले'त्ति सूत्रं, अकालचारी कश्चित् साधुरलब्धभैक्षः केनचित् साधुना प्राप्ता भिक्षा नवेत्यभिहितः सन्नेवं ब्रूयात्-कुतोऽत्र स्थण्डिलसंनिवेशे भिक्षा ?, स तेनोच्यते- अकाले चरसि भिक्षो! प्रमादात्स्वाध्यायलोभाद्वा, कालं न प्रत्युपेक्षसे, किमयं भिक्षाकालो नवेति, अकालचरणेनात्मानं च ग्लपयसि दीर्घाटनन्यूनोदरभावेन, संनिवेशं च गर्हसि भगवदाज्ञालोपतो दैन्यं प्रतिपद्येति सूत्रार्थः ॥५॥

ટીકાર્થ : અકાળે ભિક્ષા માટે જનારો કોઈ સાધુ ભિક્ષા મેળવ્યા વિનાનો હતો, ત્યાં બીજા સાધુએ પૃચ્છા કરી કે "ભિક્ષા મળી કે નહિ ?" આ પ્રમાણે કહેવાયેલો તે સાધુ આ પ્રમાણે બોલે કે "આ સ્થંડિલસંનિવેશમાં = ઉજ્જડ તુચ્છ સ્થાનમાં ભિક્ષા ક્યાંથી મળે ?" ત્યારે પેલો સાધુ આને કહે છે કે "હે ભિક્ષુ ! તું પ્રમાદના કારણે કે સ્વાધ્યાયના લોભના કારણે અકાળે ગોચરી ફરે છે. કાળને જોતો નથી કે 'આ ભિક્ષાકાળ છે કે નહિ ?' અકાલે ફરવા દ્વારા જાતને દુઃખી કરે છે. કેમકે આમાં લાંબુ ફરવું પડે અને ઓછું મળવાની પેટ પણ ન ભરાય. આમ દીર્ઘચર્યા અને ન્યૂનોદરતાના કારણે જાતને દુઃખી કરે છે. અને વળી ભગવાનની આજ્ઞાના લોપ દ્વારા દીનતા સ્વીકારીને સ્થાનને નિંદે છે... (ગોચરીનો સમય થઈ ગયો હોય, છતાં "થોડોક સ્વાધ્યાય બાકી છે. એ કરીને ગોચરી જાઉં" એમ વિચારી સાધુ મોડેથી અકાળે ગોચરી જાય. આ સ્વાધ્યાયલોભથી અકાળ ગોચરી... કોઈક સાધુ ગોચરી સમયે જ આળસથી મોડું કરે, ઊંઘી જાય, વિકથામાં સમય બગાડે... તો આ પ્રમાદથી અકાળે ગોચરી જવાનું થાય.)

यस्मादयं दोषः संभाव्यते तस्मादकालाटनं न कुर्यादिति ।

सइ काले चरे भिक्खू, कुज्जा पुरिसकारिअं । अलाभुत्ति न सोइज्जा, तवुत्ति अहिआसए ॥६॥

જે કારણથી આ દોષ છે, તે કારણથી જ અકાળમાં ભિક્ષામાટે ફરવું નહિ.

ગા.૬ વિદ્યમાન કાળમાં ભિક્ષુ ચરે. પુરુષાર્થ કરે. 'અલાભ'નો શોક ન કરે, 'તપ થયો' એમ સહન કરે.

'सति'त्ति सूत्रं, 'सति' विद्यमाने 'काले' भिक्षासमये चरेद्भिक्षुः, अन्ये तु व्याचक्षते-स्मृतिकाल एव भिक्षाकालोऽभिधीयते, स्मर्यन्ते यत्र भिक्षाकाः स स्मृतिकालस्तस्मिन्, 'चरेद्भिक्षुः' भिक्षार्थं यायात्, कुर्यात् पुरुषकारं, जङ्घाबले सति वीर्याचारं न लङ्घयेत् । तत्र चालाभेऽपि भिक्षाया अलाभ इति न शोचयेद्, वीर्याचाराराधनस्य निष्पन्नत्वात्, तदर्थं च भिक्षाटनं नाहारार्थमेवातो न शोचेत्, अपितु तप इत्यधिसहेत, अनशनन्यूनोदरतालक्षणं तपो भविष्यतीति सम्यग्विचिन्तयेदिति सूत्रार्थः ॥६॥ उक्ता कालयतना,

ટીકાર્થ ભિક્ષાસમય વિદ્યમાન હોય ત્યારે ભિક્ષુ ગોચરી જાય.

અન્યલોકો આ પ્રમાણે વ્યાખ્યા કરે છે કે सइकाल = સ્મૃતિકાલ. સ્મૃતિકાલ જ ભિક્ષાકાલ કહેવાય છે.જે કાળમાં ગૃહસ્થો વડે ભિક્ષાચારો સ્મરણ કરાય કે 'ભિક્ષાચરો આવ્યા કે નહિ ?" તે કાળ સ્મૃતિકાલ કહેવાય.

સાધુ પુરુષાર્થ કરે, અર્થાત્ જંઘાબલ હોય તો વીર્યાચારનું ઉલ્લંઘન ન કરે, પરંતુ ગોચરી લેવા જવાનો પુરુષાર્થ કરે.

તેમાં લાભ ન થાય તો પણ "મને ભિક્ષાનો લાભ ન થયો" એમ શોક ન કરે. કેમકે વીર્યાચારની આરાધના તો થઈ જ છે. એ લાભ તો થયો જ છે. અને ખરેખર તો એ વીર્યાચારના પાલન માટે ભિક્ષાટન છે. માત્ર આહાર માટે જ ભિક્ષાટન નથી... આથી શોક ન કરવો. પરંતુ "મારે તપ થયો" એમ સહન કરે. એટલે કે "આજે મારે અનશન, ઉણોદરીરૂપ તપ થશે" એમ સારી રીતે વિચારે. (બિલકુલ ગોચરી ન મળે તો અનશન, અલ્પ મળે તો ઉણોદરી.)

કાલયતના કહેવાઈ ગઈ.

अधुना क्षेत्रयतनामाह-

तहेवुच्चावया पाणा, भत्तट्ठाए समागया । तं उज्जुअं न गच्छिज्जा, जयमेव परक्कमे ॥७॥

હવે ક્ષેત્રયતનાને બતાવે છે.

ગા.૭ તથા ઊંચા-નીચા પ્રાણીઓ ભોજન માટે આવેલા હોય, તેમને અભિમુખ ન જવું. યતનાપૂર્વક પરાક્રમ કરવું.

'तहेव'त्ति, तथैव 'उच्चावचाः' शोभनाशोभनभेदेन नानाप्रकाराः प्राणिनो भक्तार्थं समागता बलिप्राभृतिकादिष्वागता भवन्ति, 'तदृजुकं' तेषामभिमुखं न गच्छेत्, तत्संत्रासनेनान्तरायाधिकरणादिदोषात्, किंतु यतमेव पराक्रामेत्, तदुद्वेगमनुत्पादयन्निति सूत्रार्थः ॥७॥

ટીકાર્થ : બલિ, પ્રાભૃતિકા વગેરે પ્રસંગોમાં સારા-ખરાબ ભેદથી અનેક પ્રકારના જીવો ભોજન માટે આવેલા હોય, તેમને અભિમુખ ન જવું. કેમકે તેમને ત્રાસ થવા દ્વારા અંતરાય, અધિકરણ વગેરે દોષો થાય. (એ લોકો જયાં ભિક્ષા લેવા આવ્યા હોય ત્યાં જ એમની સામે જ આપણે પણ ભિક્ષા લેવા જઈએ, એટલે બલિ વગેરે કરનારો માલિક જો જૈનસાધુ પ્રત્યે આદરવાળો હોય તો પેલા બીજા યાચકોને કહે કે "તમે બાજુ પર જાવ. આમને આવવા દો. એમને આપ્યા પછી તમને આપીશ." આમ એ બધાને પાછા ધકેલે... એમાં તેઓને ત્રાસ થાય. આ ત્રાસથી બે વસ્તુ બને. એક તો તેઓને પાછળથી મળે, ઓછું મળે એટલે એમને અંતરાય થવા રૂપ દોષ લાગે. ઉપરાંત આ રીતે જૈનસાધુઓનો આદર થતો જોઈ જૈનસાધુઓ સાથે કે પેલા માલિક સાથે ઝઘડો કરી બેસે... આમ દોષો લાગે.

અહીં આવા સ્થાનોમાં ગાય-કુતરા, ભૂંડ વગેરે પ્રાણીઓ પણ ભોજન માટે આવી જતા હોય છે. એ વખતે જૈન સાધુ ત્યાં પહોંચે એટલે એને અંદર આવવા દેવા માટે પેલા પશુઓને દાંડાદિથી દૂર ભગાડે... આ એમને ત્રાસ થયેલો કહેવાય. એના કારણે એમને ભોજન ન મળવા કે મોડું મળવા કે ઓછું મળવા રૂપ અંતરાય થાય, તેઓ સાધુ પર ભડકી ધક્કો મારી દે... એ રીતે અધિકરણ થાય.

અહીં **संत्रासेन अन्तरायाधिकरणादिदोषात्** એમ લખેલું છે. એટલે સંત્રાસથી અંતરાય, અધિકરણ દોષ ઘટાવવાના છે. સંત્રાસ, અંતરાય, અધિકરણ એમ ત્રણ છૂટા, સ્વતંત્ર દોષો ઘટાવવાની નથી... ઉપયોગપૂર્વક પંક્તિનો ભાવાર્થ વિચારવો...)

એટલે એમને અભિમુખ ન જવું. પણ તેમને ઉદ્વેગ ન થાય એ રીતે જયણાપૂર્વક વિચરવું.

किं च

गोअरग्गपविट्ठो अ, न निसीइज्ज कत्थई । कहं च न पबंधिज्जा, चिट्ठित्ता ण व संजए ॥८॥

ગા.૮ ગોચરીમાં પ્રવેશેલો સાધુ ક્યાંય બેસે નહિ, કે ઊભો રહીને કથાનો પ્રબંધ ન કરે.

'गोअरग्ग' त्ति सूत्रं, गोचराग्रप्रविष्टस्तु भिक्षार्थं प्रविष्ट इत्यर्थः 'न निषीदेत्' नोपविशेत् 'क्वचिद्' गृहदेवकुलादौ, संयमोपघातादिप्रसङ्गात्, 'कथां च' धर्मकथादिरूपां 'न प्रबध्नीयात्' प्रबन्धेन न कुर्यात्, अनेनैकव्याकरणैकज्ञातानुज्ञामाह, अत एवाह-स्थित्वा कालपरिग्रहेण संयत इति, अनेषणाद्वेषादिदोषप्रसंगादिति सूत्रार्थः ॥८॥ उक्ता क्षेत्रयतना,

ટીકાર્થ : ભિક્ષામાટે પ્રવેશેલો સાધુ ઘર, દેવકુલ વગેરે ક્યાંય ન બેસે. કેમકે એમાં સંયમનો ઉપઘાત વગેરે થવાનો પ્રસંગ આવી પડે. (ઘરોમાં સ્ત્રી વગેરેનો પરિચય, આધાકર્માદિ બનાવે, ગૃહસ્થોને ઉદ્વેગ થાય...)

તથા ધર્મકથા વગેરે રૂપ કથા પ્રબંધથી = વિસ્તારથી ન કરે.

અહીં પ્રબંધથી કથાનો નિષેધ કરવા દ્વારા એક ઉત્તર, એક દૃષ્ટાન્ત કહેવાની રજા જણાવી દીધી. પ્રબંધકથાનો જ નિષેધ છે, માટે જ કહે છે કે સ્થિત્વા અર્થાત્ લાંબો કાળ ત્યાં રહેવા દ્વારા કથા ન કરવી. એમાં દોષ એ કે એટલા સમય દરમ્યાન ત્યાં દોષિત ગોચરી તૈયાર થાય, એટલે અનેષણાનો દોષ લાગે. તથા ઘરના અમુક લોકોને આ બધું ન ગમવાથી દ્વેષ વગેરે થાય.

ક્ષેત્રયતના કહી દીધી.

द्रव्ययतनामाह-

अग्गलं फलिहं दारं, कवाडं वावि संजए । अवलंबिआ न चिट्ठिज्जा, गोअरग्गगओ मुणी ॥९॥

દ્રવ્યયતના કહે છે.

ગા.૯. ગોચરી ગયેલો સંયતમુનિ અર્ગલા, પરિઘ, દ્વાર, કે કપાટને અવલંબીને ન ઉભો રહે.

'अग्गलं'ति सूत्रं, 'अर्गलं' गोपुरकपाटादिसंबन्धिनं 'परिघं' नगरद्वारादिसंबन्धिनं 'द्वारं' शाखामयं 'कपाटं' द्वारयन्त्रं वाऽपि संयतः अवलम्ब्य न तिष्ठेत्, लाघवविराघना-दोषात्, 'गोचराग्रगतो' भिक्षाप्रविष्टः, मुनिः संयत इति पर्यायौ तदुपदेशाधिकाराददुष्टावेवेति सूत्रार्थः ॥९॥ उक्ता द्रव्ययतना,

ટીકાર્થ : અર્ગલા એટલે ગોપુર=નગરના કે આંગણાના દરવાજા વગેરે સંબંધી સાંકળ...

પરિઘ એટલે નગરના કે આંગણાના બારણાદિ સંબંધી...

દ્વાર એટલે શાખામય...

કપાટ એટલે દ્વારયન્ત્ર...

આ બધાનો ટેકો લઈને સાધુ ન ઉભો રહે. કેમકે એમાં લાઘવ, વિરાધના દોષ લાગે. (આવી રીતે સાધુ ઉભો રહે એ લોકમાં ખરાબ દેખાય એટલે સાધુની લઘુતા દેખાય. તથા તે તે વસ્તુ પર સાધુના શરીરનું વજન આવવાથી તે તે વસ્તુ દબાય, તેના કારણે ત્યાં રહેલા જીવની વિરાધના થાય... એ નબળી વસ્તુ સાધુના ટેકાથી તૂટે, સાધુ પડે તો આત્મવિરાધના...)

મુનિઃ સંયત બે શબ્દો પર્યાયવાચી છે. એ બંને સમાનાર્થી શબ્દો છે, એકજ ગાથામાં બે શબ્દો વાપરવાની જરૂર નથી, પણ અહીં સાધુને જ ઉપદેશ આપવાનો અધિકાર ચાલે છે, એટલે આ બે શબ્દો દોષરહિત જ જાણવા.

દ્રવ્યયતના કહેવાઈ ગઈ.

भावयतनामाह-

समणं माहणं वावि, किविणं वा वणीमगं । उवसंकमंतं भत्तट्ठा, पाणट्ठाए व संजए ॥१०॥

तमइक्कमित्तु न पविसे, नवि चिट्ठे चक्खुगोअरे । एगंतमवक्कमित्ता, तत्थ चिट्ठिज्ज संजए ॥११॥

હવે ભાવયતનાને દેખાડે છે.

ગા.૧૦-૧૧ સાધુ ભોજન માટે કે પાણી માટે પોતાની પાસેથી જ જતા કે ગયેલા

એવા નિર્ગ્રન્થાદિરૂપ શ્રમણને, બ્રાહ્મણને, કૃપણને કે પાંચ વનીપકો = યાચકો ંના ગમે તેને ઓળંગીને પ્રવેશ ન કરે. તેમના ચક્ષુના વિષયમાં ન ઉભો રહે. એકાંતમાં ખસીને સાધુ ત્યાં ઉભો રહે.

'समणं'ति सूत्रं, '<u>श्रमणं</u>' निर्ग्रन्थादिरूपं, '<u>ब्राह्मणं</u>' धिग्वर्णं वापि '<u>कृपणं वा</u>' पिण्डोलकं '<u>वनीपकं</u>' पञ्चा(नां वनीपका)नामप्यन्यतमम् '<u>उपसंक्रामन्तं</u>' सामीप्येन गच्छन्तं गतं वा भक्तार्थं पानार्थं वा '<u>संयतः</u>' साधुरिति सूत्रार्थः ॥१०॥ 'त'मिति सूत्रं, '<u>तं</u>' श्रमणादिम् '<u>अतिक्रम्य</u>' उल्लङ्घ्य न प्रविशेत्, दीयमाने च समुदाने तेभ्यो न तिष्ठेच्चक्षुर्गोचरे । कस्तत्र विधिरित्याह-एकान्तमवक्रम्य तत्र तिष्ठेत् संयत इति सूत्रार्थः ॥११॥

ટીકાર્થ : સાધુ કોઈક ઘરમાં જતો હોય, ત્યાં જ સાધુની પાસેથી જ પસાર થઈને કોઈક બીજો સાધુ કે બ્રાહ્મણ કે કૃપણ કે પાંચમાંથી એકાદ વનીપક એજ ઘરમાં ગોચરી-પાણી માટે પ્રવેશે... અથવા તો પહેલેથી એ ઘરમાં કોઈ નિર્ગ્રન્થાદિ પ્રવેશેલો જ હોય. અને આ સાધુને ખબર પડે. તો સાધુ જલ્દી જલ્દી તેને ઓળંગીને એ ઘરમાં ન પ્રવેશે. તેની હાજરીમાં પણ એ ઘરમાં ન પ્રવેશે. એમને ગોચરી અપાતી હોય ત્યારે એમની કે દાતાની દૃષ્ટિ પડે એવા સ્થાને પણ સાધુ ન ઉભો રહે.

પ્રશ્ન : તો ત્યાં શું વિધિ છે ? સાધુએ શું કરવું ?

ઉત્તર : સાધુ એકાંતમાં જઈને ઉભો રહે.

अन्यथैते दोषा इत्याह-

वणीमगस्स वा तस्स, दायगस्सुभयस्स वा । अप्पत्तिअं सिआ हुज्जा, लहुत्तं पवयणस्स वा ॥१२॥

સાધુ એવું ન કરે તો આ બધાં દોષો લાગે.

ગા.૧૨ તે વનીપકને કે દાતાને કે ઉભયને કદાચ અપ્રીતિ થાય. અથવા તો શાસનની લઘુતા થાય.

'वणीमगस्स'त्ति सूत्रं, '<u>वनीपकस्य वा तस्ये</u>'त्येतच्छ्रमणाद्युपलक्षणं, दातुर्वा उभयोर्वा अप्रीतिः कदाचित् स्यात्-अहो अलोकज्ञतैतेषामिति, लघुत्वं प्रवचनस्य

वाऽन्तरायदोषश्चेति सूत्रार्थः ॥१२।

ટીકાર્થ : એમની દૃષ્ટિ પડે એ રીતે સાધુ ઉભો રહે તો તે વનીપક કે દાતાને કે બંનેને કદાચ અપ્રીતિ થાય.

અહીં **तस्य वनीपकस्य** એ પદ શ્રમણાદિનું ઉપલક્ષણ છે. અર્થાત્ તે બધા પણ સમજી લેવાના. આશય એ છે કે દાતા આપતો હોય, વનીપકાદિ લેતો હોય અને ત્યારે એ બેની દૃષ્ટિ પડે એ રીતે સાધુ ઉભો રહે તો બેમાંથી ગમે તે એકને કે બંનેને અપ્રીતિ ખેદ થવાની સંભાવના પાકી છે. તેઓ વિચારે કે "અહો ! આ જૈનસાધુઓની અલોકજ્ઞતા ! એ લોકો આટલો લોકવ્યવહાર પણ નથી સમજતા કે આવી રીતે સામે ન ઉભા રહેવાય."

અથવા તો પ્રવચનની લઘુતા થાય = જૈનધર્મનું ખરાબ દેખાય (કે આ ધર્મના સાધુઓ કેટલા દીન છે...) તથા અંતરાયદોષ પણ લાગે. (આપણને જોઈને દાતા વિચારે કે આને પણ મારે આપવું પડશે, એટલે એ વનીપકાદિને જેટલું આપતો હોય એના કરતા ઓછું આપે. આમ એ વનીપકાદિને લાભમાં અંતરાય કરવાનો દોષ લાગે.)

तस्मान्नैवं कुर्यात्, किंतु-

पडिसेहिए व दिन्ने वा, तओ तम्मि नियत्तिए । उवसंकमिज्ज भत्तट्ठा, पाणट्ठाए व संजए ॥१३॥

આ બધા દોષ લાગતાં હોવાથી આવું ન કરવું. પરંતુ

ગા.૧૩ પ્રતિષેધ કે દાન કરાયે છતે ત્યાંથી વનીપકાદિ નીકળી ગયે છતે સાધુ ભોજન કે પાનને માટે ત્યાં પ્રવેશે.

'पडिसेहिअ'त्ति सूत्रं, प्रतिषिद्धे वा दत्ते वा 'ततः' स्थानात् 'तस्मिन्' वनीपकादौ निर्वर्त्तिते सति उपसंक्रामेद्भक्तार्थं पानार्थं वापि संयत इति सूत्रार्थः ॥१३॥

ટીકાર્થ : ગૃહસ્થ પેલા વનીપકાદિને દાન આપવાનો પ્રતિષેધ કરે કે પછી દાન આપે. એ પછી વનીપકાદિ ત્યાંથી જતો રહે. એ પછી એકાંતમાં ઉભેલો સાધુ એ ઘરમાં ભોજન કે પાણી માટે પ્રવેશે.

("ગૃહસ્થ એને ના પાડે તો આપણને વહોરાવશે ?" એવી શંકા ન કરવી. ગૃહસ્થને એને આપવાના ભાવ ન જાગે એટલે ન વહોરાવે અને આપણને આપવાના ભાવ જાગે

તો વહોરાવે. વળી એ વનીપકાદિએ અમુક ચોક્કસ વસ્તુ માંગી હોય. એ તેમની પાસે ન હોય તો ના પાડે જ્યારે સાધુને યોગ્ય વસ્તુ ગૃહસ્થ પાસે હોય તો વહોરાવે...)

परपीडाप्रतिषेधाधिकारादिदमाह-

उप्पलं पउमं वावि, कुमुअं वा मगदंतिअं । अन्नं वा पुप्फसच्चित्तं, तं च संलुंचिआ दए ॥१४॥

तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं । दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥१५॥

બીજાને પીડા કરવાનો પ્રતિષેધ કરવાનો અધિકાર ચાલુ હોવાથી આ કહે છે કે

ગા.૧૪-૧૫ ઉત્પલ, પદ્મ, કુમુદ, મગદંતિકા કે અન્ય સચિત્ત પુષ્પને સંલુચીને સ્ત્રી ભિક્ષા આપે. તો તે ભોજનપાન સાધુને અકલ્પ્ય છે. આપતી તેણીને નિષેધ કરવો કે મને તાદેશ ન કલ્પે.

'उप्पलं'ति सूत्रं, 'उत्पलं' नीलोत्पलादि 'पद्मम्' अरविन्दं वापि 'कुमुदं वा' गर्दभकं वा 'मगदन्तिकां' मेत्तिकां, मल्लिकामित्यन्ये, तथाऽन्यद्वा पुष्पं सचित्तं-शाल्मलीपुष्पादि, तच्च 'संलुञ्च्य' अपनीय छित्त्वा दद्यादिति सूत्रार्थः ॥१४॥ 'तारिसं'ति सूत्रं, तादृशं भक्तपानं तु संयतानामकल्पिकं, यतश्चैवमतो ददतीं प्रत्याचक्षीत न मम कल्पते तादृशमिति सूत्रार्थः ॥१५॥

ટીકાર્થ : ઉત્પલ એટલે નીલકમળ વગેરે. પદ્મ એટલે અરવિંદ. કુમુદ એટલે ગર્દભક (ચંદ્ર વિકાસી પુષ્પ). મગદંતિકા એટલે મેત્તિકા. બીજાઓ વળી મલ્લિકા કહે છે. અથવા તો બીજા કોઈ શાલ્મલીપુષ્પાદિ સચિત્ત પુષ્પો.... તે છેદીને સાધુને ભક્ત-પાન આપે. (એ પુષ્પ વહોરાવવાનું નથી. પણ સાધુને આપવા સંબંધમાં ગમે તે કારણે એ પુષ્પ છેદવાની ક્રિયા કરવી પડી...) તાદેશ ભોજન-પાન સાધુઓને ન કલ્પે. એટલે આપતી સ્ત્રીને નિષેધ કરવો કે 'મને તાદેશ ન કલ્પે.'

उप्पलं पउमं वावि, कुमुअं वा मगदंतिअं । अन्नं वा पुप्फसच्चित्तं, तं च संमद्दिआ दए ॥१६॥

तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं । दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥१७॥

ગા.૧૬-૧૭ ઉત્પલને... સંમર્દીને આપે...

एवं तच्च संमृद्य दद्यात्, संमर्दनं नाम पूर्वच्छिन्नानामेवापरिणतानां मर्दनं, शेषं सूत्रद्वयेऽपि तुल्यम् । आह-एतत्पूर्वमप्युक्तमेव-'संमद्दमाणी पाणाणि बीआणि हरिआणि अ' इत्यत्र, उच्यते, उक्तं सामान्येन विशेषाभिधानाददोषः ॥१६-१७॥

ટીકાર્થ : સંમર્દન એટલે પૂર્વે છેદેલા સચિત પુષ્પોનું મર્દન - દબાવવું... બીજું બધું તો ૧૬-૧૭ બે ગાથા સૂત્રોમાં ૧૪-૧૫ ગાથાસૂત્રતુલ્ય જ છે.

પ્રશ્ન : પૂર્વે પણ પહેલાઉદ્દેશામાં **संमद्दमाणी पाणाणि** એ ગાથામાં આ વાત આવી જ ગઈ છે.

ઉત્તર : તે સામાન્યથી કહેલું. અહીં વિશેષથી તે તે પુષ્પોના નામ લેવાપૂર્વક કથન થતું હોવાથી દોષ નથી.

तथा

सालुअं वा विरालिअं, कुमुअं उप्पलनालिअं । मुणालिअं सासवनालिअं, उच्छुखंडं अनिव्वुडं ॥१८॥

तरुणगं वा पवालं, रुक्खस्स तणगस्स वा । अन्नस्स वावि हरिअस्स, आमगं परिवज्जए ॥१९॥

ગા.૧૮-૧૯ સચિત્ત સાલુક, વિરાલિક, કુમુદ, ઉત્પલનાલિક, મુણાલિક, કાસવનાલિક, ઈક્ષુખંડ... વૃક્ષનો કે તૃણનો કે અન્ય હરિતનો તરુણ પ્રવાલ... કાચો હોય તે વર્જવો.

'सालुअं'ति सूत्रं, 'शालूकं वा' उत्पलकन्दं 'विरालिकां' पलाशकन्दरूपां, पर्ववल्लिप्रतिपर्ववल्लिप्रतिपर्वकन्दमित्यन्ये, कुमुदोत्पलनालौ प्रतीतौ, तथा 'मुणालिकां' पद्मिनीकन्दोत्थां 'सर्षपनालिकां' सिद्धार्थकमञ्जरीं तथा इक्षुखण्डम् 'अनिर्वृतं' सचित्तम्। एतच्चानिर्वृतग्रहणं सर्वत्राभिसंबध्यत इति सूत्रार्थः ॥१८॥ किंच-'तरुणयं'ति सूत्रं, तरुणं वा 'प्रवालं' पल्लवं 'वृक्षस्य' चिञ्चिणिकादेः 'तृणस्य वा' मधुरतृणादेः अन्यस्य वापि हरितस्य आर्यकादेः 'आमम्' अपरिणतं परिवर्जयेदिति सूत्रार्थः ॥१९॥

ટીકાર્થ : શાલૂક = ઉત્પલકંદ, વિરાલિકા = પલાશકંદ અન્ય લોકો આ પ્રમાણે કહે છે કે પર્વવલ્લિ, પ્રતિપર્વવલ્લિ, પ્રતિપર્વકન્દ... કુમુદ અને ઉત્પલનાલ પ્રતીત છે.

મૃણાલિકા = પદ્મિની કંદમાંથી ઉત્પન્ન થયેલી... સર્ષપનાલિકા = સિદ્ધાર્થકમંજરી અને શેરડીનો ટુકડો.

આ સચિત્તશબ્દનું ગ્રહણ બધે જ જોડી દેવું.

તથા આમલી વગેરે વૃક્ષોના કે મધુરતૃણાદિ તૃણના કે આર્યકાદિ અન્ય વનસ્પતિના તરુણ પલ્લવને કે જે સચિત્ત છે, એને વર્જવો.

(તે વખતના લોકોમાં વપરાશમાં આવતી જુદી જુદી વનસ્પતિઓ અત્રે દર્શાવી છે. એ બધી સચિત્ત હોય તો એ વસ્તુ કે એના સંઘટ્ટાદિ દ્વારા અપાતી અન્ય વસ્તુ ન વહોરવી.)

तथा-

तरुणिअं वा छिवाडिं, आमिअं भज्जिअं सइं । दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥२०॥

ગા.૨૦ એકવાર ભુંજવેલી સચિત્ત, તરુણ = કાચી મગફળી આપતી સ્ત્રીને નિષેધ કરવો કે મને તાદૃશ ન કલ્પે.

'तरुणिअं'ति सूत्रं, 'तरुणां वा' असंजातां 'छिवाडि'मिति मुद्गादिफलिम् 'आमाम्' असिद्धां सचेतनां, तथा भर्जितां 'सकृद्' एकवारं, ददतीं प्रत्याचक्षीत न मम कल्पते तादृशं भोजनमिति सूत्रार्थः ॥२०॥

ટીકાર્થ : મગફળી માત્ર એકવાર ભુંજવેલી હોય એટલે જ એ કાચી હોય, સચિત્ત હોય તો તેનો નિષેધ કરવો કે મને ન કલ્પે.

ता कोलमणुस्सिन्नं, वेलुअं कासवनालिअं । तिलपप्पडगं नीमं, आमगं परिवज्जए ॥२१॥

ગા.૨૧ અસ્વિન્ન કોલ, વેલુક, કાસવનાલિકા, તિલપર્પટિકા, નીમ કાચા વર્જવા.

'तहा कोलं'ति सूत्रं, तथा 'कोलं' बदरम् 'अस्विन्नं' वह्न्युदकयोगेनानापादितविकारान्तरं, 'वेणुकं' वंशकरिल्लं 'कासवनालिअं' श्रीपर्णीफलम्, अस्विन्नमिति सर्वत्र योज्यं, तथा 'तिलपर्पटं' पिष्टतिलमयम् 'नीमं' नीमफलमामं परिवर्जयेदिति सूत्रार्थः ॥२१॥

ટીકાર્થ : સ્વિન્ન એટલે અગ્નિ અને પાણીના સંબંધ દ્વારા જે વસ્તુ બીજા વિકારને પમાડાયેલી હોય તે. જે એવી ન હોય તે અસ્વિન્ન. એ કાચી હોય, સચિત્ત હોય.

કોલ = બદર. વેણુક = વાંસકારેલા. કાસવનાલિકા = શ્રીપર્ણીફલ. તિલપર્પટ = પીસેલા તલમય. નીમ = નીમવૃક્ષનું ફલ... અસ્વિન્ન શબ્દ બધે જ જોડવો. આ બધું અસ્વિન્ન હોય અને માટે જ કાચું હોય તો તેને વર્જવું.

तहेव चाउलं पिट्ठं, विअडं वा तत्तऽनिव्वुडं । तिलपिट्ठपूइपिन्नागं, आमगं परिवज्जए ॥२२॥

ગા.૨૨ તથા ચોખાનો લોટ, તપ્ત-અનિર્વૃત વિકટ, તિલપિષ્ટ, સર્ષપખલ કાચો વર્જવો.

'तहेव'त्ति सूत्रं, तथैव तान्दुलं पिष्टं, लोट्टमित्यर्थः, विकट वा-शुद्धोदकं तथा तप्तनिर्वृतं क्कथितं सत् शीतीभूतम्, तप्तानिर्वृतं वा-अप्रवृत्तत्रिदण्डं, तिलपिष्टं-तिललोट्टं, 'पूतिपिण्याकं' सर्षपखलमामं परिवर्जयेदिति सूत्रार्थः ॥२२॥

ટીકાર્થ : ચોખાનો લોટ (શાસ્ત્રોએ જેવા પ્રકારના લોટની છૂટ આપી છે, તે સિવાયનો લોટ...) કાચો હોય તે વર્જવો. તથા વિકટ - ચોકખુ પાણી ત્રણ ઉકાળાથી ઉકાળી દીધા બાદ કાળ થઈ જવાથી શીત થયેલું હોય = પાછું સચિત્ત થઈ ગયું હોય તે વર્જવું. અથવા તો **तप्तनिर्वृत्त** ને બદલે **तप्तानिर्वृत्त** શબ્દ લો. જે પાણી તપાવેલું છે પણ અનિર્વૃત્ત - ત્રણ ઉકાળાવાળું નથી તે વર્જવું. (પહેલા નિર્વૃત = શીતીભૂત = સચિત્ત અર્થ કરેલો...)

તથા તલનો લોટ કે સરસવનો ખોળ... આ કાચો = સચિત્ત હોય તે વર્જવો.

कविट्ठं माउलिंगं च, मूलगं मूलगत्तिअं । आमं असत्थपरिणयं, मणसावि न पत्थए ॥२३॥

ગા.૨૩ કપિષ્ઠ, માતુલિંગ, મૂલગ, મૂલવર્તિકા કાચી, શસ્ત્રથી પરિણત ન થયેલી મનથી પણ ઈચ્છવી નહિ.

'कविट्ठं'ति सूत्रं, 'कपित्थं' कपित्थफलं, 'मातुलिङ्गं च' बीजपूरकं, 'मूलकं' सपत्रजालकं 'मूलवर्तिकां' मूलकन्दचक्कलिम् 'आमाम्' अपक्कामशस्त्रपरिणतां

स्वकायशस्त्रादिनाऽविध्वस्ताम्, अनन्तकायत्वाद्गुरुत्वख्यापनार्थमुभयं, मनसापि न प्रार्थयेदिति सूत्रार्थः ॥२३॥

ટીકાર્થ : કપિત્થ = કોઠાનું ફલ. માતુલિંગ = બિજોરું. મૂલક = પાંદડાના સમુહ સહિતનો મૂળો.

મૂલવર્તિકા = મૂલકંદચક્કલિ. (એનો એક ભાગ) આ બધુ કાચું હોય, સ્વકાયશસ્ત્ર વગેરેથી અચિત્ત બનેલું ન હોય તો મનથી પણ પ્રાર્થવું નહિ.

પ્રશ્ન : મૂલની ના પાડી એટલે મૂલવર્તિકાની પણ ના આવી જ જાય. તો પછી એ અલગથી કેમ બતાવો?

ઉત્તર એ અનંતકાય હોવાથી એની ગુરુતા-મહત્તા છે. એ દર્શાવવામાટે ઉભય દર્શાવ્યા છે.

तहेव फलमंथूणि, बीअमंथूणि जाणिआ । बिहेलगं पियालं च, आमगं परिवज्जए ॥२४॥

ગા.૨૪ તથા ફલમંથુ, બીજમંથુ, બિહેલક, પ્રિયાલ જાણીને કાચા વર્જવા.

'तहेव'त्ति सूत्रं, तथैव 'फलमन्थून्' बदरचूर्णान् 'बीजमन्थून्' यवादिचूर्णान् ज्ञात्वा प्रवचनतो 'बिभीतकं' बिभीतकफलं 'प्रियालं वा' प्रियालफलं च 'आमम्' अपरिणतं परिवर्जयेदिति सूत्रार्थः ॥२४॥

ટીકાર્થ : ફલમન્થુ = બદરચૂર્ણ. બીજમન્થુ = યવાદિચૂર્ણ બિભીતક = બિભીતકફળ (હરડે)

પ્રિયાલ = પ્રિયાલફળ... આ બધું પ્રવચનથી જાણીને કાચું-સચિત્ત વર્જવું.

विधिमाह-

समुआणं चरे भिक्खू, कुलमुच्चावयं सया । नीयं कुलमइक्कम्म, ऊसढं नाभिधारए ॥२५॥

ગા.૨૫ સાધુ સદા ઉંચા-નીચા ઘરોમાં ગોચરી ફરે. નીચકુલને ઓળંગીને ઉંચાકુળમાં ન જાય.

'समुआणं'ति सूत्रं, समुदानं भावभैक्ष्यमाश्रित्य चरेद्भिक्षुः, क्वेत्याह-कुलमुच्चावचं सदा, अगर्हितत्वे सति विभवापेक्षया प्रधानमप्रधानं च, यथापरिपाट्येव चरेत् 'सदा' सर्वकालं, नीचं कुलमतिक्रम्य विभवापेक्षया प्रभूततरलाभार्थम् 'उत्सृतम्' ऋद्धिमत्कुलं 'नाभिधारयेत्' न यायात्, अभिष्वङ्गलोकलाघवादिप्रसङ्गादिति सूत्रार्थः ॥२५॥

ટીકાર્થ : સાધુ ભાવભૈક્ષ્ય = નિર્દોષ - મોક્ષાનુકૂલ ગોચરીને આશ્રયીને ચરે-ફરે.

પ્રશ્ન : ક્યાં ચરે ?

ઉત્તર સદા ઉંચા-નીચા કુળોમાં ચરે.

પ્રશ્ન નીચા કુળોમાં તો જવાનો નિષેધ છે.

ઉત્તર : જે કુળ ગર્હિત - લોકનિંદિત ન હોય અને વૈભવની અપેક્ષાએ પ્રધાન હોય તે ઉચ્ચકુળ.

જે કુળ ગર્હિત - લોકનિંદિત ન હોય અને વૈભવની અપેક્ષાએ અપ્રધાન હોય તે નીચકુળ.

આમ વ્યાખ્યા કરવી. (આવા નીચ કુળોમાં જવાનો નિષેધ નથી જ...)

આ બધા ઘરોમાં ક્રમ પ્રમાણે જ સદા ચરે. (ક્રમમાં ઉચ્ચકુળ આવે તો એમાં પણ જાય, નીચકુળ આવે તો એમાં પણ જાય. પણ જાણી જોઈને વૈભવની અપેક્ષાએ જે નીચકુળ છે તે નીચકુળ ઓળંગીને, છોડીને ઘણા વધુ લાભને માટે ઋદ્ધિવાળા કુલમાં ન જાય.)

પ્રશ્ન એમ કરે તો નુકસાન શું ?

ઉત્તર : આસક્તિ પોષાય, લોકમાં સાધુઓની લઘુતા થાય (કે આ બધા તો આસક્ત છે. સારા સારા ઘરોમાં સારી સારી વસ્તુ શોધતા ફરે છે...) આ બધા દોષો લાગે.

किंच-

अदीणो वित्तिमेसिज्जा, न विसीइज्ज पंडिए । अमुच्छिओ भोअणंमि, मायण्णे एसणारए ॥२६॥

ગા.૨૬ અદીનસાધુ વૃત્તિની ગવેષણા કરે, પંડિત વિષાદ ન કરે. ભોજનમાં અમૂર્છિત, માત્રાજ્ઞ એષણારત બને.

'अदीण'त्ति सूत्रं, 'अदीनो' द्रव्यदैन्यमङ्गीकृत्याम्लानवदनः 'वृत्तिं' वर्त्तनम् 'एषयेद्' गवेषयेत्, 'न विषीदेद्' अलाभे सति विषादं न कुर्यात् 'पण्डितः' साधुः 'अमूर्च्छितः' अगृद्धो भोजने, लाभे सति मात्राज्ञ आहारमात्रां प्रति 'एषणारतः' उद्गमोत्पादनैषणापक्षपातीति सूत्रार्थः॥२६॥

ટીકાર્થ : દ્રવ્યદીનતાની અપેક્ષાએ વિચારીએ તો અમ્લાનમુખવાળો એ સાધુ વૃત્તિ = વર્તન = ગોચરીની ગવેષણા કરે. (ભાવદીનતા અંદરનો દીનપરિણામ છે. જ્યારે વસ્તુ ન મળવાથી કે ન મલવાના ભયથી જેનું મોઢું મ્લાન બની જાય એ દ્રવ્યદીન કહેવાય...)

પંડિત = સાધુ લાભ ન થાય તો વિષાદ ન કરે.

સાધુ ભોજનમાં આસક્ત ન બને.

તથા જો લાભ થાય તો આહારની માત્રા પ્રત્યે માત્રાજ્ઞ હોય. આશય એ કે લાભ થાય તો પણ કેટલી માત્રામાં વહોરવું અને કેટલી માત્રામાં વાપરવું... એ બધું જાણે, તથા સાધુ ઉદ્ગમ -ઉત્પાદન અને એષણામાં પક્ષપાતવાળો હોય એટલે કે એ સંબંધી ૪૨ દોષો ન લાગી જાય એ માટે પક્ષપાતવાળો હોય.

एवं च भावयेत्-

बहुं परघरे अत्थि, विविहं खाइमसाइमं । न तत्थ पंडिओ कुप्पे, इच्छा दिज्ज परो न वा ॥२७॥

સાધુ આ પ્રમાણે વિચારે.

ગા.૨૭ બીજાના ઘરમાં વિવિધ ખાદિમ, સ્વાદિમ છે. ત્યાં પંડિત કોપ ન કરે. ઈચ્છા હોય તો આપે કે ન આપે.

'बहुं'ति सूत्रं, 'बहु' प्रमाणतः प्रभूतं 'परगृहे' असंयतादिगृहेऽस्ति 'विविधम्' अनेकप्रकारं खाद्यं स्वाद्यम्, एतच्चाशनाद्युपलक्षणं, 'न तत्र पण्डितः कुप्येत्' सदपि न ददातीति न रोषं कुर्यात्, किंतु-'इच्छया दद्यात् परो न वे'ति इच्छा परस्य, न तत्रान्यत् किञ्चिदपि चिन्तयेद्, सामायिकबाधनादिति सूत्रार्थः ॥२७॥

ટીકાર્થ : અસંયત = ગૃહસ્થવગેરેના ઘરોમાં પ્રમાણની અપેક્ષાએ ઘણાં પ્રમાણમાં અનેકપ્રકારના ખાદિમ, સ્વાદિમ પદાર્થો હોય... આ ખાદિમ... એ અશનાદિનું ઉપલક્ષણ છે.

ત્યાં સાધુ એ રીતે ગુસ્સો ન કરે "પેલી વસ્તુ હોવા છતાં મને આપતો નથી." પણ એમ વિચારે કે "પર માણસ ઈચ્છા હોય તો આપે કે ન પણ આપે..." સાધુએ ત્યાં બીજું કંઈપણ વિચારવું નહિ. જો બીજું કંઈપણ વિચારે (કે આ કંજુસ લાગે છે, સાધુ પ્રત્યે ભાવ નથી... વગેરે.) તો સર્વપદાર્થોમાં સમભાવ રૂપ સામાયિકને બાધા પહોંચે.

एतदेव विशेषेणाह-

सयणासणवत्थं वा, भत्तं पाणं व संजए । अदिंतस्स न कुप्पिज्जा, पच्चक्खेवि अ दीसओ ॥२८॥

આ જ વાત વિશેષથી દર્શાવે છે કે

ગા.૨૮ સાધુ શયન, આસન, વસ્ત્ર, ભક્ત કે પાન ન આપનારા પર ગુસ્સો ન કરે. ભલેને એ બધું પ્રત્યક્ષ જ દેખાતું હોય.

'सयण'त्ति सूत्रं, शयनासनवस्त्रं चेत्येकवद्भावः भक्तं पानं वा संयतोऽददतो न कुप्येत् तत्स्वामिनः, प्रत्यक्षेऽपि च दृश्यमाने शयनासनादाविति सूत्रार्थः ॥२८॥

ટીકાર્થ : શયન આસનાદિ પ્રત્યક્ષ જ દશ્યમાન હોય તો પણ સાધુ એ નહિઆપનારા પર કોપ ન કરે. शयनासनवस्त्रं અહીં સમાહારદ્વન્દ્વ સમાસ થયો છે, એટલે એકવચન કરેલું છે.

इत्थिअं पुरिसं वावि, डहरं वा महल्लगं । वंदमाणं न जाइज्जा, नो अ णं फरुसं वए ॥२९॥

ગા.૨૯ સ્ત્રી કે પુરુષ નાનો કે મોટો વંદન કરતો હોય, તેની પાસે યાચના ન કરે, કર્કશ ન બોલે.

'इत्थिअं'ति सूत्रं, स्त्रियं वा पुरुषं वापि, अपिशब्दात्तथाविधं नपुंसकं वा, 'डहरं' तरुणं 'महल्लकं वा' वृद्धं वा, वाशब्दान्मध्यमं वा, वन्दमानं सन्तं भद्रकोऽयमिति न याचेत, विपरिणामदोषात्, अन्नाद्यभावेन याचितादाने न चैनं परुषं ब्रूयात्-वृथा ते वन्दनमित्यादि, पाठान्तरं वा-वन्दमानो न याचेत लल्लिव्याकरणेन । शेषं पूर्ववदिति सूत्रार्थः ॥२९॥

ટીકાર્થ : સાધુને સ્ત્રી કે પુરુષ કે તેવા પ્રકારનો નપુંસક વંદન કરતો હોય અથવા તો તરુણ કે વૃદ્ધ કે મધ્યમ વંદન કરતો હોય. (અહીં **अपि** શબ્દથી નપુંસક અને **वा** શબ્દથી મધ્યમનું ગ્રહણ કરેલું છે...) તો વંદન કરતા એની પાસે "આ સારો માણસ છે, લાવ માંગું." એમ વિચારી યાચના ન કરવી. કેમકે એમાં વિપરિણામ થવાનો દોષ લાગે. (એ ગૃહસ્થ ભક્તિથી વંદન કરતો હોય અને સાધુ યાચના કરે એટલે એના ભક્તિભાવ તૂટી જાય.

"આ તો વંદન કર્યા એટલે ફસાયો... હવે વંદન કરવા જ નહિ. આ બધા તો માંગ્યા કરશે." એવા વિપરીત પરિણામ એને થાય...)

તથા એની પાસે અન્નાદિ ન હોવાથી સાધુએ માંગેલી વસ્તુ એ ન આપી શકે તો એને કર્કશ વચનો ન કહેવા કે "તારું વંદન ફોગટ છે. (વહોરાવતો તો નથી.)"

અથવા તો પાઠાન્તર આ પ્રમાણે છે કે **वन्दमाणो न जाइज्जा** અર્થાત્ લલ્લિવ્યાકરણ વડે યાચના ન કરે. (જેમ ભિખારીઓ દાતાના પગે પડી, સારા શબ્દો બોલી, એમની પ્રશંસા કરી યાચના કરે... એવી રીતે સાધુ ન કરે...)

तथा-

जे न वंदे न से कुप्पे, वंदिओ न समुक्कसे । एवमन्नेसमाणस्स, सामण्णमणुचिट्ठइ ॥३०॥

ગા.૩૦ જે વંદન ન કરે, તેના પર ક્રોધ ન કરે. વંદાયેલો સાધુ મદ ન કરે. આ રીતે અન્વેષણાકરનારનું સાધુપણું ટકે.

'जे ण वंदि'त्ति सूत्रं, यो न वन्दते कश्चिद्गृहस्थादिः न तस्मै कुप्येत् तथा वन्दितः केनचिन्नृपादिना न समुत्कर्षेत् । 'एवम्' उक्तेन प्रकारेण 'अन्वेषमाणस्य' भगवदाज्ञामनुपालयतः श्रामण्यमनुतिष्ठत्यखण्डमिति सूत्रार्थः ॥३०॥

ટીકાર્થ : જે કોઈ ગૃહસ્થાદિ વંદન ન કરે, તેના પર ક્રોધ ન કરે (કે કેમ વાંદતો નથી ?) તથા કોઈ રાજાદિવડે વંદાયેલો સાધુ ઉત્કર્ષ ન કરે (કે હું કેવો મહાન...)

આ કહેલા પ્રકારે ભગવાનની આજ્ઞાને પાળનારા સાધુનું સાધુપણું અખંડ રહે છે.

स्वपक्षस्तेयप्रतिषेधमाह-

सिआ एगइओ लद्धुं, लोभेण विणिगूहइ । मामेयं दाइयं संतं, दट्ठूणं सयमायए ॥३१॥

હવે, સ્વપક્ષ = સાધુપક્ષમાં ચોરીનો નિષેધ કહે છે કે,

ગા.૩૧ ક્યારેક એકલો મેળવીને લોભથી છુપાવે. "આ દેખાડાયેલું છતું જોઈને જાતે જ ગ્રહણ ન કરો..."

'सिअ'त्ति सूत्रं, 'स्यात्' कदाचिद् 'एकः' कश्चिदत्यन्तजघन्यो लब्ध्वोत्कृष्टमाहारं 'लोभेन' अभिष्वङ्गेण 'विनिगूहते' अहमेव भोक्ष्य इत्यन्तप्रान्तादिनाऽऽच्छादयति-किमित्यत आह-मा मम 'इदं' भोजनजातं दर्शितं सद्दृष्ट्वाऽऽचार्यादिः 'स्वयमादद्याद्' आत्मनैव गृह्णीयादिति सूत्रार्थः ॥३१॥

ટીકાર્થ : ક્યારેક એવું બને કે અત્યંતજઘન્ય સાધુ = તુચ્છસ્વભાવવાળો સાધુ ઉત્કૃષ્ટઆહાર ગોચરીમાં પામે. એ પામીને આસક્તિના કારણે એને છુપાવે. અર્થાત્ "હું જ આ ખાઈશ" એવા વિચારથી અન્તપ્રાન્તાદિ વસ્તુથી એને ઢાંકી દે, આચાર્યને ન બતાવે.

પ્રશ્ન : એવું કરવાની શી જરૂર ? આચાર્યને બતાવ્યા પછી પણ જાતે વાપરી શકે ને ?

ઉત્તર એને એમ વિચાર આવે કે જો મારું આ ભોજન આચાર્યને દેખાડીશ તો એ જોઈને આચાર્યાદિ જાતે જ એ લઈ લેશે. અને તો પછી મને વાપરવા નહિ મળે... આ વિચારથી તે છુપાવે.

अस्य दोषमाह-

अत्तट्ठा गुरुओ लुद्धो, बहुं पावं पकुव्वइ । दुत्तोसओ अ सो होइ, निव्वाणं च न गच्छइ ॥३२॥

આનો દોષ કહે છે.

ગા.૩૨ ગુરુસ્વાર્થવાળો, લુબ્ધ ઘણું પાપ કરે. તે દુષ્તોષ બને. નિર્વાણ ન પામે.

'अत्तट्ठ'त्ति सूत्रं, आत्मार्थ एव जघन्यो-गुरुः पापप्रधानो यस्य स आत्मार्थगुरुर्लुब्धः सन् क्षुद्रभोजने 'बहु' प्रभूतं पापं करोति, मायया दारिद्रं कर्मेत्यर्थः, अयं परलोकदोषः, इहलोकदोषमाह-'दुस्तोषश्च भवति' येन केनचिदाहारेणास्य

क्षुद्रसत्त्वस्य तुष्टिः कर्तुं न शक्यते, अत एव 'निर्वाणं च न गच्छति' इहलोक एव धृतिं न लभते, अनन्तसंसारिकत्वाद्वा मोक्षं न गच्छतीति सूत्रार्थः ॥३२॥

ટીકાર્થ : તુચ્છ એવો આત્માર્થ - સ્વાર્થ એજ ગુરુ = પાપપ્રધાન છે જેને તેવો આ સાધુ છે. (સુંદર વસ્તુ મારે ખાવી એ એનો આત્માર્થ - સ્વાર્થ છે. આ સ્વાર્થ જઘન્ય = તુચ્છ છે. પણ આ સ્વાર્થ સિદ્ધ કરવા માટે એ ગુરુથી છુપાવવું વગેરે પાપ કરવા તૈયાર થાય છે. એટલે એનો આ તુચ્છસ્વાર્થ પાપપ્રધાન બને છે.

તથા આ સાધુ લુબ્ધ છે, એટલે જ તુચ્છભોજન માટે ઘણું પાપ કરે છે. અર્થાત્ આ માયાથી એ દારિદ્રકર્મને કરે છે. (પરલોકમાં ભિખારીપણું, ગરીબાઈ મળે એવા પાપને કરે છે.)

આ પરલોકસંબંધી દોષ દેખાડયો.

હવે ઈહલોકસંબંધી દોષ કહે છે કે આ સાધુ દુસ્તોષ થાય. અર્થાત્ હવે ગમે તે આહારથી આ ક્ષુદ્રસત્વવાળા સાધુને સંતોષ પમાડવો શક્ય ન બને. અને માટે જ આ સાધુ નિર્વાણને = ધીરજને = શાંતિને ન પામે. આલોકમાં જ એ ધીરજ ન પામે (તો પરલોકમાં તો સુતરાં ન પામે...) અથવા તો નિર્વાણ = મોક્ષ... આ સાધુ અનંતસંસારી હોવાથી મોક્ષ ન પામે.

एवं यः प्रत्यक्षमपहरति स उक्तः, अधुना यः परोक्षमपहरति स उच्यते-

सिआ एगइओ लद्धुं, विविहं पाणभोअणं । भद्दगं भद्दगं भुच्चा, विवन्नं विरसमाहरे ॥३३॥

આ રીતે જે સાધુ પ્રત્યક્ષપણે ચોરી કરે છે, તે કહેવાઈ ગયો.

હવે જે સાધુ પરોક્ષરીતે ચોરી કરે છે, તે દર્શાવાય છે.

ગા.૩૩ ક્યારેક એકલો સાધુ વિવિધ પાનભોજનને પામીને સારું સારું ખાઈ વિવર્ણ વિરસ લઈ આવે.

'सिअ'त्ति सूत्रं, स्यादेको लब्ध्वेति पूर्ववत्, 'विविधम्' अनेकप्रकारं पानभोजनं भिक्षाचर्यागत एव 'भद्रकं भद्रकं' घृतपूर्णादि भुक्त्वा 'विवर्णं' विगतवर्णमाम्लखलादि 'विरसं' विगतरसं-शीतौदनादि 'आहरेद्' आनयेदिति सूत्रार्थः ॥३३॥

ટીકાર્થ : ક્યારેક એવું બને કે તુચ્છસાધુ અનેકપ્રકારનું પાન-ભોજન ગોચરીમાં પામે. એ સાધુ ગોચરીચર્યામાં રહેલો છતો જ ઘેબર વગેરે સારી સારી વસ્તુ વાપરી લે અને આમ્લખલાદિ વર્ણરહિત વસ્તુઓ કે ઠંડાભાત વગેરે વિરસ વસ્તુઓ ઉપાશ્રયમાં લઈ આવે. (વસ્તુ પાત્રામાં ગુરુ પાસે લાવીને પણ ન દેખાડે એ પ્રત્યક્ષચોરી અને વસ્તુ બહાર જ વાપરી લઈ ગુરુ પાસે આવે તો એ પરોક્ષચોરી...)

स किमर्थमेवं कुर्यादित्यत आह-

जाणंतु ता इमे समणा, आययट्ठी अयं मुणी । संतुट्ठो सेवए पंतं, लूहवित्ती सुतोसओ ॥३४॥

પ્રશ્ન : તે સાધુ શા માટે આવું કરે છે ?

ઉત્તર : એ સાધુ આ કારણસર આવું કરે કે

ગા.૩૪ આ સાધુઓ જાણો કે "આ (હું) મોક્ષાર્થી મુનિ છે. સંતુષ્ટ રુક્ષવૃત્તિવાળા, સુતોષ આ અન્તપ્રાન્ત વાપરે છે."

'जाणंतु'त्ति सूत्रं, जानन्तु तावन्मां '<u>श्रमणाः</u>' शेषसाधवो यथा '<u>आयतार्थी</u>' मोक्षार्थी अयं '<u>मुनिः</u>' साधुः '<u>संतुष्टो</u>' लाभालाभयोः समः सेवते '<u>प्रान्तम्</u>' असारं '<u>रूक्षवृत्तिः</u>' संयमवृत्तिः '<u>सुतोष्यः</u>' येन केनचित्तोषं नीयत इति सूत्रार्थः ॥३४॥

ટીકાર્થ : બાકીના સાધુઓ મને જાણો કે આ મુનિ મોક્ષાર્થી છે. લાભ અને અલાભમાં સમાન છે. અસાર વાપરે છે. સંયમવૃત્તિવાળો છે. (સંયમપૂર્વક ગોચરીચર્યાદિ કરનારો છે.) સુતોષ્ય છે એટલે કે ગમે તે વસ્તુથી સંતોષ પમાડી શકાય. એવો છે. (સાધુ વિવર્ણ વિરસ વસ્તુ લાવે એટલે બધા પ્રશંસા કરે અને ઉપરપ્રમાણે વિચારે એ સ્વાભાવિક છે.)

एतदपि किमर्थमेवं कुर्यात्तत्राह-

पूअणट्ठा जसोकामी, माणसम्माणकामए । बहुं पसवई पावं, मायासल्लं च कुव्वइ ॥३५॥

પ્રશ્ન : પણ સાધુઓ પોતાના માટે આ પ્રમાણે માને એ પણ એ શા માટે કરે છે ?

ઉત્તર ગા.૩૫ પૂજનને માટે યશકામી, માનસન્માનકામી ઘણું પાપ પ્રસવે છે.

માયાશલ્યને કરે છે.

'पूअणट्ठ'त्ति सूत्रं, 'पूजार्थम्' एवं कुर्वतः स्वपक्षपरपक्षाभ्यां सामान्येन पूजा भविष्यतीति 'यशस्कामी' अहो अयमिति प्रवादार्थं वा, तथा मानसन्मानकाम एवं कुर्यात्, तत्र वन्दनाभ्युत्थानलाभनिमित्तो मानः वस्त्रपात्रादिलाभनिमित्तः सन्मानः, स चैवंभूतः 'बहु' अतिप्रचुरं प्रधानसंक्लेशयोगात् 'प्रसुते' निर्वर्त्तयति पापं तद्गुरुत्वादेव सम्यगनालोचयन् 'मायाशल्यं च' भावशल्यं च करोतीति सूत्रार्थः ॥३५॥

ટીકાર્થ : આ રીતે કરતાં સાધુની (મારી) સ્વપક્ષ = સાધુ-સાધ્વી દ્વારા અને પરપક્ષ = ગૃહસ્થોદ્વારા સામાન્યથી પૂજા થશે એટલે એ માટે આવું કરે.

તથા "અહો આ સાધુ !" એ પ્રમાણે પોતાનામાટે પ્રસિદ્ધિ થાય તે માટે આવું કરે. તથા માન અને સન્માનની ઈચ્છાવાળો તે આ પ્રમાણે કરે. તેમાં લોકો વંદન કરે, ઉભા થાય. આ બધું જેમાં નિમિત્ત બને તે માન... અને વસ્ત્રપાત્રાદિનો લાભ એ જેમાં નિમિત્ત બને એ સન્માન. (લોકો વંદનાદિ કરે, એનાથી એ સાધુને માન મળ્યું કહેવાય, લોકો વસ્ત્રાદિ આપે તેનાથી એ સાધુને સન્માન મળેલું કહેવાય.)

આવા પ્રકારનો સાધુ પ્રધાનસંક્લેશના સંબંધને લીધે ઘણું પાપ બનાવે. અને તે પાપના ભારેપણાથી જ એ સાધુ એ દોષોની આલોચના પણ ન કરે અને એ રીતે માયાશલ્યરૂપ ભાવશલ્યને કરે. (કાંટો એ દ્રવ્યશલ્ય છે..)

प्रतिषेधान्तरमाह-

सुरं वा मेरगं वावि, अन्नं वा मज्जगं रसं । ससक्खं न पिबे भिक्खू, जसं सारक्खमप्पणो ॥३६॥

બીજાપ્રતિષેધને કહે છે.

ગા.૩૬ પોતાના યશને રક્ષતો સાધુ સુરા, મૈરેયી કે અન્ય માદકરસ સસાક્ષિક ન પીએ.

'सुरं व'त्ति सूत्रं-'सुरां वा' पिष्टादिनिष्पन्नां, 'मेरकं वापि' प्रसन्नाख्यां, सुराप्रायोग्यद्रव्यनिष्पन्नमन्यं वा 'माद्यं रसं' सीध्वादिरूपं 'ससाक्षिकं' सदापरित्यागसाक्षिकेवलिप्रतिषिद्धं न पिबेद्भिक्षुः, अनेनात्यन्तिक एव तत्प्रतिषेधः, सदासाक्षिभावात् । किमिति न पिबेदित्याह-यशः संरक्षन्नात्मनः, यशःशब्देन संयमोऽभिधीयते, अन्ये तु

ग्लानापवादविषयमेतत्सूत्रं अल्पसागारिकविधानेन व्याचक्षत इति सूत्रार्थः ॥३६॥

ટીકાર્થ : લોટ વગેરેથી બનેલો દારુ સુરા. મેરક એટલે પ્રસન્ના નામનો દારુ. એમ દારુને યોગ્ય દ્રવ્યોથી બનેલ બીજું પણ સીધુવગેરે દ્રવ્ય સાધુ સાક્ષીની હાજરીમાં ન વાપરે.

(પ્રશ્ન તો શું પોતે એકલો હોય, બીજો કોઈ સાક્ષી હાજર ન હોય ત્યારે દારુ વાપરી શકે ?)

ઉત્તર દારૂનો સદા માટે પરિત્યાગ કરવામાં નિમિત્ત બનનાર સાક્ષી એવા કેવલીઓવડે નિષેધ કરાયેલા દારૂને પીએ. આનાવડે દારૂનો આત્યન્તિક જ નિષેધ કરી દીધો. કેમકે સદા સાક્ષી હોય છે. (આશય એ છે કે કોઈ જોનાર હોય = સાક્ષી હોય ત્યારે દારૂ ન પીવો... હવે કેવલી તો સદા જોનાર છે જ, એટલે સદા માટે દારૂ છોડી જ દેવો...)

પ્રશ્ન : કેવલી ભલેને જોતાં, છતાં સાધુ પીએ તો શું વાંધો ? શા માટે સુસાધુ દારૂ ન વાપરે ?

ઉત્તર પોતાના યશની = સંયમની રક્ષા કરતો સાધુ આ દારૂ ન પીએ. અહીં યશ=સંયમ સમજવું. (દારૂ પીવાથી સંયમને બાધા પહોંચે, એ સંયમની રક્ષા કરવા માટે સાધુ દારૂ ન પીએ.)

બીજાઓ વળી સસાક્ષિક શબ્દનો આ પ્રમાણે ભાવાર્થ કરે છે કે આ સૂત્ર ગ્લાન સાધુના અપવાદ સંબંધી છે. એટલે કે ગ્લાન સાધુને રોગનાશાદિ માટે દારૂ આપવો જરૂરી બને તો એ શી રીતે પીવડાવવો એ અપવાદનું પ્રરૂપણા કરનાર આ સૂત્ર છે. આ સૂત્ર યતના બતાવે છે કે કોઈની હાજરીમાં ગ્લાનને દારૂ ન પીવડાવવો. પણ ગૃહસ્થોને અલ્પ કરવાદ્વારા = એ સ્થાન એકાંતવાળું = ગૃહસ્થરહિત કરવાદ્વારા સાધુને દારૂ પીવડાવવો.

अत्रैव दोषमाह-

पियए एगओ तेणो, न मे कोइ विआणइ । तस्स पस्सह दोसाइं, निअडिं च सुणेह मे ॥३७॥

આ દારૂ પીવામાં જ શું દોષ છે એ દર્શાવે છે.

ગા.૩૭ એકલો ેર પીએ "મને કોઈ જાણતું નથી" તેના દોષોને જુઓ, અને કપટને મારી પાસે સાંભળો.

'पियए'त्ति सूत्रं, पिबति 'एको' धर्मसहायविप्रमुक्तोऽल्पसागारिकस्थितो वा 'स्तेनः' चौरोऽसौ भगवददत्तग्रहणात् अन्यापदेशयाचनाद्वा न मां कश्चिज्जानातीति भावयन्, तस्येत्थंभूतस्य पश्यत दोषानैहिकान् पारलौकिकांश्च 'निकृतिं च' मायारूपां श्रृणुत ममेति सूत्रार्थः ॥३७॥

ટીકાર્થ : ધર્મમાં સહાયકરનાર સંઘાટકસાધુ વિનાનો એવો અથવા તો અલ્પસાગારિકમાં = એકાન્ત શૂન્યસ્થાનમાં રહેલો એવો આ ચોર "મને કોઈ જાણતું નથી, જોતું નથી" એમ વિચારતો દારૂ વાપરે.

પ્રશ્ન : આ સાધુને ચોર શા માટે કહ્યો ?

ઉત્તર : જે દારૂ ભગવાનવડે અનુમતિ અપાયેલો નથી, એનું આ ગ્રહણ કરે છે એટલે એ ચોર છે અથવા તો "અમુક સાધુ ગ્લાન છે, એનામાટે દારુ જોઈએ છે..." એ પ્રમાણે બીજાના બહાને દારુની યાચના કરતો હોવાથી આ ચોર છે.

આવા પ્રકારના સાધુના આલૌકિક અને પારલૌકિક દોષો જુઓ. તથા માયારૂપ નિકૃતિને મારી પાસે સાંભળો.

वड्ढई सुंडिआ तस्स, मायामोसं च भिक्खुणो । अयसो अ अनिव्वाणं, सययं च असाहुआ ॥३८॥

ગા.૩૮ તે સાધુની શૌન્ડિકા અને માયામૃષા વધે. અપયશ અને અનિર્વાણ તથા સતત અસાધુતા થાય.

'वड्ढइ'त्ति सूत्रं, वर्धते 'शौण्डिका' तदत्यन्ताभिष्वङ्गरूपा तस्य माया मृषावादं चेत्येकवद्भावः प्रत्युपलब्धापलापेन वर्धते तस्य भिक्षोः, इदं च भवपरम्पराहेतुः, अनुबन्धदोषात्, तथा अयशश्च स्वपक्षपरपक्षयोः, तथा अनिर्वाणं तदलाभे सततं चासाधुता लोके व्यवहारतः चरणपरिणामबाधनेन परमार्थत इति सूत्रार्थः ॥३८॥

ટીકાર્થ તે દારૂમાં અત્યંત આસક્તિ એજ શૌન્ડિકા. દારૂ પીનારા સાધુની આ શૌન્ડિકા વધવા માંડે. તથા તે સાધુની માયા અને મૃષાવાદ વધે.

અહીં માયા મૃષાવાદનો સમાહારદ્વન્દ્વ સમાસ કરેલો હોવાથી એકવચન કરેલું છે.

પ્રશ્ન માયા અને મૃષાવાદ શી રીતે વધે ?

ઉત્તર : એ સાધુ પોતાને મળેલા દારૂનો અપલાપ કરશે, એટલે કે કોઈને કહેશે નહિ. કોઈ પૂછશે તો પણ જુઠ્ઠું જ બોલશે. "મેં દારુ વહોર્યો છે..." વગેરે નહિ બોલે. આમાં માયાની અને મૃષાવાદની વૃદ્ધિ સ્પષ્ટ જ છે.

આ માયામૃષાવાદ ભવની પરંપરાનું કારણ છે. કેમકે આ માયામૃષાવાદનો અનુબંધ થવા રૂપ દોષ છે. અર્થાત્ આ માયાદિ દરેક ભવમાં આવતા જાય = ઉત્પન્ન થતા જાય. એનાથી વળી નવા ભવો બંધાય, એમાં વળી માયામૃષા થાય... આ રીતે ભવની પરંપરા ચાલે.

તથા સ્વપક્ષમાં અને પરપક્ષમાં આ સાધુનો અપયશ થાય.

તથા જયારે દારુ ન મળે ત્યારે એ સાધુને અશાંતિ થાય.

તથા સતત અસાધુતા થાય. વ્યવહારથી અસાધુતા આ પ્રમાણે કે લોકમાં બધા કહે કે "આ દારુ પીએ છે, આ સાધુ જ ન કહેવાય." એમ અસાધુતા થાય. અને દારુ પીનારના ચારિત્રપરિણામને બાધા પહોંચવાથી પરમાર્થથી પણ સતત અસાધુતા થાય.

किंच-

निच्चुव्विग्गो जहा तेणो, अत्तकम्मेहिं दुम्मई । तारिसो मरणंतेवि, न आराहेइ संवरं ॥३९॥

વળી

ગા.૩૯ જેમ ચોર તેમ પોતાના કર્મોથી સતત ઉદ્વિગ્ન, દુર્મતિવાળો તેવા પ્રકારનો સાધુ મરણાન્તે પણ સંવરને ન આરાધે.

'निच्चुव्विग्गो'त्ति सूत्रं, स इत्थंभूतो 'नित्योद्विग्नः' सदाऽप्रशान्तो यथा 'स्तेनः' चौरः 'आत्मकर्मभिः' स्वदुश्चरितैः 'दुर्मतिः'-दुष्टबुद्धिः 'तादृशः' क्लिष्टसत्त्वो 'मरणान्तेऽपि' चरमकालेऽपि नाराधयति 'संवरं' चारित्रं, सदैवाकुशलबुद्ध्या तद्बीजाभावादिति सूत्रार्थः ॥३९॥

ટીકાર્થ : જેમ ચોર પોતાના ચોરી વગેરે કાર્યોથી સતત ઉદ્વિગ્ન હોય છે = ભયમાં હોય છે. તેમ આ દારુ પીનારો સાધુ પણ પોતાના આ કર્મોથી સતત અપ્રશાન્ત હોય છે. દુષ્ટબુદ્ધિવાળો, સંકલેશવાળો આ સાધુ અંતકાળે પણ ચારિત્રને આરાધતો નથી. કેમકે એને સદાય અકુશલબુદ્ધિ રહી, એનાથી એને ચારિત્રની આરાધનાનું બીજ જ નથી, એટલે

તે આરાધના શી રીતે થાય ?

तथा-

आयरिए नाराहेइ, समणे आवि तारिसे । गिहत्थावि ण गरिहंति, जेण जाणंति तारिसं ॥४०॥

ગા.૪૦ તે આચાર્યને આરાધતો નથી. તાદૃશ સાધુઓને પણ (આરાધતો નથી). ગૃહસ્થો પણ તેને નિંદે છે, કેમકે તેઓ તેને તાદૃશ = દારુ પીનાર જાણે છે.

'आयरिए'त्ति सूत्रं, आचार्यान्नाराधयति, अशुद्धभावत्वात्-श्रमणांश्चापि तादृशान्नाराधयत्यशुभभावत्वादेव, गृहस्था अप्येनं दुष्टशीलं 'गर्हन्ते' कुत्सन्ति, किमिति? - येन जानन्ति 'तादृशं' दुष्टशीलमिति सूत्रार्थः ॥४०॥

ટીકાર્થ : દારુપીનારો સાધુ અશુદ્ધભાવવાળો હોવાથી આચાર્યની આરાધના-સેવા કરતો નથી.

તથા તેવા પ્રકારના સુંદર શ્રમણોની પણ આરાધના કરતો નથી તેનું કારણ પણ આ જ છે કે આ સાધુ અશુદ્ધભાવવાળો છે.

ગૃહસ્થો પણ આ દુષ્ટશીલવાળા સાધુની ગર્હા કરે છે, કેમકે તેઓ જાણે છે કે આ દુષ્ટશીલવાળો છે.

एवं तु अगुणप्पेही, गुणाणं च विवज्जए । तारिसो मरणंतेऽवि, ण आराहेइ संवरं ॥४१॥

ગા.૪૧ આ પ્રમાણે અગુણપ્રેક્ષી ગુણોનો ત્યાગી તાદૃશસાધુ મરણાન્તે પણ સંવરને આરાધતો નથી.

'एवं तु'त्ति सूत्रं, 'एवं तु' उक्तेन प्रकारेण 'अगुणप्रेक्षी' अगुणान्-प्रमादादीन् प्रेक्षते तच्छीलश्च य इत्यर्थः, तथा 'गुणानां च' अप्रमादादीनां स्वगतानामनासेवनेन परगतानां च प्रद्वेषेण 'विवर्जकः' त्यागी 'तादृशः' क्लिष्टचित्तो मरणान्तेऽपि नाराधयति 'संवरं' चारित्रमिति सूत्रार्थः ॥४१॥

ટીકાર્થ : આમ કહેલા પ્રકારે પ્રમાદાદિ દોષોને જ જે જુએ છે અને એને આચરવાના

સ્વભાવવાળો જે છે તથા જે પોતાના આત્મામાં રહેલા અપ્રમાદાદિ ગુણોનું આસેવન ન કરવા દ્વારા અને બીજામાં રહેલા અપ્રમાદાદિ ગુણો ઉપર પ્રદ્વેષદ્વારા તે ગુણોનો ત્યાગકરનારો જે સાધુ છે, તાદૃશ = સંક્લિષ્ટચિત્તવાળો સાધુ અંતસમયે પણ ચારિત્રને આરાધતો નથી.

यतश्चैवमत एतद्दोषपरिहारेण

तवं कुव्वइ मेहावी, पणीअं वज्जए रसं । मज्जप्पमायविरओ, तवस्सी अइउक्कसो ॥४२॥

જે કારણથી આવું છે, આથી આ દોષનો ત્યાગ કરવા દ્વારા

ગા.૪૨ મદ્યપ્રમાદ વિરત, તપસ્વી, ઉત્કર્ષરહિત, મેધાવી તપ કરે, પ્રણીત રસ વર્જે.

'तवं'ति सूत्रं, तपः करोति 'मेधावी' मर्यादावर्ती 'प्रणीतं' स्निग्धं वर्जयति 'रसं' घृतादिकं, न केवलमेतत्करोति, अपितु मद्यप्रमादविरतो, नास्ति क्लिष्टसत्त्वानामकृत्यमित्येवं प्रतिषेधः, 'तपस्वी' साधुः 'अत्युत्कर्षः' अहं तपस्वीत्युत्कर्षरहित इति सूत्रार्थः ॥ ४२॥

ટીકાર્થ : મર્યાદામાં રહેનારો આ સાધુ તપ કરે. ઘી વગેરે સ્નિગ્ધરસ વર્જે. માત્ર આટલું જ કરે એમ નહિ પરંતુ મદ્યપ્રમાદથી વિરત બને.

પ્રશ્ન સાધુને દારુનો નિષેધ કરવો પડે ?

ઉત્તર : સંકલિષ્ટ જીવોને કંઈપણ અકાર્ય નથી, અર્થાત્ તેઓ દારુપીવાદિ કામ પણ કરી બેસે એટલે આ પ્રમાણે પ્રતિષેધ કરેલો છે. તથા આ તપસ્વી સાધુ "હું તપસ્વી છું." એવા પ્રકારના અભિમાન વિનાનો બને.

तस्स पस्सह कल्लाणं, अणेगसाहुपूइअं । विउलं अत्थसंजुत्तं, कित्तइस्सं सुणेह मे ॥४३॥

ગા.૪૩ તેના અનેક સાધુપૂજિત, વિપુલ, અર્થસંયુક્ત તેના કલ્યાણને જુઓ. હું કીર્તન કરીશ. મને સાંભળો.

'तस्स'त्ति सूत्रं, 'तस्य' इत्थंभूतस्य पश्यत 'कल्याणं' गुणसंपद्रूपं संयमं, किंविशिष्टमित्याह-अनेकसाधुपूजितं, पूजितमिति-सेवितमाचरितं, 'विपुलं' विस्तीर्णं विपुलमोक्षावहत्वात् 'अर्थसंयुक्तं' तुच्छतादिपरिहारेण निरुपमसुखरूपमोक्षसाधनत्वात्

कीर्तयिष्येऽहं श्रृणुत 'मे' ममेति सूत्रार्थः ॥४३॥

ટીકાર્થ : આવા પ્રકારના સાધુના ગુણસંપત્તિ રૂપ સંયમાત્મક કલ્યાણને જુઓ.

પ્રશ્ન : એ કલ્યાણ કેવું છે ?

ઉત્તર : એ સંયમ અનેક સાધુઓથી પૂજિત = સેવિત = આચરાયેલું છે. (પૂર્વના અનંત સાધુઓએ અને વર્તમાનના પણ સુસાધુઓએ એ સંયમ પાળેલું છે...)

એ સંયમ કલ્યાણ = વિપુલમોક્ષને લાવનાર હોવાથી વિપુલ છે.

તથા આ સંયમમાં તુચ્છતા વગેરેના પરિહાર દ્વારા નિરુપમસુખ રૂપ મોક્ષનું સાધન હોવાથી અર્થસંયુક્ત = મોક્ષરૂપી અર્થવાળું છે.

(**तुच्छतादिपरिहारेण** શબ્દનો અર્થ નીચે પ્રમાણે સંભવિત છે.

(ક) મોક્ષાત્મક સુખમાં તુચ્છતા, અનિત્યતાદિ નથી, એટલે એ નિરુપમ છે. આમ તુચ્છતાદિના અભાવથી જે સુખ નિરૂપમ છે. એવા નિરૂપમસુખ સ્વરૂપ જે મોક્ષ છે. તેનું સાધન આ સંયમ છે.

(ખ) દારુ પીવું, માયા, મૃષા કરવા વગેરે રૂપ તુચ્છતા, આસક્તિ આદિ દોષો આ સાધુના સંયમમાં નથી. અર્થાત્ આ સંયમમાં તુચ્છતાદિનો અભાવ છે. એટલે એ નિર્મળ છે. અને માટે જ તે મોક્ષનું સાધન છે..

આમાં યથાયોગ્ય અન્ય પણ અર્થો વિચારવા...)

एवं तु स गुणप्पेही, अगुणाणं च विवज्जए । तारिसो मरणंतेऽवि, आराहेइ संवरं ॥४४॥

ગા.૪૪ આ પ્રમાણે ગુણપ્રેક્ષી, અગુણોનો વિવર્જક તે તાદશ સાધુ મરણાન્તે પણ સંવરને આરાધે.

'एवं तु' उक्तेन प्रकारेण 'स' साधुः 'गुणप्रेक्षी' गुणान्-अप्रमादादीन् प्रेक्षते तच्छीलश्च य इत्यर्थः, तथा 'अगुणानां च' प्रमादादीनां स्वगतानामनासेवनेन परगतानां चाननुमत्या 'विवर्जकः' त्यागी 'तादृशः' शुद्धवृत्तो 'मरणान्तेऽपि' चरमकालेऽप्याराधयति 'संवरं' चारित्रं, सदैव कुशलबुद्ध्या तद्बीजपोषणादिति सूत्रार्थः ॥४४॥

ટીકાર્થ : ઉપર કહેલાપ્રકારે જે સાધુ અપ્રમાદાદિ ગુણોને જોનારો અને તેને સેવવાના

સ્વભાવવાળો છે. તથા જે પોતાનામાં રહેલા પ્રમાદાદિ દોષોનું સેવન ન કરવા દ્વારા અને બીજામાં રહેલા પ્રમાદાદિ દોષોની અનુમતિ = અનમોદના ન કરવા દ્વારા તે દોષોનો ત્યાગી છે. આવો શુદ્ધ આચારવાળો સાધુ અંતકાળે પણ ચારિત્રને આરાધે છે. કેમકે એને સદા કુશલ બુદ્ધિ હોવાથી તેના દ્વારા ચારિત્રની આરાધનાના બીજનું પોષણ થયું છે. એટલે તે અંતે પણ ચારિત્રારાધક બને છે.

तथा

आयरिए आराहेइ, समणे आवि तारिसे । गिहत्थावि णं पूयंति, जेण जाणंति तारिसं ॥४५॥

ગા.૪૫ આચાર્યને અને તાદૃશસાધુઓને આરાધે છે. ગૃહસ્થો પણ તેને પૂજે છે, કેમકે તેને તાદૃશ જાણે છે.

'आयरिए'त्ति सूत्रं, आचार्यानाराधयति, शुद्धभावत्वात्, श्रमणांश्चापि तादृश आराधयति, शुद्ध भावत्वादेव, गृहस्था अपि शुद्धवृत्तमेनं पूजयन्ति, किमिति ?, येन जानन्ति 'तादृशं' शुद्धवृत्तमिति सूत्रार्थः ॥४५॥

टीकार्थ : આ સાધુ શુદ્ધભાવવાળો હોવાથી આચાર્યને આરાધે છે. (સેવે છે. પ્રસન્ન કરે છે...) તથા તાદૃશસાધુ શુદ્ધભાવવાળો હોવાથી જ શ્રમણોને પણ આરાધે છે. ગૃહસ્થો પણ શુદ્ધઆચારવાળા આને પૂજે છે. કેમકે તેઓ તેને શુદ્ધઆચારવાળો જાણે છે.

स्तेनाधिकार एवेदमाह-

तवतेणे वयतेणे, रूवतेणे अ जे नरे । आयारभावतेणे अ, कुव्वई देवकिव्विसं ॥४६॥

ચોરના અધિકારમાં જ આ વાત કહે છે કે

ગા.૪૬ જે નર તપસ્તેન, વયઃસ્તેન, રૂપસ્તેન, આચારસ્તેન અને ભાવસ્તેન છે તે કિલ્બિષિક દેવ કરે છે.

'तव'त्ति सूत्रं, तपस्तेनो वाक्स्तेनो रूपस्तेनस्तु यो नरः कश्चित् आचारभावस्तेनश्च, पालयन्नपि क्रियां तथाभावदोषाद्देवकिल्विषं करोति-किल्बिषिकं कर्म निर्वर्त्तयतीत्यर्थः, तपस्तेनो नाम क्षपकरूपकल्पः कश्चित् केनचित् पृष्टस्त्वमसौ क्षपक इति, स

पूजाद्यर्थमाह-अहम्, अथवा वक्ति-साधव एव क्षपकाः, तूष्णीं वाऽऽस्ते, एवं वाक्स्तेनो धर्मकथकादितुल्यरूपः कश्चित्केनचित् पृष्ट इति, एवं रूपस्तेनो राजपुत्रादितुल्यरूपः, एवमाचारस्तेनो विशिष्टाचारवत्तुल्यरूप इति, भावस्तेनस्तु परोत्प्रेक्षितं कथञ्चित् किञ्चित् श्रुत्वा स्वयमनुत्प्रेक्षितमपि मयैतत्प्रपञ्चेन चर्चितमित्याहेति सूत्रार्थः ॥४६॥

ટીકાર્થ : તપસ્તેનવગેરે સાધુ ક્રિયાને પાળતો હોય તો પણ તેવા પ્રકારના ભાવદોષથી તે કિલ્બિષિક કર્મ બનાવે છે. (તેવી હલકી દેવગતિમાં લઈ જનારું કર્મ તે કિલ્બિષિક દેવકર્મ.)

● જે બીજા તપસ્વીના જેવા જ રૂપવાળો હોય, તેને કોઈક પૂછે કે એ તપસ્વી તમે છો ?" પેલો સાધુ પૂજાદિમાટે કહે કે "હું જ છું" અથવા તો બોલે કે "સાધુઓ તપસ્વી હોય" અથવા મૌનધારી રહે. (આનાથી સામેવાળો તો એને તપસ્વી જ સમજે...) આ તપસ્તેન કહેવાય.

● એમ કોઈક સાધુ ધર્મકથીસાધુના જેવા રૂપવાળો હોય અને કોઈક એને પૂછે કે "તમે પેલા વ્યાખ્યાનકાર છો...?" (ઉપર મુજબ બાકીનું સમજવું)

● એમ રાજપુત્રવગેરેને સમાનરૂપવાળો કોઈ હોય... તે રૂપસ્તેન.

● એમ વિશિષ્ટઆચારવાળાને સમાનરૂપવાળો કોઈ હોય... તે આચારસ્તેન.

● તથા બીજાવડે ચિંતનકરાયેલી કંઈક વસ્તુને કોઈપણ રીતે સાંભળી લઈ પોતે સ્વયં ન ચિંતવેલી હોવા છતાં ` એમ બોલે કે મેં આ તત્ત્વ વિસ્તારથી ચર્ચેલું છે, વિચારેલું છે." આ ભાવસ્તેન કહેવાય.

अयं चेत्थंभूतः

लद्धूणवि देवत्तं, उववन्नो देवकिव्विसे । तत्थावि से न याणाइ, किं मे किच्चा इमं फलं ? ॥४७॥

ગા.૪૭ દેવત્વ પામીને પણ દેવકિલ્બિષિકમાં ઉત્પન્ન થાય, ત્યાં પણ તે ન જાણે કે "શું કર્યાનું મને આ ફલ મળ્યું છે?"

'लद्धूण'त्ति सूत्रं, लब्ध्वापि देवत्वं तथाविधक्रियापालनवशेन उपपन्नो 'देवकिल्बिषे' देवकिल्बिषिका ये, तत्राप्यसौ न जानात्यविशुद्धावधिना, किं मम कृत्वा 'इदं फलं' किल्बिषिकदेवत्वमिति सूत्रार्थः ॥४७॥

ટીકાર્થ : આ આવા પ્રકારનો તપસ્તેનાદિ સાધુ તેવા પ્રકારની ક્રિયાના પાલનનાં વશથી દેવપણું પામીને પણ જે દેવકિલ્બિષિકો છે, તેમાં ઉત્પન્ન થાય. (પણ ઊંચાદેવલોકમાં નહિ) ત્યાં પણ એ અવિશુદ્ધ અવધિજ્ઞાન હોવાથી જાણી ન શકે છે કે "મેં પૂર્વે કયું કેવું પાપ કરેલું કે જે કર્યા પછીનું આ હલકાદેવ બનવા રૂપ ફલ મળ્યું છે."

अत्रैव दोषान्तरमाह-

तत्तोवि से चइत्ताणं, लब्भिही एलमूअयं । नरगं तिरिक्खजोणिं वा, बोही जत्थ सुदुल्लहा ॥४८॥

અહીં જ બીજાદોષને દેખાડે છે.

ગા.૪૮ ત્યાંથી પણ ચ્યવીને તે એલમૂકત્વ પામશે. નરક કે તિર્યંચયોનિ પામશે કે જ્યાં બોધિ સુદુર્લભ છે.

'तत्तोवि'त्ति सूत्रं, ततोऽपि देवलोकादसौ च्युत्वा लप्स्यते 'एलमूकताम्' अजाभाषानुकारित्वं मानुषत्वे, तथा नरकं तिर्यग्योनिं वा पारम्पर्येण लप्स्यते, 'बोधिर्यत्र सुदुर्लभः' सकलसंपन्निबन्धना यत्र जिनधर्मप्राप्तिर्दुरापा । इह च प्राप्नोत्येलमूकतामिति वाच्ये असकृद्भावप्राप्तिख्यापनाय लप्स्यत इति भविष्यत्कालनिर्देश इति सूत्रार्थः ॥४८॥

ટીકાર્થ : આ સાધુ દેવલોકમાંથી ચ્યવ્યા પછી પણ મનુષ્યપણામાં બકરીની ભાષાને અનુસરનારા પણું પામશે. અર્થાત્ એવો મનુષ્ય બનશે કે જે સ્પષ્ટ બોલી ન શકે. બકરીની માફક માત્ર બેં બેં જેવું અસ્પષ્ટ બોલે.

તથા પરંપરાએ નરક કે તિર્યંચયોનિ પામશે. (દેવમાંથી સીધો નરકમાં ન જાય, એ અપેક્ષાએ પરંપરાએ કહ્યું છે.) કે જે નરક-તિર્યંચમાં બોધિ-સમ્યક્ત્વ સુદુર્લભ છે. અર્થાત્ તમામ સંપત્તિના કારણભૂત જિનધર્મપ્રાપ્તિ જે ગતિઓમાં દુર્લભ છે, એવી ગતિમાં એ જીવ જશે.

પ્રશ્ન : **प्राप्नोति एलमूकतां** એમ વર્તમાનકાળનો જ નિર્દેશ કરવો જોઈએ ને ? **लप्स्यते** એમ ભવિષ્યકાળનો નિર્દેશ શા માટે ? (કોઈક એક જીવની વાર્તા જ ચાલતી હોય તો એમાં ભવિષ્યપ્રયોગ બરાબર. પણ અહીં તો વાસ્તવિકસ્વરૂપ જ બતાવી રહ્યા છે. ભૂતકાળમાં આ રીતે પામ્યા છે, ભવિષ્યમાં અનંતાજીવો પામશે અને વર્તમાનકાળમાં પામે છે... આવા પદાર્થોમાં વર્તમાનપ્રયોગ જ ન્યાય્ય ગણાય.)

ઉત્તર : તમારી વાત સાચી છે. પરંતુ "આ જીવ વારંવાર, અનેકવાર તિર્યંચભાવ, નરકભાવની પ્રાપ્તિ કરે છે" એ દર્શાવવામાટે વર્તમાનકાળનો પ્રયોગ કહેવા જેવો હોવા છતાં ભવિષ્યકાળનો નિર્દેશ કરેલો જાણવો.

प्रकृतमुपसंहरति-

एअं च दोसं दट्ठूणं, नायपुत्तेण भासिअं । अणुमायंपि मेहावी, मायामोसं विवज्जए ॥४९॥

પ્રકૃતવાતનો ઉપસંહાર કરે છે.

ગા.૪૯ જ્ઞાતપુત્રવડે ભાષિત આ દોષને જોઈને મેધાવી અણુમાત્ર પણ માયામૃષાને વર્જે.

'एअं च'त्ति सूत्रं, एनं च दोषम्-अनन्तरोदितं सत्यपि श्रामण्ये किल्बिषिकत्वादि-प्राप्तिरूपं दृष्ट्वा आगमतो 'ज्ञातपुत्रेण' भगवता वर्द्धमानेन 'भाषितम्' उक्तम् 'अणुमात्रमपि' स्तोकमात्रमपि किमुत प्रभूतं ? 'मेधावी' मर्यादावर्त्ती 'मायामृषावादम्' अनन्तरोदितं 'वर्जयेत्' परित्यजेदिति सूत्रार्थः ॥४९॥

ટીકાર્થ : સાધુપણું હોવા છતાં પણ કિલ્બિષિકત્વાદિની પ્રાપ્તિરૂપ આ અનંતર કહેવાયેલા દોષને કે જે ભગવાન વર્ધમાનસ્વામીએ દર્શાવેલો છે, તેને આગમથી જાણીને મર્યાદાવર્તી સાધુ વધારાની તો શી વાત ? પણ થોડાક માત્ર પણ અનંતરોદિત માયામૃષાવાદને ત્યાગી દે.

अध्ययनार्थमुपसंहरन्नाह-

सिक्खिऊण भिक्खेसणसोहिं, संजयाण बुद्धाण सगासे ।

तत्थ भिक्खु सुप्पणिहिइंदिए, तिव्वलज्जगुणवं विहरिज्जासि ॥५०॥

त्तिबेमि

समत्तं पिंडेसणानामज्झयणं पंचमं ॥५॥

અધ્યયનના અર્થનો ઉપસંહાર કરતાં કહે છે કે

ગા.૫૦ બુદ્ધ સંયતોની પાસે ભિક્ષૈષણાની શુદ્ધિને શીખીને ભિક્ષુ તેમાં સુપ્રણિહિત ઈન્દ્રિયવાળો અને તીવ્રલજ્જાગુણવાળો બની વિચરે. એમ હું કહું છું.

'सिक्खिऊण'त्ति सूत्रं, 'शिक्षित्वा' अधीत्य 'भिक्षैषणाशुद्धिम्' पिण्डमार्गणाशुद्धिमुद्गमादिरूपां, केभ्यः सकाशादित्याह-'संयतेभ्यः' साधुभ्यो 'बुद्धेभ्यः' अवगततत्त्वेभ्यः गीतार्थेभ्यो न द्रव्यसाधुभ्यः सकाशात्, ततः किमित्याह-'तत्र' भिक्षैषणायां 'भिक्षुः' साधुः 'सुप्रणिहितेन्द्रियः' श्रोत्रादिभिर्गाढं तदुपयुक्तः 'तीव्रलज्ज' उत्कृष्टसंयमः सन्, अनेन प्रकारेण गुणवान् विहरेत्-सामाचारीपालनं कुर्याद्, इति ब्रवीमीति पूर्ववदिति सूत्रार्थः । उक्तोऽनुगमः । साम्प्रतं नयाः, ते च पूर्ववदेव । व्याख्यातं पिण्डैषणाध्ययनम् ॥५०॥

इति श्रीहरिभद्रसूरिविरचितायां दशवैकालिकवृत्तौ पिण्डैषणाध्ययनं समाप्तम् ॥५॥

ટીકાર્થ : સાધુ ઉદ્ગમ-ઉત્પાદન-એષણા રૂપ જે પિંડની માર્ગણા કરવાની શુદ્ધિ છે, તેને શીખી લે.

પ્રશ્ન : કોની પાસેથી શીખે ?

ઉત્તર : તત્ત્વને જાણી ચૂકેલા ગીતાર્થસાધુઓ પાસેથી શીખે. દ્રવ્યસાધુઓ પાસેથી ન શીખે.

પ્રશ્ન : એ શીખ્યા બાદ શું કરે ?

ઉત્તર : એ શીખ્યાબાદ ભિક્ષૈષણામાં ભિક્ષુ શ્રોત્રાદિ ઈન્દ્રિયોવડે ગાઢઉપયોગવાળો બને. અને ઉત્કૃષ્ટ સંયમવાળો બને... એ રીતે વિચરે.

આમ આ પ્રકારે ગુણવાનસાધુ સામાચારીપાલન કરે.

ब्रवीमि શબ્દનો અર્થ પૂર્વની જેમ સમજી લેવો.

અનુગમ કહેવાઈ ગયો.

હવે નયો...

તે પૂર્વની જેમ જ સમજવા.

પાંચમું અધ્યયન-દ્વિતીય ઉદ્દેશો સંપૂર્ણ.

પિંડૈષણા અધ્યયનનું વ્યાખ્યાન થઈ ગયું.

●

॥ अथ षष्ठमध्ययनम् महाचारकथाख्यं ॥

अधुना महाचारकथाख्यमारभ्यते, अस्य चायमभिसंबन्धः-इहानन्तराध्ययने साधोर्भिक्षाविशोधिरुक्ता, इह तु गोचरप्रविष्टेन सता स्वाचारं पृष्टेन तद्विदाऽपि न महाजनसमक्षं तत्रैव विस्तरतः कथयितव्य इति, अपि त्वालये गुरवो वा कथयन्तीति वक्तव्यमित्येतदुच्यते, उक्तं च-"गोअरग्गपविट्ठो उ, न निसीएज्ज कत्थइ । कहं च न पबंधेज्जा, चिट्ठित्ता ण व संजए ॥१॥" इत्यनेनाभिसंबन्धेनायातमिदमध्ययनम्, अस्य चानुयोगद्वारोपन्यासः पूर्ववत्तावद्यावन्नामनिष्पन्नो निक्षेपः, तत्र च महाचारकथेति नाम, एतच्च तत्त्वतः प्राग्निरूपितमेवेत्यतिदिशन्नाह-

जो पुव्विं उद्दिट्ठो आयारो सो अहीणमइरित्तो ।
सच्चेव य होइ कहा आयारकहाए महईए ॥२४५॥

મહાચારકથાનામક છટ્ઠું અધ્યયન

હવે મહાચારકથાનામનું અધ્યયન શરુ કરાય છે. આનો આ સંબંધ છે. અહીં અનંતર અધ્યયનમાં સાધુની ભિક્ષાવિશુદ્ધિ કહેવાઈ.

અહીં તો આ કહેવાય છે કે - ગોચરી માટે ગયેલા સાધુને કોઈ પૂછે કે "તમારો આચાર શું છે ?" તો એ રીતે પુછાયેલો સાધુ તે સ્વાચારનો જાણકાર હોય તો પણ એ પુછનારા મહાજનની આગળ ત્યાં જ વિસ્તારથી સ્વ આચાર ન કહે, પરંતુ સાધુ ઉપાશ્રયમાં આવીને ત્યાં ભેગાથયેલા મહાજનને સ્વાચાર કહે. અથવા તો ગોચરી વખતે જ એ પૃચ્છકોને કહે કે "મારા ગુરુવર તમને સ્વાચાર કહેશે." આ વાત આ અધ્યયનમાં કહેવાની છે.

(સાધુ એ મહાજનને કહે કે જો તમે ઉપાશ્રયે આવશો તો ત્યાં હું મારા આચાર જણાવીશ, અથવા તો મારા ગુરુ તમને ત્યાં સાધ્વાચાર જણાવશે...)

કહ્યું છે કે - ''ગોચરાગ્રમાં પ્રવેશેલો સાધુ ક્યાંય ન બેસે. કથાને પ્રકર્ષથી ન કહે. ત્યાં ઉભો રહીને, લાંબો સમય રહીને ન કહે."

આમ આ સંબંધથી આવેલું આ અધ્યયન છે.

આના અનુયોગદ્વારોનો ઉપન્યાસ પૂર્વની જેમ ત્યાં સુધી જાણવો કે જયાં સુધી નામનિષ્પન્ન નિક્ષેપ આવે. તેમાં આનું નામ મહાચારકથા છે. આ પરમાર્થથી પૂર્વે

કહેવાઈ જ ગયેલું છે. એટલે એનો અતિદેશ કરતા કહે છે કે

નિ.૨૪૫ પૂર્વે જે આચાર કહેવાયો, તે અન્યૂન-અનતિરિક્ત અહીં પણ સમજવો. મહતી આચારકથામાં તે જ પૂર્વે જણાવેલી કથા છે.

व्याख्या-यः 'पूर्वं' क्षुल्लकाचारकथायां 'निर्दिष्ट' उक्तः 'आचारो' ज्ञानाचारादिः असावहीनातिरिक्तो वक्तव्यः, सैव च भवति 'कथा' आक्षेपण्यादिलक्षणा वक्तव्या, चशब्दात्तदेव क्षुल्लकप्रतिपक्षोक्तं महद्वक्तव्यम्, आचारकथायां महत्यां प्रस्तुतायामिति गाथार्थः ॥

ટીકાર્થ ત્રીજા ક્ષુલ્લકાચારકથા નામના અધ્યયનમાં જે જ્ઞાનાચારાદિ આચાર બતાવેલો. એ ઓછો ય નહિ અને વધારે પણ નહિ... સંપૂર્ણ અહીં કહેવો. તથા તે જ આક્ષેપણ્યાદિ સ્વરૂપવાળી કથા કહેવી. च શબ્દથી તે જ ક્ષુલ્લકનાં પ્રતિપક્ષ તરીકે કહેવાયેલ મહત્ પણ કહેવું.

મોટીઆચારકથા પ્રસ્તુત છે, એમાં ઉપરની બાબતો સમજવી.

उक्तो नामनिष्पन्नो निक्षेप इत्यादिचर्चः पूर्ववत्तावद्यावत्सूत्रानुगमेऽस्खलितादिगुणोपेतं सूत्रमुच्चारणीयं, तच्चेदम्-

नाणदंसणसंपन्नं, संजमे अ तवे रयं । गणिमागमसंपन्नं, उज्जाणम्मि समोसढं ॥१॥ रायाणो रायमच्चा य, माहणा अदुव खत्तिआ । पुच्छंति निहुअप्पाणो, कहं भे आयारगोयरो ? ॥२॥

નામનિષ્પન્ન નિક્ષેપ કહેવાઈ ગયો... વગેરે ચર્ચા પૂર્વની જેમ ત્યાંસુધી જાણવી કે છેક સૂત્રાનુગમમાં અસ્ખલિત વગેરે ગુણોથી યુક્ત સૂત્ર ઉચ્ચારવાનું છે.

તે સૂત્ર આ છે.

ગા.૧-૨ જ્ઞાનદર્શનસંપન્ન, સંયમમાં અને તપમાં રત, આગમથી સંપન્ન, ઉદ્યાનમાં બિરાજેલા ગણિને નિભૃતાત્મા એવા રાજાઓ, રાજમંત્રીઓ, બ્રાહ્મણો કે ક્ષત્રિયો પૂછે છે કે તમારો આચારનો વિષય કેવી રીતે છે ?

अस्य व्याख्या 'ज्ञानदर्शनसंपन्नं' ज्ञानं-श्रुतज्ञानादि दर्शनं-क्षायोपशमिकादि ताभ्यां संपन्नं-युक्तं 'संयमे' पञ्चाश्रवविरमणादौ 'तपसि च' अनशनादौ 'रतम्' आसक्तं,

गणोऽस्यास्तीति गणी तं गणिनम्-आचार्यम् 'आगमसंपन्नं' विशिष्टश्रुतधरं, बह्वागमत्वेन प्राधान्यख्यापनार्थमेतत्, 'उद्याने' क्वचित्साधुप्रायोग्ये 'समवसृतं' स्थितं धर्मदेशनार्थं वा प्रवृत्तमिति सूत्रार्थः ॥१॥ तत्किमित्याह-'रायाणो'त्ति सूत्रं, 'राजानो' नरपतयः 'राजामात्याश्च' मन्त्रिणः 'ब्राह्मणाः' प्रतीताः 'अदुव'त्ति तथा 'क्षत्रियाः' श्रेष्ठ्यादयः पृच्छन्ति 'निभृतात्मानः' असंभ्रान्ता रचिताञ्जलयः कथं 'भे' भवताम् 'आचारगोचरः' क्रियाकलापः स्थित इति सूत्रार्थः ॥२॥

ટીકાર્થ : જ્ઞાન એટલે શ્રુતજ્ઞાન વગેરે. દર્શન એટલે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ વગેરે. તે બંનેથી સંપન્ન... તથા પંચ આશ્રવના વિરમણ વગેરે રૂપ સંયમમાં અને અનશનાદિ તપમાં આસક્ત... ગણવાળા એટલે કે આચાર્ય... આગમસંપન્ન એટલે વિશિષ્ટશ્રુતધર...

પ્રશ્ન : જ્ઞાનસંપન્ન લખેલું જ છે, તો પછી આગમસંપન્ન જુદું લખવાની શી જરૂર ?

ઉત્તર એ આચાર્ય ઘણાં આગમોના જ્ઞાનવાળા હોય અને એનાથી એમની પ્રધાનતા ગણાય... એ દર્શાવવામાટે આ શબ્દ જુદો લીધો છે. (આશય એ કે બીજા બધા જ્ઞાન કરતાં પણ આચાર્યની પ્રધાનતા બહુ-આગમજ્ઞાનથી છે... એટલે એનો સ્વતંત્ર ઉલ્લેખ કર્યો.)

તથા સાધુયોગ્ય કોઈક ઉપધાનમાં રહેલા કે ધર્મદેશના આપવામાટે પ્રવૃત્તથયેલા એવા તે આચાર્યને... (બીજીગાથા સાથે સંબંધ ચાલુ જ છે...)

રાજાઓ, રાજમંત્રીઓ, બ્રાહ્મણો અને શ્રેષ્ઠી વગેરે ક્ષત્રિયો સંભ્રમરહિત બની, હાથ જોડી પૂછે છે કે "આપનો ક્રિયાસમૂહ કેવી રીતે રહેલો છે ?" (આપનો આચાર શું છે ?)

तेसिं सो निहुओ दंतो, सव्वभूअसुहावहो । सिक्खाए सुसमाउत्तो, आयक्खइ विअक्खणो ॥३॥

ગા.૩ નિભૃત, દાંત, સર્વભૂતસુખાવહ, શિક્ષામાં સુસમાયુક્ત વિચક્ષણ તે ગણી તેમને (આચાર) કહે.

'तेसिं'ति सूत्रं,'तेभ्यो' राजादिभ्यः 'असौ' गणी 'निभृतः' असंभ्रान्त उचितधर्मकायस्थित्या, दान्त इन्द्रियनोइन्द्रियाभ्यां, 'सर्वभूतसुखावहः' सर्वप्राणिहित इत्यर्थः, 'शिक्षया' ग्रहणासेवनरूपया 'सुसमायुक्तः' सुष्ठु-एकीभावेन युक्तः 'आख्याति'

कथयति 'विचक्षणः' पण्डित इति सूत्रार्थः ॥३॥

टीકાર્થ : આ આચાર્ય ઉચિત એવી ધર્મકાયની સ્થિતિથી અસંભ્રાન્ત છે. (એમનું શરીર ઉચિત રીતે રહેલું છે, સારું છે... એટલે જ તેઓ શાંત છે, સંભ્રાન્ત નથી)

તથા ઈન્દ્રિયો અને મનથી તે દાંત છે. (એમને કાબુમાં રાખનારા છે) તથા તે સર્વજીવોને હિતકારી છે. ગ્રહણ-આસેવનશિક્ષાથી યુક્ત છે. આવા પંડિત ગણી તેઓને આચાર કહે.

हंदि धम्मत्थकामाणं, निग्गंथाणं सुणेह मे । आयारगोअरं भीमं, सयलं दुरहिट्ठिअं ॥४॥

ગા.૪ ધર્માર્થની કામનાવાળા નિર્ગ્રન્થોના ભયંકર, દુરધિષ્ઠિત સકલઆચારવિષયને મારી પાસે સાંભળો.

'हंदि'त्ति सूत्रं, हन्दीत्युपप्रदर्शने, तमेनं 'धर्मार्थकामाना'मिति धर्मः-चारित्रधर्मादिस्तस्यार्थः-प्रयोजनं मोक्षस्तं कामयन्ति-इच्छन्तीति विशुद्धविहिता-नुष्ठानकरणेनेति धर्मार्थकामा-मुमुक्षवस्तेषां 'निर्ग्रन्थानां' बाह्याभ्यन्तरग्रन्थरहितानां श्रृणुत मम समीपाद् 'आचारगोचरं' क्रियाकलापं 'भीमं' कर्मशत्र्वपेक्षया रौद्रं 'सकलं' संपूर्णं 'दुरधिष्ठं' क्षुद्रसत्त्वैर्दुराश्रयमिति सूत्रार्थः ।

ટીકા : हन्दी શબ્દ ઉપપ્રદર્શનમાં છે. (હે લોકો !... એ રીતે પદાર્થને બધા તરફ દેખાડવો છે...)

(**तमेनं** - તે આ આચારગોચર એમ અર્થ કરવો.)

धर्मार्थकामानां શબ્દ છે. તેમાં ધર્મ એટલે ચારિત્રધર્મ વગેરે. તેનો અર્થ = પ્રયોજન = કાર્ય મોક્ષ તેની કામના કરે તે **धर्मार्थकामाः** = મોક્ષની ઈચ્છાવાળા.

જેઓ વિશુદ્ધશાસ્ત્રકથિત અનુષ્ઠાનનાં કરણદ્વારા મોક્ષને ઈચ્છે તે... **धर्मार्थकाम** કહેવાય. અર્થાત્ મુમુક્ષુઓ = મોક્ષની ઈચ્છાવાળાઓ.

જેઓ બાહ્ય અને અભ્યન્તર ગાંઠો વિનાના છે તે નિર્ગ્રન્થ.

તેમના સંપૂર્ણ ક્રિયાકલાપને મારી પાસેથી સાંભળો.

એ ક્રિયાકલાપ ભયંકર છે. એટલે કે કર્મશત્રુની અપેક્ષાએ એ રૌદ્ર છે.અર્થાત્

કર્મશત્રુઓને તો એ આચાર ભયંકર જ લાગે છે.

એ આચાર દુરધિષ્ઠ છે = ક્ષુદ્રજીવોવડે આશ્રયકરવો = પાળવો અઘરો છે.

धर्मार्थकामानामित्युक्तं, तदेतत्सूत्रस्पर्शनिर्युक्त्या निरूपयति-तत्र धर्मनिक्षेपो यथा प्रथमाध्ययने, नवरं लोकोत्तरमाह-

धम्मो बावीसविहो अगारधम्मोऽणगारधम्मो अ । पढमो अ बारसविहो दसहा पुण बीयओ होइ ॥२४६॥

धर्मार्थकामानां એ પ્રમાણે કહ્યું. તે આ પદને સૂત્રસ્પર્શનિર્યુક્તિથી નિરૂપણ કરે છે. તેમાં ધર્મપદનો નિક્ષેપ જેમ પહેલાઅધ્યયનમાં કરેલો છે, તેમ સમજવો.

માત્ર લોકોત્તરધર્મ કહે છે.

નિ.૨૪૬ ધર્મ બાવીસ પ્રકારે છે. અગારધર્મ પહેલો બાર પ્રકારે અને અણગારધર્મ બીજો દસ પ્રકારે છે.

व्याख्या - धर्मो '<u>द्वाविंशतिविधः</u>' सामान्येन द्वाविंशतिप्रकारः, '<u>अगारधर्मो</u>' गृहस्थधर्मः '<u>अनगारधर्मश्च</u>' साधुधर्मः, '<u>प्रथमश्च</u>' अगारधर्मो द्वादशविधः, दशधा पुनः '<u>द्वितीयः</u>' अनगारधर्मो भवतीति गाथासमासार्थः ॥

ટીકાર્થ : સામાન્યથી ધર્મ ૨૨ પ્રકારે છે. તેમાં મુખ્ય બે પ્રકાર છે. ગૃહસ્થધર્મ અને સાધુધર્મ. એમાં અગારધર્મ બાર પ્રકારે અને બીજો સાધુધર્મ દસ પ્રકારે છે. આ રીતે ગાથાનો સંક્ષેપથી અર્થ કહ્યો.

व्यासार्थं त्वाह-

पंच य अणुव्वयाइं गुणव्वयाइं च होंति तिन्नेव । सिक्खावयाइं चउरो गिहिधम्मो बारसविहो अ ॥२४७॥

વિસ્તારથી અર્થ હવે કહે છે.

નિ.૨૪૭ પંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતો ગૃહસ્થધર્મ બાર પ્રકારે છે.

व्याख्या-पञ्चाणुव्रतानि-स्थूलप्राणातिपातनिवृत्त्यादीनि, गुणव्रतानि च भवन्ति त्रीण्येव-दिग्व्रतादीनि शिक्षापदानि चत्वारि-सामायिकादीनि, गृहिधर्मो द्वादशविधस्तु

एष एवाणुव्रतादिः । अणुव्रतादिस्वरूपं चावश्यके चर्चितत्वान्नोक्तमिति गाथार्थः ॥

ટીકાર્થ : સ્થૂલહિંસાથી નિવૃત્તિ વગેરે રૂપ પાંચ અણુવ્રતો છે. દિગ્વ્રતવગેરે ત્રણ ગુણવ્રતો છે. સામાયિક વગેરે ચાર શિક્ષાવ્રતો છે. આ અણુવ્રતાદિ જ બાર પ્રકારનો ગૃહસ્થધર્મ છે.

અણુવ્રતાદિનું સ્વરૂપ આવશ્યકનિર્યુ.માં ચર્ચેલું હોવાથી કહ્યું નથી.

साधुधर्ममाह-

खंती अ मद्दवऽज्जव मुत्ती तवसंजमे अ बोद्धव्वे । सच्चं सोचं आकिंचणं च बंभं च जइधम्मो ॥२४८॥

સાધુધર્મ કહે છે.

નિ.૨૪૮ ક્ષાન્તિ, માર્દવ, આર્જવ, મુક્તિ, તપ, સંયમ, સત્ય, શૌચ, આકિંચન્ય, બ્રહ્મચર્ય યતિધર્મ છે.

व्याख्या-क्षान्तिश्च मार्दवम् आर्जवं मुक्तिः तपःसंयमौ च बोद्धव्यौ सत्यं शौचमाकिञ्चन्यं ब्रह्मचर्यं च यतिधर्म इति गाथाक्षरार्थः । भावार्थः पुनर्यथा प्रथमाध्ययने ।

ટીકાર્થ : (ઉપર મુજબ...) ભાવાર્થ પહેલાઅધ્યયનમાં આવી ગયો છે.

धम्मो एसुवइट्ठो अत्थस्स चउव्विहो उ निक्खेवो । ओहेण छव्विहऽत्थो चउसट्ठिविहो विभागेणं ॥२४९॥

નિ.૨૪૯ આ ધર્મ કહેવાયો. અર્થનો ચારપ્રકારે નિક્ષેપ છે. અર્થ ઓઘથી છ પ્રકારનો અને વિભાગથી ૬૪ પ્રકારનો છે.

व्याख्या-धर्म एष 'उपदिष्टो' व्याख्यातः, अधुना त्वर्थावसरः, तत्रेदमाह-अर्थस्य चतुर्विधस्तु निक्षेपो-नामादिभेदात्, तत्र 'ओघेन' सामान्यतः षड्विधोऽर्थ आगमनोआगमव्यतिरिक्तो द्रव्यार्थः चतुःषष्टिविधो 'विभागेन' विशेषेणेति गाथासमुदायार्थः ॥

ટીકાર્થ : આ ધર્મ વ્યાખ્યાન કરાયો. હવે અર્થનો અવસર છે. તેમાં આ વાત કહે છે કે અર્થનો નામાદિના ભેદથી ચારપ્રકારે નિક્ષેપ છે.

તેમાં આગમ-નોઆગમવ્યતિરિક્ત દ્રવ્યાર્થ સામાન્યથી ૬ પ્રકારે છે. વિશેષથી ૬૪

પ્રકારે છે. (નામ, સ્થાપના, આગમ, જ્ઞશરીર, ભવ્યશરીર... આટલા ભેદ છોડી સીધો જ તદ્વ્યતિરિક્ત દ્રવ્યાર્થ બતાવ્યો છે.) આ ગાથાનો સમુદાયાર્થ છે.

अवयवार्थं त्वाह-

धन्नाणि रयण थावर दुपयचउप्पय तहेव कुविअं च । ओहेण छव्विहत्थो एसो धीरेहिं पन्नत्तो ॥२५०॥

અવયવાર્થ હવે કહે છે.

નિ.૨૫૦ (૧) ધાન્ય (૨) રત્ન (૩) સ્થાવર (૪) દ્વિપદ (૫) ચતુષ્પદ (૬) કુપ્ય ધીરપુરુષોએ સામાન્યથી આ છ પ્રકારનો અર્થ કહ્યો છે.

व्याख्या-'धान्यानि' यवादीनि, रत्नं-सुवर्णं स्थावरं-भूमिगृहादि द्विपदं-गन्त्र्यादि चतुष्पदं-गवादि तथैव कुप्यं च-ताम्रकलशाद्यनेकविधम् । ओघेन षड्विधोऽर्थ 'एषः' अनन्तरोदितः 'धीरैः' तीर्थकरगणधरैः 'प्रज्ञप्तः' प्ररूपित इति गाथार्थः ॥

ટીકાર્થ : ધાન્ય = જવવગેરે. રત્ન = સુવર્ણ. સ્થાવર = ઘર, જમીન વગેરે. દ્વિપદ = ગાડું વગેરે. ચતુષ્પદ, ગાય વગેરે. કુપ્ય = તાંબાનાં કળશવગેરે અનેક પ્રકારે.

તીર્થંકરો અને ગણધરોએ સામાન્યથી આ અનંતરોદિત છ પ્રકારનો અર્થ કહ્યો છે.

एनमेव विभागतोऽभिधित्सुराह-

चउवीसा चउवीसा तिगदुगदसहा अणेगविह एक । सव्वेसिंपि इमेसिं विभागमहयं पवक्खामि ॥२५१॥

આ જ ષડ્વિધ અર્થને વિભાગથી કહેવાની ઈચ્છાવાળા કહે છે.

નિ.૨૫૧ (૧) ૨૪ (૨) ૨૪ (૩) ત્રણ (૪) બે (૫) દસ (૬) અનેકવિધ આમ હું આ છ પ્રકારના બધા જ અર્થોના વિભાગને કહીશ.

व्याख्या-'चतुर्विंशतिः चतुर्विंशति'रिति चतुर्विंशतिविधो धान्यार्थो रत्नार्थश्च, 'त्रिद्विदशधे'ति त्रिविधः स्थावरार्थः द्विविधो द्विपदार्थः दशविधश्चतुष्पदार्थ, 'अनेकविध एवे'त्यनेकविधः कुप्यार्थः सर्वेषामप्यमीषां चतुर्विंशत्यादिसंख्याभिहितानां धान्यादीनां 'विभागं' विशेषम् 'अथ' अनन्तरं संप्रवक्ष्यामीत्यर्थः ॥

ટીકાર્થ : ધાન્યાર્થ ૨૪ પ્રકારે, રત્નાર્થ ૨૪ પ્રકારે, સ્થાવરાર્થ ત્રણ પ્રકારે, દ્વિપદાર્થ

બે પ્રકારે, ચતુષ્પદાર્થ દસ પ્રકારે, કુપ્યાર્થ અનેકવિધ...

આમ ૨૪ વગેરે સંખ્યાથી કહેવાયેલા બધા જ ધાન્યાદિ અર્થના વિશેષને હવે તરત જ કહીશ.

धन्नाइं चउव्वीसं जव १ गोहुम २ सालि ३ वीहि ४ सट्ठीआ ५ ।
कोद्दव ६ अणुया ७ कंगू ८ रालग ९ तिल १० मुग्ग ११ मासा १२ य ॥ २५२॥
अयसि १३ हरिमन्थ १४ तिउडग १५ निप्फाव १६ सिलिंद १७ रायमासा १८ अ ।
इक्खू १९ मसूर २० तुवरी २१ कुलत्थ २२ तह २३ धन्नगकलाया २४ ॥२५३॥

व्याख्या-धान्यानि चतुर्विंशतिः, यवगोधूमशालिव्रीहिषष्टिकाः कोद्रवाणुकाः कङ्गुरालगतिलमुद्गमाषाश्च अतसीहरिमन्थत्रिपुटकनिष्पावसिलिन्दराजमाषाश्च इक्षुमसूरतुवर्यः कुलत्था धान्यककलायाश्चेति, एतानि प्रायो लौकिकसिद्धान्येव, नवरं षष्टिकाः-शालिभेदाः कङ्गुः-उदकङ्गुः तद्भेदो रालकः हरिमन्थाः- कृष्णचणकाः निष्पावा-वल्लाः राजमाषाः-चवलकाः शिलिन्दा-मकुष्ठाः धान्यकं-कुस्तुम्भरी कलायका-वृत्तचणका इति गाथाद्वयार्थः ॥

નિ.૨૪૨-૨૫૩ ટીકાર્થવત્.

ટીકાર્થ (૧) યવ-જવ (૨) ગોધૂમ-ઘઉં (૩) શાલિ-વિશેષ ચોખા ૯૪) વ્રીહિ-વિશેષ પ્રકારના ચોખા (૫) ષષ્ટિક (૬) કોદ્રવ (૭) અણુક (૮) કંગુ (૯) રાલગ (૧૦) તલ (૧૧) મગ (૧૨) અડદ (૧૩) અતસી (૧૪) હરિમન્થ (૧૫) ત્રિપુટક (૧૬) નિષ્પાવ (૧૭) સિલિન્દ (૧૮) રાજમાષ (૧૯) ઈક્ષુ (૨૦) મસુર (૨૧) તૂવરી (૨૨) કુલત્થ (૨૩) ધાન્યક (૨૪) કલાય.

આ બધા લગભગ લોકોમાં પ્રસિદ્ધ જ છે.

માત્ર ષષ્ટિકા એ શાલિના ભેદો છે. કંગુ એટલે ઉદકંગુ. રાલક ઉદકંગુનો ભેદ છે. હરિમન્થ એટલે કાળા ચણા. નિષ્પાવ એટલે વાલ. રાજમાષ એટલે ચોળા. શિલિન્દ એટલે મકુષ્ઠ, ધાન્યક એટલે કુસ્તુમ્ભરી કલાયક એટલે ગોળ ચણા. (તે તે અનાજની ઓળખ અન્યગ્રન્થોમાંથી કે અનુભવી ગીતાર્થપુરુષો પાસેથી મેળવી લેવી...)

આ બે ગાથાનો અર્થ થયો.

उक्तो धान्यविभागः, अधुना रत्नविभागमाह-

रयणाणि चउव्वीसं सुवण्णतउतंबरययलोहाइं ।

सीसगहिरण्णपासाण-वइरमणिमोत्तिअपवालं ॥२५४॥

संखो तिणिसागरुचंदणाणि वत्थामिलाणि कट्ठाणि ।

तह चम्मदंतवाला गंधा दव्वोसहाइं च ॥२५५॥

व्याख्या-रत्नानि चतुर्विंशतिः, सुवर्णत्रपुताम्ररजतलोहानि सीसकहिरण्यपाषाणवज्रमणिमौक्तिकप्रवालानि । शङ्खतिनिशिागरुचन्दनानि वस्त्रामिलानि काष्ठानि तथा चर्मदन्तवाला गन्धा द्रव्यौषधानि च। एतान्यपि प्रायो लौकिकसिद्धान्येव नवरं रजतं-रूप्यम् हिरण्यं-रूपकादि पाषाणा-विजातीयरत्नानि मणयो-जात्यानि । तिनिशो-वृक्षविशेषः अमिलानि-ऊर्णावस्त्राणि काष्ठानि-श्रीपर्ण्यादिफलकादीनि चर्माणि-सिंहादीनां दन्ता गजादीनां वालाः चमर्यादीनां द्रव्यौषधानि-पिप्पल्यादीनीति गाथाद्वयार्थः ॥

ધાન્યનો વિભાગ કહેવાયો, હવે રત્નના વિભાગને કહે છે.

નિ.૨૫૪-૨૫૫ રત્નો ૨૪ છે. (શેષ ટીકાર્થવત્)

ટીકાર્થ : (૧) સુવર્ણ (૨) ત્રપુ (૩) તાંબુ ૯૪) રજત (૫) લોહ (૬) સીસક (૭) હિરણ્ય (૮) પાષાણ (૯) વજ્ર (૧૦) મણિ (૧૧) મૌક્તિક (૧૨) પ્રવાલ (૧૩) શંખ (૧૪) તિનિશ (૧૫) અગરુ (૧૬) ચંદન (૧૭) વસ્ત્ર (૧૮) અમિલ (૧૯) કાષ્ઠ (૨૦) ચર્મ (૨૧) દાંત (૨૨) વાળ (૨૩) ગંધ (૨૪) દ્રવ્યૌષધ...

આ પણ પ્રાયઃ લોકોમાં પ્રસિદ્ધ જ છે.

માત્ર રજત = રૂપું. હિરણ્ય = રૂપકાદિ. પાષાણ = વિજાતીયરત્ન. મણિ = જાત્યરત્ન.

તિનિશ = વૃક્ષવિશેષ. અમિલ = ઉનનાવસ્ત્રો. કાષ્ઠ = શ્રીપર્ણી. વગેરેના ફલક વગેરે. ચર્મ = સિંહાદિ સંબંધી. દાંત = હાથી વગેરેના સંબંધી. વાળ = ચમરી વગેરે સંબંધી. દ્રવ્યૌષધ = પિપરીમૂળ વગેરે.

આ બે ગાથાનો અર્થ કહ્યો.

उक्तो रत्नविभागः, स्थावरादिविभागमाह –

भूमी घरा य तरुगण तिविहं पुण थावरं मुणेअव्वं ।

चक्कारबद्धमाणुस दुविहं पुण होइ दुपयं तु ॥२५६॥

રત્નવિભાગ કહેવાઈ ગયો.

હવે સ્થાવરાદિના વિભાગને કહે છે.

નિ.૨૫૬ ભૂમિ, ઘર અને તરુગણ ત્રણપ્રકારે સ્થાવર જાણવું. ચક્રારબદ્ધ અને મનુષ્ય એમ બેપ્રકારે દ્વિપદ છે.

व्याख्या-भूमिर्गृहाणि तरुगणाश्च, चशब्दस्य व्यवहित उपन्यासः, त्रिविधं पुनरोघतः स्थावरं मन्तव्यं, पुनःशब्दो विशेषणार्थः, किं विशिनष्टि ?, स्वगतान् भेदान्, तद्यथा-भूमिः-क्षेत्रं, तच्च त्रिधा-सेतु केतु सेतु-केतु च, गृहाणि प्रासादाः, तेऽपि त्रिविधाः-खातोत्छ्रितोभयरूपाः, तरुगणा नालिकेर्याद्यारामा इति, 'चक्रारबद्धमानुष'-मिति चक्रारबद्धं-गन्त्र्यादि मानुषं-दासादि, एवं द्विपदं पुनर्भवति द्विविधमिति गाथार्थः ॥

ટીકાર્થ : ભૂમિ, જમીન, ઘરો અને વૃક્ષો સામાન્યથી ત્રણ પ્રકારે સ્થાવર માનવું. ગાથામાં રહેલા **च** નો વ્યવહિત ઉપન્યાસ કરવો **घरा य तरुगण** છે, એમાં **य** = **च** **तरुगण** પછી જોડવો.

पुण = **पुनः** શબ્દ વિશેષઅર્થ બતાવવામાટે છે.

પ્રશ્ન : શું વિશેષ અર્થ બતાવે છે.

ઉત્તર ભૂમિવગેરે ત્રણના જે પેટાભેદો છે, તેને દેખાડે છે.

તે આ પ્રમાણે.

ભૂમિ એટલે ક્ષેત્ર, ખેતર. તે ત્રણ પ્રકારે છે. સેતુ, કેતુ, સેતુકેતુ.

(વરસાદના પાણીથી ખેતી થાય તે ખેતર સેતુ. સિંચાઈના પાણીથી ખેતી થાય તે ખેતર કેતુ. જ્યાં બંને પ્રકારના પાણીથી ખેતી થાય તે સેતુકેતુ)

ઘર એટલે પ્રાસાદ.

તે પણ ત્રણ પ્રકારે છે. (૧) ખાત = જમીનની અંદર = ભોંયરું (૨) ઉચ્છ્રિત = જમીનની ઉપર (૩) ઉભય = જેમાં ભોંયરું પણ હોય અને જમીન ઉપર પણ બાંધકામ હોય...

તરુણગણ એટલે નાળીયેરીવગેરેના બગીચાઓ.

દ્વિપદ અર્થ બે પ્રકારે છે.

(૧) ચક્ર અને આરાથી બંધાયેલ એટલે કે ગાડું

(૨) દાસાદિ મનુષ્યો.

उक्तं स्थावरादि, चतुष्पदमाह –

गावी महिसी उट्टा अयएलगआसआसतरगा अ । घोडग गद्दह हत्थी चउप्पयं होइ दसहा उ ॥२५७॥

સ્થાવરાદિ કહેવાઈ ગયા.

હવે ચતુષ્પદ કહે છે.

નિ.૨૫૭ ગાય, ભેંસ, ઉંટડી, બકરી ઘેટી, ઘોડો, અશ્વતરક, ઘોટક, ગધેડા, હાથી આમ દસપ્રકારે ચતુષ્પદ છે.

व्याख्या-गौर्महिषी उष्ट्री अजा एडका अश्वा अश्वतराश्च घोटका गर्दभा हस्तिनश्चतुष्पदं भवति दशधा तु, एते गवादयः प्रतीता एव, नवरमश्वा-वाल्हीकादिदेशोत्पन्ना जात्याः अश्वतरा-वेगसराः अजात्या घोटका इति गाथार्थः ॥

ટીકાર્થ : આ ગાય વગેરે પ્રતીત જ છે.

માત્ર અશ્વ = વાલ્હીકવગેરે દેશોમાં ઉત્પન્ન થયેલા જાતિમાન અશ્વો.

અશ્વતર = વેગસર = ખચ્ચર.

ઘોટક = અજાત્ય અશ્વ.

उक्तं चतुष्पदं, कुप्यमाह –

नाणाविहोवगरणं णेगविहं कुप्पलक्खणं होइ । एसो अत्थो भणिओ छव्विह चउसट्ठिभेओ उ ॥२५८॥

ચતુષ્પદ કહેવાયું.

હવે કુપ્ય દર્શાવે છે.

નિ.૨૫૮ નાનાવિધ ઉપકરણ અનેકપ્રકારનું કુપ્યલક્ષણ છે. આ અર્થ છ પ્રકારનો અને ૬૪ ભેદવાળો કહી દીધો.

व्याख्या – 'नानाविधोपकरणं' ताम्रकलशकडिल्लादि जातितः अनेकविधं व्यक्तितः कुप्यलक्षणं भवति । 'एषः' अनन्तरोदितोऽर्थो 'भणित' उक्तः षड्विधः, चतुःषष्टिभेदस्तु ओघविभागाभ्यां प्रकृतोपयोगो द्रव्यार्थ इति गाथार्थः ॥

ટીકાર્થ : તાંબાનો કળશ, કઢાઈ વગેરે જાતિથી અનેકપ્રકારનું ઉપકરણ અને

વ્યક્તિથી અનેકવિધ કુપ્યલક્ષણ છે. (બધી કઢાઈ કઢાઈજાતિ તરીકે એક... એવી જાતિભેદથી પણ ઉપકરણો અનેકપ્રકારના છે. એ કઢાઈ વ્યક્તિગત રીતે લાખો પ્રકારની આમ વ્યક્તિથી પણ એના અનેક ભેદો પડે...)

આ અનંતરોદિત અર્થ સામાન્યથી ષટ્વિધ અને વિશેષથી ૬૪ પ્રકારનો કહેવાઈ ગયો કે જે દ્રવ્યાર્થ પ્રકૃતમાં ઉપયોગી છે.

उक्तोऽर्थः, साम्प्रतं काममाह —

कामो चउवीसविहो संपत्तो खलु तहा असंपत्तो । संपत्तो चउदसहा दसहा पुण होअसंपत्तो ॥२५९॥

અર્થ કહેવાયો.

હવે કામ કહે છે.

નિ.૨૫૯ સંપ્રાપ્ત અને અસંપ્રાપ્ત કામ ચોવીસ પ્રકારે છે. સંપ્રાપ્ત ચૌદપ્રકારે અને અસંપ્રાપ્ત દસપ્રકારે છે.

व्याख्या - कामश्चतुर्विंशतिविधः ओघतः, संप्राप्तः खलु तथा असंप्राप्तो वक्ष्यमाणस्वरूपः, संप्राप्तः 'चतुर्दशधा'-चतुर्दशप्रकारः, दशधा पुनर्भवत्यसंप्राप्त इति गाथासमासार्थः ॥

ટીકાર્થ : કામના સામાન્યથી બે પ્રકાર છે. સંપ્રાપ્ત, અસંપ્રાપ્ત. એ બધાના પેટાભેદ લઈએ, તો એ રીતે કામ સામાન્યથી ૨૪ પ્રકારનો છે. (શેષ સ્પષ્ટ જ છે.) આ ગાથાનો સંક્ષેપથી અર્થ કહ્યો.

व्यासार्थं त्वाह, तत्राप्यल्पतरवक्तव्यत्वादसंप्राप्तमाह —

तत्थ असंपत्तो अत्थो १ चिंता २ तह सद्ध ३ संसरणमेव ४ ।

विक्कवय ५ लज्जनासो ६ पमाय ७ उम्माय ८ तब्भावो ९ ॥२६०॥

હવે વિસ્તારથી અર્થ કહે છે. તેમાં પણ સંપ્રાપ્તકામ કરતાં અસંપ્રાપ્તકામમાં ઓછું કહેવાનું હોવાથી પહેલાં અસંપ્રાપ્તનું કથન કરે છે.

નિ.૨૬૦ તેમાં અસંપ્રાપ્ત કામ આ પ્રમાણે છે. અર્થ, ચિંતા, શ્રદ્ધા, સંસ્મરણ, વિક્લવતા, લજ્જાનાશ, પ્રમાદ, ઉન્માદ, તદ્ભાવ...

व्याख्या - तत्रासंप्राप्तोऽयं कामः, 'अर्थे'ति अर्थनमर्थः अदृष्टेऽपि विलयादौ, श्रुत्वा

तदभिप्रायमात्रमित्यर्थः, तत्रैवाहो रूपादिगुणा इत्यभिनिवेशेन चिन्तनं चिन्ता, तथा श्रद्धा-तत्संगमाभिलाषः, संस्मरणमेव-संकल्पिकतद्रूपस्यालेख्यादिदर्शनं, वियोगतः पुनः पुनरतिविक्लवता-तच्छोकातिरेकेणाहारादिष्वपि निरपेक्षता, लज्जानाशो-गुर्वादिसमक्षमपि तद्गुणोत्कीर्तनं, प्रमादः-तदर्थमेव सर्वारम्भेष्वपि प्रवर्तनम्, उन्मादो-नष्टचित्ततया आलजालभाषणं, तद्भावना-स्तम्भादीनामपि तद्बुद्ध्याऽऽलिङ्गनादिचेष्टेति गाथार्थः ॥

ટીકાર્થ : તેમાં અસંપ્રાપ્ત કામ આ છે.

(૧) અર્થ જે સ્ત્રીવગેરે જોયા જ નથી, એને વિશે પણ ઈચ્છા થવી એ અર્થ. અર્થાત્ તે સ્ત્રી વગેરેની વાત સાંભળીને તેની ઈચ્છા થવી એ ઈચ્છામાત્ર જ અર્થ કામ છે.

(૨) ચિન્તા : તે સ્ત્રીવગેરેને વિશે જ "અહો ! આના રૂપાદિગુણો..." એ પ્રમાણે રાગથી વિચારવું તે ચિન્તા.

(૩) શ્રદ્ધા તે સ્ત્રીવગેરેના સંગમનો અભિલાષ તે શ્રદ્ધા.

(૪) સંસ્મરણ : મનમાં કલ્પેલા તે સ્ત્રીવગેરેના રૂપનું ચિત્રવગેરેમાં દર્શન કરવું (કે ચિત્ર વગેરે રૂપે જોવું)

(સ્ત્રી જોઈ જ નથી, પણ મનમાં જ એના વિશિષ્ટરૂપની કલ્પના કરે, પછી એનું ચિત્ર બનાવે, અથવા તો કોઈ સારું ચિત્ર હોય તો "પેલી સ્ત્રી આવી જ હશે" એ રીતે એ ચિત્રમાં સ્ત્રીનું દર્શન કરે...)

(૫) વિક્લવતા . વિયોગના કારણે પુનઃ પુનઃ અતિવિક્લવતા થાય. એટલે કે વિયોગના શોકના અતિરેકના કારણે આહારાદિમાં પણ નિરપેક્ષતા થાય. (ખાવામાં રસ ન રહે, મન અસ્થિર બને... અહીં ખ્યાલ રાખવો કે વસ્તુ મળી જ નથી એટલે વિયોગનો પ્રશ્ન જ નથી. પરંતુ અત્યાર સુધી એ વસ્તુ મળવાની શક્યતા સમજી એ ખુશ થતો હોય... અને અચાનક એ સ્ત્રીના લગ્ન થઈ જવાદિ કારણોસર ખબર પડે કે એ મળવાની નથી... તો આ વિયોગ સમજવો. એના કારણે આહારાદિમાં નિરપેક્ષતા થાય અથવા અપ્રાપ્તિ રૂપ વિયોગ લઈ શકાય.)

(૬) લજ્જાનાશ : વડીલોવગેરેની સામે પણ તે સ્ત્રીના ગુણો બોલવા તે લજ્જાનાશ.

(૭) પ્રમાદ : તે સ્ત્રીને માટે જ બધાય આરંભોમાં પ્રવૃતિ.

(૮) ઉન્માદ નષ્ટચિત્તતાથી = ગાંડપણથી ગમે તેમ બોલવું.

(૯) તદ્ભાવના : થાંભલાવગેરેને પણ તે સ્ત્રી માનીલઈ તેને ભેટવાવગેરે રૂપ ચેષ્ટા કરવી તે.

मरणं १० च होइ दसमो संपत्तंपिअ समासओ वोच्छं । दिट्ठीए संपाओ १ दिट्ठीसेवा य संभासो २ ॥२६१॥

ગા.૨૬૧ : દસમું મરણ છે. હવે સંપ્રાપ્તકામ પણ સમાસથી કહીશ. (૧) દષ્ટિનો સંપાત (૨) દષ્ટિસેવા અને સંભાષ.

व्याख्या - <u>मरणं च</u> - शोकाद्यतिरेकेण क्रमेण भवति दशमः असंप्राप्तकामभेदः। संप्राप्तमपि च कामं समासतो वक्ष्य इति, तत्र दृष्टेः पुनः <u>संपातः</u> स्त्रीणां कुचाद्यवलोकनं <u>दृष्टिसेवा</u> च-भावसारं तदृष्टेर्दृष्टिमेलनं, <u>संभाषणम्</u>-उचितकाले स्मरकथाभिर्जल्प इति गाथार्थः ॥

ટીકાર્થ : (૧૦) મરણ : શોકના અતિરેકને લીધે ક્રમશઃ મરણ થાય. આ અસંપ્રાપ્તકામનો દસમો ભેદ છે.

હવે સંપ્રાપ્ત કામને પણ સમાસથી કહીશ.

તેમાં

(૧) **દષ્ટિસંપાત** આંખોથી સ્ત્રીઓના સ્તનાદિનું અવલોકન કરવું તે.

(૨) **દષ્ટિસેવા + સંભાષ** : રાગપ્રધાનતાએ સ્ત્રીની દષ્ટિની સાથે દષ્ટિને મેળવવી. રાગથી આંખોમાં આંખો મેળવીને જોવું. તથા ઉચિતકાલમાં કામકથાઓવડે વાતચીત કરવી તે.

हसिअ ३ ललिअ ४ उवगूहिअ ५ दंत ६ नहनिवाय ७ चुंबणं ८ होइ ।

आलिंगण ९ मायाणं १० कर ११ सेवण १२ संग १३ किड्डा १४ अ ॥२६२॥

व्याख्या - <u>हसितं</u>-वक्रोक्तिगर्भं प्रतीतं <u>ललितं</u>-पाशकादिक्रीडा <u>उपगूहितं</u>-परिष्वक्तं <u>दन्तनिपातो</u>-दशनच्छेद्यविधिः <u>नखनिपातो</u>-नखरदनजातिः <u>चुम्बनं</u> चैवेति-चुम्बनविकल्पः <u>आलिङ्गनम्</u>-ईषत्स्पर्शनम् <u>आदानं</u>-कुचादिग्रहणं '<u>करसेवणं</u>'ति प्राकृतशैल्या करणासेवने, तत्र <u>करणं</u> नाम-नागरकादिप्रारम्भयन्त्रम् <u>आसेवनं</u>-मैथुनक्रिया <u>अनङ्गक्रीडा</u> च-अस्यादावर्थक्रियेति गाथार्थः ॥

નિ.૨૬૨ ટીકાર્થવત્

(૩) હસિત વક્રવચનોથી ગર્ભિત હાસ્ય. હાસ્ય તો પ્રતીતજ છે. માત્ર સંપ્રાપ્તકામના ભેદ તરીકે જે હાસ્ય લેવાનું છે. એમાં કામસંબંધી કટાક્ષવચનોથી ગર્ભિત હાસ્ય લેવું.

(૪) લલિત પાશકાદિ ક્રીડા (ચોપાસ રમવા, જુનાજમાનામાં રાજાઓ રમતા તે...)

(૫) ઉપગૂહિત : ભેટવું તે.

(૬) દન્તનિપાત : દશનછેદ્યવિધિ.

(૭) નખનિપાત : નખરદનજાતિ

(૮) ચુંબન : ચુંબનવિકલ્પ

(૯) આલિંગન : કંઈક સ્પર્શ

(૧૦) આદાન : કુચાદિ ગ્રહણ

(૧૧) કર : નાગરકાદિ પ્રારંભયંત્ર

(૧૨) આસેવન મૈથુનક્રિયા

(૧૩) સંગ : (?) (ગાથામાંના **संग** શબ્દનો અર્થ ટીકામાં નથી લીધો.)

(૧૪) ક્રીડા : અસ્યાદિમાં અર્થક્રિયા. (?) (**अस्यादि** ને બદલે **आस्यादि** પાઠ લાગે છે.)

(કારણવશાત્ આનાં સ્પષ્ટઅર્થ આપ્યા નથી...)

उक्तः कामः, साम्प्रतं धर्मादीनामेव सपत्नतासपत्नते अभिधित्सुराह –

धम्मो अत्थो कामो भिन्ने ते पिंडिया पडिसवत्ता । जिणवयणं उत्तिन्ना असवत्ता होंति नायव्वा ॥२६३॥

કામ કહેવાઈ ગયો.

હવે ધર્માદિની જ શત્રુતા અને અશત્રુતાને કહેવાની ઈચ્છાવાળા કહે છે કે

નિ.૨૬૩ ધર્મ, અર્થ અને કામ આ ત્રણ પિંડિત થાય તો પ્રતિસપત્ન છે. જિનવચનમાં ઉતરેલા તે અસપત્ન જાણવાયોગ્ય છે.

व्याख्या - धर्मोऽर्थः कामः त्रय एते पिण्डिता युगपत्संपातेन 'प्रतिसपत्नाः'

परस्परविरोधिनः लोके कुप्रवचनेषु च, यथोक्तम् – "अर्थस्य मूलं निकृतिः क्षमा च, कामस्य वित्तं च वपुर्वयश्च । धर्मस्य दानं च दया दमश्च, मोक्षस्य सर्वोपरमः क्रियाश्च ॥१॥ इत्यादि" एते च परस्परविरोधिनोऽपि सन्तो जिनवचनमवतीर्णाः ततः कुशलाशययोगतो व्यवहारेण धर्मादितत्त्वस्वरूपतो वा निश्चयेन 'असपत्नाः' परस्पराविरोधिनो भवन्ति ज्ञातव्या इति गाथार्थः ॥

ટીકાર્થ : લોકમાં અને પ્રવચનમાં આ ધર્મ, અર્થ અને કામ એક સાથે સંપાત પામે છે, અને એ સંપાતથી પિંડિત થયેલા તે ત્રણ પરસ્પર વિરોધી બને છે. (લોકમાં કે કુપ્રવચનોમાં યોગ્ય વ્યવસ્થા, વિભાગીકરણ નથી. એટલે ત્રણેય પરસ્પર એકબીજાને આથડે છે.)

કહ્યું છે કે

● અર્થનું મૂળ કપટ અને ક્ષમા છે. કામનું મૂળ ધન, શરીર અને યૌવનવય છે. ધર્મનું મૂળ દાન, દયા અને દમ છે. મોક્ષનું મૂળ સર્વથી ઉપરમ-અટકવું અને ક્રિયા છે.

લોકમાં કે કુપ્રવચનમાં ભલે આ ત્રણ પરસ્પર વિરોધી હોય તો પણ જો તે ત્રણ જિનવચનમાં અવતરે છે. તો તે પરસ્પર અવિરોધી બને છે.

એમાં કુશલ આશયના યોગથી વ્યવહારથી તેઓ પરસ્પર અવિરોધી છે.

ધર્માદિતત્ત્વના સ્વરૂપથી નિશ્ચયથી તેઓ પરસ્પર અવિરોધી છે.

तत्र व्यवहारेणाविरोधमाह –

जिणवयणंमि परिणए, अवत्थविहिआणुठाणओ धम्मो । सच्छासयप्पयोगा अत्थो वीसंभओ कामो ॥२६४॥

તેમાં વ્યવહારથી તેઓ વચ્ચે અવિરોધ શી રીતે ? તે કહે છે.

નિ.૨૬૪ જિનવચન પરિણત થયે છતે, અવસ્થાવિહિતઅનુષ્ઠાનથી ધર્મ થાય. સ્વચ્છાશયપ્રયોગથી અર્થ થાય, વિશ્રંભથી કામ થાય.

व्याख्या - जिनवचने यथावत्परिणते सति अवस्थोचितविहितानुष्ठानात्-स्वयोग्यतामपेक्ष्य दर्शनादिश्रावकप्रतिमाङ्गीकरणे निरतिचारपालनाद्भवति धर्मः, स्वच्छाशयप्रयोगाद्विशिष्टलोकतः पुण्यबलाच्चार्थः, विश्रम्भत उचितकलत्राङ्गीकरणतापेक्षो विश्रम्भेण काम इति गाथार्थः ॥

ટીકાર્થ : જો જિનવચન હૃદયમાં બરાબર પરિણમી જાય તો પછી એ જીવ પોતાની યોગ્યતાને અનુસારે દર્શનાદિ ૧૧ શ્રાવક પ્રતિમાઓનો સ્વીકાર કરે, અને એમાં નિરતિચાર પાલન કરે. આ રીતે પાલન કરવાથી એને ધર્મ થાય.

તથા જિનવચન પરિણમી જાય તો પછી એ સ્વચ્છઆશયથી પ્રયોગ-વ્યાપાર કરે. એના દ્વારા વિશિષ્ટ લોક પાસેથી અને પુણ્યના બલથી અર્થ મળે. (મારે સંસારમાં જીવવા માટે અમુક સંપત્તિ જરૂરી છે. જો હું ગરીબ-ભિખારી રહું તો મારો નિર્વાહ ન થાય, તો હું ધર્મ પણ શી રીતે આચરું ? લોકોમાં પણ ધર્મની નિંદા થાય... એટલે મારે ધર્મારાધના નિર્વિઘ્નપણે કરવામાટે મારી આજીવિકા ચલાવવી જોઈએ..." આ બધા સ્વચ્છઆશયથી એ માણસ ઉચિતવેપારાદિ કરે. આવા માણસ પ્રત્યે વિશિષ્ટલોકોને આદર હોય. એટલે તેઓ એને ધંધામાં સહાય કરે જ. અને એનું પુણ્ય પણ ઘણું હોય એટલે એના બલથી પણ અર્થ પ્રાપ્તિ થાય.

તથા જિનવચન પરિણમી જાય તો પછી વિશ્રંભથી = વિશ્વાસથી ઉચિતસ્ત્રીને સ્વીકારવાની અપેક્ષાવાળો એવો વિશ્રમ્ભતઃ કામ સંભવે.

(એ શ્રાવક લગ્ન કરે છે, એમાં ભોગસુખેચ્છા છે. એ વાત સાચી. પણ જિનવચન પરિણમેલું હોવાથી એની વિચારધારા આવી હોય કે "મને ભોગેચ્છા સતાવે છે, જો લગ્ન નહિ કરું તો મારું મન ચંચળ-આર્તધ્યાનવાળું રહેશે. તો હું ધર્મ પણ શાંતિથી નહિ કરી શકું. એટલે ધર્મ આચરવામાટે મનની પ્રસન્નતા કેળવવા મારે લગ્ન કરવા પડશે... જેમ ભોજન કર્યા વિના શરીર મન નબળા પડવાથી ધર્મ ન થાય તો ભોજન કરવું પડે. એમ એ શ્રાવકને ભોગેચ્છાશમન વિના મન આકુળવ્યાકુળ રહેવાથી ધર્મ ન થાય તો છેવટે લગ્ન કરવું પડે.

આમ પરિણતશ્રાવક કામવિકારની મુખ્યતાથી સ્ત્રીગ્રહણ નથી કરતો, પરંતુ ધર્માચરણની મુખ્યતાથી સ્ત્રીગ્રહણ કરે છે. આ જ વિશ્રંભથી સ્ત્રીગ્રહણ કહેવાય. માટે જ એ ઉચિતસ્ત્રીનો અંગીકાર કરે. અર્થાત્ ઘણી સ્ત્રીનો અંગીકાર ન કરે તથા એકાદ સ્ત્રી પણ જે ધર્મમાં પ્રતિબંધક બનનારી ન હોય તેનો અંગીકાર કરે... આ રીતે જિનવચનમાં અવતરેલા ધર્મ, અર્થ અને કામ પરસ્પર વિરોધી બનતા નથી.)

अधुना निश्चयेनाविरोधमाह–

धम्मस्स फलं मोक्खो सासयमउलं सिवं अणाबाहं । तमभिप्पेया साहू तम्हा धम्मत्थकाम त्ति ॥२६५॥

હવે નિશ્ચયથી તેઓનો પરસ્પર અવિરોધ દર્શાવે છે.

નિ.૨૬૫ ધર્મનું ફલ શાશ્વત, અતુલ, અનાબાધ શિવાત્મક મોક્ષ છે. તેને ઈચ્છનારા સાધુઓ છે. તેથી સાધુઓ ધર્માર્થકામ એમ કહેવાય.

व्याख्या - धर्मस्य निरतिचारस्य फलं 'मोक्षो' निर्वाणं, किंविशिष्टमित्याह - 'शाश्वतं' नित्यम् 'अतुलम्' अनन्यतुलं 'शिवं' पवित्रम् 'अनाबाधं' बाधावर्जितमेतदेवार्थः 'तं' धर्मार्थं मोक्षमभिप्रेताः-कामयन्तः साधवो यस्मात्तस्माद्धर्मार्थकामा इति गाथार्थः ॥

ટીકાર્થ : નિરતિચાર ધર્મનું ફલ મોક્ષ છે.

પ્રશ્ન તે મોક્ષ કેવો છે ?

ઉત્તર : શાશ્વત = નિત્ય, અતુલ = બીજા સાથે જેની તુલના ન થઈ શકે તેવો. શિવ-પવિત્ર, અનાબાધ = બાધાવર્જિત તે મોક્ષ છે.

સાધુઓ તે ધર્માર્થને = મોક્ષને ઈચ્છનારા છે, તેથી તેઓ ધર્માર્થકામ ગણાય.

एतदेव दृढयन्नाह –

परलोगु मुत्तिमग्गो नत्थि हु मोक्खो त्ति बिंति अविहिन्नू ।
सो अत्थि अवितहो जिणमयंमि पवरो न अन्नत्थ ॥२६६॥

આ જ વાતને દૃઢ કરતાં કહે છે કે

નિ.૨૬૬ 'પરલોક, મુક્તિમાર્ગ, મોક્ષ નથી' એ પ્રમાણે અવિધિજ્ઞો બોલે છે. અવિતથ પ્રવર જિનવચનમાં છે અન્યત્ર નથી.

व्याख्या - 'परलोको' जन्मान्तरलक्षणो 'मुक्तिमार्गो' ज्ञानदर्शनचारित्राणि नास्त्येव 'मोक्षः' सर्वकर्मक्षयलक्षणः 'इति' एवं ब्रुवते 'अविधिज्ञा' न्यायमार्गाप्रवेदिनः, अत्रोत्तरं-'स' परलोकादिः अस्त्येव 'अवितथः' सत्यो 'जिनमते' वीतरागवचने, प्रवरः पूर्वापराविरोधेन, नान्यत्रैकान्तनित्यादौ, हिंसादिविरोधादिति गाथार्थः ॥४॥

ટીકાર્થ : બીજો જન્મ એનું નામ પરલોક જ્ઞાનદર્શનચારિત્ર એ મોક્ષમાર્ગ. સર્વકર્મોનો ક્ષય એ મોક્ષ. આ બધું છે જ નહિ... એમ ન્યાયમાર્ગને નહિ જાણનારાઓ બોલે છે.

આમાં ઉત્તર આપે છે કે

સાચો પરલોક, મોક્ષમાર્ગ, મોક્ષ જિનમતમાં = વીતરાગવચનમાં છે જ. તથા એમાં

પૂર્વના વચનો અને પછીના વચનો વચ્ચે બિલકુલ વિરોધ આવતો નથી એટલે એ રીતે તે પ્રવર છે. ઉત્કૃષ્ટ છે. (કુપ્રવચનોમાં આ ત્રણ વસ્તુ હોય તો પણ સાચી નથી. પૂર્વાપરના વિરોધવાળી હોવાથી પ્રવર = ઉત્કૃષ્ટ નથી. એ જ વાત કહે છે કે) એકાન્તનિત્ય કે એકાન્ત અનિત્ય આત્માદિ માનનારા અન્ય પ્રવચનોમાં અવિતથ-પ્રવર પરલોકાદિ નથી.

પ્રશ્ન : કેમ અન્યપ્રવચનોમાં આ બધું નથી ?

ઉત્તર : જો આત્મા એકાન્તે નિત્ય હોય તો એ મરે જ નહિ, એની હિંસા થાય જ નહિ. આમ હિંસા પદાર્થ ન ઘટે... આમ બીજી પણ ઘણી બાબતોનો વિરોધ આવતો હોવાથી કુપ્રવચનોમાં પ્રવર પરલોકાદિ નથી.

व्याख्याता काचित्सूत्रस्पर्शनिर्युक्तिः, अधुना सूत्रान्तरावसरः, अस्य चायमभिसंबन्धः-इहानन्तरसूत्रे निर्ग्रन्थानामाचारगोचरकथनोपन्यासः कृतः, साम्प्रतमस्यैवार्थतो गुरुतामाह–

કેટલીક સૂત્રસ્પર્શનિર્યુક્તિ વ્યાખ્યાન કરાઈ.

હવે બીજા સૂત્રનો અવસર છે.

આનો આ સંબંધ છે. અહીં અનંતરસૂત્રમાં = ચોથાસૂત્રમાં નિર્ગ્રન્થોના આચારવિષયનાં કથનનો ઉપન્યાસ કર્યો. હવે એ આચારગોચરની જ અર્થથી ગુરુતા = પ્રધાનતા દર્શાવે છે.

नन्नत्थ एरिसं वुत्तं, जं लोए परमदुच्चरं । विउलट्ठाणभाइस्स, न भूअं न भविस्सइ ॥५॥

ગા.૫ લોકમાં જે પરમદુશ્ચર છે, એવા પ્રકારની આ વસ્તુ અન્યત્ર નથી. વિપુલસ્થાનભાગીને (અન્યત્ર) થઈ નથી અને થવાની નથી.

'णण्णत्थ'त्ति सूत्रं न 'अन्यत्र' कपिलादिमते 'ईदृशम्' उक्तमाचारगोचरं वस्तु यत् 'लोके' प्राणिलोके 'परमदुश्चरम्' अत्यन्तदुष्करमित्यर्थः, ईदृशं च 'विपुलस्थानभाजिनः' विपुलस्थानं-विपुलमोक्षहेतुत्वात् संयमस्थानं तद्भजते-सेवते तच्छीलश्च यस्तस्य, न भूतं न भविष्यति अन्यत्र जिनमतादिति सूत्रार्थः ॥५॥

ટીકાર્થ કપિલાદિમતમાં આ કહેલી આચારગોચરરૂપ વસ્તુ નથી કે જે વસ્તુ જીવલોકમાં અત્યંત દુષ્કર છે. વિપુલ એવા મોક્ષનાં કારણભૂત હોવાથી વિપુલસ્થાન એટલે સંયમસ્થાન. તેને સેવનારા જીવને જિનમત સિવાય અન્યત્ર ઈદૃશ = આવી આચારગોચર વસ્તુ થઈ નથી અને થશે નહિ.(ગાથામાં **अन्यत्र** શબ્દ બે વાર અન્વય ન કરો તો અર્થ ઊંધો થાય. "સંયમસ્થાન સેવનારાને આ આચારગોચર થયું નથી કે થશે નહિ" એમ અર્થ થાય. એ તો ખોટો જ અર્થ છે. એને તો આ આચારગોચર થાય છે અને થશે. એટલે જ વૃત્તિકારે **अन्यत्र जिनमतात्** એમ ઉમેર્યું છે. અર્થાત્ સંયમસેવીઓને જિનમતમાં જ આચારગોચર છે, અન્યત્ર નહિ.

તથા ગાથામાં **वुत्तं** શબ્દ છે, એનો અર્થ "કહેલું" થાય. જિનવચન સિવાય અન્યવચનોમાં આ આવો આચારગોચર કહેવાયો નથી.... પરંતુ વૃત્તિકારશ્રીએ **वस्तु** શબ્દ લખ્યો છે. એટલે વૃત્તિકારશ્રી સામે **वत्थु** એમ પાઠ હોવો જોઈએ.)

एतदेव संभावयन्नाह-

सखुड्डगविअत्ताणं, वाहिआणं च जे गुणा । अखंडफुडिआ कायव्वा, तं सुणेह जहा तहा ॥६॥

"આચારગોચર જિનમતમાં જ છે" એ જ વાતને સંભવિત કરતાં કહે છે કે

ગા.૬ ક્ષુલ્લકસહિતનાં વ્યક્તોનાં અને રોગીઓનાં જે ગુણો છે, અખંડ, અસ્ફુટિત કરવાના છે. તે જે રીતે કરવાના છે તે રીતે સાંભળો.

'सखुड्ड'त्ति सूत्रं, सह <u>क्षुल्लकैः</u>-द्रव्यभावबालैर्ये वर्त्तन्ते ते <u>व्यक्ता</u>-द्रव्यभाववृद्धास्तेषां सक्षुल्लकव्यक्तानां, सबालवृद्धानामित्यर्थः, व्याधिमतां चशब्दादव्याधिमतां च, सरुजानां नीरुजानां चेति भावः, ये <u>'गुणा'</u> वक्ष्यमाणलक्षणास्तेऽखण्डास्फुटिताः कर्तव्याः, अखण्डा देशविराधनापरित्यागेन अस्फुटिताः सर्वविराधनापरित्यागेन, तत् श्रृणुत यथा कर्तव्यास्तथेति सूत्रार्थः ॥६॥

ટીકાર્થ : જે નાની ઉંમરના હોય તે દ્રવ્યબાલ. જે શ્રુતજ્ઞાનરહિત હોય, અપરિણત હોય તે ભાવબાલ. આ બંને પ્રકારના ક્ષુલ્લકોની = બાલકોની સાથે જે વ્યક્તો વર્તે, તે સક્ષુલ્લકવ્યક્ત કહેવાય. તેમાં જે મોટી ઉંમરના હોય તે દ્રવ્યવ્યક્ત અને જે પરિણત-ગીતાર્થ હોય તે ભાવવ્યક્ત કહેવાય.

સીધો અર્થ એ કે બાલસહિતવૃદ્ધો...

वाहिआणं એટલે વ્યાધિવાળા **च** શબ્દથી નિરોગીઓ પણ લઈ લેવા.

આ બધા જ સાધુઓના જે ગુણો છે, કે જે ગુણો આગળ કહેવાશે, તે તે બધા સાધુઓએ અખંડ અને અસ્ફુટિત કરવાના છે. એમાં દેશવિરાધનાના ત્યાગથી તે અખંડ કહેવાય અને સર્વવિરાધનાના ત્યાગથી તે અસ્ફુટિત કહેવાય.

એ જે રીતે કરવાના છે, તે તમે સાંભળો.

ते चागुणपरिहारेणाखण्डास्फुटिता भवन्तीति अगुणास्तावदुच्यन्ते-

दस अट्ठ य ठाणाइं, जाइं बालोऽवरज्झइ । तत्थ अन्नयरे ठाणे, निग्गंथत्ताउ भस्सइ ॥७॥

તે ગુણો અગુણના ત્યાગથી અખંડ, અસ્ફુટિત થાય એટલે પહેલા તો અગુણો બતાવે છે.

ગા.૭ દસ અને આઠ સ્થાનો છે, કે જેને બાલ અપરાધે છે. તેમાં અન્યતરસ્થાનમાં નિર્ગ્રન્થપણાથી ભ્રંશ પામે છે.

'दस'त्ति सूत्रं, दशाष्टौ च 'स्थानानि' असंयमस्थानानि वक्ष्यमाणलक्षणानि 'यानि' आश्रित्य 'बालः' अज्ञः 'अपराध्यति' तत्सेवनयाऽपराधमाप्नोति, कथमपराध्यतीत्याह- तत्रान्यतरे स्थाने वर्तमानः प्रमादेन 'निर्ग्रन्थत्वात्' निर्ग्रन्थभावाद् 'भ्रश्यति' निश्चयनयेनापैति बाल इति सूत्रार्थः ॥

ટીકાર્થ : દસ અને આઠ એમ અઢાર અસંયમસ્થાનો છે કે જે આગળ કહેવાશે. કે જેને આશ્રયીને અજ્ઞાનીજીવ તેની સેવાદ્વારા અપરાધને પામે છે.

પ્રશ્ન : કેવી રીતે અપરાધ કરે છે ?

ઉત્તર : તેમાં કોઈપણ એકાદસ્થાનમાં પ્રમાદથી વર્તતો સાધુ સાધુભાવથી ભ્રષ્ટ થાય છે એટલે કે નિશ્ચયનયથી સાધુપણામાંથી દૂર થાય છે.

अमुमेवार्थं सूत्रस्पर्शनिर्युक्त्या स्पष्टयति –

अट्ठारस ठाणाइं आयारकहाएँ जाइं भणियाइं । तेसिं अन्नतरागं सेवंतु न होइ सो समणो ॥२६७॥

આ જ અર્થને સૂત્રસ્પર્શિકનિર્યુક્તિથી સ્પષ્ટ કરે છે.

નિ.૨૬૭ આચારકથામાં જે અઢાર સ્થાનો કહ્યા છે. તેમાંથી કોઈને પણ સેવતો તે સાધુ ન હોય.

व्याख्या-अष्टादशस्थानान्याचारकथायां प्रस्तुतायां यानि भणितानि तीर्थकरैः तेषामन्यतरस्थानं सेवमानो न भवत्यसौ श्रमण आसेवक इति गाथार्थः ॥

ટીકાર્થ : પ્રસ્તુત આચારકથામાં જે ૧૮ સ્થાનો કહ્યા છે. (જે ઓઘથી કહ્યા છે વિભાગથી હજી હવે કહેશે.) એ તીર્થંકરોએ કહેલા ` ` ંના કોઈપણ સ્થાનને જે સેવે તે સાધુ ન કહેવાય.

कानि पुनस्तानि स्थानानीत्याह निर्युक्तिकारः-

वयछक्कं कायछक्कं, अकप्पो गिहिभायणं । पलियंकनिसेज्जा य, सिणाणं सोहवज्जणं ॥२६८॥

તે કયા સ્થાનો છે ? એ નિર્યુક્તિકાર કહે છે.

નિ.૨૬૮ વ્રતષટ્ક, કાયષટ્ક, અકલ્પ, ગૃહિભાજન, પલ્યંક, નિષદ્યા, સ્નાન, શોભાવર્જન.

व्याख्या-'व्रतषट्कं' प्राणातिपातनिवृत्त्यादीनि रात्रिभोजनविरतिषष्ठानि षड् व्रतानि कायषट्कं-पृथिव्यादयः षड् जीवनिकायाः 'अकल्पः' शिक्षकस्थापनाकल्पादिर्वक्ष्यमाणः 'गृहिभाजनं' गृहस्थसंबन्धि कांस्यभाजनादि प्रतीतं 'पर्यङ्कः' शयनविशेषः प्रतीतः । 'निषद्या च' गृहे एकानेकरूपा 'स्नानं' देशसर्वभेदभिन्नं 'शोभावर्जनं' विभूषापरित्यागः, वर्जनमिति च प्रत्येकमभिसंबध्यते, शोभावर्जनं स्नानवर्जनमित्यादीति गाथार्थः ॥७॥

ટીકાર્થ : પ્રાણાતિપાતનો ત્યાગ વગેરે ૬ વ્રતો છે. રાત્રિભોજનત્યાગ એમાં છઠ્ઠું છે

પૃથ્વીવગેરે છ જીવનિકાયો એ કાયષટ્ક કહેવાય.

અકલ્પ એટલે શિક્ષકસ્થાપના-અકલ્પ વગેરે કે જે કહેવાશે.

ગૃહિભાજન એટલે ગૃહસ્થોના કાંસાના વાસણ વગેરે પ્રતીત છે.

પર્યંક એટલે શયનવિશેષ = ઉંઘવામાટે ઉપયોગી સાધનવિશેષ =

નિષદ્યા (એટલે બેસવા માટેના સાધનવિશેષ કે જે) ઘરમાં એક, અનેક રૂપે હોય છે.

સ્નાન દેશથી અને સર્વથી એમ બે ભેદથી ભિન્ન છે.

શોભાવર્જન એટલે વિભૂષાનો પરિત્યાગ.

વર્જનશબ્દ દરેક સાથે જોડવો. શોભાવર્જન, સ્નાનવર્જન... વગેરે. (વ્રતષટ્ક સાથે વર્જન શબ્દ ન જોડવો. એમ યથાસંભવ વિચારી લેવું.)

व्याख्याता सूत्रस्पर्शनिर्युक्तिः, अधुना सूत्रान्तरं व्याख्यायते, अस्य चायमभिसंबन्धः गुणा अष्टादशसु स्थानेषु अखण्डास्फुटिताः कर्तव्याः, तत्र विधिमाह-

तत्थिमं पढमं ठाणं, महावीरेण देसिअं । अहिंसा निउणा दिट्ठा, सव्वभूएसु संजमो ॥८॥

સૂત્રસ્પર્શનિર્યુક્તિ વ્યાખ્યાન કરાઈ.

હવે બીજા સૂત્રનું વ્યાખ્યાન કરાય છે.

એનો આ સંબંધ છે કે અઢારસ્થાનોમાં ગુણો અખંડિત, અસ્ફુટિત કરવાના છે. તેમાં વિધિ કહે છે.

ગા.૮ તેમાં આ પ્રથમસ્થાન મહાવીરવડે દેખાડાયું છે. સર્વભૂતોમાં સંયમ નિપુણઅહિંસા દેખાઈ છે.

'तत्थिमं'ति सूत्रं । 'तत्र' अष्टादशविधे स्थानगणे व्रतषट्के वा अनासेवनाद्वारेण 'इदं' वक्ष्यमाणलक्षणं प्रथमं स्थानं 'महावीरेण' भगवता अपश्चिमतीर्थकरेण 'देशितं' कथितं यदुताहिंसेति । इयं च सामान्यतः प्रभूतैर्देशितेत्यत आह-'निपुणा' आधाकर्माद्यपरिभोगतः कृतकारितादिपरिहारेण सूक्ष्मा, न आगमद्वारेण देशिता अपितु 'दृष्टा' साक्षाद्धर्मसाधकत्वेनोपलब्धा, किमितीयमेव निपुणेत्यत आह-यतोऽस्यामेव महावीरदेशितायां 'सर्वभूतेषु' सर्वभूतविषयः संयमो, नान्यत्र, उद्दिश्यकृतादिभोग-विधानादिति सूत्रार्थः ॥८॥

ટીકાર્થ : જે અઢારપ્રકારનો સ્થાનોનો સમૂહ દેખાડ્યો તેમાં અથવા તો વ્રતષટ્કમાં વક્ષ્યમાણલક્ષણવાળું આ પ્રથમસ્થાન છેલ્લાતીર્થંકર મહાવીરવડે અનાસેવનદ્વારા કહેવાયેલું છે. (હિંસાનું સેવન ન કરવું એમ અનાસેવના રૂપ પ્રથમસ્થાન છે.)

આ અહિંસા સામાન્યથી તો ઘણાંઓ વડે બતાવાઈ છે, એટલે અહીં પ્રભુએ દેખાડેલી

અહિંસામાં વિશેષતા શું છે ? એ દર્શાવે છે કે આધાકર્માદિના પરિભોગના ત્યાગ દ્વારા કૃતકારિતાદિના પરિહારથી સૂક્ષ્મ એવી અહિંસા પ્રભુવડે દેખાડાયેલી છે. (આધાકર્માદિનો પરિભોગ ન કરે એટલે કરણ-કરાવણ અને અનુમોદનના પાપ ન લાગે... એ રીતે એ અહિંસા સૂક્ષ્મ છે.)

માત્ર આગમદ્વારા જણાવેલી છે એટલું જ નહિ, પરંતુ પ્રભુએ એ અહિંસાને ધર્મના સાધક તરીકે સાક્ષાત્ જોઈ છે. (અથવા તો સાક્ષાત્ ધર્મના સાધક તરીકે જોઈ છે.)

પ્રશ્ન : પ્રભુદેશિત અહિંસા જ નિપુણ છે, એવું શા માટે ?

ઉત્તર કેમકે આ મહાવીરદેશિત અહિંસામાં જ સર્વજીવસંબંધી સંયમ છે. અન્ય અહિંસાઓમાં નહિ. કેમકે અન્યદર્શનીઓએ તો પોતાની અહિંસામાં સાધુને ઉદ્દેશીને કરાયેલ ભોજનવગેરેનો ભોગ કરવાનું વિધાન કરેલ છે.

एतदेव स्पष्टयन्नाह-

जावंति लोए पाणा, तसा अदुव थावरा । ते जाणमजाणं वा, न हणे णोवि घायए ॥ ९ ॥

આ જ વાતને સ્પષ્ટ કરતાં કહે છે.

ગા.૯ લોકમાં ત્રસ કે સ્થાવર જેટલા જીવ છે, તેમને જાણતાં કે અજાણતાં હણવા નહિ કે હણાવવા નહિ.

'जावंति' सूत्रं, यतो हि भागवत्याज्ञा यावन्तः केचन लोके प्राणिनस्त्रसा-द्वीन्द्रियादयः अथवा स्थावराः-पृथिव्यादयः तान् जानन् रागाद्यभिभूतो व्यापादनबुद्ध्या अजानन्वा प्रमादपारतन्त्र्येण न हन्यात् स्वयं नापि घातयेदन्यैः 'एकग्रहणे तज्जातीयग्रहणाद्' घ्नतोऽप्यन्यान्न समनुजानीयाद्, अतो निपुणा दृष्टेति सूत्रार्थः ॥ ९ ॥

ટીકાર્થ : જે કારણથી ભગવાનની આ આજ્ઞા છે કે લોકમાં બેઈન્દ્રિયવગેરે ત્રસો કે પૃથ્વી વગેરે સ્થાવરો જે કોઈપણ પ્રાણીઓ છે. તેમને રાગાદિથી અભિભૂત થયેલાએ મારવાની બુદ્ધિથી ન મારવા ન મરાવવા કે પ્રમાદને પરવશ બનીને અજાણતા પણ સ્વયં ન હણવા કે બીજાઓ દ્વારા ન હણાવવા.

પ્રશ્ન : કોઈ હણતું હોય તો અનુમોદના કરાય ?

ઉત્તર : અહીં "એકના ગ્રહણના તેના જાતીયનું ગ્રહણ થઈ જાય" એ પ્રમાણે ન્યાય

છે. એટલે કરણ-કરાવણ એ બેનું ગ્રહણ કરેલું હોવાથી તજ્જાતીય એવા અનુમોદનનું પણ ગ્રહણ થઈ જાય. એટલે સમજી લેવું કે જીવોને હણનારાઓને જાણે કે અજાણે અનુમતિ ન આપવી.

આમ જે કારણથી પ્રભુની આ । આવી છે, એ કારણથી જ તે નિપુણ-સૂક્ષ્મ જોવાઈ છે એમ સમજી શકાય છે.

अहिंसैव कथं साध्वीत्येतदेवाह-

सव्वे जीवावि इच्छंति, जीविउं न मरिज्जिउं । तम्हा पाणवहं घोरं, निग्गंथा वज्जयंति णं ॥१०॥

પ્રશ્ન : અહિંસા જ શા માટે સારી ? એ તો પહેલાં કહો.

ઉત્તર : એ જ કહે છે.

ગા.૧૦ સર્વ જીવો જીવવાને ઈચ્છે છે, મરવાને નહિ. તેથી નિર્ગ્રન્થો ઘોર પ્રાણીવધને વર્જે.

'सव्वे'त्ति सूत्रं, सर्वे जीवा अपि दुःखितादिभेदभिन्ना इच्छन्ति जीवितुं न मर्तुं प्राणवल्लभत्वात्, यस्मादेवं तस्मात्प्राणवधं 'घोरं' रौद्रं दुःखहेतुत्वाद् 'निर्ग्रन्थाः' साधवो वर्जयन्ति भावतः । णमिति वाक्यालङ्कार इति सूत्रार्थः ॥ १०॥

ટીકાર્થ : દુઃખી વગેરે બધાં જ ભેદવાળા જીવો જીવવાને ઈચ્છે છે, મરવાને નહિ. કેમકે બધાને પોતાના પ્રાણ વલ્લભ-પ્રિય છે. આવું હોવાથી જ રૌદ્ર જીવવધને સાધુઓ ભાવથી વર્જે છે. જીવવધ દુઃખનું કારણ હોવાથી રૌદ્ર કહેવાય છે. **ण** અક્ષર વાક્યની શોભા માટે છે.

उक्तः प्रथमस्थानविधिः अधुना द्वितीयस्थानविधिमाह-

अप्पणट्ठा परट्ठा वा, कोहा वा जइ वा भया । हिंसगं न मुसं बूआ, नोवि अन्नं वयावए ॥ ११ ॥

પહેલાસ્થાનની વિધિ કહી, હવે બીજાસ્થાનની વિધિ કહે છે.

ગા.૧૧ પોતાના માટે કે બીજાને માટે, ક્રોધથી કે ભયથી હિંસક મૃષા ન બોલવું, બીજા પાસે બોલાવવું પણ નહિ.

'अप्पणट्ठ'त्ति सूत्रं, 'आत्मार्थम्' आत्मनिमित्तमग्लान एव ग्लानोऽहं ममानेन कार्यमित्यादि 'परार्थं वा' परनिमित्तं वा एवमेव, तथा क्रोधाद्वा त्वं दास इत्यादि, 'एकग्रहणे तज्जातीयग्रहण'मिति मानाद्वा अबहुश्रुत एवाहं बहुश्रुत इत्यादि मायातो भिक्षाटनपरिजिहीर्षया पादपीडा ममेत्यादि लोभाच्छोभनतरान्नलाभे सति प्रान्तस्यैषणीयत्वेऽप्यनेषणीयमिदमित्यादि, यदिवा 'भयात्' किञ्चिद्वितथं कृत्वा प्रायश्चितभयान्न कृतमित्यादि, एवं हास्यादिष्वपि वाच्यम्, अत एवाह- 'हिंसकं' परपीडाकारि सर्वमेव न मृषा ब्रूयात् स्वयं नाप्यन्यं वादयेत्, 'एकग्रहणे तज्जातीयग्रहणात्' ब्रुवतोऽप्यन्यान्न समनुजानीयादिति सूत्रार्थः ॥ ११ ॥

ટીકાર્થ : (૧) પોતાના માટે મૃષા : પોતે ગ્લાન ન હોય છતાં "હું ગ્લાન છું, મારે આ વસ્તુની જરૂર છે" વગેરે બોલવું.

(૨) બીજા માટે મૃષા : ઉપર મુજબ જ (કે બીજો ગ્લાન ન હોય છતાં "એ ગ્લાન છે, એને અમુક ચીજનું કામ છે...")

(૩) ક્રોધથી : "તું દાસ છે" વગેરે શબ્દો ગુસ્સાદિથી બોલવા.

અહીં ચાર કષાયોમાંથી એક ક્રોધકષાયનું ગ્રહણ કરેલું છે, એના દ્વારા તજ્જાતીય બાકીના ત્રણ કષાયો પણ લઈ લેવા. એમાં

(૪) માનથી : પોતે બહુશ્રુત ન હોય છતાં "હું બહુશ્રુત છું" વગેરે.

(૫) માયાથી : ભિક્ષામાટે ભ્રમણકરવાનો પરિત્યાગ કરવાની ઈચ્છાથી સાધુ બોલે કે "મારા પગમાં પીડા છે."

(૬) લોભથી : વધુ સારા અન્નનો લાભ થાય એટલે જે પ્રાન્ત = તુચ્છવસ્તુ નિર્દોષ હોય તેને પણ "આ દોષિત છે." એમ કહેવું તે (જો એ નિર્દોષ ગણે તો એ પણ વહોરવી પડે, માંડલીમાં વાપરવી પડે. પણ ઘરમાં કે માંડલીમાં એને દોષિત કહી દે તો એ વાપરવી ન પડે. બીજીગોચરી વાપરી શકાય. આમાં લોભથી જ મૃષા બોલાય છે.)

(૭) ભયથી : કંઈક ખોટું કરીને પ્રાયશ્ચિત્તના ભયથી "મેં આ કર્યું નથી" એમ બોલવું તે.

એ રીતે હાસ્ય, શોક વગેરેમાં પણ કહેવું.

આથી જ કહે છે કે બીજાને પીડાકારી બધા જ મૃષાવચનો સ્વયં ન બોલે કે બીજા પાસે બોલાવે નહિ. "એકગ્રહણમાં તજજાતીયગ્રહણ થાય" એ ન્યાયથી બોલનારા એવા

પણ બીજાઓને અનુમતિ ન આપે.

किमित्येतदेवमित्याह-

मुसावाओ उ लोगम्मि, सव्वसाहूहिं गरिहिओ । अविस्सासो अ भूआणं, तम्हा मोसं विवज्जए ॥ १२ ॥

પ્રશ્ન : આવું શા માટે ?

ઉત્તર :

ગા.૧૨ મૃષાવાદ તે લોકમાં સર્વસાધુઓવડે નિંદાયો છે. પ્રાણીઓનો અવિશ્વાસ છે તેથી મૃષાવાદ વર્જવો.

'मुसावाउ'त्ति सूत्रं, मृषावादो हि लोके सर्वस्मिन्नेव सर्वसाधुभिः 'गर्हितो' निन्दितः, सर्वव्रतापकारित्वात् प्रतिज्ञातापालनात्, 'अविश्वासश्च' अविश्वसनीयश्च भूतानां मृषावादी भवति, यस्मादेवं तस्मान्मृषावादं विवर्जयेदिति सूत्रार्थः ॥ १२ ॥

ટીકાર્થ : આખાય લોકમાં મૃષાવાદ સર્વસાધુઓવડે નિંદાયેલો છે. કેમકે મૃષાવાદ બધા જ વ્રતોને નુકસાન કરનાર છે. અને એ દ્વારા પ્રતિજ્ઞાકરાયેલ પદાર્થોનું પાલન થતું નથી. (પ્રત્યેક વ્રતસંબંધી દોષોમાં મૃષા ોલીને બચાવ કરે, બધાં વ્રતો દુષિત, વધુદુષિત બનતાં જ જાય...) તથા મૃષાવાદી માણસ જીવોને વિશ્વાસપાત્ર બનતો નથી.

જે કારણથી આવું છે, તે કારણથી મૃષાવાદને વર્જવો.

उक्तो द्वितीयस्थानविधिः, साम्प्रतं तृतीयस्थानविधिमाह-

चित्तमंतमचित्तं वा, अप्पं वा जइवा बहुं । दंतसोहणमित्तंपि, उग्गहंसि अजाइया ॥ १३ ॥ तं अप्पणा न गिण्हंति नोऽवि गिण्हावए परं । अन्नं वा गिण्हमाणंपि, नाणुजाणंति संजया ॥१४॥

બીજાસ્થાનની વિધિ કહેવાઈ. હવે ત્રીજા સ્થાનની વિધિ કહે છે.

ગા.૧૩-૧૪ સચિત્ત કે અચિત્ત, અલ્પ કે બહુ દંતશોધન માત્ર પણ અવગ્રહમાં યાચ્યાવિના સાધુઓ તેને સ્વયં ન લે, બીજા પાસે ન લેવડાવે, લેનારા અન્યને અનુમતિ ન આપે.

'चित्तमंत'त्ति सूत्रं, 'चित्तवद्' द्विपदादि वा 'अचित्तवद्वा' हिरण्यादि, अल्पं वा

मूल्यतः प्रमाणतश्च, यदिवा बहु मूल्यप्रमाणाभ्यामेव, किं बहुना ?-'दन्तशोधनमात्रमपि' तथाविधं तृणादि अवग्रहे यस्य तत्तमयाचित्वा न गृह्णन्ति साधवः कदाचनेति सूत्रार्थः ॥ १३ ॥ एतदेवाह-'तं'ति सूत्रं 'तत्' चित्तवदादि आत्मना न गृह्णन्ति विरतत्वात्, नापि ग्राहयन्ति परं विरतत्वादेव, तथाऽन्यं वा गृह्णन्तमपि स्वयमेव 'नानुजानन्ति' नानुमन्यन्ते संयता इति सूत्रार्थः ॥१४॥

ટીકાર્થ : ચિત્તવદ્ = સચિત્ત = દ્વિપદ = મનુષ્ય વગેરે.

અચિત્તવદ્ = અચિત્ત = હિરણ્ય વગેરે.

અલ્પ મૂલ્યથી અને પ્રમાણથી (ઓછી કિંમતનું તે અલ્પ, નાના પ્રમાણવાળું તે અલ્પ)

બહુ મૂલ્યથી અને પ્રમાણથી. (મોટી કિંમતનું તે બહુ, મોટા પ્રમાણવાળું તે બહુ)

વધુ શું કહેવું ? દાંતને શુદ્ધ કરવાના સાધનભૂત તેવા પ્રકારના તણખલા વગેરે પણ જે માલિકના સ્થાનમાં પડેલા હોય, તે માલિક પાસે તેની યાચના કર્યા વિના સાધુઓ કદાપિ ન લે.

એ જ વાત ગા.૧૪માં કરે છે. તે સચિત્તાદિ ને સાધુઓ (યાચના કર્યા વિના) જાતે ન લે કેમકે તેઓ વિરતિધર છે. (યાચના વિના લેવામાં ચોરીની વિરતિનો ભંગ થાય.) બીજા પાસે યાચના વિના ગ્રહણ કરાવે નહિ, એનું કારણ પણ એજ છે કે તેઓ વિરતિધર છે. તથા બીજો કોઈ પોતાની મેળે જ ગ્રહણ કરતો હોય તો પણ સાધુઓ તેને રજા ન આપે.

उक्तस्तृतीयस्थानविधिः चतुर्थस्थानविधिमाह-

अबंभचरिअं घोरं, पमायं दुरहिट्ठिअं । नायरंति मुणी लोए, भेआययणवज्जिणो ॥ १५ ॥

ત્રીજાસ્થાનની વિધિ કહેવાઈ. ચોથા સ્થાનની વિધિ કહે છે.

ગા.૧૫ લોકમાં ભેદાયતનવર્જક મુનિ દુરધિષ્ઠિત, પ્રમાદભૂત ઘોર અબ્રહ્મચર્યને ન આચરે.

'अबंभ'त्ति सूत्रं, 'अब्रह्मचर्य' प्रतीतं 'घोरं' रौद्रं रौद्रानुष्ठानहेतुत्वात्, 'प्रमादं' प्रमादवत् सर्वप्रमादमूलत्वात् 'दुराश्रयं' दुस्सेवं विदितजिनवचनेनानन्तसंसारहेतुत्वात्, यतश्चैवमतो

'नाचरन्ति' नासेवन्ते मुनयो 'लोके' मनुष्यलोके, किंविशिष्टा इत्याह-'भेदायतनवर्जिनो' भेदः-चारित्रभेदस्तदायतनं-तत्स्थानमिदमेवोक्तन्यायात्तद्वर्जिनः-चारित्रातिचारभीरव इति सूत्रार्थः ॥ १५ ॥

ટીકાર્થ : અબ્રહ્મ રૌદ્ર અનુષ્ઠાનનું હેતુ હોવાથી રૌદ્ર કહેવાય છે. (આમાં હિંસા થાય, આ માટે પૈસા કમાવવાદિ ઘણા આરંભો કરવા પડે...) તથા એ બધા પ્રમાદોનું મૂળ હોવાથી પ્રમાદવાળું કહેવાય. તથા આ જેણે જિનવચન જાણેલા છે, તેના વડે આનું સેવન અઘરું છે. કેમકે એ તો જાણે કે આ અનંતસંસારનું કારણ છે.

અબ્રહ્મ આવું છે, માટે આ માનવલોકમાં મુનિઓ તેને સેવતા નથી.

પ્રશ્ન : એ મુનિઓ કેવા છે ?

ઉત્તર ભેદ-ચારિત્રનાશ, તેનું સ્થાન આ અબ્રહ્મ જ. ઉપરદર્શાવેલા ન્યાયથી એ ચારિત્રનાશનું સ્થાન બને જ. સાધુઓ એને વર્જનારા છે. અર્થાત્ ચારિત્રના અતિચારોથી ગભરાનારા સાધુઓ અબ્રહ્મ ન સેવે. (નવવાડોનો ભંગ ચારિત્રના અતિચાર રૂપ છે, સંપૂર્ણ અબ્રહ્મસેવન અનાચાર રૂપ છે. સાધુઓ તો અતિચાર પણ વર્જે છે, તો અનાચાર તો ન જ આચરે, એ સ્વાભાવિક છે. અહીં ભેદાયતન = અબ્રહ્મ અર્થ લીધો છે. એટલે "અબ્રહ્મત્યાગી સાધુઓ અબ્રહ્મ ન આચરે" એમ વાક્યાર્થ થાય. પણ એમાં એકજ વાત બેવાર આવતી હોય એમ લાગે છે. કદાચ એટલે જ વૃત્તિકારે **चारित्रातिचारभीरवः** એમ અંતમાં લખ્યું છે. અબ્રહ્મ એ અતિચાર નથી, અનાચાર છે. અતિચાર તરીકે નવવાડોનો ભંગ આવી શકે. એટલે ઉપરમુજબ અર્થ કરવો સંગત ભાસે છે.)

एतदेव निगमयति-

मूलमेयमहम्मस्स, महादोससमुस्सयं । तम्हा मेहुणसंसग्गं, निग्गंथा वज्जयंति णं ॥ १६ ॥

આ જ વાતનું નિગમન, સમાપન કરે છે.

ગા.૧૬ આ અધર્મનું મૂળ છે. મોટા દોષોનાં સમૂહરૂપ છે. તેથી નિર્ગ્રન્થો મૈથુન સંસર્ગને વર્જે છે.

'मूलं'ति सूत्रं, 'मूलं' बीजमेतद् 'अधर्मस्य' पापस्येति पारलौकिकोऽपायः 'महादोषसमुच्छ्रयं' महतां दोषाणां-चौर्यप्रवृत्त्यादीनां समुच्छ्रयं-संघातवदित्यैहिकोऽपायः,

यस्मादेवं तस्मात् 'मैथुनसंसर्गं' मैथुनसंबन्धं योषिदालापाद्यपि निर्ग्रन्था वर्जयन्ति, णमिति वाक्यालङ्कार इति सूत्रार्थः ॥ १६ ॥

ટીકાર્થ : 'અબ્રહ્મ પાપનું બીજ છે' આ પારલૌકિક નુકસાન...

તથા ચોરીમાં પ્રવૃત્તિ વગેરે મોટાદોષોનાં સમૂહવાળું છે... આ આલૌકિક નુકસાન...

આવું છે, માટે નિર્ગ્રન્થો સ્ત્રી સાથે વાતકરવાદિરૂપ મૈથુનસંબંધને પણ વર્જે છે.

णं વાક્યાલંકારમાં છે.

प्रतिपादितश्चतुर्थस्थानविधिः, इदानीं पञ्चमस्थानविधिमाह-

बिडमुब्भेइमं लोणं, तिल्लं सप्पिं च फाणिअं । न ते संनिहिमिच्छंति, नायपुत्तवओरया ॥१७॥

ચોથાસ્થાનની વિધિ કહેવાઈ. હવે પાંચમાસ્થાનની વિધિ કહે છે.

ગા.૧૭ બિડ, ઉદ્ભેદિમ, લવણ, તેલ, સર્પિ, ફાણિત... જ્ઞાતપુત્રવચનરત તેઓ (આ બધાની) સંનિધિ ઈચ્છતા નથી.

'बिड'त्ति सूत्रं, 'बिडं' गोमूत्रादिपक्वं 'उद्भेद्यं' सामुद्रादि यद्वा 'बिडं' प्रासुकम् 'उद्भेद्यम्' अप्रासुकमपि, एवं द्विप्रकारं लवणं, तथा तैलं सर्पिश्च फाणितम्, तत्र तैलं प्रतीतं, सर्पिर्घृतं, फाणितं द्रवगुडः, एतल्लवणाद्येवंप्रकारमन्यच्च न ते साधवः 'संनिधिं कुर्वन्ति' पर्युषितं स्थापयन्ति, 'ज्ञातपुत्रवचोरताः' भगवद्वर्धमानवचसि निःसङ्गताप्रतिपादनपरे सक्ता इति सूत्रार्थः ॥ १७ ॥

ટીકાર્થ : ગોમૂત્રાદિમાં પકાવાયેલું મીઠું એ બિડ. સમુદ્રાદિ સંબંધી મીઠું એ ઉદ્ભેદ્ય.

અથવા તો બિડ = અચિત્ત. ઉદ્ભેદ્ય = સચિત્ત. આમ બે પ્રકારે લવણ છે. તથા તેલ પ્રતીત છે. સર્પિ = ઘી. ફાણિત = ઢીલો ગોળ. આ લવણાદિ આવા પ્રકારની વસ્તુઓ કે અન્ય વસ્તુઓની તે સાધુઓ સંનિધિ કરતા નથી. અર્થાત્ સૂર્યાસ્ત બાદ પોતાની પાસે રાખી મુકતા નથી.

જે સાધુઓ નિઃસંગતાનું પ્રતિપાદન કરવામાં તત્પર એવા ભગવાનવર્ધમાનસ્વામીના વચનમાં લીન છે.

संनिधिदोषमाह-

लोहस्सेस अणुप्फासे, मन्ने अन्नयरामवि । जे सिआ सन्निहिं कामे, गिही पव्वइए न से ॥ १८॥

સંનિધિ કરવાનો દોષ શું ? એ જણાવે છે.

ગા.૧૮ આ લોભનો અનુસ્પર્શ છે. (તીર્થંકરો) માને છે કે જેઓ કદાચિત્ અન્યતર પણ સંનિધિને સેવે છે. તે ગૃહી છે. તે પ્રવ્રજિત નથી.

'लोभस्स'त्ति सूत्रं, 'लोभस्य' चारित्रविघ्नकारिणश्चतुर्थकषायस्य 'एसोऽणुप्फास'त्ति एषोऽनुस्पर्शः-एषोऽनुभावो यदेतत्संनिधिकरणमिति, यतश्चैवमतो 'मन्ये' मन्यन्ते, प्राकृतशैल्या एकवचनम्, एवमाहुस्तीर्थकरगणधराः 'अन्यतरामपि' स्तोकामपि 'यः स्यात्' यः कदाचित्संनिधिं 'कामयते' सेवते 'गृही' गृहस्थोऽसौ भावतः प्रव्रजितो नेति, दुर्गतिनिमित्तानुष्ठानप्रवृत्तेः, संनिधीयते नरकादिष्वात्माऽनयेति संनिधिरिति शब्दार्थात् प्रव्रजितस्य च दुर्गतिगमनाभावादिति सूत्रार्थः ॥ १८ ॥

ટીકાર્થ : જે આ સંનિધિકરણ છે, તે ચારિત્રમાં વિઘ્ન કરનારા ચોથા કષાયરૂપ લોભનો પ્રભાવ છે. (લોભનાં પ્રભાવે જ સંનિધિ થાય.)

આવું છે માટે જ તીર્થંકરો-ગણધરો આ પ્રમાણે માને છે એટલે કહે છે કે જેઓ ક્યારેક થોડીક પણ સંનિધિને સેવે છે, તે ભાવથી ગૃહસ્થ છે. ભાવથી સાધુ નથી. કેમકે એ દુર્ગતિનાં નિમિત્તભૂત એવા અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરે છે.

પ્રશ્ન સંનિધિ દુર્ગતિનું નિમિત્ત શી રીતે ?

ઉત્તર જેનાદ્વારા આત્મા નરકાદિમાં સારીરીતે સ્થાપિત કરાય... તે સંનિધિ... આ રીતે સંનિધિ શબ્દનો અર્થ થતો હોવાથી એ વાત સ્પષ્ટ છે કે સંનિધિ દુર્ગતિનું નિમિત્ત છે.

પ્રશ્ન : ભલે ને સંનિધિ દુર્ગતિનિમિત્ત હોય, પણ એટલા માત્રથી સંનિધિકરનારો કેમ સાધુ મટી જાય ?

ઉત્તર : જે પ્રવ્રજિત હોય, સાધુ હોય એનું તો દુર્ગતિમાં ગમન ન જ થાય અને સંનિધિકરનારો દુર્ગતિમાં જાય છે. માટે માનવું જ પડે કે તે ગૃહી છે, સાધુ નથી.

आह-यद्येवं वस्त्रादि धारयतां साधुनां कथमसंनिधिरित्यत आह

जंपि वत्थं व पायं वा, कंबलं पायपुंछणं । तंपि संजमलज्जट्ठा, धारंति परिहरंति अ ॥ १९ ॥

પ્રશ્ન : જો આવું માનો, તો વસ્ત્રાદિને ધારણકરનારા સાધુઓને સંનિધિ નથી એમ શી રીતે કહેવાય ?

ઉત્તર : ગા.૧૯ જે કંઈપણ વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછન છે. તે પણ સંયમલજ્જાને માટે રાખે છે અને વાપરે છે.

'जंपि'त्ति सूत्रं, यदप्यागमोक्तं 'वस्त्रं वा' चोलपट्टकादि 'पात्रं वा' अलाबुकादि 'कम्बलं' वर्षाकल्पादि, 'पादपुंछनं' रजोहरणं, तदपि 'संयमलज्जार्थ'मिति संयमार्थं पात्रादि, तद्व्यतिरेकेण पुरुषमात्रेण गृहस्थभाजने सति संयमपालनाभावात्, लज्जार्थं वस्त्रं, तद्व्यतिरेकेणाङ्गनादौ विशिष्टश्रुतपरिणत्यादिरहितस्य निर्लज्जतोपपत्तेः, अथवा संयम एव लज्जा तदर्थं सर्वमेतद्वस्त्रादि धारयन्ति, पुष्टालम्बनविधानेन 'परिहरन्ति च' परिभुञ्जते च मूर्च्छारहिता इति सूत्रार्थः ॥ १९ ॥

ટીકાર્થ : જે કંઈપણ આગમમાં કહેલા ચોલપટ્ટાદિ વસ્ત્ર, તુંબડાદિ પાત્ર, વર્ષાકલ્પાદિ કંબલ, રજોહરણ છે. તેને પણ સાધુઓ સંયમ અને લજ્જાને માટે રાખે છે અને વાપરે છે.

એમાં સંયમને માટે પાત્રાદિ છે. જો પાત્રાદિ ન હોય, તો એના વિના એકલા પુરુષે તો ભોજનાદિ માટે ગૃહસ્થના ભાજનનો ઉપયોગ કરવો પડે અને એમાં સંયમપાલન ન થાય.

લજ્જાને માટે વસ્ત્ર છે. વસ્ત્ર ન હોય તો સ્ત્રી વગેરે હોતે છતેં વિશિષ્ટશ્રુત પરિણતિ વગેરેથી રહિત સાધુને નિર્લજ્જતા આવી જાય. (સ્ત્રીઓની હાજરીમાં પણ સાધુ નગ્ન રહે તો એ નિર્લજ્જ બને જ, આ નિર્લજ્જતા વધુ પાપ કરવામાં પણ નિર્લજ્જ બનાવે એ શક્ય છે જ.)

અથવા તો સંયમ એ જ લજ્જા. તેને માટે પુષ્ટાલંબનના વિધાનથી આ વસ્ત્રાદિ બધું રાખે અને પુષ્ટાલંબન આવે ત્યારે મૂર્ચ્છા વિના એનો ઉપયોગ કરે.

(**पुष्टालंबनविधानेन** શબ્દ બંનેબાજુ જોડી શકાય. આમ છતાં ઔધિકઉપધિનું ધારણ તો અવશ્ય કરવાનું જ છે. એટલે ત્યાં પુષ્ટાલંબન શબ્દ ન જોડીએ તો હજી ચાલે. પણ રાખેલી એ ઉપધિનો વપરાશ તો પુષ્ટાલંબન હોય ત્યારે જ મૂર્છાવિના કરવાનો છે...)

यतश्चैवमतः-

न सो परिग्गहो वुत्तो, नायपुत्तेण ताइणा ।

मुच्छा परिग्गहो वुत्तो, इअ (इइ) वुत्तं महेसिणा ॥ २०॥

આવું છે, માટે

ગા.૨૦ ત્રાયી જ્ઞાતપુત્રવડે તે પરિગ્રહ કહેવાયો નથી. મહર્ષિવડે કહેવાયું છે કે "મૂર્છા પરિગ્રહ કહ્યો છે"

'न सो'त्ति सूत्रं, नासौ निरभिष्वङ्गस्य वस्त्रधारणादिलक्षणः परिग्रह उक्तो, बन्धहेतुत्वाभावात् केन ? 'ज्ञातपुत्रेण' ज्ञात-उदारक्षत्रियः सिद्धार्थः तत्पुत्रेण वर्धमानेन 'त्रात्रा' स्वपरपरित्राणसमर्थेन, अपि तु 'मूर्च्छा' असत्स्वपि वस्त्रादिष्वभिष्वङ्गः परिग्रह उक्तो, बन्धहेतुत्वाद्, अर्थतस्तीर्थकरेण, ततोऽवधार्य 'इति' एवमुक्तो 'महर्षिणा' गणधरेण, सूत्रे सेज्जंभव आहेति सूत्रार्थः ॥ २० ॥

ટીકાર્થ : આસક્તિરહિત સાધુને વસ્ત્રાદિધારણ એ પરિગ્રહ કહેવાયો નથી. કેમકે એ દ્રવ્યો બંધનાં કારણ બનતાં નથી.

પ્રશ્ન કોનાવડે એ પરિગ્રહ કહેવાયો નથી ?

ઉત્તર જ્ઞાત = ઉદારક્ષત્રિય સિદ્ધાર્થ. તેના પુત્ર અને સ્વ-પરનું રક્ષણ કરવામાં સમર્થ એવા વર્ધમાન વડે તે પરિગ્રહ કહેવાયો નથી. પરંતુ અવિદ્યમાન એવા પણ વસ્ત્રાદિમાં આસક્તિ એ પરિગ્રહ કહેવાયો છે. કેમકે એ બંધનું કારણ છે. 'મૂર્છા પરિગ્રહ છે' એમ અર્થથી તીર્થંકરવડે કહેવાયું છે તેમની પાસેથી અવધારીને ગણધરવડે કહેવાયું છે. એ પ્રમાણે આ સૂત્રમાં શય્યંભવસૂરિ કહે છે.

आह-वस्त्राद्यभावभाविन्यपि मूर्च्छा कथं वस्त्रादिभावे साधुनां न भविष्यति ?, उच्यते, सम्यग्बोधेन तद्बीजभूताबोधोपघाताद्, आह च-

सव्वत्थुवहिणा बुद्धा, संरक्खणपरिग्गहे । अवि अप्पणोऽवि देहंमि, नायरंति ममाइयं ॥२१॥

પ્રશ્ન : વસ્ત્રવગેરેના અભાવમાં પણ વસ્ત્રાદિમૂર્ચ્છા જો થઈ શકતી હોય, તો વસ્ત્રાદિના સદ્ભાવમાં તો સાધુઓને અવશ્ય મૂર્છા થવી જ જોઈએ. છતાં તમે કહો છો

"એ ન થાય" તો એ કેમ ન થાય ?

ઉત્તર : વસ્ત્રાદિમૂર્છાનું કારણ અબોધ = અજ્ઞાન છે. સાધુઓ પાસે સમ્યક્બોધ છે. એના દ્વારા તેઓને મૂર્છાના બીજભૂત એવા અબોધનો વિનાશ થઈ ગયો છે. એટલે સાધુઓને વસ્ત્રાદિ હોવા છતાં મૂર્છા ન થાય. (અજ્ઞાનીઓને વસ્ત્રાદિ ન હોવા છતાં મૂર્છા થાય...)

આ જ વાત કહે છે કે

ગા.૨૧ સર્વત્ર ઉપધિની સાથે રહેલા એવા બુદ્ધો સંરક્ષણમાટેના પરિગ્રહમાં અને પોતાના દેહમાં પણ મમત્વને આચરતાં નથી.

'सव्वत्थ'त्ति सूत्रं, '<u>सर्वत्र</u>' उचिते क्षेत्रे काले च '<u>उपधिना</u>' आगमोक्तेन वस्त्रादिना सहापि '<u>बुद्धा</u>' यथावद्विदितवस्तुतत्त्वाः साधवः '<u>संरक्षणपरिग्रह</u>' इति संरक्षणाय षण्णां जीवनिकायानां वस्त्रादिपरिग्रहे सत्यपि नाचरन्ति ममत्वमिति योगः, किं चानेन?, ते हि भगवन्तः '<u>अप्यात्मनोऽपि देह</u>' इत्यात्मनो धर्मकायेऽपि विशिष्टप्रतिबन्धसंगतिं न कुर्वन्ति '<u>ममत्वम्</u>' आत्मीयाभिधानं, वस्तुतत्त्वावबोधात्, तिष्ठतु तावदन्यत्, ततश्च देहवदपरिग्रह एव तदिति सूत्रार्थः ॥ २१ ॥

ટીકાર્થ : સાધુઓ ઉચિતક્ષેત્રમાં એને ઉચિતકાળમાં આગમમાં કહેલી વસ્ત્રાદિ ઉપધિ સાથે વર્તતા હોય, તો પણ વાસ્તવિક રીતે વસ્તુતત્ત્વનું જ્ઞાન પામી ચૂકેલા સાધુઓ ષટ્કાયની રક્ષામાટે કરેલો વસ્ત્રાદિ પરિગ્રહ હોવા છતાં પણ તેમાં મમત્વને આચરતા નથી.

नायरंति ममाइयं નો **संरक्खणपरिग्गहे** સાથે યોગ કરવો.

અરે ! આનાથી શું ? અર્થાત્ આ કંઈ મોટી વાત નથી કે 'તેઓ વસ્ત્રાદિ પર મમત્વ ન કરે.' તે ભગવન્તો તો પોતાના ધર્મકાયમાં પણ, ધર્મ સાધનભૂત શરીરમાં પણ વિશિષ્ટરાગના સંબંધ રૂપ મમત્વ કરતાં નથી, અર્થાત્ "આ શરીર મારું છે." એમ શરીરમાં "આત્મીય-મારું" શબ્દનું કથન કરતાં નથી. કેમકે તેઓ વસ્તુતત્ત્વના બોધવાળા છે. એટલે વસ્ત્રાદિ બીજી વાતો તો દૂર જ રહો.

આમ વસ્ત્રાદિ એ દેહની જેમ સાધુઓને અપરિગ્રહ જ છે.

उक्तः पञ्चमस्थानविधिः, अधुना षष्ठमधिकृत्याह-

अहो निच्चं तवो कम्मं, सव्वबुद्धेहिं वण्णिअं ।

जाव लज्जासमा वित्ती, एगभत्तं च भोअणं ॥ २२ ॥

પાંચમા સ્થાનની વિધિ કહેવાઈ. હવે છઠ્ઠાસ્થાનને આશ્રયીને કહે છે.

ગા.૨૨ અહો ! સર્વબુદ્ધોવડે નિત્ય તપઃકર્મ વર્ણવાયું છે કે લજ્જાસમ વૃત્તિ અને એકભક્ત ભોજન.

'अहो'त्ति सूत्रं, 'अहो नित्यं तपःकर्मे'ति अहो-विस्मये नित्यं नामापायाभावेन तदन्यगुणवृद्धिसंभवादप्रतिपात्येव तपःकर्म-तपोऽनुष्ठानं 'सर्वबुद्धैः' सर्वतीर्थकरैः 'वर्णितं' देशितं, किंविशिष्टमित्याह-'यावल्लज्जासमा वृत्तिः' लज्जा-संयमस्तेन समा-सदृशी तुल्या संयमाविरोधिनीत्यर्थः वर्तनं वृत्तिः- देहपालना 'एकभक्तं च भोजनम्' एकं भक्तं द्रव्यतो भावतश्च यस्मिन् भोजने तत्तथा, द्रव्यत एकम्-एकसंख्यानुगतं,भावत एकं-कर्मबन्धाभावादद्वितीयं, तद्दिवस एव रागादिरहितस्य अन्यथा भावत एकत्वाभावादिति सूत्रार्थः ॥ २२ ॥

ટીકાર્થ : 'અહો' શબ્દ આશ્ચર્ય દર્શાવવાના અર્થમાં છે. નિત્ય એટલે અપાયના અભાવવડે તપ અને બીજાગુણોની વૃદ્ધિનો સંભવ હોવાથી જે કદી પ્રતિપાતી ન હોય, અપ્રતિપાતી જ હોય તે.

સર્વતીર્થંકરોવડે આવું નિત્ય તપઅનુષ્ઠાન દેખાડાયું છે.

પ્રશ્ન : તે કેવું છે ? કયું છે ?

ઉત્તર : લજ્જા એટલે સંયમ, તેને તુલ્ય એવી વૃત્તિ = દેહપાલના. અર્થાત્ સંયમને વિરોધ ન આવે એવી દેહપાલના. તે આ રીતે - દ્રવ્યથી અને ભાવથી એક ભક્ત છે, જે ભોજનમાં તે એકભક્ત ભોજન કહેવાય.

તેમાં દ્રવ્યથી એક એટલે એકસંખ્યાવાળું ભોજન.

ભાવથી એક એટલે કર્મબંધનો અભાવ હોવાથી જેમાં કર્મરૂપી બીજીવસ્તુ નથી તે ભોજન.

(ટુંકમાં દ્રવ્યથી અને ભાવથી એકભક્તભોજન એ સંયમને અવિરોધી દેહપાલના છે. એજ નિત્ય તપ છે. એમાં એકજવાર વાપરવું એ દ્રવ્યથી એકભક્તભોજન...)

આ ભાવથી એકભક્તભોજન દિવસના સમયમાં જ રાગાદિરહિત સાધુને સંભવે. રાત્રિના સમયમાં જો સાધુ ભોજન કરે તો એ ભાવથી એકભક્તભોજન ન બને. (એવું एव શબ્દ સૂચિત કરે છે. એ કેમ ન બને ? તે પછી દર્શાવાશે.) (तद्दिवस एव શબ્દ

છે, એમાં तत् શબ્દ સમાસમાં નથી, જુદો છે. तत् = ભાવથી એકભક્તભોજન...)

रात्रिभोजने प्राणातिपातसंभवेन कर्मबन्धसद्वितीयतां दर्शयति-

संतिमे सुहुमा पाणा, तसा अदुव थावरा । जाइं राओ अपासंतो, कहमेसणिअं चरे ? ॥ २३॥

પ્રશ્ન : રાત્રિભોજન કરે તો ભાવથી એકભક્તભોજન કેમ ન થાય ? અર્થાત્ એમાં પણ કર્મબંધ ન થાય એવું કેમ ન બને ? કર્મબંધ થાય તો ભાવથી એકભક્ત ન ગણાય. પણ ન થાય તો ?

ઉત્તર રાત્રિભોજનમાં જીવહિંસાનો સંભવ છે, એટલે તે ભોજન કર્મબંધરૂપી બીજાપદાર્થવાળું બને છે, ભાવથી એકભક્ત રહેતું નથી, એ વાત દેખાડે છે.

ગા.૨૩ આ ત્રસ કે સ્થાવર સૂક્ષ્મ પ્રાણો છે કે જેને રાત્રે નહિ જોતો સાધુ કેવી રીતે એષણીય ચરે ?

'संतिमे'त्ति सूत्रं, सन्त्येते-प्रत्यक्षोपलभ्यमानस्वरुपाः सूक्ष्माः 'प्राणिनो' जीवाः त्रसा-द्वीन्द्रियादयः अथवा स्थावराः-पृथिव्यादयः यान् प्राणिनो रात्रावपश्यन् चक्षुषा कथम् 'एषणीयं' सत्त्वानुपरोधेन चरिष्यति भोक्ष्यते च ?, असंभव एव रात्रावेषणीयचरणस्येति सूत्रार्थः ॥ २३ ॥

ટીકાર્થ : જે જીવોનું સ્વરૂપ પ્રત્યક્ષથી જણાય છે એવા નાના નાના બેઈન્દ્રિય વગેરે જીવો કે પૃથ્વી વગેરે સ્થાવરો છે જ, કે જે પ્રાણીઓને સાધુ રાત્રે જોઈ ન શકે. તો એમને ચક્ષુથી ન જોતો સાધુ જીવોની હિંસા ન થાય એ રીતે ગોચરીચર્યા શી રીતે કરશે ? અને જીવોની હિંસા ન થાય એ રીતે વાપરશે શી રીતે ? રાત્રે જીવહિંસારહિતપણે ગોચરીચર્યાનો અસંભવ જ છે.

આ રીતે રાત્રે ભોજન કરવામાં દોષને કહીને (અને ગોચરીચર્યા કરવામાં દોષને કહીને) હવે ગોચરી વહોરવા સંબંધમાં દોષ જણાવે છે. (પ્રતમાં લખ્યું છે કે **च** શબ્દ અવચૂર્ણિ અને દીપિકામાં નથી. આ વાત અપેક્ષાએ સંગત થાય છે. કેમકે (૧) શ્લોકમાં **चरे** લખ્યું છે. એટલે વૃત્તિમાં **चरिष्यति** તો બરાબર, પણ **भोक्ष्यते** વધારાનું થાય. જો **च** ન હોય તો **चरिष्यति** નો અર્થ જ **भोक्ष्यते** એમ કરી શકાય. એટલે મૂળ સાથે વૃત્તિ સંગત થાય. જોકે વૃત્તિકાર અધ્યાહારથી પદાર્થો લઈ શકે છે, પણ ત્યારે વૃત્તિકાર એનો

સ્પષ્ટ ઉલ્લેખ કરતાં હોય છે કે **इति गम्यते**, **वाक्यशेषः** વગેરે. અહીં એવું નથી લખ્યું. એટલે **भोक्ष्यते च** એમ ગણીએ, તો વૃત્તિની શૈલિથી વિરુદ્ધ જાય. (૨) મહત્વની બાબત એ છે કે આ ગાથા પછી ૨૪મી ગાથાની અવતરણિકામાં **एवं रात्रौ भोजने दोषमभिधाय...** "અહી રાત્રે વાપરવામાં કયા દોષ છે." એનો જ ઉલ્લેખ કરેલો છે. હવે જો **चरिष्यति भोक्ष्यते च** એમ બે માનીએ તો આ અવતરણિકા ન ઘટે. કેમકે આમાં માત્ર ભોજનનો જ ઉલ્લેખ છે ખરેખર આવી અવતરણિકા હોવી જોઈએ કે, "**एवं रात्रौ चरणे भोजने च...**" પણ એવું નથી એટલે એ દૃષ્ટિએ આગળ **च** ન હોવો વધુ સંગત થાય છે. **चरिष्यति** ના અર્થ રૂપે જ **भोक्ष्यते** શબ્દ વપરાયો છે. અને **चर्** ધાતુ ભક્ષણઅર્થમાં પણ છે જ.... અલબત્ત રાત્રે ચરણમાં અને ભક્ષણમાં દોષો તો છે જ એનો નિષેધ નથી. આ તો માત્ર પંક્તિને આધારે શું પંક્તિ હોઈ શકે એનો જ વિચાર કરેલો છે.)

एवं रात्रौ भोजने दोषमभिधायाधुना ग्रहणगतमाह-

उदउल्लं बीअसंसत्तं, पाणा निवडिया महिं । दिआ ताइं विवज्जिज्जा, राओ तत्थ कहं चरे ? ॥ २४ ॥

ગા.૨૪ ઉદકાર્દ્ર, બીજસંસક્ત, પૃથ્વી પર જીવો પડેલા હોય, દિવસે તેને વર્જે, રાત્રે ત્યાં કેવી રીતે ચરે ?

'उदउल्लं'ति सूत्रं, उदकार्द्रं पूर्ववदेकग्रहणे तज्जातीयग्रहणात्सस्निग्धादिपरिग्रहः, तथा 'बीजसंसक्तं' बीजैः संसक्तं-मिश्रम्, ओदनादीति गम्यते, अथवा बीजानि पृथग्भूतान्येव, संसक्तं चारनालाद्यपरेणेति, तथा 'प्राणिनः' संपातिमप्रभृतयो निपतिता 'मह्यां' पृथिव्यां संभवन्ति, ननु दिवाप्येतत्संभवत्येव?, सत्यं, किंतु परलोकभीरुश्चक्षुषा पश्यन् दिवा तान्युदकार्द्रादीनि विवर्जयेत्, रात्रौ तु तत्र कथं चरति संयमानुपरोधेन?, असंभव एव शुद्धचरणस्येति सूत्रार्थः ॥ २४ ॥

ટીકાર્થ : ઉદકાર્દ્ર શબ્દ લખેલો છે, એમાં પૂર્વની જેમ એકના ગ્રહણમાં તજ્જાતીયનું ગ્રહણ થઈ જતું હોવાથી સસ્નિગ્ધ વગેરે પણ લઈ લેવા. (એ બધાનો અર્થ પૂર્વે આવી ગયો છે. છતાં ફરી જોઈ લઈએ. પાણી ટપકે એવી રીતે જે હાથ-ભાજન ભીનાં હોય તે ઉદકાર્દ્ર. જ્યારે પાણી ટપકે નહિ એ રીતે જે હાથ, ભાજનાદિ ભીનાં હોય તે

સસ્નિગ્ધ...)

તથા બીજોવડે = સચિત્તબીજોવડે સંસક્ત. 'ઓદનાદિ' એમ સમજી લેવું.

અથવા બીજ અને સંસક્ત બંને જુદા જ પદાર્થ લેવા.

(એમાં બીજ તો સ્પષ્ટ જ છે.) જ્યારે આરનાલાદિ = કાંજી વગેરે બીજા જીવાદિ વડે સંસક્ત થાય. (એમાં ત્રસજીવો ઉત્પન્ન થાય કે બહારથી ત્રસજીવો આવી પડેલા હોય.)

તથા સંપાતિમવગેરે જીવો પૃથ્વી પર પડેલા સંભવે છે. (જે મચ્છારાદિ જીવો નીચે પડતાં હોય તે સંપાતિમ. જ્યારે કીડી-મંકોડા વગેરે તો ઉપરથી પડતા નથી. એ સહજ રીતે જ નીચે હોય છે.)

પ્રશ્ન : આ ઉદકાર્દ્ર, બીજ, સંસક્ત, પૃથ્વી પર પડેલા જીવો... આ બધું તો દિવસે પણ સંભવે જ છે ?

ઉત્તર : સાચી વાત છે. પણ પરલોકભીરુ સાધુ દિવસે ચક્ષુથી જોતો જોતો એ બધા દોષોને વર્જી શકે. જ્યારે રાત્રે તો આ બધામાં સંયમનો ઘાત ન થાય એ રીતે કેવી રીતે ચરે ? શુદ્ધચારિત્રનો અસંભવ જ છે.

उपसंहरन्नाह-

एअं दोसं दट्ठूणं, नायपुत्तेण भासिअं ।

सव्वाहारं न भुंजंति, निग्गंथा राइभोअणं ॥ २५ ॥

ઉપસંહાર કરતાં કહે છે.

ગા.૨૫ જ્ઞાતપુત્ર વડે ભાષિત આ દોષને જોઈને નિર્ગ્રન્થો સર્વાહારનો રાત્રે ખાવાનો ત્યાગ કરે.

'एअं च'त्ति सूत्रं, 'एतं च' अनन्तरोदितं प्राणिहिंसारूपमन्यं चात्मविराधनादिलक्षणं दोषं दृष्ट्वा मतिचक्षुषा 'ज्ञातपुत्रेण' भगवता 'भाषितम्' उक्तं 'सर्वाहारं' चतुर्विधमप्यशनादिलक्षणमाश्रित्य न भुञ्जते 'निर्ग्रन्थाः' साधवो रात्रिभोजनमिति सूत्रार्थः ॥ २५ ॥

ટીકાર્થ : આ જ્ઞાતપુત્રભાષિત અનંતરોદિત જીવહિંસારૂપ દોષ અને બીજા પણ આત્મવિરાધનાદિરૂપ દોષને બુદ્ધિરૂપી ચક્ષુથી જોઈને સાધુઓ અશનાદિરૂપ ચારેપ્રકારના

આહારને આશ્રયીને રાત્રિભોજન ન કરે. અર્થાત્ રાત્રે આ ચારમાંથી એકપણ આહાર ન વાપરે.

उक्तं व्रतषट्कम्, अधुना कायषट्कमुच्यते, तत्र पृथिवीकायमधिकृत्याह-

पुढविकायं न हिंसंति, मणसा वयसा कायसा । तिविहेणं करणजोएणं, संजया सुसमाहिआ ॥ २६ ॥

વ્રતષટ્ક કહેવાઈ ગયા. હવે કાયષટ્ક કહેવાય છે. તેમાં પૃથ્વીકાયને આશ્રયીને કહે છે.

ગા.૨૬ સુસમાહિત સંયતો ત્રિવિધ કરણયોગથી મનથી, વચનથી, કાયાથી પૃથ્વીકાયની હિંસા કરતા નથી.

'पुढवि'त्ति सूत्रं, पृथ्वीकायं न हिंसन्त्यालेखनादिना प्रकारेण मनसा वाचा कायेन, उपलक्षणमेतदत एवाह-'त्रिविधेन करणयोगेन' मनःप्रभृतिभिः करणादिरुपेण, के न हिंसन्तीत्याह-'संयताः' साधवः 'सुसमाहिता' उद्युक्ता इति सूत्रार्थः ॥२६॥

ટીકાર્થ : સાધુઓ મનથી, વચનથી, કાયાથી પૃત્વીકાયને આલેખનાદિ કરવા દ્વારા હણે નહિ.

પ્રશ્ન : હણે નહિ, પણ હણાવી શકે ? અનુમોદી શકે ?

ઉત્તર આ ઉપલક્ષણ છે. એટલે જ **करणजोगेण** લખ્યું છે. મન વગેરેથી કરણાદિરૂપે હિંસા ન કરે. અર્થાત્ મન-વચન-કાયાથી કરવી નહિ, કરાવવી નહિ, અનુમોદવી નહિ. (**करणादि** માં **आदि** પદથી કરાવવું અને અનુમોદવું એ બે લેવાય...)

પ્રશ્ન : કોણ હિંસા નથી કરતા ?

ઉત્તર : સુસમાહિત = સંયમોદ્યમવાળા સાધુઓ...

अत्रैव हिंसादोषमाह-

पुढविकायं विहिंसंतो, हिंसई उ तयस्सिए । तसे अ विविहे पाणे, चक्खुसे अ अचक्खुसे ॥२७॥

અહીં જ (પૃથ્વીમાં) હિંસાના દોષને બતાવે છે.

ગા.૨૭ પૃથ્વીકાયને હણનારો તેને આશ્રિત એવા ચક્ષુગ્રાહ્ય અને અચક્ષુગ્રાહ્ય વિવિધ

ત્રસજીવોને હણે છે.

'पुढवि'त्ति सूत्रं, पृथिवीकायं हिंसन्नालेखनादिना प्रकारेण 'हिनस्त्येव' तुरवधारणार्थो व्यापादयत्येव, 'तदाश्रितान्' पृथिवीश्रितान् 'त्रसांश्च विविधान् प्राणिनो' द्वीन्द्रियादीन् चशब्दात्स्थावरांश्चाप्कायादीन्, 'चाक्षुषांश्चाचाक्षुषांश्च' चक्षुरिन्द्रियग्राह्यानग्राह्यांश्चेति सूत्रार्थः ॥ २७ ॥

ટીકાર્થ : જે જીવ આલેખનાદિ પ્રકારે પૃથ્વીકાયને હણે છે. તે એ પૃથ્વીમાં રહેલા અનેક પ્રકારના બેઈન્દ્રિયાદિ ત્રસજીવોને હણે જ છે. च શબ્દથી સમજવું કે અપ્કાયવગેરે સ્થાવરોને પણ હણે જ છે. એ જીવો ચક્ષુગ્રાહ્ય અને અચક્ષુગ્રાહ્ય બંને પ્રકારે સંભવે છે. (ભીનીમાટી ખોદે, એટલે એમાં અપ્કાયની વિરાધના, કીડીનાં નગરાદિ હોય તો ત્રસવિરાધના... વગેરે સ્વયં વિચારી લેવું)

यस्मादेवं

तम्हा एअं विआणित्ता, दोसं दुग्गइवड्ढणं । पुढविकायसमारंभं, जावजीवाइ वज्जए ॥ २८ ॥

આવું છે,

ગા.૨૮ તેથી દુર્ગતિવર્ધક આ દોષને જાણીને પૃથ્વીકાયસમારંભને યાવજ્જીવ માટે વર્જે.

'तम्ह'त्ति सूत्रं, तस्मादेवं विज्ञाय दोषं तत्तदाश्रितजीवहिंसालक्षणं 'दुर्गतिवर्धनं' संसारवर्धनं पृथिवीकायसमारंभमालेखनादि 'यावज्जीवं' यावज्जीवमेव वर्जयेदिति सूत्रार्थः ॥ २८ ॥

ટીકાર્થ : તે પૃથ્વીજીવો અને તેમાં આશ્રિત ત્રસાદિજીવો... આ બધાની હિંસારૂપી સંસારવર્ધક દોષને જાણીને પૃથ્વીસમારંભ યાવજ્જીવમાટે વર્જવો.

(तत्तदाश्रितजीवहिंसा - तत् = પૃથ્વીજીવો, तदाश्रित = પૃથ્વીમાં રહેલા ત્રસાદિ જીવો...)

उक्त सप्तमस्थानविधिः, अधुनाऽष्टमस्थानविधिमधिकृत्योच्यते-

आउकायं न हिंसंति, मणसा वयसा कायसा । तिविहेण करणजोएण,

संजया सुसमाहिआ ॥२९॥ आउकायं विहिंसंतो, हिंसई उ तयस्सिए । तसे अ विविहे पाणे, चक्खुसे अ अचक्खुसे ॥ ३०॥ तम्हा एअं विआणित्ता, दोसं दुग्गइवड्ढणं । आउकायसमारंभं जावजीवाइ वज्जए ॥३१॥

સાતમા સ્થાનની વિધિ કહેવાઈ.

હવે આઠમા સ્થાનની વિધિને આશ્રયીને કહેવાય છે.

ગા.૨૯-૩૦-૩૧ પૂર્વવત્ (૨૬-૨૭-૨૮ સૂત્રોનાં અર્થની જેમજ...)

'आउकायं 'ति सूत्रं, सूत्रत्रयमप्कायाभिलापेन नेयं, ततश्चायमप्युक्त एव ॥२९-३०-३१ ॥

ટીકાર્થ : ત્રણેય સૂત્રો ૨૬-૨૭-૨૮ સૂત્રો પ્રમાણે જાણવા. માત્ર પૃથ્વીના સ્થાને અપ્કાય શબ્દથી બધુ સમજવું.

આમ આ આઠમું સ્થાન પણ કહેવાઈ ગયું.

साम्प्रतं नवमस्थानविधिमाह-

जायतेअं न इच्छंति, पावगं जलइत्तए । तिक्खमन्नयरं सत्थं, सव्वओऽवि दुरासयं ॥ ३२ ॥

હવે નવમા સ્થાનની વિધિ કહે છે.

ગા.૩૨ પાપરૂપ અગ્નિને પ્રગટાવવા ઈચ્છતા નથી કે જે તિક્ષ્ણ છે, અન્યતરશસ્ત્ર છે, બધી બાજુથી દુરાશ્રય છે.

'जायतेअं 'ति सूत्रं, जाततेजा-अग्निः तं जाततेजसं नेच्छन्ति मनःप्रभृतिभिरपि 'पापकं' पाप एव पापकस्तं, प्रभूतसत्त्वापकारित्वेनाशुभमित्यर्थः, किं नेच्छन्तीत्याह- 'ज्वालयितुम्' उत्पादयितुं वृद्धिं वा नेतुं, किंविशिष्टमित्याह-'तीक्ष्णं' छेदकरणात्मकम् 'अन्यतरत्शस्त्रं' सर्वशस्त्रम्, एकधारादिशस्त्रव्यवच्छेदेन सर्वतोधारशस्त्रकल्पमिति भावः, अत एव 'सर्वतोऽपि दुराश्रयं' सर्वतोधारत्वेनानाश्रवणीयमिति सूत्रार्थः ॥ ३२ ॥

ટીકાર્થ : અગ્નિ ઘણાં જીવોને અપકારી હોવાથી અશુભ છે, આવી પાપાત્મક અગ્નિને ઉત્પન્ન કરવા કે ઉત્પન્ન થયેલી અગ્નિને વધારવા સાધુઓ મન વગેરેથી પણ ઈચ્છતા નથી.

પ્રશ્ન : તે અગ્નિ કેવો છે ?

ઉત્તર : તીક્ષ્ણ છે. અર્થાત્ છેદક્રિયાનું કરણ = સાધન છે. (જેમ તલવાર તીક્ષ્ણ છે,... તેમ)

તથા અગ્નિ અન્યતરબાજુથી = ગમે તે બાજુથી શસ્ત્ર છે. એકધારવાળા, બેધારવાળા વગેરે શસ્ત્રના વ્યવચ્છેદ દ્વારા બધીબાજુ ધારવાળા શસ્ત્ર સમાન છે. (તલવાર એકબાજુ તીક્ષ્ણ છે, બીજી બાજુ કે મૂઠના ભાગે નહિ. સુદર્શનચક્રની ચારેબાજુ ધાર તીક્ષ્ણ. પણ ઉપર-નીચેનો ભાગ તીક્ષ્ણ નથી. અગ્નિ એવો છે કે એ કોઈપણ બાજુથી શસ્ત્ર જેવો જ છે. બાળનારો જ છે.)

આથી જ આ અગ્નિ બધી બાજુથી પણ દુરાશ્રય છે. અર્થાત્ બધીબાજુ ધારવાળો હોવાથી આશ્રય ન કરી શકાય તેવો છે. (તલવાર વગેરેને ક્યાંકથી તો પકડી શકાય, અગ્નિને તો કોઈપણ બાજુથી ન પકડાય, બળી જવાય...)

एतदेव स्पष्टयन्नाह-

पाईणं पडिणं वावि,उड्ढं अणुदिसामवि । अहे दाहिणओ वावि, दहे उत्तरओवि अ ॥ ३३ ॥

આ જ વાતને સ્પષ્ટકરતાં કહે છે કે

ગા.૩૩ પૂર્વ કે પશ્ચિમ, ઉર્ધ્વ કે અનુદિશા, નીચે કે દક્ષિણમાં કે ઉત્તરમાં બાળે.

'पाईणं'ति सूत्रं, 'प्राच्यां प्रतिच्यां वापि' पूर्वायां पश्चिमायां चेत्यर्थः, ऊद्ध्वर्वमनुदिक्ष्वपि, 'सुपां सुपो भवन्ती'ति सप्तम्यर्थे षष्ठी, विदिक्ष्वपीत्यर्थः, अधो दक्षिणतश्चापि 'दहति' दाह्यं भस्मीकरोत्युत्तरतोऽपि च, सर्वासु दिक्षु विदिक्षु च दहतीति सूत्रार्थः ॥ ३३ ॥

ટીકાર્થ : આ અગ્નિ એવો છે કે જે પૂર્વમાં કે પશ્ચિમંમાં, ઉપરની બાજુ કે અનુદિશામાં = વિદિશાઓમાં, નીચે, દક્ષિણમાં કે ઉત્તરમાં એ પોતાના સંપર્કમાં આવેલી વસ્તુને ભસ્મસાત કરે. અહીં **अनुदिशां** છઠ્ઠી વિભક્તિ છે. પણ પ્રાકૃતમાં બધી વિભક્તિઓનો બધી જ વિભક્તિમાં અર્થ થઈ શકે છે... એટલે આ સાતમી સમજીને અર્થ લેવો.

यतश्चैवमतो

भूआणमेसमाघाओ, हव्ववाहो न संसओ । तं पईवपयावट्ठा, संजया किंचि नारभे ॥ ३४ ॥

આવું છે, માટે જ

ગા.૩૪ આ અગ્નિ જીવોનો આઘાત છે, એમાં સંશય નથી. સાધુઓ પ્રદીપ પ્રતાપનમાટે કોઈપણ અગ્નિને ન આરંભે.

'भूआण'त्ति सूत्रं, '<u>भूतानां</u>' स्थावरादीनामेष '<u>आघात</u>' आघातहेतुत्वादाघातः '<u>हव्यवाहः</u>' अग्निः '<u>न संशय</u>' इत्येवमेवैतद् आघात एवेति भावः, येनैवं तेन '<u>तं</u>' हव्यवाहं '<u>प्रदीपप्रतापनार्थम्</u>' आलोकशीतापनोदार्थं '<u>संयताः</u>' साधवः '<u>किञ्चित्</u>' संघट्टनादिनाऽपि नारभन्ते, संयतत्वापगमनप्रसङ्गादिति सूत्रार्थः ॥ ३४ ॥

ટીકાર્થ : આ અગ્નિ સ્થાવરાદિજીવોની હિંસાનું કારણ છે, માટે તે આઘાત કહેવાય. આમાં સંશય નથી. અર્થાત્ એ આઘાત જ છે.

આવું છે, માટે પ્રકાશ મેળવવા કે ઠંડી દૂર કરવામાટે સાધુઓ તે અગ્નિનો સંઘટ્ટા વગેરે દ્વારા પણ આરંભ ન કરે. કેમકે જો એવું કરે તો સાધુપણાનો વિનાશ થવાની આપત્તિ આવે.

तम्हा एअं विआणित्ता, दोसं दुग्गइवड्ढणं । तेउकायसमारंभं, जावजीवाइ वज्जए ॥ ३५ ॥

ગા.૩૫ પૂર્વની જેમ. (૨૮મી ગાથાની જેમ)

यस्मादेवं 'तम्ह'त्ति सूत्रं, व्याख्या पूर्ववत् ॥ ३५ ॥

ટીકાર્થ : વ્યાખ્યા પૂર્વવત્

उक्तो नवमस्थानविधिः, साम्प्रतं दशमस्थानविधिमधिकृत्याह–

अणिलस्स समारंभं, बुद्धा मन्नंति तारिसं । सावज्जबहुलं चेअं, नेअं ताईहि सेविअं ॥ ३६ ॥

નવમા સ્થાનની વિધિ કહેવાઈ.

હવે દશમા સ્થાનની વિધિને આશ્રયીને કહે છે કે

ગા.૩૬ બુદ્ધો વાયુના સમારંભને તાદશ માને છે. એ સાવદ્ય બહુલ છે. ત્રાતાઓવડે એ સેવાયેલ નથી.

'अणिलस्स'त्ति, 'अनिलस्य' वायोः 'समारम्भं' तालवृन्तादिभिः करणं 'बुद्धाः' तीर्थकरा 'मन्यन्ते' जानन्ति 'तादृशं' जाततेजःसमारम्भसदृशं । 'सावद्यबहुलं' पापभूयिष्ठं चैतमितिकृत्वा सर्वकालमेव नैनं 'त्रातृभिः' सुसाधुभिः 'सेवितम्' आचरितं मन्यन्ते बुद्धा एवेति सूत्रार्थः ॥ ३६ ॥

ટીકાર્થ : તીર્થંકરો માને છે કે પંખા વગેરે દ્વારા વાયુનો સમારંભ (ઉત્પત્તિ વગેરે) કરવો એ અગ્નિના સમારંભ જેવો જ છે. આ પાપોથી ભરપૂર છે, એટલે સુસાધુઓવડે સદાકાળમાટે આ આચરિત નથી... એમ તીર્થંકરો જ માને છે.

एतदेव स्पष्टयति-

तालिअंटेण पत्तेण, साहाविहुअणेण वा । न ते वीइउमिच्छंति, वेआवेऊण वा परं ॥ ३७ ॥

આ જ વાતને સ્પષ્ટ કરે છે.

ગા.૩૭ તાલવૃંતથી, પત્રથી, શાખાવિધૂનનથી તેઓ વીંઝવાને ઈચ્છતા નથી કે બીજા પાસે વીંઝાવવા ઈચ્છતા નથી.

'तालियंटेण'त्ति सूत्रं, तालवृन्तेन पत्रेण शाखाविधूननेन वेत्यमीषां स्वरुपं यथा षड्जीवनिकायिकायां, न 'ते' साधवो वीजितुमिच्छन्त्यात्मानमात्मना, नापि वीजयन्ति परैरात्मानं तालवृन्तादिभिरेव, नापि वीजयन्तं परमनुमन्यन्त इति सूत्रार्थः ॥ ३७ ॥

ટીકાર્થ : તાલવૃંત, પત્ર, શાખાવિધૂનન આ ત્રણેય પદાર્થનું સ્વરૂપ જે રીતે ષટ્જીવનિકાનામના ચોથા અધ્યયનમાં આપેલું છે, તે રીતે સમજવું.

સાધુઓ પોતાની મેળે પોતાને આ બધાથી પવન નાંખવા ઈચ્છતા નથી. એમ તાલવૃન્તાદિવડે જ બીજાઓદ્વારા પણ પોતાને પવન નંખાવવાનું ઈચ્છતા નથી. કે બીજો પવન નાંખતો હોય તો એને અનુમતિ પણ આપતાં નથી.

उपकरणात्तद्विराधनेत्येतदपि परिहरन्नाह-

जंपि वत्थं व पायं वा, कंबलं पायपुंछणं । न ते वायमुईरंति, जयं परिहरंति

अ ॥ ३८ ॥

પ્રશ્ન : સાધુ ઉપકરણો રાખે છે, એટલે ઉપકરણ દ્વારા વાયુની વિરાધના થવાની જ. તો ઉપકરણ ન રાખવા ?

ઉત્તર આ દોષનો પણ પરિહાર કરતાં કહે છે કે

ગા.૩૮ જે કંઈ વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછન છે, તેનાથી તેઓ વાયુ ઉદીરતા નથી. પરંતુ યતનાપૂર્વક પરિહાર કરે છે.

'जंपि'त्ति सूत्रं, यदपि वस्त्रं वा पात्रं वा कम्बलं वा पादपुञ्छनम्, अमीषां पूर्वोक्तं धर्मोपकरणं तेनापि न ते वातमुदीरयन्ति अयतप्रत्युपेक्षणादिक्रियया, किंतु यतं परिहरन्ति, परिभोगपरिहारेण धारणापरिहारेण चेति सूत्रार्थः ॥ ३८ ॥

ટીકાર્થ : સાધુઓનું જે વસ્ત્રાદિ પૂર્વે જણાવેલું ઉપકરણ છે, તેનાવડે પણ તે સાધુઓ અયતનાથી પ્રતિલેખનાદિ ક્રિયા કરવા દ્વારા વાયુની ઉદીરણા કરતાં નથી. અર્થાત્ અવિધિથી પ્રતિલેખનાદિ કરે, તો એ ઉપકરણો દ્વારા વાયુ ઉત્પન્ન થાય, વિરાધના થાય... પણ વિધિથી પ્રતિલેખનાદિ કરીને સાધુઓ એ વિરાધના થવા દેતા નથી. પરંતુ યતનાપૂર્વક પરિહાર કરે છે.

અહીં પરિહાર બે પ્રકારે છે. પરિભોગરૂપ પરિહાર અને ધરણારૂપ પરિહાર.

(પરિહારનો અર્થ ત્યાગ થાય, પણ અહીં એ અર્થ નથી લેવાનો. ઉપધિઓનો વપરાશ કરવો એ પરિભોગરૂપ પરિહાર. અને જ્યારે ઉપધિનો વપરાશ કરવાનો ન હોય તેવા સમયે વિધિપૂર્વક ઉપધિને પોતાની પાસે રાખવી, સાચવવી એ ધારણારૂપ પરિહાર ! સાધુઓ યતનાપૂર્વક આ બંને પરિહારવડે ઉપધિઓનો પરિહાર કરે. અર્થાત્ યતનાથી ઉપધિ રાખે, વાપરે...)

यत एवं सुसाधुवर्जितोऽनिलसमारम्भः,

तम्हा एअं विआणित्ता, दोसं दुग्गइवड्ढणं । वाउकायसमारंभं, जावजीवाइ वज्जए ॥ ३९ ॥

આમ જે કારણથી વાયુસમારંભ સુસાધુઓવડે વર્જિત છે.

ગા.૩૯ તે કારણથી... (૨૮મી ગાથાની જેમ...)

'तम्ह'त्ति सूत्रं, व्याख्या पूर्ववत् ॥ ३९ ॥

ટીકાર્થ : ૨૮મી ગાથા પ્રમાણે.

उक्तो दशमस्थानविधिः, इदानीमेकादशमाश्रित्य उच्यते इति

वणस्सइं न हिंसंति, मणसा वयसा कायसा । तिविहेण करणजोएणं, संजया सुसमाहिआ ॥४०॥ वणस्सइं विहिंसंतो, हिंसई अ तयस्सिए । तसे अ विविहे पाणे, चक्खुसे अ अचक्खुसे ॥४१॥ तम्हा एअं विआणित्ता, दोसं दुग्गई-वड्ढणं । वणस्सइसमारंभं, जावजीवाइ वज्जए ॥४२॥

દશમા સ્થાનની વિધિ કહેવાઈ. હવે અગિયારમા સ્થાનને આશ્રયીને કહે છે.

ગા.૪૦-૪૧-૪૨ ૨૬ થી ૨૮ની જેમ.

'वणस्सइ' इत्यादि सूत्रत्रयं वनस्पतेरभिलापेन ज्ञेयं, ततश्चैकादशस्थानविधिरप्युक्त एव ॥ ४० ॥ ४१ ॥ ४२ ॥

ટીકાર્થ : ત્રણ સૂત્ર વનસ્પતિનાં નામથી લેવા. બાકી પૂર્વવત્ એટલે ૧૧મા સ્થાનની વિધિ પણ કહેવાઈ ગઈ.

साम्प्रतं द्वादशस्थानविधिरुच्यते-

तसकायं न हिंसंति, मणसा वयसा कायसा । तिविहेण करणजोएणं, संजया सुसमाहिआ ॥४३॥ तसकायं विहिंसंतो, हिंसई उ तयस्सिए । तसे अ विविहे पाणे, चक्खुसे अ अचक्खुसे ॥४४॥ तम्हा एअं विआणित्ता, दोसं दुग्गइ-वड्ढणं । तसकायसमारंभं, जावजीवाइ वज्जए ॥४५॥

હવે ૧૨મા સ્થાનની વિધિ કહેવાય છે.

ગા.૪૩-૪૪-૪૫ ૨૬ થી ૨૮ની જેમ.

'तसकायं'ति सूत्रं, 'त्रसकायं' द्विन्द्रियादिरूपं न हिंसन्त्यारम्भप्रवृत्त्या मनसा वाचा कायेन-तदहितचिन्तनादिना 'त्रिविधेन करणयोगेन' मनःप्रभृतिभिः करणादिना प्रकारेण 'संयताः' साधवः 'सुसमाहिताः' उद्युक्ता इति सूत्रार्थः ॥ ४३ ॥ तत्रैव हिंसादोषमाह-'तसकायं'ति सूत्रं, त्रसकायं विहिंसन् आरम्भप्रवृत्त्यादिना प्रकारेण हिनस्त्येव तुरवधारणार्थे

व्यापादयत्येव 'तदाश्रितान्' त्रसान् विविधांश्च प्राणिनः तदन्यद्वीन्द्रियादीन्, चशब्दात्स्थावरांश्च पृथिव्यादीन्, 'चाक्षुषानचाक्षुषांश्च' चक्षुरिन्द्रियग्राह्यानग्राह्यांश्चेति सूत्रार्थः ।।। ४४ ।। यस्मादेवं 'तम्ह'त्ति सूत्रं, तस्मादेतं विज्ञाय दोषं तदाश्रितजीवहिंसालक्षणं दुर्गतिवर्धनं संसारवर्धनं त्रयकायसमारम्भं तेन तेन विधिना 'यावज्जीवया' यावज्जीवमेव वर्जयेदिति सूत्रार्थः ।। ४५ ।।

ટીકાર્થ : (અહીં વૃત્તિકારે ગાથા-૨૬ થી ગાથા-૨૮ ની જેમ જ આખો અર્થ પુનઃ લખેલો છે, કેમકે આ અંતિમ કાય છે. એ પૂર્વની જેમ જ સમજી લેવો.)

उक्तो द्वादशस्थानविधिः, प्रतिपादितं कायषट्कम्, एतत्प्रतिपादनादुक्ता मुलगुणाः, अधुनैतद्वृतिभूतोत्तरगुणावसरः, ते चाकल्पादयः षडुत्तरगुणाः, यथोक्तम्-'अकप्पो गिहिभायण'मित्यादि, तत्राकल्पो द्विविधः-शिक्षकस्थापनाकल्पः अकल्पस्थापनाकल्पश्च, तत्र शिक्षकस्थापनाकल्पः अनधीतपिण्डनिर्युक्त्यादिनाऽऽनीतमाहारादि न कल्पत इति, उक्तं च-"अणहीआ खलु जेणं पिंडेसणसेज्जवत्थपाएसा । तेणाणियाणि जतिणो कप्पंति ण पिंडमाईणि ।। १ ।। उउबद्धंमि न अणला वासावासे उ दोऽवि णो सेहा । दिक्खिज्जंती पायं ठवणाकप्पो इमो होइ ।। २ ।।" अकल्पस्थापनाकल्पमाह-

जाइं चत्तारिभुज्जाइं, इसिणाऽऽहारमाइणि । ताइं तु विवज्जंतो, संजमं अणुपालए ।। ४६ ।।

બારમા સ્થાનની વિધિ કહેવાઈ. આમ કાયષટ્કનું પ્રતિપાદન થઈ ગયું. તેના પ્રતિપાદનથી ૬+૬ બાર મૂલગુણો કહેવાઈ ગયા. હવે આ મૂલગુણોની વાડ જેવા ઉત્તરગુણોનો અવસર છે. તે અકલ્પ વગેરે છ ઉત્તરગુણો છે. પૂર્વે કહ્યું જ હતું કે **अकप्पो...** વગેરે.

તેમાં અકલ્પ બે પ્રકારે છે.

(૧) શિક્ષકસ્થાપના-અકલ્પ

(૨) અકલ્પસ્થાપના - અકલ્પ.

તેમાં જેનાવડે પિંડનિર્યુક્તિ વગેરે ગ્રન્થો નથી ભણાયા, તેનાવડે લવાયેલ આહારાદિ ન કલ્પે... આ શિક્ષકસ્થાપના-અકલ્પ છે. કહ્યું છે કે "જેના વડે પિંડૈષણા, શય્યૈષણા, વસ્ત્રૈષણા નથી ભણાઈ. તેનાવડે લવાયેલા પિંડ, શય્યા, વસ્ત્રાદિ સાધુને ન કલ્પે."

ઋતુબદ્ધકાળમાં = શેષકાળમાં અનલો = નપુંસકો દીક્ષિત કરાતાં નથી. વર્ષાવાસમાં = ચોમાસામાં તો નપુંસકો અને બીજાઓ બંને શૈક્ષો પ્રાયઃ દીક્ષિત કરાતાં નથી. (અર્થાત્ નૂતનદીક્ષિત તરીકે દીક્ષિત કરાતાં નથી.) આ (શિક્ષક) સ્થાપનાકલ્પ છે.

હવે અકલ્પસ્થાપના કલ્પને સૂત્રકાર જણાવે છે. (સૂત્રકારે શિક્ષકસ્થાપના કલ્પ જણાવેલો ન હોવાથી વૃત્તિકારે પહેલાં એ દર્શાવી દીધો છે.)

ગા.૪૬ ઋષિવડે જે આહારાદિ ચાર અભોજ્ય છે, તેને વર્જતો સંયમનું પાલન કરે.

'जाइं'ति सूत्रं, यानि चत्वारि 'अभोज्यानि' संयमापकारित्वेनाकल्पनीयानि 'ऋषीणां' साधुनाम् 'आहारादीनि' आहारशय्यावस्त्रपात्राणि तानि तु विधिना वर्जयन् 'संयमं' सप्तदशप्रकारमनुपालयेत्, तदत्यागे संयमाभावादिति सूत्रार्थः ॥ ४६ ॥

ટીકાર્થ : સાધુઓને આહાર, શય્યા, વસ્ત્ર, પાત્ર એ જે ચારવસ્તુ સંયમને અપકારી હોવાથી અકલ્પ્ય છે. તેને વિધિથી ત્યાગતો સાધુ ૧૭ પ્રકારના સંયમને પાળે. જો તે ચારનો ત્યાગ ન કરે તો સંયમનો અભાવ થાય, માટે તેનો ત્યાગ કરે. (૪૨ દોષવાળા આહારાદિ અકલ્પ્ય છે, નિર્દોષ કલ્પ્ય છે.)

एतदेव स्पष्टयति-

पिंडं सिज्जं च वत्थं च, चउत्थं पायमेव य । अकप्पिअं न इच्छिज्जा, पडिगाहिज्ज कप्पिअं ॥ ४७ ॥

આ જ વાતને સ્પષ્ટકરતાં કહે છે કે

ગા.૪૭ પિંડ, શય્યા, વસ્ત્ર અને ચોથું પાત્ર અકલ્પ્ય ન ઈચ્છવા, કલ્પ્ય લેવા.

'पिंड'न्ति सूत्रं, पिण्डं शय्यां च वस्त्रं च चतुर्थं पात्रमेव च, एतत्स्वरूपं प्रकटार्थम्, अकल्पिकं नेच्छेत्, प्रतिगृह्णीयात् 'कल्पिकं' यथोचितमिति सूत्रार्थः ॥ ४७ ॥

ટીકાર્થ : પિંડ વગેરેનું સ્વરૂપ પ્રગટ અર્થવાળું છે. આ બધાં અકલ્પ્ય ન લેવા, કલ્પ્ય લેવા.

अकल्पिके दोषमाह-

जे निआगं ममायंति, कीअमुद्देसिआहडं । वहं ते समणुजाणंति, इअ(इ) उत्तं महेसिणा ॥४८॥

અકલ્પિકમાં શું દોષો છે, એ બતાવે છે.

ગા.૪૮ જેઓ નિત્ય, ક્રીત, ઔદ્દેશિક, આહૃત પિંડાદિ ગ્રહણ કરે છે, તેઓ વધની અનુમતિ આપે છે. એમ મહર્ષિવડે કહેવાયું છે.

'जे'त्ति सूत्रं, ये केचन द्रव्यसाध्वादयो द्रव्यलिङ्गधारिणो 'नियागं'ति नित्यमामन्त्रितं पिण्डं 'ममायन्ती'ति परिगृह्णन्ति, तथा 'क्रीतमौद्देशिकाहृतम्' एतानि यथा क्षुल्लकाचार-कथायां 'वधं' त्रसस्थावरादिघातं 'ते' द्रव्यसाध्वादयः 'अनुजानन्ति' दातृप्रवृत्त्यनुमोदनेन इत्युक्तं च 'महर्षिणा' वर्धमानेनेति सूत्रार्थः ॥ ४८ ॥

ટીકાર્થ : જે કોઈપણ દ્રવ્યસાધુ વગેરે દ્રવ્યલિંગધારીઓ નિત્ય આમંત્રિતપિંડને લે છે, તથા ક્રીત, ઔદ્દેશિકાદિ લે છે.

પ્રશ્ન : ક્રીતાદિનો અર્થ શું ?

ઉત્તર : આ ક્રીતાદિ જે પ્રમાણે ક્ષુલ્લકાચારકથા નામના ત્રીજાઅધ્યયનમાં કહ્યા છે, તે પ્રમાણે જાણવાં.

આ બધું લેનારા દ્રવ્યસાધુઓવગેરે ત્રસ, સ્થાવરાદિ જીવોના ઘાતની અનુમતિ આપનારા છે. કેમકે તેઓ હિંસાસ્વરૂપ એવી દાતાની પ્રવૃત્તિની અનુમોદના કરે છે. આ વાત વર્ધમાનસ્વામીવડે કહેવાઈ છે.

यस्मादेवं

तम्हा असणपाणाइं कीअमुद्देसिआहडं । वज्जयंति ठिअप्पाणो, निग्गंथा धम्मजीविणो ॥ ४९॥

આવું છે,

ગા.૪૯ તેથી સ્થિતાત્મા, ધર્મજીવી નિર્ગ્રન્થો ક્રીત, ઔદ્દેશિક, આહૃત અશન-પાનાદિ વર્જે.

'तम्ह'त्ति सूत्रं, तस्मादशनपानादि चतुर्विधमपि यथोदितं क्रीतमौद्देशिकमाहृतं वर्जयन्ति 'स्थितात्मानो' महासत्त्वा 'निर्ग्रन्थाः' साधवो 'धर्मजीविनः' संयमैकजीविन इति सूत्रार्थः ॥ ४९ ॥

ટીકાર્થ : સ્થિતાત્મા = મહાસત્ત્વશાળી. ધર્મજીવી = સંયમરૂપી એક માત્ર

જીવનવાળા. (શેષ સ્પષ્ટ જ છે.)

उक्तोऽकल्पस्तदभिधानात्त्रयोदशस्थानविधिः, इदानीं चतुर्दशस्थानविधिमाह-

कंसेसु कंसपाएसु, कुंडमोएसु वा पुणो । भुंजंतो असणपाणाइं, आयारा परिभस्सइ ॥५० ॥

અકલ્પ કહેવાયો. તેના કથનથી તેરમા સ્થાનની વિધિ કહેવાઈ. હવે ૧૪મા સ્થાનની વિધિ કહે છે.

ગા.૫૦ કાંસાઓમાં, કાં ાનાં પાત્રાઓમાં કે કુંડમોદોમાં અશનપાનાદિ ભોગવતો સાધુ આચારથી ભ્રષ્ટ થાય.

'कंसेसु'त्ति सूत्रं, 'कंसेषु' करोटकादिषु 'कंसपात्रेषु' तिलकादिषु 'कुण्डमोदेषु' हस्तिपादाकारेषु मृन्मयादिषु भुञ्जमानोऽशनपानादि तदन्यदोषरहितमपि 'आचारात्' श्रमणसंबन्धिनः 'परिभ्रश्यति' अपैतीति सूत्रार्थः ॥५० ॥

ટીકાર્થ : કંસ = કરોટિકા વગેરે. (કાંસાની નાની નાની વાટકીઓ વગેરે.)

કંસપાત્ર = તિલક વગેરે. (તે નામવાળા કાંસાના વિશેષ પ્રકારના વાસણો)

કુંડમોદ = હાથીના પગના જેવા આકારવાળા માટીના બનેલા કે અન્યધાતુના બનેલા વગેરે.

આ બધામાં તદન્યદોષરહિત એવા પણ અશન, પાનાદિ વાપરતો સાધુ સાધુસંબંધી આચારથી ભ્રષ્ટ થાય છે.

(**તદન્યદોષરહિત** - તત્ = એ કાંસાદિના વાસણો રૂપી દોષ, તેનાથી અન્ય દોષો આધાકર્માદિ... એ અશનાદિ તદન્યદોષરહિત છે, પણ તત્ દોષવાળા છે. આવા અશનાદિમાટે વાત છે.)

कथमित्याह-

सीओदगसमारम्भे, मत्तधोअणछड्डणे । जाइं छंनंति (छिप्पंति) भूआइं, दिट्ठो तत्थ असंजमो ॥५१ ॥

પ્રશ્ન : કેવી રીતે સાધુ સાધુસંબંધી આચારથી ભ્રષ્ટ થાય છે ?

ઉત્તર : ગા.૫૧ શીતોદકના સમારંભમાં, ભાજનનાં ધોવાણને પરઠવવામાં જે

જીવો હણાય, તેમાં અસંયમ દેખાયેલો છે.

'सीओदगं'ति सूत्रं, अनन्तरोद्दिष्टभाजनेषु श्रमणा भोक्ष्यन्ते भुक्तं वैभिरिति शीतोदकेन धावनं कुर्वन्ति, तदा 'शीतोदकसमारम्भे' सचेतनोदकेन भाजनधावनारम्भे तथा 'मात्रकधावनोज्झने' कुण्डमोदादिषु क्षालनजलत्यागे यानि 'क्षिप्यन्ते' हिंस्यन्ते 'भूतानि' अप्कायादीनि सोऽत्र-गृहिभाजनभोजने 'दृष्ट' उपलब्धः केवलज्ञानभास्वता असंयमः तस्य भोक्तुरिति सूत्रार्थः ॥५१॥

ટીકાર્થ : અનંતર દર્શાવેલા ભાજનોને વિશે ગૃહસ્થો આ પ્રમાણે વિચારીને કાચાપાણીવડે ધોવાની ક્રિયા કરે કે "સાધુઓ વાપરશે, અથવા સાધુઓવડે વપરાયું." (સાધુ જો ગૃહસ્થોના વાસણમાં વાપરવાનો હોય તો ગૃહસ્થ સાધુને વાપરવા આપવાનું વાસણ ધોઈ, સ્વચ્છ કરીને આપે. એમ સાધુ વાપરી લે, એ પછી સાધુઓએ આમાં વાપર્યું છે' એ વિચારથી એ વાસણો ધુએ...)

હવે જો આવું થાય તો ત્યારે સચિત્તપાણીવડે વાસણ ધોવા રૂપ આરંભ થયો કહેવાય.

તથા કુંડમોદાદિ વાસણોમાં જે ક્ષાલનક્રિયા કરી, તે ક્ષાલનનું પાણી જમીનવગેરે ઉપર પરઠવવું પડે.

આ બેમાં જે અપ્કાય વગેરે જીવો હણાય, તે અસંયમ ગૃહસ્થના ભાજનમાં વાપરનારા સાધુને લાગે. એમ કેવલજ્ઞાન રૂપી સૂર્યવડે જોવાયું છે.

किंच-

पच्छाकम्मं पुरेकम्मं, सिआ तत्थ न कप्पइ । एअमट्ठं न भुंजंति, निग्गंथा गिहिभायणे ॥५२॥

વળી,

ગા.૫૨ ત્યાં કદાચ પશ્ચાત્કર્મ, પૂર્વકર્મ થાય. તે ન કલ્પે. આ કારણસર નિર્ગ્રન્થો ગૃહસ્થનાં ભાજનમાં ન વાપરે.

'पच्छाकम्मं'ति सूत्रं, पश्चात्कर्म पुरःकर्म स्यात्तत्र कदाचिद्भवेद्गृहिभाजनभोजने, पश्चात्पुरःकर्मभावस्तूक्तवदित्येके, अन्ये तु भुञ्जन्तु तावत्साधवो वयं पश्चाद्भोक्ष्याम इति पश्चात्कर्म व्यत्ययेन तु पुरःकर्म व्याचक्षते, एतच्च न कल्पते धर्मचारिणां, यतश्चैवमतः 'एतदर्थं' पश्चात्कर्मादिपरिहारार्थं न भुञ्जते निर्ग्रन्थाः, क्वेत्याह-'गृहिभाजने' अनन्तरोदित

इति सूत्रार्थः ॥५२॥

ટીકાર્થ : ગૃહસ્થના ભાજનમાં ભોજન કરીએ, તો કદાચ પશ્ચાત્કર્મ અને પૂર્વકર્મ થાય.

અહીં **एके** = અમુકલોકો એમ કહે છે કે પશ્ચાત્કર્મ અને પૂર્વકર્મ તો કહ્યા પ્રમાણે સમજી લેવા. (હમણાં જ કહ્યું કે પહેલાં વાસણ ધુએ, પછી વાસણ ધુએ... એજ પશ્ચાત્કર્માદિ સમજવાના. બીજા કોઈ નહિ.)

अन्ये तु = બીજા લોકો એમ કહે છે કે - ગૃહસ્થો એમ વિચારે કે "પહેલાં સાધુઓ ભલે ભોજન કરી લે. આપણે પછી ભોજન કરશું" આ રીતે તેઓ મોડું ભોજન કરે તો એ પશ્ચાત્કર્મ ગણાય. એનાથી ઊંધુ કરે એટલે કે "સાધુઓ ભોજન કરવાના છે. તો આપણે પહેલાં ભોજન કરી લઈએ..." આ રીતે વહેલું ભોજન કરી લે... તો એ પૂર્વકર્મ. (આમાં વહેલા-મોડા જમવું અને વહેલા-મોડા નવી રસોઈ બનાવવી... આ બંને ગણી શકાય છે. યથાસંભવ વિચાર કરવો.)

ધર્મચારીઓને = સાધુઓને આવા દોષવાળું ન કલ્પે. માટે જ નિર્ગ્રન્થો પશ્ચાત્કર્માદિના ત્યાગમાટે અનંતર દર્શાવેલા એવા ગૃહસ્થભાજનમાં ન વાપરે.

उक्तो गृहिभाजनदोषः तदभिधानाच्चतुर्दशस्थानविधिः, साम्प्रतं पञ्चदशस्थानविधिमाह-

आसंदीपलिअंकेसु, मंचमासालएसु वा । अणायरिअमज्जाणं, आसइत्तु सइत्तु वा ॥५३॥

ગૃહિભાજનનો દોષ કહેવાયો. તેના કથનથી ચૌદમાસ્થાનની વિધિ કહેવાઈ. હવે ૧૫મા સ્થાનની વિધિ કહે છે.

ગા.૫૩ આસંદી, પલ્યંક, મંચ, આશાલકમાં બેસવું કે ઊંઘવું આર્યોને અનાચરિત છે.

'आसंदि'त्ति सूत्रं आसन्दीपर्यङ्कौ प्रतितौ, तयोरासन्दीपर्यङ्कयोः प्रतीतयोः, मञ्चाशालकयोश्च, मञ्चः-प्रतीतः आशालकस्तु-अवष्टम्भसमन्वित आसनविशेषः एतयोः 'अनाचरितम्' अनासेवितम् 'आर्याणां' साधुनाम् 'आसितुम्' उपवेष्टुं 'स्वप्तुं वा' निद्रातिवाहनं वा कर्तुं, शुषिरदोषादिति सूत्रार्थः ॥५३॥

ટીકાર્થ : આસંદી અને પર્યંક પ્રતીત છે. મંચ પ્રતીત છે. આશાલક એટલે અવષ્ટંભથી યુક્ત આસનવિશેષ. (ટેબલમાં ટેકો દેવાનું શક્ય નથી. જ્યારે ખુરશીમાં ટેકો લઈ શકાય. આમ ખુરશી આશાલક તરીકે ગણી શકાય. એમ ખુરશીમાં બે હાથ ટેકવવાના પાયા પણ અવષ્ટંભ તરીકે ગણી શકાય. આસંદી એટલે ટેબલ વગેરે જેવા આસન, પલ્યંક એટલે પલંગ...)

સાધુઓને આ બધા પર બેસવું કે ઊંઘ કરવી એ અનાચરિત છે. કેમકે આ બધુ શુષિર છે. એટલે એમાં જીવોની વિરાધના વગેરે રૂપ દોષોનો સંભવ છે.

अत्रैवापवादमाह-

नासंदीपलिअंकेसु, न निसिज्जा न पीढए । निग्गंथाऽपडिलेहाए, बुद्धवुत्तमहिट्ठगा ॥ ५४ ॥

અહીં જ અપવાદ બતાવે છે.

ગા.૫૪ બુદ્ધોક્તમાં અધિષ્ઠાતા નિર્ગ્રન્થો અપ્રતિલેખિત આસંદી, પલ્યંકમાં ન બેસે-ઉંઘે, નિષદ્યામાં ન બેસે, ઊંઘે, પીઠકમાં ન બેસે, ઊંઘે.

'नासंदि'त्ति सूत्रं, न 'आसन्दीपर्यङ्कयोः' प्रतीतयोः न निषद्यायाम्-एकादिकल्परूपायां न पीठके-वेत्रमयादौ 'निर्ग्रन्थाः' साधवः 'अप्रत्युपेक्ष्य' चक्षुरादिना, निषीदनादि न कुर्वन्तीति वाक्यशेषः, नञ् सर्वत्राभिसंबध्यते, न कुर्वन्तीति । किंविशिष्टा निर्ग्रन्थाः ? इत्याह- 'बुद्धोक्ताधिष्ठातारः' तीर्थकरोक्तानुष्ठानपरा इत्यर्थः, इह चाप्रत्युपेक्षितासन्द्यादौ निषीदनादिनिषेधात् धर्मकथादौ राजकुलादिषु प्रत्युपेक्षितेषु निषीदनादिविधिमाह, विशेषणान्यथानुपपत्तेरिति सूत्रार्थः ॥ ५४ ॥

ટીકાર્થ : આસંદી અને પલ્યંક પ્રતીત છે. નિષદ્યા એટલે એક-બે વસ્ત્રોનું બનાવેલું પાથરણું... પીઠક એટલે વેત્રમય વગેરે વસ્તુ. આ બધા ઉપર સાધુઓ ચક્ષુવગેરેથી પ્રતિલેખન કર્યાવિના બેસવાદિ ક્રિયા ન કરે.

અહીં **निषीदनादि न कुर्वन्ति** એ ગાથામાં નથી, વાક્યશેષ તરીકે લેવા. **नञ्** નો બધેજ સંબંધ કરવો.

એ નિર્ગ્રન્થો કેવા છે ? તે કહે છે કે તીર્થંકરોવડે કહેવાયેલા વચનોનું પાલનકરવામાં તત્પર છે.

પ્રશ્ન આમાં તો પૂર્વની જેમ આસંદી વગેરે ઉપર બેસવાદિનો નિષેધ જ કરેલો છે. એટલે આમાં અપવાદ ક્યાં આવ્યો ? તમે તો અવતરણિકામાં એમ લખેલું કે "આમાં જ અપવાદ બતાવે છે." પણ અહીં તો કોઈ અપવાદ દર્શાવ્યો નથી.

ઉત્તર : જુઓ. અહીં અપ્રત્યુપેક્ષિત એવા આસન્દી વગેરે ઉપર નિષીદનાદિનો નિષેધ કરેલો છે. એટલે એના દ્વારા ગ્રન્થકારે ધર્મકથાદિ પ્રસંગમાં રાજકુલાદિમાં પ્રત્યુપેક્ષિત એવા આસન્દી વગેરે ઉપર નિષીદનાદિની સંમતિ (વિધિ) આપી દીધી છે.

પ્રશ્ન : પણ અપ્રત્યુપેક્ષિત આસન્દી વગેરેના નિષેધથી પ્રત્યુપેક્ષિત આસન્દી વગેરેની અનુમતિ શી રીતે નક્કી કરી શકાય ?

ઉત્તર **अन्यथा** - જો એ અનુમતિ માનવામાં ન આવે તો વિશેષણની - અપ્રત્યુપેક્ષિત શબ્દની ઉપપત્તિ = સંગતિ ન થાય. અને એટલે જ પ્રત્યુપેક્ષિત આસન્દીવગેરે પર નિષીદનાદિની વિધિ સમજી શકાય છે. (આમ અહીં અપવાદ દર્શાવી જ દીધો છે.)

(જો આસન્દી વગેરેનો સર્વથા ઉપયોગ કરવાનો જ ન હોય તો અપ્રત્યુપેક્ષિત વિશેષણ વાપરત નહિ. પણ એ વિશેષણ દર્શાવીને અર્થાપત્તિથી એ વાત દર્શાવી કે સાધુને રાજકુલાદિમાં ધર્મોપદેશ આપવાનો અવસર આવે ત્યારે ત્યાંના આસન્દીવગેરે પર પ્રતિલેખન કરીને બેસી શકે... આ અપવાદ છે.)

तत्रैव दोषमाह-

गंभीरविजया एए, पाणा दुप्पडिलेहगा । आसंदी पलिअंको अ, एअमट्ठं विवज्जिआ ॥५५॥

આ આસંદીવગેરેમાં જ દોષ બતાવે છે.

ગા.૫૫ આ ગંભીરવિજયવાળા છે. જીવો દુષ્પ્રતિલેખ્ય છે. એ માટે આસંદી અને પલ્યંક છોડાયા છે.

'गंभीर'त्ति सूत्रं, गम्भीरम्-अप्रकाशं विजयआश्रयः अप्रकाशाश्रया 'एते' प्राणिनामासन्द्यादयः, एवं च प्राणिनो दुष्प्रत्युपेक्षणीया एतेषु भवन्ति, पीड्यन्ते चैतदुपवेशनादिना, आसन्दः पर्यङ्कश्च चशब्दान्मञ्चादयश्च एतदर्थं विवर्जिताः साधुभिरिति सूत्रार्थः ॥५५॥

ટીકાર્થ : આ આસન્દીવગેરે વસ્તુઓ જીવોના અપ્રગટ = અપ્રકાશ આશ્રયભૂત છે. અર્થાત્ આમાં ત્રસાદિ જીવો એવી રીતે રહે કે એ દેખાય નહિ. (જૂનાજમાનાનાં કાથાની દોરીવાળા કે સુતરાઉ પાટાવાળા ખાટલાઓમાં ઘણાં બધા અંદરના સ્થાનોમાં ઝીણાં જીવો હોય પણ એ ઉપર ન દેખાય... એમ વર્તમાનમાં પણ તેવી વસ્તુઓ સ્વયં વિચારી લેવી.)

આ પ્રમાણે છે એટલે આ બધામાં જીવો દુઃખેથી જોઈ શકાય. અને એના ઉપર બેસવા, ઊંઘવા વગેરેથી એ જીવો પીડાય. આ કારણસર આસન્દી, પર્યંક અને **च** શબ્દથી મંચવગેરે વસ્તુઓ સાધુઓવડે ત્યજાઈ છે.

उक्तः पर्यङ्कस्थानविधिः, तदभिधानात्पञ्चदशस्थानम्, इदानीं षोडशस्थानमधिकृत्याह-

गोअरग्गपविट्ठस्स, निसिज्जा जस्स कप्पइ । इमेरिसमणायारं, आवज्जइ अबोहिअं ॥ ५६ ॥

પર્યંકસ્થાનવિધિ કહેવાયો. તેના કથનથી ૧૫મું સ્થાન કહેવાઈ ગયું. હવે ૧૬મા સ્થાનને આશ્રયીને કહે છે કે

ગા.૫૬ ગોચરીમાં પ્રવેશેલા જેને નિષદ્યા કલ્પે છે, તે આવાપ્રકારના અબોધિક અનાચારને પામે છે.

'गोअरग्ग'त्ति सूत्रं, गोचराग्रप्रविष्टस्य भिक्षाप्रविष्टस्येत्यर्थः, निषद्या यस्य कल्पते, गृह एव निषीदनं समाचरति यः साधुरिति भावः, स खलु 'एवम्' ईदृशं वक्ष्यमाणलक्षणमनाचारम् 'आपद्यते' प्राप्नोति 'अबोधिकं' मिथ्यात्वफलमिति सूत्रार्थः ॥५६ ॥

ટીકાર્થ : ગોચરી ગયેલા જે સાધુને નિષદ્યા કલ્પે છે, એટલે કે જે સાધુ ઘરમાં જ બેસવાની પ્રવૃત્તિ કરે છે. તે ખરેખર ઈદૃશ = વક્ષ્યમાણ એવા મિથ્યાત્વરૂપી ફલવાળા અનાચારને પામે છે.

अनाचारमाह-

विवत्ती बंभचेरस्स, पाणाणं च वहे वहो । वणीमगपडिग्घाओ, पडिकोहो अगारिणं ॥ ५७॥

અનાચાર બતાવે છે.

ગા.૫૭ બ્રહ્મચર્યની વિપત્તિ, પ્રાણીઓના વધમાં વધ, વનીપકનો પ્રતિઘાત, ગૃહસ્થોનો પ્રતિક્રોધ...

'विवत्ति'त्ति सूत्रं, विपत्तिर्ब्रह्मचर्यस्य-आज्ञाखण्डनादोषतः साधुसमाचरणस्य प्राणिनां च वधे वधो भवति, तथा संबन्धादाधाकर्मादिकरणेन, वनीपकप्रतीघातः, तदाक्षेपणा-अदित्साभिधानादिना, प्रतिक्रोधश्चागारिणां तत्स्वजनानां च स्यात् तदाक्षेपदर्शनेनेति सूत्रार्थः ॥ ५७ ॥

ટીકાર્થ : (ઘરમાં બેસનારા સાધુને નીચેમુજબ અનાચારો સંભવે..)

(૧) ભગવાનની આજ્ઞાના ખંડનરૂપી દોષથી બ્રહ્મચર્યનો વિનાશ થાય. (આજ્ઞાપાલન એજ બ્રહ્મચર્ય છે. સાધુએ એનું ખંડન કર્યું એટલે બ્રહ્મચર્યવિનાશ કહેવાય. અથવા આજ્ઞા ભાંગીને ઘરોમાં બેસે, સ્ત્રીપરિચયાદિ થાય, એનાથી બ્રહ્મચર્યનાશ થાય.)

(૨) જીવોના વધમાં સાધ્વાચારનો વધ થાય.

પ્રશ્ન : સાધુ ઘરે બેસે એમાં જીવોનો વધ શી રીતે ?

ઉત્તર સાધુ ગૃહસ્થોના ઘરોમાં બેસે, એટલે તેમની સાથે તથાસંબંધ = સ્નેહાદિસંબંધ થાય. એના લીધે ગૃહસ્થો સાધુમાટે આધાકર્માદિ બનાવે. આના દ્વારા જીવોનો વધ થાય અને એનાથી સાધુસમાચરણનો વધ થાય.

(૩) વનીપકનાં આક્ષેપણ અને વનીપકને અદિત્સાનું અભિધાનવગેરેદ્વારા વનીપકનો પ્રતીઘાત થાય. (સાધુ ઘરમાં બેઠેલો હોય, ગૃહસ્થો સાથે વાતો કરતો હોય તે વખતે ગરીબ-ભિખારીવગેરે યાચકો આવે તો ગૃહસ્થો એને ગમે તેવા શબ્દો બોલે "અત્યારે નહિ..." વગેરે કહે. પેલો જીદ કરે તો કહી દે કે "તને આપવાની મને ઈચ્છા જ નથી..." આમ કર્કશશબ્દો બોલવાદિ રૂપ આક્ષેપણ અને આપવાની ઈચ્છા ન હોવાદિનું કથન... આ બધાદ્વારા વનીપકનો પ્રતીઘાત થાય એ સ્પષ્ટવાત છે.)

(અથવા તો સાધુ પ્રત્યેના આક્ષેપણ = ખેંચાણ = આકર્ષણના કારણે ગૃહસ્થો માંગવા આવેલાને રંગમાં ભંગપાડનાર માની આપવાની ના પાડી દે...)

(૪) ગૃહસ્થોનો અને તેના સ્વજનોનો સાધુ પ્રત્યે ક્રોધ ઉત્પન્ન થાય. કેમકે ઘરની સ્ત્રીઓ સાધુ પ્રત્યે આકર્ષણ ધરાવે, એની સાથે ઘરમાં બેસીને વાતો કરે... એ બધું જુએ એટલે ગૃહસ્થોને = પુરુષોને સાધુ તરફ ક્રોધ થાય એ શક્ય જ છે.

तथा

अगुत्ती बंभचेरस्स, इत्थीओ वावि संकणं । कुसीलवड्ढणं ठाणं, दूरओ परिवज्जए ॥ ५८ ॥

ગા.૫૮ બ્રહ્મચર્યની અગુપ્તિ, સ્ત્રીથી શંકન, કુશીલવર્ધક સ્થાન દૂરથી વર્જવું.

'अगुत्ति'त्ति सूत्रं, अगुप्तिर्ब्रह्मचर्यस्य तदिन्द्रियाद्यवलोकनेन, स्त्रीतश्चापि शङ्का भवति तदुत्फुल्ललोचनदर्शनादिना अनुभूतगुणायाः, कुशीलवर्धनं स्थानम्-उक्तेन प्रकारेणासंयम-वृद्धिकारकं, दूरतः 'परिवर्जयेत्' परित्यजेदिति सूत्रार्थः ॥ ५८ ॥

ટીકાર્થ : (૫) તે સ્ત્રીની ઈન્દ્રિય વગેરેના દર્શનદ્વારા બ્રહ્મચર્યની ગુપ્તિ = રક્ષા ન રહે.

(૬) સાધુના ઉત્ફુલ્લ નેત્રોના દર્શન વગેરેથી અનુભૂતગુણોવાળી સ્ત્રી થકી સાધુને વિશે શંકા થાય. (કામવિકારી પુરુષો કેવા હોય, એમની આંખો કેવી હોય, એમના હાવભાવ કેવા હોય.. વગેરે બધું જે સ્ત્રીએ અનુભવેલું હોય તે **अनुभूतगुणा** કહેવાય. આવી સ્ત્રીઓ પુરુષનાં ચહેરા ઉપરથી જ એના ભાવોનું અનુમાન કરી લેતી હોય છે. એટલે જો ઘરોમાં આવી સ્ત્રી હોય અને સાધુ ઉત્ફુલ્લ = મોટી મોટી આંખોથી સ્ત્રીઓ તરફ જોતો હોય, ત્રાંસી આંખે જોતો હોય.. તો આ બધું જોઈને પેલી સ્ત્રીને શંકા પડે કે આ સાધુના ભાવ સારા નથી...)

આમ ઉપર બતાવ્યા પ્રમાણે તો ઘરોમાં જઈને બેસવું એ અસંયમની વૃદ્ધિકરનારું સ્થાન છે, એને દૂર વર્જવું.

सूत्रेणैवापवादमाह-

तिण्हमन्नयरागस्स, निसिज्जा जस्स कप्पई । जराए अभिभूअस्स, वाहीअस्स तवस्सिणो ॥५९॥

સૂત્રથી જ આ બાબતમાં અપવાદ કહે છે.

ગા.૫૯ જરાથી અભિભૂત, વ્યાધિવાળો, તપસ્વી આ ત્રણમાંથી જે અન્યતરને (ગમે તેને) નિષદ્યા કલ્પે છે... (તેને તે નિષદ્યા કરવામાં દોષ નથી.)

'तिण्ह'त्ति सूत्रं, 'त्रयाणां' वक्ष्यमाणलक्षणानाम् 'अन्यतरस्य' एकस्य निषद्या गोचरप्रविष्टस्य यस्य कल्पते औचित्येन, तस्य तदासेवने न दोष इति वाक्यशेषः, कस्य

पुनः कल्पत इत्याह-'जरयाऽभिभूतस्य' अत्यन्तवृद्धस्य 'व्याधिमतः' अत्यन्तमशक्तस्य 'तपस्विनो' विकृष्टक्षपकस्य । एते च भिक्षाटनं न कार्यन्त एव, आत्मलब्धिकाद्यपेक्षया तु सूत्रविषयः, न चैतैषां प्राय उक्तदोषाः संभवन्ति, परिहरन्ति च वनीपकप्रतिघातादीति सूत्रार्थः ॥५९ ॥

ટીકાર્થ : જેના લક્ષણ આગળ બતાવશું એવા ત્રણમાંથી કોઈપણ એકાદ ગોચરીમાં પ્રવેશેલો હોય કે જેને ઘરોમાં ઔચિત્યપૂર્વક બેસવાનું કલ્પે છે, (શાસ્ત્રમાન્ય છે) તેને તેનું આસેવન કરવામાં દોષ નથી. (અર્થાત્ જે ત્રણ જણને શાસ્ત્રોએ જ જરૂર પડે તો ઘરોમાં બેસવાની રજા આપી છે, તેઓ ભલે બેસે. એમને દોષ ન લાગે.)

અહીં **तस्य तदासेवने न दोषः** એ ગાથામાં નથી, તે વાક્યના શેષ તરીકે લઈ લેવું.

પ્રશ્ન : એ કયા ત્રણ જણ છે ? જેને ગૃહનિષદ્યા કલ્પે.

ઉત્તર : (૧) અત્યન્તવૃદ્ધ (૨) અત્યન્ત અશક્ત (૩) અઠ્ઠમાદિ વિકૃષ્ટતપકરનાર. આ ત્રણને ગૃહનિષદ્યા કલ્પે.

પ્રશ્ન : પણ આ બધાને તો ગોચરી માટે મોકલવા જ ન જોઈએ. બીજા સાધુઓ જ એમની ગોચરી લાવી આપે. હવે એમણે ગોચરી માટે ઘરોમાં જવાનું જ નથી, તો પછી ઘરોમાં બેસવાનો સવાલ જ ક્યાં રહે ?

ઉત્તર : આ બધાને ગોચરીચર્યા ન જ કરાવાય એ સાચી વાત છે. છતાં સૂત્રમાં કહ્યું છે, તે સૂત્રનો વિષય આત્મલબ્ધિકાદિની અપેક્ષાએ સમજવો. (આશય એ છે આ ત્રણ જણ જો એવા અભિગ્રહવાળા હોય કે "મારે મારું લાવેલું જ વાપરવું. બીજાએ લાવેલું નહિ" તો આ આત્મલબ્ધિક સાધુમાટે તો બીજાઓ ગોચરી લાવી ન શકે. એટલે એ વખતે આવા સાધુ અત્યન્તવૃદ્ધ વગેરે હોય તો પણ ગોચરી જાય, અને ત્યાં થાક વગેરેને લીધે ઘરોમાં બેસવું પડે એમને રજા અપાઈ છે. આમ આવા આત્મલબ્ધિકાદિ રૂપ જે અત્યન્તવૃદ્ધાદિ છે, તે જ આ અપવાદસૂત્રનો વિષય બનશે.)

પ્રશ્ન આ બધાને પેલા અનાચાર દોષો નહિ લાગે ?

ઉત્તર પ્રાયઃ આ સાધુઓને બ્રહ્મચર્યવિપત્તિ વગેરે પૂર્વે કહેલા દોષો ન લાગે. (આવી અવસ્થામાં તેઓને કોઈપણ કામવિકારાદિ પ્રાયઃ સંભવિત નથી. એટલે જ બ્રહ્મચર્યવિપત્તિ, બ્રહ્મચર્યઅગુપ્તિ, સ્ત્રીશંકા વગેરે દોષો ન લાગે.)

પ્રશ્ન : આ બધામાં બ્રહ્મચર્યસંબંધી દોષો ભલે ન લાગે. પણ વનીપકપ્રતિઘાત, આધાકર્માદિકરણ વગેરે દોષોથી શી રીતે બચાય ? ઉલ્ટું સાધુની આવી પરિસ્થિતિ જોઈને

ગૃહસ્થો આધાકર્માદિ કરવા જલ્દી પ્રેરાય.

ઉત્તર આ સાધુઓ વનીપકપ્રતિપાઘાતાદિ દોષોનો પરિહાર કરે છે. (નાછુટકે ઘરોમાં બેસવું જ પડે છે, ત્યારે તેઓ શક્ય એટલા પ્રયત્નપૂર્વક, વનીપકપ્રતિઘાતાદિ દોષો ન લાગી જાય એની કાળજી કરશે, યતના કરશે...)

उक्तो निषद्यास्थानविधिः, तदभिधानात्षोडशस्थानं, साम्प्रतं सप्तदशस्थानमाह–

वाहिओ वा अरोगी वा, सिणाणं जो उ पत्थए । वुक्कंतो होइ आयारो, जढो हवइ संजमो ॥६०॥

નિષદ્યાસ્થાનની વિધિ કહી. તેના કથનથી સોળમું સ્થાન કહેવાયું. હવે ૧૭મું સ્થાન કહે છે.

ગા.૬૦ રોગી કે અરોગી જે સ્નાનને કરે છે, (તેના વડે) આચાર ઉલ્લંઘિત થાય છે, સંયમ ત્યજાય છે.

'वाहिओ व'त्ति सूत्रं, 'व्याधिमान् वा' व्याधिग्रस्तः 'अरोगी वा' रोगविप्रमुक्तो वा 'स्नानम्' अङ्गप्रक्षालनं यस्तु 'प्रार्थयते' सेवत इत्यर्थः, तेनेत्थंभूतेन व्युत्क्रान्तो भवति 'आचारो' बाह्यतपोरूपः, अस्नानपरीषहानतिसहनात्, 'जढः' परित्यक्तो भवति 'संयमः' प्राणिरक्षणादिकः, अप्कायादिविराधनादिति सूत्रार्थः ॥ ६० ॥

ટીકાર્થ : વ્યાધિગ્રસ્ત કે રોગમુક્ત જે સાધુ શરીરના પ્રક્ષાલનરૂપ સ્નાનને પ્રાર્થે છે = સેવે છે.

આવા પ્રકારના તેનાવડે બાહ્યતપરૂપ આચાર ઉલ્લંઘિત થાય છે. કેમકે તે સાધુ અસ્નાનરૂપ પરીષહને સહન કરતો નથી. (અસ્નાન એ એક પ્રકારનો બાહ્યતપ ગણ્યો છે.)

તથા આ સાધુવડે જીવોની રક્ષા વગેરે રૂપ સંયમ ત્યજાયેલો થાય છે કેમકે સ્નાનમાં અપ્કાય વગેરે જીવોની વિરાધના થાય છે.

प्रासुकस्नानेन कथं संयमपरित्याग इत्याह–

संतिमे सुहुमा पाणा, घसासु भिलुगासु अ । जे अ भिक्खु सिणायंतो, विअडेणुप्पलावए ॥६१॥

પ્રશ્ન : અચિત્તપાણીથી સ્નાન કરીએ તો એનાથી સંયમનો ત્યાગ શી રીતે થાય ?

ગા.૬૧ ઉત્તર : ઘસામાં અને ભિલુગામાં આ સૂક્ષ્મજીવો છે. કે જેમને સ્નાનકરતો ભિક્ષુ પાણીવડે ડુબાડે છે.

'संतिमे'त्ति सूत्रं, सन्ति 'एते' प्रत्यक्षोपलभ्यमानस्वरूपाः 'सुक्ष्माः' श्लक्ष्णाः 'प्राणिनो' द्वीन्द्रियादयः 'घसासु' शुषिरभूमिषु 'भिलुगासु च' तथाविधभूमिराजीषु च, यांस्तु भिक्षुः स्नानजलोज्झनक्रियया 'विकृतेन' प्रासुकोदकेनोत्प्लावयति, तथा च तद्विराधनातः संयमपरित्याग इति सूत्रार्थः ॥ ६१ ॥

ટીકાર્થ : ઘસા = શૂષિરભૂમિ = અંદર પોલાણવાળી ભૂમિ. ભિલુગા = તેવાપ્રકારની ભૂમિની તિરાડો.

આ બધામાં પ્રત્યક્ષથી જેનું સ્વરૂપ જણાય છે. એવા નાના નાના બેઈન્દ્રિયાદિ જીવો હોય છે. કે જે જીવોને સ્નાનના પાણીને ફેંકવાની ક્રિયાવડે સાધુ એ અચિત્તપાણીથી ડુબાડે છે. આમ તેની વિરાધનાથી સંયમનો ત્યાગ થાય છે.

(આશય એ કે સાધુ સ્નાન કરે, તો એ પાણી જમીન ઉપર પરઠવે. જમીનમાં તિરાડો હોય, પોલાણ હોય એમાં નાના ત્રસજીવો પણ હોય. આ પાણી અંદર જાય એટલે એ બધા જીવો એ પાણીમાં ડુબીને મરી જાય..)

निगमयन्नाह-

तम्हा ते न सिणायंति, सीएण उसिणेण वा । जावज्जीवं वयं घोरं, असिणाणमहिट्ठगा ॥ ६२॥

સમાપન કરતાં કહે છે કે

ગા.૬૨ તે કારણથી યાવજ્જીવ અસ્નાનરૂપ ઘોરવ્રતના ધારક તેઓ શીત કે ઉષ્ણ પાણીથી સ્નાન કરતાં નથી.

'तम्ह'त्ति सूत्रं, यस्मादेवमुक्तदोषसंगस्तस्मात् 'ते' साधवो न स्नान्ति शीतेन वोष्णेनोदकेन, प्रासुकेनाप्रासुकेन वेत्यर्थः, किंविशिष्टास्त इत्याह-'यावज्जीवम्' आजन्म व्रतं 'घोरं' दुरनुचरमस्नानमाश्रित्य 'अधिष्ठातारः' अस्यैव कर्तार इति सूत्रार्थः ॥ ६२ ॥

ટીકાર્થ : જે કારણથી સ્નાનમાં ઉપર કહેલા દોષો લાગે છે, તે કારણથી સાધુઓ શીતજલથી કે ઉષ્ણજલથી સ્નાન કરતાં નથી. અર્થાત્ સચિત્ત કે અચિત્ત જળથી સ્નાન

કરતાં નથી.

પ્રશ્ન તે સાધુઓ કિંવિશિષ્ટ = કયા વિશેષણવાળા = કેવા છે ?

ઉત્તર : જેનું આચરણ અઘરું છે એવા અસ્નાનવ્રતને યાવજ્જીવ અધિષ્ઠાનકરનારા છે. અર્થાત્ એ વ્રતના જ કર્તા છે.

किंच

सिणाणं अदुवा कक्कं, लुद्धं पउमगाणि अ । गायस्सुव्वट्टणट्ठाए, नायरंति कयाइवि ॥ ६३ ॥

વળી

ગા.૬૩ સ્નાન, કલ્ક, લોધ્ર, પદ્મક... ગાત્રના ઉદ્વર્તન માટે ક્યારેય ન આચરે.

'सिणाणं'त्ति सूत्रं, 'स्नानं' पूर्वोक्तम्, अथवा 'कल्कं' चन्दनकल्कादि 'लोध्रं' गन्धद्रव्यं 'पद्मकानि च' कुङ्कमकेसराणि, चशब्दादन्यश्चैवंविधं गात्रस्य 'उद्वर्त्तनार्थम्' उद्वर्त्तननिमित्तं नाचरन्ति कदाचिदपि, यावज्जीवमेव भावसाधव इति सूत्रार्थः ॥ ६३ ॥

ટીકાર્થ : પૂર્વે કહેલું સ્નાન, ચંદનકલ્કાદિ કલ્ક, લોધ્ર = સુગંધીદ્રવ્યવિશેષ, પદ્મક = કુંકુમકેસર. **च** શબ્દથી બીજી પણ આવાપ્રકારની વસ્તુ.

શરીરના ઉદવર્તનને માટે ભાવસાધુઓ આખી જીંદગી ન આચરે. (શરીર ઉપર આ બધુ ઘસી શકાય... ગૃહસ્થો અનેકકારણોસર આ બધા દ્રવ્યો શરીર ઉપર ઘસતાં હોય છે.)

उक्तोऽस्नानविधिः, तदभिधानात्सप्तदशस्थानं, साम्प्रतमष्टादशं शोभावर्जनास्थानमुच्यते-शोभायां नास्ति दोषः 'अलङ्कृतश्चापि चरेद्धर्म'मित्यादिवचनाद् (इति) पराभिप्रायमाशङ्क्याह-

नगिणस्स वावि मुंडस्स, दीहरोमनहंसिणो । मेहुणा उवसंतस्स, किं विभूसाइ कारिअं ? ॥६४॥

અસ્નાનવિધિ કહેવાઈ ગઈ. તેના કથનથી ૧૭મું સ્થાન કહેવાઈ ગયું. હવે અઢારમું શોભાત્યાગ સ્થાન કહેવાય છે.

એમાં બીજાઓનો અભિપ્રાય આ છે કે-શોભામાં = વિભૂષામાં કોઈ દોષ નથી. કેમકે શાસ્ત્રોમાં આવું વચન છે કે "અલંકૃતમાણસ પણ = વિભૂષાવાળો પણ ધર્મને

આચરે."

આ પરાભિપ્રાયની આશંકા કરીને એનું સમાધાન આપે છે કે

ગા.૬૪ નગ્ન, મુંડ, દીર્ઘરોમનખવાળા, મૈથુનથી ઉપશાંત સાધુને વિભૂષાવડે શું કામ છે ?

'नगिणस्स'त्ति सूत्रं, 'नग्नस्य वापि' कुचेलतोऽप्युपचारनग्नस्य निरुपचरितस्य नग्नस्य वा जिनकल्पिकस्येति सामान्यमेव सूत्रं मुण्डस्य द्रव्यभावाभ्यां 'दीर्घरोमनखवतः' दीर्घरोमवतः कक्षादिषु दीर्घनखवतो हस्तादौ जिनकल्पिकस्य, इतरस्य तु प्रमाणयुक्ता एव नखा भवन्ति यथाऽन्यसाधुनां शरीरेषु तमस्यपि न लगन्ति । मैथुनाद् 'उपशान्तस्य' उपरतस्य, किं 'विभूषया' राढया कार्यं ?, न किञ्चिदिति सूत्रार्थः ॥६४॥

ટીકાર્થ : નગ્ન બે રીતે ગણાય. જે જીર્ણ-મલિન-અલ્પમૂલ્યવાળા વસ્ત્રોને ધારણ કરે, એ કુચેલવાળો કહેવાય, આવો સાધુ કુચેલવાળો હોવા છતાં ઉપચારથી નગ્ન ગણાય. જ્યારે ઉપચારવિના, ખરેખર નગ્ન તરીકે જિનકલ્પિક લેવાય. આ પ્રમાણે આ સૂત્ર સ્થવિરકલ્પી અને જિનકલ્પી બંને માટે સામાન્યસૂત્ર છે. (માત્ર જિનકલ્પીવગેરેને જ લાગુ પડતું સૂત્ર ન સમજવું)

મુંડ પણ બે રીતે દ્રવ્યથી અને ભાવથી. (કેશાદિલુંચનથી દ્રવ્યમુંડ અને કષાયનિરોધથી ભાવમુંડ...)

દીર્ઘરોમનખવાળો - બગલવગેરેમાં મોટી રૂંવાટીવા ો અને હાથવગેરેમાં મોટા નખવાળો... આવો જિનકલ્પિક જ હોય. સ્થવિરકલ્પિકને તો પ્રમાણસર જ નખો હોય. તે નખો એટલા જ માપના હોય કે જેથી અંધકારમાં પણ અન્યસાધુના શરીર ઉપર ન લાગે. (સાધુ અંધકારમાં કશું ન દેખાવાથી હાથ લંબાવી એના દ્વારા ધીમે ધીમે આગળ વધે. હવે જો હાથમાં મોટા નખ હોય અને આગળ સાધુ ઉભો હોય તો અંધારામાં એ હાથના નખ સાધુના શરીરને વાગી જાય. આવું ન થાય એ માટે સ્થવિરકલ્પી પ્રમાણસર જ નખ રાખે કે જે આ રીતે પણ સાધુને વાગે નહિ... દીર્ઘરોમમાટે ભેદ નથી પાડ્યો એટલે કક્ષાદિમાં દીર્ઘરોમ બંનેને સંભવી શકે એમ લાગે છે.)

તથા મૈથુનથી અટકી ચૂકેલા સાધને વિભૂષાવડે શું કામ છે ? કંઈજ કામ નથી.

इत्थं प्रयोजनाभावमभिधायापायमाह-

विभूसावत्तिअं भिक्खू, कम्मं बंधइ चिक्कणं । संसारसायरे घोरे, जेणं

पडइ दुरुत्तरे ॥ ६५ ॥

આ પ્રમાણે ઉપરોક્ત સાધુને વિભૂષા કરવાનું કોઈ પ્રયોજન નથી. એમ પ્રયોજનના અભાવને દેખાડીને હવે વિભૂષા કરવામાં શું નુકસાનો ` એ દેખાડે છે.

ગા.૬૫ ભિક્ષુ વિભૂષાનિમિત્તક ચીકણુંકર્મ બાંધે છે, જેનાથી દુરુત્તર સંસારસાગરમાં પડે છે.

'विभूस'त्ति सूत्रं, 'विभूषाप्रत्ययं' विभूषानिमित्तं 'भिक्षुः' साधुः कर्म बध्नाति 'चिक्कणं' दारुणं, संसारसागरे 'घोरे' रौद्रे येन कर्मणा पतति 'दुरुत्तारे' अकुशलानुबन्धतोऽत्यन्तदीर्घ इति सूत्रार्थः ॥ ६५ ॥

ટીકાર્થ : સાધુ વિભૂષાના કારણે દારુણ કર્મ બાંધે, કે જે કર્મને લીધે તે સાધુ પાપાનુબંધના કારણે અતિલાંબા એવા સંસારમાં પડે છે.

एवं बाह्यविभूषापायमभिधाय संकल्पविभूषापायमाह-

विभूसावत्तिअं चेअं, बुद्धा मन्नंति तारिसं ।
सावज्जबहुलं चेअं, नेयं ताईहिं सेविअं ॥ ६६ ॥

આ પ્રમાણે બાહ્યવિભૂષાના નુકસાન કહીને હવે સંકલ્પવિભૂષાના નુકસાન કહે છે (વિભૂષા કરવાના વિચારો-સંકલ્પો... એના નુકસાન જણાવે છે.)

ગા.૬૬ વિભૂષાનિમિત્ત ચિત્તને બુદ્ધો તાદૃશ માને છે. આ સાવદ્યભરપૂર છે, ત્રાતાઓવડે આ સેવાયેલું નથી.

'विभूस'त्ति सूत्रं, 'विभूषाप्रत्ययं' विभूषानिमित्तं चेत एवं चैवं च यदि मम विभूषा संपद्यत इति, तत्प्रवृत्त्यङ्गं चित्तमित्यर्थः, 'बुद्धाः' तीर्थकरा 'मन्यन्ते' जानन्ति 'तादृशं' रौद्रकर्मबन्धहेतुभूतं विभूषाक्रियासदृशं 'सावद्यबहुलं चैतद्' आर्तध्यानानुगतं चेतः, नैतदित्थंभूतं 'त्रातृभिः' आत्मारामैः साधुभिः 'सेवितम्' आचरितं, कुशलचित्तत्वात्तेषामिति सूत्रार्थः ॥ ६६ ॥

ટીકાર્થ : "આવી રીતે આવી રીતે જો મને વિભૂષા સંપન્ન થાય" આવા પ્રકારનું ચિત્ત એ વિભૂષાનું નિમિત્ત છે. અર્થાત્ વિભૂષાની પ્રવૃત્તિના કારણભૂત આ ચિત્ત છે. તીર્થંકરો આવા ચિત્તને તાદૃશ = રૌદ્રકર્મબંધનું કારણ માને છે. વિભૂષાની ક્રિયા જેવું બને

છે. (અર્થાત્ વિભૂષાકરવાની ભાવના વિભૂષા કરવા જેટલી જ ખરાબ છે.)

તથા આ ચિત્ત આર્તધ્યાનવાળું છે. આત્મામાં લીન રહેલા સાધુઓવડે આ આવા પ્રકારનું ચિત્ત આચરાયું નથી. કેમકે તેઓ તો કુશલચિત્તવાળા છે.

उक्तः शोभावर्जनस्थानविधिः, तदभिधानादष्टादशं पदं, तदभिधानाच्चोत्तरगुणाः, साम्प्रतमुक्तफलप्रदर्शनेनोपसंहरन्नाह-

खवंति अप्पाणममोहदंसिणो, तवे रया संजमअज्जवे गुणे ।
धुणंति पावाइं पुरेकडाइं, नवाइं पावाइं न ते करंति ॥ ६७ ॥

શોભાવર્જનસ્થાનની વિધિ કહેવાઈ ગઈ. તેના કથનથી ૧૮મું પદ કહેવાયું. તેના કથનથી ઉત્તરગુણો કહેવાઈ ગયા. હવે કહેલા ફલના પ્રદર્શનદ્વારા ઉપસંહાર કરતાં કહે છે કે

ગા.૬૭ અમોહદર્શી, સંયમ-આર્જવ ગુણવાળા, તપમાં રત સાધુઓ આત્માને ખપાવે છે. પૂર્વે કરેલા પાપોને ધુણાવે છે. તેઓ નવા પાપો કરતાં નથી.

'खवंति'त्ति सूत्रं, क्षपयन्त्यात्मानं तेन तेन चित्तयोगेनानुपशान्तं शमयोजनेन जीवं, किंविशिष्टा इत्याह-'अमोहदर्शिनः' अमोहं ये पश्यन्ति, यथावत्पश्यन्तीत्यर्थः, त एव विशेष्यन्ते-तपसि-अनशनादिलक्षणे रताः-सक्ताः, किंविशिष्टे तपसीत्याह-'संयमार्जवगुणे' संयमार्जवे गुणौ यस्य तपसस्तस्मिन्, संयमऋजुभावप्रधाने, शुद्ध इत्यर्थः त एवंभूता 'धुन्वन्ति' कम्पयन्त्यपनयन्ति पापानि 'पुराकृतानि' जन्मान्तरोपात्तानि 'नवानि' प्रत्यग्राणि पापानि न 'ते' साधवः कुर्वन्ति, तथाऽप्रमत्तत्वादिति सूत्रार्थः ॥ ६७ ॥

ટીકાર્થ : જે આત્મા તે તે ખરાબ ચિત્તના સંબંધથી અનુપશાન્ત થયો છે, તે આત્માને શમભાવના યોજનવડે સાધુઓ ખપાવે છે. એટલે કે અશુભઆત્માને ખતમ કરે છે.

પ્રશ્ન : તે સાધુઓ કેવા છે ?

ઉત્તર : તેઓ મોહ વિના = વાસ્તવિકજોનારા

તે સાધુઓનું જ બીજું વિશેષણ આપે છે કે તેઓ અનશનાદિરૂપ તપમાં રત છે.

પ્રશ્ન : એ તપ કેવો છે ?

ઉત્તર : સંયમ અને સરળતા એ બે ગુણો જે તપનાં છે, એટલે સંયમ અને સરળતાની પ્રધાનતાવાળા એટલે કે શુદ્ધ એવા તપમાં તેઓ લીન છે.

આવાપ્રકારના તે સાધુઓ બીજા જન્મોમાં એકઠા કરેલા કર્મોને ખપાવે છે. તે સાધુઓ તેવાપ્રકારના અપ્રમત્ત હોવાથી નવા પાપો કરતાં નથી.

किं च-

सओवसंता अममा अकिंचणा, सविज्जविज्जाणुगया जसंसिणो ।
उउप्पसन्ने विमलेव चंदिमा, सिद्धिं विमाणाइं उवेंति ताइणो ॥ ६८ ॥ त्तिबेमि॥
छट्ठं धम्मत्थकामज्झयणं समत्तं ॥ ६ ॥

વળી,

ગા.૬૮ સદા ઉપશાન્ત, અમમ, અકિંચન, સ્વવિદ્યારૂપ વિદ્યાથી અનુગત, યશસ્વી, પ્રસન્નઋતુમાં નિર્મળચંદ્રમા જેવા ત્રાયી સાધુઓ સિદ્ધિને, વિમાનોને પામે છે.

'सदोवसंत'त्ति सूत्रं, 'सदोपशान्ताः' सर्वकालमेव क्रोधरहिताः, सर्वत्राममा-ममत्वशून्याः 'अकिञ्चना' हिरण्यादिमिथ्यात्वादिद्रव्यभावकिञ्चनविनिर्मुक्ताः, स्वा-आत्मीया विद्या स्वविद्या-परलोकोपकारिणी केवलश्रुतरुपा तया स्वविद्यया विद्ययानुगता-युक्ताः, न पुनः परविद्यया इहलोकोपकारिण्येति, त एव विशेष्यन्ते-'यशस्विनः' शुद्धपारलौकिकयशोवन्तः, त एवंभूता ऋतौ 'प्रसन्ने' परिणते शरत्कालादौ विमल इव चन्द्रमाः चन्द्रमा इव विमलाः, इत्येवंकल्पास्ते भावमलरहिताः 'सिद्धिं' निर्वृतिं तथा सावशेषकर्माणो 'विमानानि' सौधर्मावतंसकादीनि 'उपयान्ति' सामीप्येन गच्छन्ति 'त्रातारः' स्वपरापेक्षया साधवः, इति ब्रवीमीति पूर्ववत् । उक्तोऽनुगमः, साम्प्रतं नयाः, ते च पूर्ववत् ॥ ६८ ॥ व्याख्यातं षष्ठाध्ययनम्

ટીકાર્થ : (૧) સદાકાળમાટે ક્રોધરહિત, (૨) સર્વત્ર મમત્વશૂન્ય (૩) હિરણ્યાદિરૂપ દ્રવ્યકિંચન અને મિથ્યાત્વાદિરૂપ ભાવકિંચનથી મુક્ત (કિંચન એટલે કંઈક વસ્તુ = પરિગ્રહ) (૪) સ્વવિદ્યા એટલે પરલોકને ઉપકારકરનારી વિદ્યા એટલે કે કેવલજ્ઞાન અને શ્રુતજ્ઞાનરૂપ વિદ્યા તે સ્વવિદ્યારૂપ વિદ્યાથી યુક્ત, પરંતુ માત્ર આ લોકમાં ઉપકારકરનારી એવી વિદ્યાથી એટલે પરવિદ્યારૂપ વિદ્યાથી યુક્ત નહિ.

તે સાધુઓનું જ વિશેષણ દર્શાવે છે કે (૬) યશસ્વી = શુદ્ધપારલૌકિકયશવાળા આવાપ્રકારના તે સાધુઓ જેમ શરદકાળાદિરૂપ ઋતુ પરિણત થાય ત્યારે ચંદ્ર એકદમ નિર્મળ હોય, એના જેવા નિર્મળ. અર્થાત્ આવાપ્રકારના તે સાધુઓ ભાવમળથી રહિત

છે. તેઓ મોક્ષને પામે છે. તથા જો સ્વ અને પરની અપેક્ષાએ ત્રાતા એટલે સ્વ-પર બંનેના રક્ષક આ સાધુઓ કંઈક બાકી રહી ગયેલા કર્મવાળા હોય તો સૌધર્માવતંસકાદિ વિમાનોમાં સામીપ્યથી જાય છે. (તે વિમાનમાં વાયુકાયાદિ રૂપે નહિ, પરંતુ વિમાનનાં અધિપતિવગેરે રૂપ દેવ તરીકે જાય છે... વગેરે **सामीप्येन** નો અર્થ વિચારી શકાય.)

ब्रवीमि શબ્દ પૂર્વની જેમ સમજવો.

અનુગમ કહેવાયો.

હવે નયો.

તે પૂર્વની જેમ...

इति श्रीहरिभद्रसूरिविरचितायां दशवैकालिकवृत्तौ महाचारकथाध्ययनं समाप्तं ॥ ६ ॥

છટ્ઠા અધ્યયનનું વ્યાખ્યાન થઈ ગયું.

●

सप्तम अध्ययन

शुद्धि निक्षेप

- १ नाम
- २ स्थापना
- ३ द्रव्य
  - १ तद्द्रव्य → जे द्रव्य अन्य द्रव्य साथे असंयुक्त ज होय = शुद्ध होय छे. जेम → दुध, दही
  - २ आदेश (मिश्र)
    - अन्य → शुद्ध वस्त्रवालो देवदत्त.
    - अनन्य → शुद्ध दांत
  - ३ प्राधान्य → वर्ण गंध-रस-स्पर्श मा सामान्य थी जे सुंदर होय - ते. जेमके → वर्ण मा शुक्ल, रस मां मधुर, गंधमा सुरभी, स्पर्श मां सुकोमल मृदु
- ४ भाव
  - १ तद्भाव → जे भाव अन्य भाव साथे असंयुक्त ज शुद्ध होय जेम [illegible] बुभुक्षित ने अन्नादि नी अभिलाषा.
  - २ आदेश
    - अन्य → शुद्ध भाव वालो साधु गुरु छे
    - अनन्य → शुद्ध भाव
  - ३ प्राधान्य

• जेम दर्शन-ज्ञान-चारित्र ना विषय मां जे क्षायिक ज्ञानादि प्रधान छे तेम दर्शनादि-३ ना विषय मां अभ्यंतर तप नी आराधना ते प्रधान भाव विशुद्धि छे केमके तेनाथी जीव कर्म थी रहित थाय छे.

सप्तम अध्ययन



@ सत्य अने मृषा भाषा पर्याप्त छे, केमके पोतपोताना व्यवहार ने सधावनार छे, (पर्याप्त = जे एक पक्ष मां मुकाय ते पर्याप्त भाषा)
ज्यारे सत्यामृषा अने असत्यामृषा अपर्याप्त छे, केमके पोतपोताना व्यवहार ने सधावनार नथी.

॥ अथ सप्तममध्ययनम् वाक्यशुद्ध्याख्यं ॥

साम्प्रतं वाक्यशुद्ध्याख्यमध्ययनं प्रारभ्यते, अस्य चायमभिसंबन्धः-इहानन्तराध्ययने गोचरप्रविष्टेन सता स्वाचारं पृष्टेन तद्विदाऽपि न महाजनसमक्षं तत्रैव विस्तरतः कथयितव्य (आचार) इति, अपि त्वालये गुरवो वा कथयन्तीति वक्तव्यमित्येतदुक्तम्, इह त्वालयगतेनापि तेन गुरुणा वा वचनदोषगुणाभिज्ञेन निरवद्यवचसा कथयितव्य इत्येतदुच्यते, उक्तं च-" सावज्जणवज्जाणं वयणाणं जो न याणइ विसेसं । वोत्तुंपि तस्स ण खमं किमंग पुण देसणं काउं? ॥ १ ॥" इत्यनेनाभिसंबन्धेनायातमिदमध्ययनम्, अस्य चानुयोगद्वारोपन्यासः पूर्ववत्तावद्यावन्नामनिष्पन्नो निक्षेपः, तत्र वाक्यशुद्धिरिति द्विपदं नाम, तत्र वाक्यनिक्षेपाभिधानायाह-

निक्खेवो अ (उ) चउक्को वक्के दव्वं तु भासदव्वाइं ।
भावे भासासद्दो तस्स य एगट्ठिआ इणमो ॥ २६९ ॥

વાક્યશુદ્ધિનામક સાતમું અધ્યયન

હવે વાક્યશુદ્ધિનામનું અધ્યયન શરુ કરાય છે. આનો આ સંબંધ છે. અહીં અનન્તર (છટ્ઠા) અધ્યયનમાં એ વાત કરી કે "ગોચરી ગયેલા સાધુને કોઈ સાધુના આચારો પુછે. તો તેને જાણનારા એવા પણ આ સાધુએ મહાજનની આગળ ત્યાં જ વિસ્તારથી આચાર ન કહેવો. પરંતુ ઉપાશ્રયમાં આવીને કહેવો અથવા તો તેઓને કહેવું કે મારા ગુરુવર તમને કહેશે."

હવે આ અધ્યયનમાં એ વાત કહેવાય છે કે ઉપાશ્રયમાં રહેલા એવા પણ તેણે કે ગુરુએ જો સ્વયં વચનનાં દોષ અને ગુણનાં જ્ઞાતા હોય તો નિરવદ્યવચનથી મહાજનને એ આચાર કહેવો. (પણ પોતે વચનદોષાદિ જ્ઞાતા ન હોય તો આચાર ન કહેવો. જ્ઞાતા હોય તો પણ સાવદ્યવચનથી ન કહેવો.) કહ્યું છે કે "સાવદ્ય અને અનવદ્ય વચનોનાં ભેદને જે જાણતો નથી, તેને બોલવું પણ યોગ્ય નથી, તો દેશના કરવાની તો શી વાત ?"

આમ આ સંબંધથી આવેલું આ અધ્યયન છે.

આના અનુયોગદ્વારોનો ઉપન્યાસ પૂર્વની જેમ ત્યાંસુધી કરવો કે છેક નામનિષ્પન્ન નિક્ષેપ આવે. તેમાં "વાક્યશુદ્ધિ" એ બે પદવાળું નામ છે. તેમાં 'વાક્ય'નાં નિક્ષેપાઓનું કથન કરવામાટે કહે છે કે

નિ.૨૬૯ વાક્યમાં નિક્ષેપ ચાર છે. દ્રવ્ય ભાષાદ્રવ્યો. ભાવમાં ભાષાશબ્દ. તેના

સમાનાર્થી આ છે.

व्याख्या-निक्षेपस्तु 'चतुष्को' नामस्थापनाद्रव्यभावलक्षणो 'वाक्ये' वाक्यविषयः, तत्र नामस्थापने क्षुण्णे, 'द्रव्यं तु' द्रव्यवाक्यं पुनर्ज्ञशरीरभव्यशरीरव्यतिरिक्तं 'भाषाद्रव्याणि' भाषकेण गृहीतान्यनुच्चार्यमाणानि, 'भाव' इति भाववाक्यं 'भाषाशब्दः' भाषाद्रव्याणि शब्दत्वेन परिणतान्युच्चार्यमाणानीत्यर्थः । तस्य तु वाक्यस्य एकार्थिकानि 'अमूनि' वक्ष्यमाणलक्षणानीति गाथार्थः ॥

ટીકાર્થ : વાક્યમાં (એટલે વાક્યસંબંધી) નિક્ષેપ ચાર પ્રકારે છે. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ.

તેમાં નામ, સ્થાપના ક્ષુણ્ણ-સ્પષ્ટ જ છે. જ્ઞશરીરભવ્યશરીરવ્યતિરિક્તદ્રવ્યવાક્ય તરીકે તો ભાષકવડે ગ્રહણકરાયેલા; નહિ ઉચ્ચારાતા ભાષાદ્રવ્યો સમજવા.

જ્યારે ભાવવાક્ય એટલે શબ્દ તરીકે પરિણામપામેલા એટલે ઉચ્ચારાતા એવા ભાષાદ્રવ્યો સમજવા.

તે વાક્યના સમાનાર્થી વક્ષ્યમાણ લક્ષણવાળા છે.

(ભાષક પ્રયત્નપૂર્વક ભાષાવર્ગણાપુદ્ગલોને ગ્રહણ કરી, ભાષા તરીકે પરિણમાવે છે... આ બધા પુદ્ગલો દ્રવ્યભાષા. જ્યારે એ ભાષક બોલે, ત્યારે ઉચ્ચારાતા શબ્દપુદ્ગલો ભાવભાષા... ઈત્યાદિ. વિશેષ બાબતો શ્રીપન્નવણાસૂત્રમાંથી જાણવી.)

वक्कं वयणं गिरा सरस्सई भारही अ गो वाणी । भासा पन्नवणी देसणी अ वयजोग जोगे अ ॥ २७० ॥

નિ.૨૭૦ વાક્ય, વચન, ગિરા, સરસ્વતી, ભારતી, ગૌઃ, વાણી, ભાષા, પ્રજ્ઞાપની, દેશની, વચનયોગ, યોગ.

व्याख्या-वाक्यं वचनं च गीः सरस्वती भारती च गौर्वाक् भाषा प्रज्ञापनी देशनी च वाग्योगो योगश्च, एतानि निगदसिद्धान्येवेति गाथार्थः ॥

ટીકાર્થ : ગાથાર્થની જેમ સમજવો. આ બધા નિગદસિદ્ધ છે. (બોલવા માત્રથી સમજાઈ જાય છે...)

पूर्वोद्दिष्टं द्रव्यादिभाषामाह-

दव्वे तिविहा गहणे अ निसिरणे तह भवे पराघाए। भावे दव्वे अ सुए चरित्तमाराहणी चेव ॥ २७१ ॥

પૂર્વે ઉદ્દેશેલી = દર્શાવેલી દ્રવ્યાદિભાષા જણાવે છે.

નિ.૨૭૧ દ્રવ્યમાં ત્રણપ્રકારની ભાષા છે. ગ્રહણમાં, નિસર્જનમાં અને પરાઘાતમાં. ભાવમાં દ્રવ્ય, શ્રુત અને ચારિત્ર છે. એ ભાષા આરાધની જ છે.

व्याख्या-'द्रव्य' इति द्वारपरामर्शः, द्रव्यभाषा त्रिविधा-ग्रहणे च निसर्गे तथा भवेत्पराघाते। तत्र ग्रहणं भाषाद्रव्याणां काययोगेन यत् सा ग्रहणद्रव्यभाषा, निसर्गस्तेषामेव भाषाद्रव्याणां वाग्योगेनोत्सर्गक्रिया, पराघातस्तु निसृष्टभाषाद्रव्यैस्तदन्येषां तथापरिणामापादनक्रियावत्प्रेरणम्, एषा त्रिप्रकाराऽपि क्रिया द्रव्ययोगस्य प्राधान्येन विवक्षितत्वात् द्रव्यभाषेति। 'भाव' इति द्वारपरामर्शः, भावभाषा त्रिविधैव, द्रव्ये च श्रुते चारित्र इति, द्रव्यभावभाषा श्रुतभावभाषा चारित्रभावभाषा च, तत्र द्रव्यं प्रतीत्योपयुक्तैर्या भाष्यते सा द्रव्यभावभाषा, एवं श्रुतादिष्वपि वाच्यम्, इयं त्रिप्रकारापि वक्त्रभिप्रायात्तद्द्रव्यभावप्राधान्यापेक्षया भावभाषा, इयं चौघत एवाराधनी चैवेति, द्रव्याद्याराधनात्, चशब्दाद्विराधना चोभयं चानुभयं च भवति, द्रव्याद्याराधनादिभ्य इति। आह-इह द्रव्यभाववाक्यस्वरूपमभिधातव्यं, तस्य प्रस्तुतत्वात्, तत्किमनया भाषयेति, उच्यते, वाक्यपर्यायत्वाद्भाषाया न दोषः, तत्त्वतस्तस्यैवाभिधानादिति गाथासमुदायार्थः, अवयवार्थं तु वक्ष्यति।

ટીકાર્થ : ગાથામાં दव्वे = દ્રવ્ય શબ્દ એ દ્રવ્યદ્વારને સૂચવવામાટે છે.

દ્રવ્યભાષા ત્રણપ્રકારે છે. (૧) ગ્રહણમાં (૨) નિસર્ગમાં (૩) પરાઘાતમાં

(૧) તેમાં કાયયોગથી ભાષાદ્રવ્યોનું જે ગ્રહણ તે ગ્રહણદ્રવ્યભાષા.

(૨) તે જ ભાષાદ્રવ્યોને (ગ્રહણકરેલા ભાષાદ્રવ્યોને) વચનયોગથી છોડવાની ક્રિયા તે નિસર્ગદ્રવ્યભાષા

(૩) છોડાયેલા ભાષાદ્રવ્યોવડે તેના સિવાયના બીજા ભાષાદ્રવ્યોને તેવા પ્રકારના પરિણામની પ્રાપ્તિ કરાવવાની ક્રિયાવાળી પ્રેરણા એ પરાઘાતદ્રવ્યભાષા. (ભાષક ग બોલે, તો ग તરીકે બોલાયેલા શબ્દપુદ્ગલો મુખમાંથી બહાર નીકળે. બહાર સર્વત્ર ભાષાવર્ગણાના પુદ્ગલો પડેલા જ છે. આ ग રૂપ શબ્દો બહારના પુદ્ગલો સાથે સંપર્ક

પામે, એના કારણે બહારના પુદ્ગલો પણ ग રૂપે પરિણમવા લાગે. આમ ग શબ્દોએ બાહ્યપુદ્ગલોને જે પ્રેરણા = ધક્કો = સંપર્ક કર્યો, તે તે પુદ્ગલોને ग તરીકે પરિણમાવવાની ક્રિયાવાળો બન્યો...)

પ્રશ્ન : અહીં દ્રવ્યભાષાનું વર્ણન ચાલે છે. 'દ્રવ્યસ્વરૂપ જે ભાષા તે દ્રવ્યભાષા' આ અર્થ પ્રમાણે તો ગ્રહણકરાયેલા પુદ્ગલો જ દ્રવ્યભાષા કહેવા જોઈએ. નિસર્ગ કરાયેલા અને પરાઘાત પામેલા પુદ્ગલો જ દ્રવ્યભાષા કહેવા જોઈએ. એને બદલે પુદ્ગલોને ગ્રહણ કરવાની ક્રિયા, નિસર્ગ કરવાની ક્રિયા, પરાઘાતની ક્રિયાને દ્રવ્યભાષા શા માટે કહી ?

ઉત્તર અહીં ગ્રહણાદિ ક્રિયામાં જે દ્રવ્યયોગ છે, એને જ પ્રધાન તરીકે વિવક્ષિત કરેલ છે, અને એટલે આ ત્રણેય પ્રકારની ક્રિયા દ્રવ્યભાષા કહેવાઈ છે. (જો પુદ્ગલોની પ્રધાનતાની વિવક્ષા કરીએ તો એ રીતે તમે કહ્યા પ્રમાણે અર્થ થઈ શકે.)

ગાથામાં **भाव** શબ્દ ભાવદ્વારનું સુચન કરનાર છે.

ભાવભાષા ત્રણ પ્રકારે જ છે. (૧) દ્રવ્યમાં (૨) શ્રુતમાં (૩) ચારિત્રમાં એટલે કે

(૧) દ્રવ્યભાવભાષા (૨) શ્રુતભાવભાષા (૩) ચારિત્રભાવભાષા.

તેમાં (૧) દ્રવ્યને આશ્રયીને ઉપયોગવાળા જીવોવડે જે ભાષા બોલાય તે (બોલાતી) ભાષા દ્રવ્યભાવ- ભાષા છે.

(સાધુ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોનું ઉપયોગપૂર્વક નિરૂપણ કરે ત્યારે એ બોલાતી ભાષા દ્રવ્યભાવભાષા છે.)

(૨) એ રીતે શ્રુતાદિમાં પણ કહેવું અર્થાત્ શ્રુતમાં ઉપયોગવાળા જીવ વડે શ્રુતને આશ્રયીને જે ભાષા બોલાય તે શ્રુતભાવભાષા (૩) ચારિત્રમાં ઉપયોગવાળા જીવ વડે ચારિત્રને આશ્રયીને જે ભાષા બોલાય તે ચારિત્રભાવભાષા.

આ ત્રણે પ્રકારની ભાષા વક્તાના અભિપ્રાયથી તદ્દ્રવ્યભાવપ્રધાનતાની અપેક્ષાએ ભાવભાષા છે.

(આ સ્પષ્ટ રીતે સમજાતું નથી. **तद्द्रव्य** શબ્દ શી રીતે ઘટાવવો ? એ વિચારવું. અહીં આમ અર્થ વિચારાય કે વક્તાના અભિપ્રાયને અનુસારે તદ્દ્રવ્યનો જે એ વક્તાના મનમાં ભાવ છે, એની પ્રધાનતાને લઈને ભાવભાષા કહેવાય. એમ વક્તાનાં અભિપ્રાયને અનુસારે શ્રુતનો તે વક્તાના મનમાં જે ભાવ છે, એની પ્રધાનતાને લઈને એ ભાવભાષા કહેવાય. એમ ચારિત્રમાં પણ સમજવું. જો આ રીતે અર્થ લઈએ તો **तद्द्रव्यभावप्राधान्या...** એ પાઠને બદલે **तद्द्रव्यादिभावप्राधान्या** એમ પાઠ વધુ સંગત

થાય. જેથી **आदि** પદ દ્વારા શ્રુત અને ચારિત્ર લઈ શકાય...)

આ ભાવભાષા સામાન્યથી જ આરાધની જ છે કેમકે એમાં દવ્ય, શ્રુત અને ચારિત્રની આરાધના થાય છે. (ઉપયોગપૂર્વક દ્રવ્યનું નિરૂપણ કરવામાં આવે ત્યારે દ્રવ્યનું વાસ્તવિકસ્વરૂપ જ નિરૂપણ કરાય છે, આમ દ્રવ્યના વાસ્તવિકસ્વરૂપને દર્શાવવું એ દ્રવ્યની આરાધના જ છે. એમ શ્રુતમાં ઉપયોગ રાખીને જે બોલાય એ શ્રુતાનુસારી બોલાય, એ શ્રુતની આરાધના ગણાય...)

च શબ્દથી સમજવું કે એ ભાવભાષા વિરાધના, ઉભય = આરાધના-વિરાધના અને અનુભય = અનારાધના-અવિરાધના પણ હોય છે. કેમકે એમાં દ્રવ્યની આરાધનાવગેરે થાય છે.

(આગળ ચારપ્રકારની ભાવભાષા દર્શાવાશે. એ ચારેય દ્રવ્યમાં, શ્રુતમાં અને ચારિત્રમાં યથાસંભવ ઘટે. એમાં સત્યભાષા દ્રવ્યાદિની આરાધના રૂપ બને છે.

અસત્યભાષા દ્રવ્યાદિની વિરાધના રૂપ બને છે.

સત્યામૃષાભાષા દ્રવ્યાદિની આરાધનાવિરાધના રૂપ બને છે.

અસત્યામૃષા ભાષા દ્રવ્યાદિની અનારાધના - અવિરાધના રૂપ બને છે.

એ અપેક્ષાએ અહીં એ ચાર વસ્તુ દર્શાવી છે.)

પ્રશ્ન : આ વાક્યશુદ્ધિ અધ્યયન ચાલે છે, એમાં વાક્યના નિક્ષેપા કરવાના હતા. એને બદલે તમે તો ભાષાશબ્દ નિક્ષેપા કરીને એના જ ભેદો બતાવી રહ્યા છો. ખરેખર તો વાક્ય જ અહીં પ્રસ્તુત હોવાથી દ્રવ્યવાક્ય અને ભાવવાક્યનું સ્વરૂપ કહેવું જોઈએ. આ ભાષાવડે શું કામ ?

ઉત્તર અરે, ભાઈ ! ભાષાશબ્દએ વાકયનો જં પર્યાયવાચી શબ્દ હોવાથી ભાષાશબ્દના નિક્ષેપા કરીએ તો પણ એમાં કાંઈ દોષ નથી. પરમાર્થથી વિચારીએ તો તો વાક્યનું જ નિરૂપણ થયેલું છે.

આમ ગાથાનો સમુદાયાર્થ કહેવાઈ ગયો. અવયવાર્થને તો આગળ કહેશે.

तत्र द्रव्यभावभाषामधिकृत्याराधन्यादिभेदयोजनामाह-

आराहणी उ दव्वे सच्चा मोसा विराहणी होइ। सच्चामोसा मीसा असच्चमोसा य पडिसेहा ॥ २७२ ॥

તેમાં દ્રવ્યભાવભાષાને આશ્રયીને આરાધની વગેરે ભેદોની યોજના બતાવે છે.

એટલે કે દ્રવ્યભાવભાષામાં આરાધની વગેરે ચાર ભેદો બતાવે છે.

નિ.૨૭૨ દ્રવ્યમાં સત્યભાષા આરાધની, મૃષા વિરાધની થાય. સત્યામૃષા મિશ્ર અને અસત્યામૃષા પ્રતિષેધ છે.

व्याख्या-आराध्यते-परलोकापीडया यथावदभिधीयते वस्त्वनयेत्याराधनी तु '<u>द्रव्य</u>' इति द्रव्यविषया भावभाषा सत्या, तुशब्दात् द्रव्यतो वीराधन्यपि काचित्सत्या, परपीडासंरक्षणफलभावाराधनादिति, मृषा विराधनी भवति, तद्द्रव्यान्यथाभिधानेन तद्विराधनादिति भावः, सत्यामृषा मिश्रा, मिश्रेत्याराधनी विराधनी च, असत्यामृषा च '<u>प्रतिषेध</u>' इति नाराधनी नापि विराधनी, तद्वाच्यद्रव्ये तथोभयाभावादिति, आसां च स्वरूपमुदाहरणैः स्पष्टीभविष्यतीति गाथार्थः ॥

ટીકાર્થ : જીવને પરલોકમાં પીડા ન થાય એ રીતે જે ભાષાવડે વસ્તુ વાસ્તવિકરૂપે કહેવાય તે ભાષા આરાધની એમાં દ્રવ્યવિષયકભાવભાષામાં સત્યભાષા આરાધની બને.

ગાથામાં **તુ** શબ્દ લખેલો છે, એનાથી એ જણાવે છે કે કોઈક ભાષા દ્રવ્યથી વિરાધની હોય. અર્થાત્ દ્રવ્યના ખોટા સ્વરૂપની પ્રતિપાદક હોય છતાં આવી કોઈક ભાષા સત્ય બની શકે છે. કેમકે એમાં પરપીડાનું સંરક્ષણ એ જેનું ફળ છે, તેવા શુભભાવની આરાધના થાય છે. (હરણો જમણી બાજુ ગયા, અને સાધુ દોડતા શિકારીઓને કહે કે હરણો ડાબી બાજુ ગયા. તો આ હરણદ્રવ્યનું વાસ્તવિક સ્વરૂપ દર્શાવ્યું ન હોવાથી દ્રવ્યતઃ વિરાધની છે. છતાં સાધુના મનમાં એવો ભાવ પડેલો છે કે "મારે હરણોને બચાવવા છે..." આ ભાવના કારણે એ દ્રવ્યતઃ મૃષા બોલે છે. પણ એનાથી પરપીડાનું સંરક્ષણ થાય છે. આમ આવી ભાષામાં પરપીડાનું સંરક્ષણ થવારૂપ ફલવાળા એવા ભાવની આરાધના થતી હોવાથી આ દ્રવ્યથી વિરાધની પણ કોઈક ભાષા સત્યા ગણાય છે અને એ ભાવતઃ આરાધની ગણાય છે.)

દ્રવ્યભાવ ભાષામાં મૃષાભાષા વિરાધની છે. કેમકે તે દ્રવ્યનું અન્યથા = વિપરીતરીતે કથન કરવાદ્વારા તેની વિરાધના કરાઈ છે.

દ્રવ્યભાવભાષામાં સત્યામૃષાભાષા મિશ્ર બને. મિશ્ર એટલે આરાધની-વિરાધની. દ્રવ્યભાવભાષામાં અસત્યામૃષાભાષા પ્રતિષેધ છે અર્થાત્ એ આરાધની નથી કે વિરાધની પણ નથી. કેમકે એ ભાષાદ્વારા જે દ્રવ્ય વાચ્ય બને છે, એમાં તેવાપ્રકારે આરાધના અને વિરાધના એ બંનેનો અભાવ છે. (સત્યામાં કે મૃષામાં જેવા પ્રકારની આરાધનાદિ દેખાય

છે, તેવાપ્રકારની આરાધનાદિ આમાં દેખાતા નથી... બાકી તો એમાં પણ કથંચિત્ આરાધનાદિ છે.)

આ ચારેય ભાષાઓનું સ્વરૂપ ઉદાહરણોવડે સ્પષ્ટ થશે.

तत्र सत्यामाह-

जणवयसम्मयठवणा नामे रुवे पडुच्च सच्चे अ । ववहारभावजोगे दसमे ओवम्मसच्चे अ ॥ २७३ ॥

તેમાં સત્યાભાષા કહે છે.

નિ.૨૭૩ જનપદ, સમ્મત, સ્થાપના, નામ, રૂપ, પ્રતીત્વ, વ્યવહાર, ભાવ, યોગ, અને દશમું ઔપમ્યસત્ય છે.

व्याख्या-सत्यं तावद्वाक्यं दशप्रकारं भवति, जनपदसत्यादिभेदात् तत्र जनपदसत्यं नाम नानादेशभाषारूपमप्यविप्रतिपत्त्या यदेकार्थप्रत्यायनव्यवहारसमर्थमिति, यथोदकार्थे कोङ्कणकादिषु पयः पिच्चमुदकं नीरमित्याद्यदुष्टविवक्षाहेतुत्वान्नानाजनपदेष्विष्टार्थप्रतिपत्तिजनकत्वाद्व्यवहारप्रवृत्तेः सत्यमेतदिति, एवं शेषेष्वपि भावना कार्या । संमतसत्यं नाम-कुमुदकुवलयोत्पलतामरसानां समाने पङ्कसंभवे गोपादीनामपि संमतमरविन्दमेव पङ्कजमिति । स्थापनासत्यं नाम अक्षरमुद्राविन्यासादिषु यथा माषकोऽयं कार्षापणोऽयं शतमिदं सहस्त्रमिदमिति । नामसत्यं नाम कुलमवर्धयन्नपि कुलवर्द्धन इत्युच्यते धनमवर्धयन्नपि धनवर्द्धन इत्युच्यते अयक्षश्च यक्ष इति । रूपसत्यं नाम अतद्गुणस्य तथारूपधारणं रूपसत्यं, यथा प्रपञ्चयतेः प्रव्रजितरूपधारणमिति । प्रतीत्यसत्यं नाम यथा अनामिकाया दीर्घत्वं ह्रस्वत्वं चेति, तथाहि-अस्यानन्तपरिणामस्य द्रव्यस्य तत्तत्सहकारिकारणसंनिधानेन तत्तद्रूपमभिव्यज्यत इति सत्यता । व्यवहारसत्यं नाम दह्यते गिरिर्गलति भाजनमनुदरा कन्या अलोमा एडकेति गिरिगततृणादिदाहे व्यवहारः प्रवर्तते तथोदके च गलति सति तथा संभोगजबीजप्रभवोदराभावे च सति तथा लवनयोग्यलोमाभावे सति । भावसत्यं नाम शुक्ला बलाका, सत्यपि पञ्चवर्णसंभवे शुक्लवर्णोत्कटत्वाच्छुक्लेति। योगसत्यं नाम छत्रयोगाच्छत्री दण्डयोगाद्दण्डीत्येवमादि । दशममौपम्यसत्यं च, तत्रौपम्यसत्यं नाम समुद्रवत्तडाग इति गाथार्थः ॥

ટીકાર્થ : સત્યવાક્ય દસપ્રકારે છે, કેમકે એના જનપદસત્ય વગેરે (દસ) ભેદો

છે. તેમાં

(૧) **જનપદ સત્ય** એટલે જુદા જુદા દેશની ભાષા રૂપ એવું પણ જે સત્ય વિરોધ વિના એકજ અર્થની પ્રતીતિ કરાવવા અને એક જ અર્થનો વ્યવહાર કરવામાટે સમર્થ હોય તે. દા.ત. પાણી રૂપી એક અર્થમાં કોંકણાદિ દેશોમાં **पयः, पिच्च, उदक, नीर** વગેરે શબ્દો વપરાય છે. આ વાક્ય અદુષ્ટવિવક્ષાથી ઉત્પન્ન થાય છે. એટલે કે વક્તા જુદા જુદા કોઈપણ શબ્દો બોલે છે, એમાં એના મનમાં કોઈ ખરાબવિવક્ષા નથી. પાણીનાં બોધાદિ કરાવવાનો જ એનો ભાવ છે. એટલે આ વાક્ય સત્ય કહેવાય. આ વાક્યો જુદા જુદા દેશોમાં ઈષ્ટઅર્થની પ્રતિપત્તિને = બોધને ઉત્પન્નકરનાર છે, માટે એ સત્ય કહેવાય. એ વાક્યદ્વારા 'આ પાણી છે' વગેરે બધો વ્યવહાર પ્રવર્તે છે. માટે એ સત્ય છે.

આ રીતે બાકીની નવ સત્ય ભાષામાં પણ આ હેતુઓ વિચારી લેવા.

(આશય એ છે કે એકમાણસ એક જગ્યાએ પાણી માટે **पयः** શબ્દ વાપરે અને અન્ય દેશમાં જઈને **पिच्च** શબ્દ બોલે, તો કોઈક એમ કહે છે કે 'આ મૃષા બોલે છે', પહેલાં તો એ પાણીને **पयः** કહેતો હતો. અહીં એ કેમ **पिच्च** કહે છે ?" એના સમાધાન રૂપે આ પદાર્થ દર્શાવ્યો છે કે આ બધા જ શબ્દો કોઈ દુષ્ટભાવથી બોલાતા નથી. દરેક સ્થાનમાં શ્રોતાઓને ઈષ્ટપદાર્થનો બોધ કરાવે જ છે અને એ શબ્દ પ્રમાણે બધો વ્યવહાર પ્રવર્તે જ છે. એટલે એ ભાષાને મૃષા ન કહેવાય પણ જનપદસત્ય કહેવાય.)

(૨) **સંમતસત્ય** : કુમુદ, કુવલય, ઉત્પલ અને તામરસ આ બધા પદાર્થો કાદવમાં ઉત્પન્ન થાય છે. એટલે એ બધામાં પંકોત્પત્તિ સમાન છે. આમ છતાં પણ ગોવાળવગેરેને પણ આ સંમત છે કે અરવિંદ = ઉત્પલ એ જ પંકજ કહેવાય. (**पंकात् जायते इति पंकजं** જે કાદવમાંથી ઉત્પન્ન થાય તે પંકજ. આ પ્રમાણે તો ઉપરની બધી વસ્તુમા પંકજ શબ્દ વાપરી શકાય. પણ એ નથી વપરાતો, માત્ર કમળમાં જ વપરાય છે. કેમકે બધાને એજ સંમત છે..)

(૩) **સ્થાપનાસત્ય** અક્ષરો અને મુદ્રાના વિન્યાસવગેરેમાં જેમ આ માષક, આ કાર્ષાપણ, આ સો, આ હજાર... એ સ્થાપના સત્ય. (અહીં હજાર વસ્તુ નથી. પરંતુ **सहस्रं** એમ અક્ષરોનો વિન્યાસ કરેલો છે. એમ મુદ્રાનો વિન્યાસ કરેલો હોય. ૧૦૦૦ એમ આંકડા લખેલા હોય તો એ પણ સ્થાપનાસત્ય કહેવાય છે.)

(૪) **નામસત્ય :** કોઈક પુરુષ કુલને વધારતો ન હોય છતાં એનું નામ કુલવર્ધન હોય, તો એને એ નામથી બોલાવાય છે. એમાં એ બોલનારને મૃષા ન લાગે. એ નામસત્ય ગણાય. એમ ધનને નહિ વધારતો પુરુષ પણ ધનવર્ધન એ પ્રમાણે કહેવાય છે. એમ જે યક્ષ નથી, તે પણ યક્ષ એ પ્રમાણે કહેવાય છે.

(૫) **રૂપસત્ય** અતદ્ગુણનું તથારૂપનું ધારણ એ રૂપસત્ય. (**तस्यगुणाः = तद्गुणाः । न विद्यते तद्गुणाः यस्य स अतद्गुणः** સાધુના ગુણવિનાનો માણસ સાધુવેષનું ધારણ કરે, વૈદ્યના ગુણવિનાનો માણસ વૈદ્યવેષનું ધારણ કરે... વગેરે.) દા.ત. ખોટાસાધુનું સાધુરૂપનું ધારણ એ રૂપસત્ય.(એને સાધુ કહેવો એ પણ રૂપસત્ય છે.)

(૬) **પ્રતીત્યસત્ય :** અપેક્ષાએ સત્ય. જેમકે અનામિકાઆંગળીની (પૂજા કરવાની આંગળીની) દીર્ઘતા અને હ્રસ્વતા એ પ્રતીત્યસત્ય છે. તે આ પ્રમાણે - આ દ્રવ્ય અનંતા પરિણામવાળું છે. જ્યારે તે તે સહકારી કારણોનું સંનિધાન થાય, ત્યારે તેનાવડે દ્રવ્યનું તે તે સ્વરૂપ પ્રગટ કરાય છે. આ રીતે આની સત્યતા છે. (આશય એ છે કે અનામિકા એ ટચલી આંગળીની અપેક્ષાએ દીર્ઘ છે, વચલી આંગળીની અપેક્ષાએ હ્રસ્વ છે. આ અનામિકાઆંગળીરૂપી દ્રવ્યમાં અનંતા પરિણામો = ધર્મો છે જ, પણ એને પ્રગટ થવા માટે સહકારી કારણ જોઈએ. એનામાં દીર્ઘત્વ, હ્રસ્વત્વ બંને છે. પણ ટચલી આંગળી રૂપી સહકારિકારણ દ્વારા તેમાં દીર્ઘત્વ પરિણામ પ્રગટ થાય છે, અને વચલી આંગળી રૂપી સહકારિકારણ દ્વારા તેનામાં હ્રસ્વત્વ પ્રગટ થાય છે.. માતા-પુત્ર, પિતા-પુત્ર, ભાઈ-બહેન... આ બધા સસંબંધિક પદાર્થોમાં પ્રતીત્યસત્ય સંભવિત છે.)

(૭) **વ્યવહારસત્ય :** પર્વત બળે છે, ભાજન ગળે છે, કન્યા પેટ વિનાની છે, ઘેંટી રૂંવાટી વિનાની છે... આ બધો વ્યવહાર થાય છે. આમાં પર્વતમાં રહેલ ઘાસ બળે તો પણ પર્વત બળે એમ કહેવાય છે. એમ ભાજનમાંનું પ્રવાહી ગળે છે છતાં ભાજન ગળતું કહેવાય. સંભોગ-મૈથુન સેવનથી જન્ય બીજની-ગર્ભની ઉત્પત્તિ જેમાં થઈ શકે એવા પેટનો અભાવ હોવાથી પેટવાળી પણ કન્યા અનુદરા કહેવાય. (જેમકે પાંચેક વર્ષની છોકરી) તથા કાપી શકાય એવી રૂંવાટી ન હોવાથી રૂંવાટી હોવા છતાં પણ ઘેંટી લોમરહિત કહેવાય. આ બધુ વ્યવહારથી સત્ય છે.

(૮) **ભાવસત્ય :** 'બગલો સફેદ છે' એમ બોલાય છે. ખરેખર તો એમાં પાંચેય વર્ણો છે, છતાં પણ સફેદ વર્ણરૂપી ભાવની = પર્યાયની ઉત્કટતા હોવાથી બગલો સફેદ કહેવાય છે.

(૯) **યોગસત્ય :** છત્રના યોગથી = સંબંધથી માણસ છત્રી કહેવાય. (છત્રિન્નું પ્રથમા એકવચન, છત્રીવાળો) દંડના યોગથી દંડી કહેવાય વગેરે પછી ભલેને તે વખતે છત્ર વિગેરે ધારણ ન કર્યુ હોય. આ યોગસત્ય છે.

(૧૦) **ઔપમ્યસત્ય :** તળાવ સમુદ્ર જેવું છે... આ ઉપમાસત્ય છે.

उक्ता सत्या, अधुना मृषामाह-

कोह माणे माया लोभे पेज्जे तहेव दोसे अ । हासभए अक्खाइय उवघाए निस्सिआ दसमा ॥ २७४ ॥

સત્યાભાષા કહેવાઈ ગઈ.

હવે મૃષાભાષા કહે છે.

નિ.૨૭૪ ક્રોધમાં, માનમાં, માયામાં, લોભમાં, પ્રેમમાં, દ્વેષમાં, હાસ્યમાં ભયમાં, આખ્યાયિકામાં અને દશમી ઉપઘાતમાં નિશ્રિત છે.

व्याख्या-क्रोध इति क्रोधनिसृता यथा क्रोधाभिभूतः पिता पुत्रमाह-न त्वं मम पुत्रः, यद्वा क्रोधाभिभूतो वक्ति तदाशयविपत्तितः सर्वमेवासत्यमिति, एवं माननिसृता मानाध्मातः क्वचित्केनचिदल्पधनोऽपि पृष्ट आह-महाधनोऽहमिति, मायानिसृता मायाकारप्रभृतय आहुः-नष्टो गोलक इति, लोभनिसृता वणिक्प्रभृतीनामन्यथाक्रीतमेवेत्थमिदं क्रीतमित्यादि, प्रेमनिसृता अतिरक्तानां दासोऽहं तवेत्यादि, द्वेषनिसृता मत्सरिणां गुणवत्यपि निर्गुणोऽयमित्यादि, हास्यनिसृता कान्दर्पिकानां किंचित्कस्यचित्संबन्धि गृहीत्वा पृष्टानां न दृष्टमित्यादि, भयनिसृता तस्करादिगृहीतानां तथा तथा असमञ्जसाभिधानम्, आख्यायिकानिसृता तत्प्रतिबद्धोऽसत्प्रलापः, उपघातनिसृता अचौरे चौर इत्यभ्याख्यानवचनमिति गाथार्थः ॥

ટીકાર્થ : (૧) ક્રોધમાં એટલે ક્રોધનિસૃતા ભાષા. જેમકે ક્રોધથી અભિભૂત પિતા પુત્રને કહે કે "તું મારો પુત્ર નથી." અથવા તો ક્રોધથી અભિભૂત માણસ જે બોલે, તે શુભ આશયનો વિનાશ હોવાથી બધું જ અસત્ય છે.

(૨) એ રીતે માનનિસૃતા ભાષા સમજવી. માનથી ધમધમતો માણસ ઓછાધનવાળો હોય તો પણ ક્યાંક કોઈક વડે પુછાય તો કહે કે "હું ઘણાં ધનવાળો છું."

(૩) માયાનિસૃતા ભાષા આ પ્રમાણે કે માયાકાર = જાદુગર વગેરે બોલે કે ગોળો

નષ્ટ થઈ ગયો. ખોવાઈ ગયો.. (મોટો ગોળો ગુમ કરી દે... એ બધુ દેખાડે.)

(૪) લોભનિસૃતા ભાષા વણિક્‌વગેરેની હોઈ શકે. તેઓ બીજી રીતે ખરીદાયેલી વસ્તુ પણ આ "આ પ્રમાણે ખરીદાયેલી છે" એમ બોલે. (સસ્તામાં ખરીદેલી હોય છતાં મોંઘી બતાવે...)

(૫) પ્રેમનિસૃતા ભાષા અતિરાગીઓની હોય. તેઓ સ્ત્રીને કહે કે "હું તારો દાસ છું" વગેરે.

(૬) દ્વેષનિસૃતા ભાષા ઈર્ષ્યાળુઓની હોય. તેઓ ગુણવાનને વિશે પણ આ "ગુણરહિત છે" એમ બોલે.

(૭) હાસ્યનિસૃતા ભાષા કાંદર્પિકોની (જોકરો જેવાની) હોય. તેઓ કોઈકની કંઈક વસ્તુ લીધા પછી કોઈ પૂછે તો એમ જવાબ આપે કે મેં જોઈ નથી. (મશ્કરીમાં, હાસ્ય રૂપે આવું કરે.)

(૮) ભયનિસૃતા ભાષા ોર વગેરેથી પકડાયેલાની હોય. તેઓ ત્યારે તે તે રીતે ગમે તેવું બોલતા હોય છે.

(૯) આખ્યાયિકાનિસૃતા એટલે આખ્યાયિકાપ્રતિબદ્ધ ખોટો પ્રલાપ. (કેટલીક સાવ કાલ્પનિક વાર્તાઓ. ઉખાણાઓ એ બધું આખ્યાયિકા તરીકે ગણવું. એમાં અસત્ = ખોટા પ્રસંગાદિ કલ્પનાથી કહેવા... હા ! વૈરાગ્યહેતુભૂત ઉચિતકાલ્પનિકકથા અસંગત નથી.)

(૧૦) ઉપઘાતનિસૃતા એટલે જે ચોર નથી, તેને વિશે "આ ચોર છે" એવું આરોપ મૂકતું વચન. (એમાં પેલાને આઘાત લાગે, એની હિંસા થવાનો સંભવ...)

उक्ता मृषा, साम्प्रतं सत्यामृषामाह-

उप्पन्नविगयमीसग जीवमजीवे अ जीवअज्जीवे । तहऽणंतमीसगा खलु परित्त अद्धा अ अद्धद्धा ॥ २७५ ॥

મૃષાભાષા કહેવાઈ ગઈ.

હવે સત્યામૃષાભાષા કહે છે.

નિ.૨૭૫ ઉત્પન્ન, વિગત, મિશ્ર, જીવ, અજીવ, જીવાજીવ, અનંતમિશ્ર, પ્રત્યેકમિશ્ર, અદ્ધામિશ્ર, અદ્ધદ્ધમિશ્ર આ દસ સત્યા મૃષા છે.

व्याख्या-'उत्पन्नविगतमिश्रके'ति उत्पन्नविषया सत्यामृषा यथैकं नगरमधिकृत्यास्मिन्नद्य दश दारका उत्पन्ना इत्यभिदधतस्तन्न्यूनाधिकभावे, व्यवहारतोऽस्याः

सत्यामृषात्वात्, श्वस्ते शतं दास्यामि इत्यभिधाय पञ्चाशत्स्वपि दत्तेषु लोके मृषात्वादर्शनात्, अनुत्पन्नेष्वेवादत्तेष्वेव (च) मृषात्वसिद्धेः, सर्वथा क्रियाभावेन सर्वथा व्यत्ययादित्येवं विगतादिष्वपि भावनीयमिति, तथाच विगतविषया सत्यामृषा यथैकं ग्राममधिकृत्यास्मिन्नद्य दश वृद्धा विगता इत्यभिदधतस्तन्न्यूनाधिकभावे, एवं मिश्रका सत्यामृषा उत्पन्नविगतोभयसत्यामृषा, यथैकं पत्तनमधिकृत्याहास्मिन्नद्य दश दारका जाता दश च वृद्धा विगता इत्यभिदधतस्तन्न्यूनाधिकभावे, जीवमिश्रा-जीवविषया सत्यामृषा यथा जीवन्मृतकृमिराशौ जीवराशिरिति, अजीवमिश्रा च-अजीवविषया सत्यामृषा यथा तस्मिन्नेव प्रभूतमृतकृमिराशावजीवराशिरिति, जीवाजीवमिश्रेति-जीवाजीवविषया सत्यामृषा यथा तस्मिन्नेव जीवन्मृतकृमिराशौ प्रमाणनियमेनैतावन्तो जीवन्त्येतावन्तश्च मृता इत्यभिदधतस्तन्न्यूनाधिकभावे । 'तथानन्तमिश्रा खल्वि'ति अनन्तविषया सत्यामृषा यथा मूलकन्दादौ परीतपत्रादिमत्यनन्तकायोऽयमित्यभिदधतः । परीतमिश्राः - परीतविषया सत्यामृषा यथा अनन्तकायलेशवति परीतम्लानमूलादौ परीतोऽयमित्यभिदधतः । अद्धामिश्रा-कालविषया सत्यामृषा यथा कश्चित् कस्मिंश्चित् प्रयोजने सहायांस्त्वरयन् परिणतप्राये वासर एव रजनी वर्तत इति ब्रवीति, अद्धद्धमिश्रा च दिवसरजन्येकदेशः अद्धद्धोच्यते, तद्विषया सत्यामृषा यथा कस्मिंश्चित् प्रयोजने त्वरयन् प्रहरमात्र एव मध्याह्न इत्याह । एवं मिश्रशब्दः प्रत्येकमभिसंबध्यत इति गाथार्थः ॥

ટીકાર્થ : (૧) ઉત્પન્ન = જન્મસંબંધી સત્યામૃષા જેમકે કોઈક એક નગરને આશ્રયીને બોલાય કે આજે દસ છોકરા ઉત્પન્ન થયા છે" હવે જો દસ કરતા ઓછા હોય કે વધારે હોય તો બોલનારાની ભાષા સંપૂર્ણ સાચી કે સંપૂર્ણખોટી ન ગણાતા સત્યામૃષા ગણાય.

પ્રશ્ન : પણ દસ કરતા ઓછી-વત્તી સંખ્યા હોય તો મૃષા જ ગણોને ?

ઉત્તર ના. વ્યવહારથી આ ભાષા સત્યામૃષા કહેવાય છે.

પ્રશ્ન : પણ શી રીતે ?

ઉત્તર : જેમ કોઈ કહે કે "આવતીકાલે તને ૧૦૦રૂા. આપીશ" અને બીજાદિવસે એ ૫૦રૂા. આપે તો એ ભાષા લોકમાં મૃષા તરીકે દેખાતી નથી. હા ! એકપણ બાળક ઉત્પન્ન થયો જ ન હોય અને દસોત્પત્તિ કહે, એમ ૧૦૦રૂા. આપવાનું કહ્યા છતાં એકપણ રૂપિયો ન આપે તો જ એ ભાષા મૃષા તરીકે ગણાય છે. કેમકે સર્વથાક્રિયાભાવથી સર્વથાવ્યત્યય થાય છે. (૧૦ બાળક ઉત્પન્ન થવાનું બોલે, તો દસેદસની ઉત્પત્તિ ક્રિયા એ સર્વથાક્રિયાભાવ કહેવાય. અહી એકપણ ઉત્પન્ન નથી થયો,

એટલે સર્વથાક્રિયાભાવથી સર્વથાવ્યત્યય-વિપરીત થાય છે, માટે મૃષા. જો પાંચ ઉત્પન્ન થયા હોય, તો સર્વથાક્રિયાભાવથી સર્વથાવ્યત્યય ન રહે, પણ કથંચિત્ વ્યત્યય રહે... એટલે ત્યાં સત્યામૃષા ગણાય

અથવા તો **सर्वथा क्रियाभावेन=क्रिया अभावेन** એમ પણ છૂટું પડી શકે. તો અર્થ એવો થાય કે અહીં ઉત્પત્તિ ક્રિયાનો સર્વથા અભાવ છે, અને એટલે '૧૦ ઉત્પન્ન થયા' એ વચનથી સર્વતા ઊંધુ થયું છે. માટે આ મૃષા કહેવાય. જો પાંચેક ઉત્પન્ન થયા હોય, તો સર્વથા ઉત્પત્તિક્રિયાનો અભાવ નથી, પરંતુ કથંચિત્ ઉત્પત્તિક્રિયાનો અભાવ છે. અને એટલે ત્યાં વચન કરતાં સર્વથા વિપરીત નથી, પણ કથંચિત્ વિપરીત છે.... એટલે એ સર્વથા મૃષા ન ગણાય. પણ કથંચિત્ મૃષા એટલે કે સત્યામૃષા ગણાય. આમ **सर्वथा क्रियाभावेन सर्वथा व्यत्ययात्** પંક્તિનો યથોચિત્ અર્થ વિચારવો.)

આ રીતે વિગતાદિમાં પણ વિચારી લેવું. એજ કહે છે કે

(૨) **વિગત**સંબંધી સત્યામૃષા આ પ્રમાણે કે એક ગામને આશ્રયીને એમ બોલાય કે "આજે દશ વૃદ્ધો મરી ગયા" તો જો એમાં ઓછા કે વધુ મર્યા હોય તો બોલનારાની ભાષા સત્યામૃષા કહેવાય.

(૩) એ પ્રમાણે **મિશ્ર** સત્યામૃષા એટલે કે ઉત્પન્નવિગતોભય સત્યામૃષા. જેમકે એક નગરને આશ્રયીને એમ બોલાય કે આ નગરમાં આજે દસ છોકરા જન્મ્યા અને દસ વૃદ્ધો મર્યા." હવે જો આમાં ઓછા કે વધુ જન્મ્યા મર્યા હોય તો બોલનારાની આ ભાષા મિશ્રસત્યામૃષા ગણાય. (આમાં (૧) દસ જન્મ્યા, પણ ૧૦ મરવામાં ન્યૂનાધિકતા હોય (૨) દસ જ મર્યા, પણ દસના જન્મમાં ન્યૂનાધિકતા હોય (૩) દસ જન્મવામાં અને મરવામાં બંનેમાં ન્યૂનાધિકતા હોય... તો આ બધી જ ભાષા મિશ્ર સત્યામૃષા જ ગણાશે.)

(૪) **જીવસંબંધી** સત્યામૃષા. જેમકે જીવતા અને મરેલા બંને પ્રકારના કરમીયાંઓનાં ઢગલાં ને માટે એ બોલાય કે "આ જીવરાશિ છે."

(૫) **અજીવસંબંધી** સત્યામૃષા. જેમકે તે જ ઘણાં મરેલા પણ થોડાક જીવતાં એવા કરમીયાંના ઢગલાને માટે એમ બોલાય કે "આ અજીવરાશિ છે."

(૬) **જીવાજીવ સંબંધી** સત્યામૃષા. જેમકે જીવતા અને મરેલા બંને પ્રકારના કરમીયાંઓના તે જ ઢગલાને માટે પ્રમાણના નિયમવડે = ચોક્કસ સંખ્યાથી બોલાય કે "આટલા કરમીયાં આમાં જીવે છે અને આટલા કરમીયાં મરી ગયા છે" અને એમાં જો

સંખ્યાની ન્યૂનાધિકતા હોય તો આ જીવાજીવોભય સત્યામૃષા ગણાય.

(૭) **અનન્તમિશ્રા** એટલે કે અનંતકાયસંબંધી સત્યામૃષા ભાષા. જેમકે જે અનંતકાયના મૂલ-કન્દાદિ પ્રત્યેકવનસ્પતિરૂપ પાંદડાવાળા છે, તેને માટે "આ અનંતકાય છે" એમ બોલનારાને આ અનંતમિશ્રાભાષા થાય. (મૂલકન્દાદિ અનંતકાયરૂપ છે. પણ એની સાથે જોડાયેલા પાંદડાદિ પ્રત્યેકવન. છે. એટલે એ સંપૂર્ણ અનંતકાય ન કહેવાય. એમ કહીએ તો એ ભાષા સત્યામૃષા ગણાય.)

(૮) **પરીતમિશ્રા** એટલે કે પ્રત્યેકવનસ્પતિ સંબંધી સત્યામૃષા. જેમકે પ્રત્યેકવનસ્પતિમાં પણ કુંપળ અનંતકાય હોય તેવી કુંપળયુક્ત પ્રત્યેકવનસ્પતિકાયને 'આ પ્રત્યેક છે'. એ પ્રમાણે બોલનારાને સત્યામૃષા છે.

(૯) **અદ્ધામિશ્રા** એટલે કે કાલસંબંધી સત્યામૃષા. જેમકે કોઈક માણસ કોઈક કામ આવી પડે ત્યારે પોતાના સહાયકોને - સહવર્તીઓને ઉતાવળ કરાવે, એ વખતે દિવસ હજી પરિણતપ્રાયઃ હોય, એટલે દિવસ સંપૂર્ણ પૂરો થયો ન હોય, પણ પૂરો થવાની તૈયારી હોય ત્યારે જ એ કહે કે "રાત્રિ વર્તે છે." અર્થાત્ "જલ્દી કરો, જલ્દી કરો. રાત થઈ ગઈ" એમ બોલે. (અહીં રાત્રિ થઈ નથી, પણ થવા જ આવી છે. એટલે સત્યા અને મૃષા બંનેનું મિશ્રણ ગણાય છે.)

(૧૦) **અદ્ધદ્ધમિશ્રા...** એમાં દિવસ કે રાત્રિનો એકભાગ તે અદ્ધદ્ધા કહેવાય છે. તે સંબંધી મૃષા આ પ્રમાણે કે કોઈક પ્રયોજન આવી પડે એટલે ઉતાવળ કરાવતો માણસ હજી તો દિવસનો એકપ્રહર જ થયો હોય અને "મધ્યાહ્ન થઈ ગયો". એમ બોલે.

આમ મિશ્રશબ્દ દરેકમાં જોડવો.

उक्ता सत्यामृषा, साम्प्रतमसत्यामृषामाह-

आमंतणि आणवणी जायणि तह पुच्छणी अ पन्नवणी। पच्चक्खाणी भासा भासा इच्छाणुलोमा अ ॥ २७६ ॥

સત્યામૃષા કહેવાઈ.

હવે અસત્યામૃષા (અસત્યા-અમૃષા) કહેવાય છે.

નિ.૨૭૬ આમંત્રણી, આજ્ઞાપની, યાચની, પૃચ્છની, પ્રજ્ઞાપની, પ્રત્યાખ્યાનીભાષા, ઈચ્છાનુલોમા ભાષા...

व्याख्या-<u>आमन्त्रणी</u> यथा हे देवदत्त इत्यादि, एषा किलाप्रवर्तकत्वात्सत्या-

दिभाषात्रयलक्षणवियोगतस्तथाविधदलोत्पत्तेरसत्यामृषेति, एवमाज्ञापनी यथेदं कुरु, इयमपि तस्य करणाकरणभावतः परमार्थे नैकत्राप्यनियमात्तथाप्रतीतेः अदुष्टविवक्षाप्रसूतत्वादसत्यामृषेति, एवं स्वबुद्ध्याऽन्यत्रापि भावना कार्येति। याचनी यथा भिक्षां प्रयच्छेति, तथा प्रच्छनी यथा कथमेतदिति, प्रज्ञापनी यथा हिंसाप्रवृत्तो दुःखितादिर्भवति, प्रत्याख्यानी भाषा यथाऽदित्सेति भाषा, इच्छानुलोमा च यथा केनचित्कश्चिदुक्तः साधुसकाशं गच्छाम इति, स आह-शोभनमिदमिति गाथार्थः॥

ટીકાર્થ : (૧) આમંત્રણીભાષા : જેમકે "હે દેવદત્ત !" વગેરે..

પ્રશ્ન : આ ભાષા સત્ય ન કહેવાય ?

ઉત્તર : ના. (૧) આ ભાષા પ્રવૃત્તિજનક નથી. પ્રવર્તક નથી. (૨) તથા સત્યાદિ ત્રણભાષાઓના લક્ષણ આ ભાષામાં ઘટતા નથી. (૩) તથા આ ભાષા તેવાપ્રકારના દ્રવ્યોથી ઉત્પત્તિ પામે છે... માટે એ સત્યાદિ ત્રણથી ભિન્ન એવી અસત્યામૃષા ભાષા સ્વરૂપ છે.

(અલબત્ત અહીં **च** મૂકેલો નથી, છતાં **च** સમજીને ત્રણ કારણો ગણેલા છે. અર્થાત્ આમંત્રણીભાષા સત્યાદિ રૂપ નથી. પરંતુ ચોથી અસત્યામૃષા રૂપ છે. એ સિદ્ધ કરવામાટેના ત્રણ હેતુ અત્રે ગણેલા છે. એમાં (૧) સત્યાદિ ભાષાઓ પ્રવર્તક બનનારી છે. એ ભાષા સાંભળીને શ્રોતા પ્રવૃત્તિ કરવા પ્રેરાય છે. એ પ્રવૃત્તિ સફળ બને કે નિષ્ફળ એ બીજી બાબત છે. જ્યારે 'દેવદત્ત !' આટલા આમંત્રણથી કોઈ પ્રવૃત્તિ કરવા પ્રેરાતું નથી. એટલે આ ભાષા પ્રવર્તક ન હોવાથી એ સત્યાદિથી ભિન્ન ભાષા સિદ્ધ થાય છે. (૨) સત્યાદિના જે લક્ષણ છે, તેમાંથી કોઈપણ લક્ષણ આમંત્રણીમાં ઘટતા નથી, માટે પણ એ સત્યાદિથી ભિન્ન ભાષા સિદ્ધ થાય છે. (૩) ભાષાવર્ગણાના પુદ્ગલો ભાષારૂપે પરિણમે. પણ એમાં વિશેષતા એ છે કે એ પુદ્ગલોમાંથી પણ ચોક્કસપ્રકારના પુદ્ગલો જ સત્યા રૂપે પરિણમે, ચોક્કસપ્રકારના પુદ્ગલો જ અસત્યાદિ રૂપે પરિણમે. એમ અસત્યામૃષારૂપે પણ અમુક ચોક્કસપ્રકારનાં પુદ્ગલો જ પરિણમે છે. એટલે જેમ ઔદારિકવર્ગણાનાં પુદ્ગલો ઔદારિકશરીર રૂપે જ પરિણમે, ઔદારિકશરીર સિવાય વૈક્રિયાદિ રૂપે નહિ... એવું અહીં ભાષાવર્ગણામાં છે. સત્યાભાષા યોગ્ય પુદ્ગલો કદી પણ અસત્યામૃષા રૂપે ન પરિણમે. જ્યારે એ ભાષા બોલાય ત્યારે એને પ્રાયોગ્ય પુદ્ગલો જ એ રૂપે પરિણમે. આમ તેવાપ્રકારના ચોક્કસ દલથી = પુદ્ગલથી એની ઉત્પત્તિ થતી હોવાથી પણ એમ કહી શકાય કે એ સત્યાદિભાષાથી ભિન્ન છે... જો એ સત્યાદિરૂપ

હોત, તો સત્યાદિ પ્રાયોગ્યપુદ્ગલોથી ઉત્પન્ન થાત...)

(જો **च** વિના અર્થ કરવો હોય તો આ અસત્યામૃષાભાષા પ્રવર્તક નથી, તેથી તેમાં સત્યાદિ ભાષાત્રયનું લક્ષણ ઘટતું નથી. તેથી તે ભાષા તથાવિધદલથી = સત્યાદિપ્રાયોગ્ય દ્રવ્યથી ભિન્ન જે દ્રવ્યો... તાદૃશ દ્રવ્યથી ઉત્પન્ન થાય છે. તેથી તે સત્યાદિભિન્ન એવી અસત્યામૃષા છે... આમ અર્થ કરી શકાય.)

(૨) **આજ્ઞાપનીભાષા :** જેમકે "આ કર."

પ્રશ્ન આ ભાષા તો સત્યાદિરૂપ ન બની શકે ?

ઉત્તર : અહીં વક્તા કહે છે કે "તું આ કામ કર" પણ શ્રોતા એ કામ કરે પણ ખરો અને ન પણ કરે. આમ અહીં કરણ અને અકરણ બંનેનો ભાવ-સંભવ છે. એટલે જ પરમાર્થથી કરણમાં કે અકરણમાં એકેયમાં નિયમ = નિશ્ચય = ચોક્સાઈ નથી. (જો કરવાનું નિયત જ હોય તો સત્યા ગણીએ, ન જ કરવાનું નિયત હોત તો અસત્યા ગણીએ. પણં સર્વત્ર આજ્ઞાપનીભાષામાં કરણ કે અકરણ એ નિયત-ચોક્કસ હોતા નથી. એટલે જ એને એ બધી ભાષાથી અલગભાષા ગણવી જરૂરી છે.)

પ્રશ્ન : પણ કરણ કે અકરણનો નિયમ નથી, એવું તમે કયા આધારે કહો છો ?

ઉત્તર : આજ્ઞાપનીમાં આવા પ્રકારની પ્રતીતિ થાય જ છે. એટલે આ નિયમ ન હોવો સિદ્ધ છે. તથા આ ભાષા અદુષ્ટ વિવક્ષાથી ઉત્પન્ન થયેલી હોવાથી પણ અસત્યામૃષા છે. (અસત્યારૂપ નથી.)

આમ બે ભાષામાં તો અમે અસત્યામૃષા શી રીતે ? આ વાત દર્શાવી. આ રીતે સ્વબુદ્ધિથી આગળની આઠ ભાષાઓમાં પણ સ્વબુદ્ધિથી વિચારી લેવું.

(૩) **યાચની :** "ભિક્ષા આપો. " એ ભાષા.

(૪) **પ્રચ્છની :** "આ કેવી રીતે ?" વગેરે પ્રશ્નરૂપ ભાષા.

(૫) **પ્રજ્ઞાપની :** "હિંસામાં પ્રવર્તેલો જીવ દુઃખી વગેરે થાય છે " એ ભાષા.

(૬) **પ્રત્યાખ્યાની :** "મારી તમને આપવાની ઈચ્છા નથી " રૂપ ભાષા.

(૭) **ઈચ્છાનુલોમા :** કોઈનાવડે કોઈક કહેવાયો કે "હું સાધુ પાસે જાઉં છું " તે કહે "આ સારું" આ પેલાની ઈચ્છાને અનુકૂળ ભાષા છે.

अणभिग्गहिआ भासा भासा अ अभिग्गहंमि बोद्धव्वा । संसयकरणी भासा वायड अव्वायडा चेव ॥ २७७ ॥

નિ.૨૭૭ અનભિગૃહીતભાષા, અભિગૃહીતભાષા, સંશયકરણીભાષા, વ્યાકૃતા અને અવ્યાકૃતા...

व्याख्या-<u>अनभिगृहीता</u> भाषा अर्थमनभिगृह्य योच्यते डित्थादिवत्, भाषा <u>चाभिग्रहे</u> बोद्धव्या-अर्थमभिगृह्य योच्यते घटादिवत्, तथा <u>संशयकरणी</u> च भाषा-अनेकार्थसाधारणा योच्यते सैन्धवमित्यादिवत्, <u>व्याकृता</u>-स्पष्टा प्रकटार्था देवदत्तस्यैष भ्रातेत्यादिवत्, <u>अव्याकृता</u> चैव-अस्पष्टाऽप्रकटार्था बालकादीनां थपनिकेत्यादिवदिति गाथार्थः ॥

ટીકાર્થ : (૮) અનભિગૃહીતાભાષા : અર્થને ગ્રહણ કર્યા વિના જે ભાષા બોલાય, તે અર્થાત્ જે ભાષાનો અર્થ ન હોય તે ભાષા. જેમકે ડિત્થ... વગેરે. (આ શબ્દોનો કોઈ અર્થ નથી...)

(૯) **અભિગૃહીતાભાષા** અર્થને ગ્રહણ કરીને જે ભાષા બોલાય તે અભિગૃહીતાભાષા. જેમકે ઘટ વગેરે. (ઘટ શબ્દના ઘટ વગેરે અર્થો છે...)

(૧૦) **સંશયકરણીભાષા** અનેક અર્થોમાં સાધારણ એવી ભાષા. એટલે કે જે શબ્દના અનેક અર્થ થતા હોય, એ શબ્દોનું ઉચ્ચારણ એ સંશયકરણીભાષા કહેવાય. જેમકે **सैन्धवम्** વગેરે. (આ શબ્દના અશ્વ અને મીઠું એમ બે અર્થ થાય છે. વક્તા આ એક શબ્દ બોલે, તો શ્રોતાને સંશય થાય કે આ "કઈ વસ્તુ અંગે કહે છે ?...")

(૧૧) **વ્યાકૃતા** : સ્પષ્ટ ભાષા, પ્રગટઅર્થવાળી ભાષા. જેમકે "આ દેવદત્તનો ભાઈ છે." વગેરે.

(૧૨) **અવ્યાકૃતા** : અસ્પષ્ટ, અપ્રગટઅર્થવાળી ભાષા. જેમકે બાલકોની થપનિકા... (બોલતાં નહિ થયેલા બાળકો મોઢાથી બોલવા માટે જે અવાજ કરે... એ ભાષા)

उक्ता असत्यामृषा, साम्प्रतमोघत एवास्याः प्रविभागमाह-

सव्वावि अ सा दुविहा पज्जत्ता खलु तहा अपज्जत्ता । पढमा दो पज्जत्ता उवरिल्ला दो अपज्जत्ता ॥ २७८ ॥

અસત્યામૃષા કહેવાઈ ગઈ.

(કેટલીક ભાષાઓ સત્યાદિમાં ભળી જતી લાગે... આ બધાનું એકદમ સ્પષ્ટ સ્વરૂપ જાણવું હોય તો પ્રજ્ઞાપનાસૂત્રના ભાષાપદનું અને મહોપાધ્યાયજીકૃત ભાષારહસ્યનું અધ્યયન કરવું. અહીં અમે પંક્તિ પ્રમાણે ટુંકમાં ખુલાસાઓ આપેલા છે...)

(આમ દ્રવ્ય-ભાવભાષાના સત્યાદિ ચાર ભેદો અને કુલ ૪૨ પેટાભેદો દર્શાવી

નમોઽત્થુ ણં સમણસ્સ ભગવઓ... जिनशासनाय

દીધા.)

હવે ઓઘથી જ આ ભાષાના વિભાગ બતાવે છે.

નિ.૨૭૮ આ બધી જ ભાષા બે પ્રકારે છે. પર્યાપ્તા અને અપર્યાપ્તા. પહેલી બે પર્યાપ્તા છે, ઉપરની બે અપર્યાપ્તા છે.

व्याख्या-सर्वाऽपि च 'सा' सत्यादिभेदभिन्ना भाषा द्विविधा-पर्याप्ता खलु तथाऽपर्याप्ता, पर्याप्ता या एकपक्षे निक्षिप्यते सत्या वा मृषा वेति तद्व्यवहारसाधनी, तद्विपरीता पुनरपर्याप्ता, अत एवाह-प्रथमे द्वे भाषे सत्यामृषे पर्याप्ते, तथास्वविषयव्यवहारसाधनात्, तथा उपरितने द्वे सत्यामृषाऽसत्यामृषाभाषे अपर्याप्ते, तथास्वविषयव्यवहारासाधनादिति गाथार्थः ॥

ટીકાર્થ : સત્યાવગેરે ચારભેદથી જુદા જુદા પ્રકારની એ બધી જ ભાષા બે પ્રકારે છે. (૧) પર્યાપ્તા (૨) અપર્યાપ્તા. પર્યાપ્તા એટલે જે ભાષા સત્યા કે મૃષા એ બેમાંથી કોઈપણ એકપક્ષમાં મૂકી શકાય એવી ભાષા એટલે "આ ભાષા સાચી છે" કે "આ ભાષા ખોટી છે" એ પ્રમાણેના ચોક્કસ વ્યવહારને સાધી આપનારી ભાષા એ પર્યાપ્તા. (પહેલી બે ભાષા આમાં આવે.)

તેનાથી વિપરીત ભાષા તે અપર્યાપ્તા.

આથી જ કહે છે કે

પહેલી બે ભાષા સત્યા અને મૃષા એ પર્યાપ્તભાષા છે. કેમકે તેવા પ્રકારનો જે સ્વવિષયક વ્યવહાર છે, તેને સાધનારી આ બે ભાષા છે. (સત્યાભાષા એજ સ્વ, સ્વવિષયક વ્યવહાર = "આ સત્યા છે." એ પ્રમાણેનો વ્યવહાર, તેને સાધી આપનારી ભાષા સત્યા. એમ મૃષા માટે પણ વિચારવું)

તથા ઉપરની બે ભાષા અપર્યાપ્ત ભાષા છે. સત્યામૃષા અને અસત્યામૃષા. કેમકે તેવા પ્રકારનો સ્વવિષયવ્યવહારને સાધનારી નથી. (લોકમાં એવો વ્યવહાર નથી થતો કે "આ સત્યામૃષા છે"... એટલે આ સત્યામૃષા ભાષા પોતાના સંબંધી આવા પ્રકારના વ્યવહારને સાધી આપનારી નથી. શાસ્ત્રીયદૃષ્ટિએ ભલે એના સત્યામૃષા વગેરે ભેદો પડે, બાકી લોકમાં તો એવા કોઈ ભેદ નથી...)

उक्ता द्रव्यभावभाषा, साम्प्रतं श्रुतभावभाषामाह-

सुअधम्मे पुण तिविहा सच्चा मोसा असच्चमोसा अ । सम्मद्दिट्ठी उ सुओवउत्तु सो भासई

सच्चं ॥ २७९ ॥

દ્રવ્યભાવભાષા કહેવાઈ ગઈ.

હવે શ્રુતભાવભાષાને જણાવે છે.

નિ.૨૭૯ શ્રુતધર્મમાં વળી ત્રણ પ્રકારે છે. સત્યા, મૃષા, અસત્યામૃષા. શ્રુતમાં ઉપયોગવાળો સમ્યક્ત્વી સત્યને બોલે.

व्याख्या-'श्रुतधर्मे' इति श्रुतधर्मविषया पुनस्त्रिविधा भवति भावभाषा, तद्यथा-सत्या मृषा असत्यामृषा चेति, तत्र 'सम्यग्दृष्टिस्तु' सम्यग्दृष्टिरेव 'श्रुतोपयुक्त' इत्यागमे यथावदुपयुक्तो यः स भाषते 'सत्यम्' आगमानुसारेण वक्तीति गाथार्थः ॥

ટીકાર્થ : શ્રુતધર્મસંબંધી ભાવભાષા ત્રણપ્રકારે છે. સત્યા, મૃષા અને અસત્યામૃષા. તેમાં જે સમ્યગ્દષ્ટિ આત્મા જ (મિથ્યાત્વી નહિ જ) શ્રુતમાં યથાવદ્ = સાચા ઉપયોગવા ો હોય, તે જે બોલે તે સત્યભાષા. અર્થાત્ એ આગમના અનુસારે બોલનાર છે.

सम्मद्दिट्ठी उ सुअंमि अणुवउत्तो अहेउगं चेव । जं भासइ सा मोसा मिच्छादिट्ठीवि अ तहेव ॥ २८० ॥

નિ.૨૮૦ શ્રુતમાં ઉપયોગવિનાનો સમ્યક્ત્વી હેતુરહિત જે બોલે, તે મૃષા ભાષા. મિથ્યાદષ્ટિ પણ તે જ પ્રમાણે...

व्याख्या-'सम्मद्दिट्ठी' सम्यग्दृष्टिरेव सामान्येन 'श्रुते' आगमे अनुपयुक्तः प्रमादाद्यत्किंचिद् 'अहेतुकं चैव' युक्तिविकलं चैव यद्भाषते तन्तुभ्यः पट एव भवतीत्येवमादि सा मृषा, विज्ञानादेरपि तत एव भावादिति । मिथ्यादृष्टिरपि 'तथैवे'त्युपयुक्तोऽनुपयुक्तो वा यद्भाषते सा मृषैव, घुणाक्षरन्याय(यात्)संवादेऽपि सदसतोरविशेषाद्यदृच्छोपलब्धेरुन्मत्तवदिति गाथार्थः ॥

ટીકાર્થ : સમ્યગ્દષ્ટિ આત્મા જ સામાન્યથી શ્રુતમાં ઉપયોગવિનાનો બનીને પ્રમાદને લીધે જે કંઈ યુક્તિરહિત બોલે, દા.ત. "તન્તુમાંથી પટ જ થાય" વગેરે. તે ભાષા મૃષા છે.

પ્રશ્ન : આ વાત તો સાચી જ છે. તન્તુમાંથી તો પટ જ થાય ને ?

ઉત્તર : ના. તન્તુનું જ્ઞાન, તન્તુનો વિનાશ વગેરેની પણ તન્તુમાંથી ઉત્પત્તિ થાય

છે. એટલે એ ભાષા મૃષા છે.

મિથ્યાદૃષ્ટિ આત્મા પણ શ્રુતમાં ઉપયોગવા ો કે ઉપયોગ વિના પણ ોલે, તે મૃષા જ છે.

પ્રશ્ન : મિથ્યાદૃષ્ટિ આત્મા શ્રુતમાં ઉપયોગવાળો હોય અને "કથંચિત્ સાત નારક છે" એ પ્રમાણે સ્યાદ્વાદ ગર્ભિત વચન બોલે તો એ તો સાચું જ છે. એને શા માટે ખોટું કહો છો ?

ઉત્તર : ઘુણાક્ષરન્યાય પ્રમાણે સંવાદ હોય, તો પણ સત્ અને અસત્‌માં વિશેષતા ન હોવાથી તેનું વચન (સાચું દેખાય તો પણ) મૃષા છે. તથા એ સ્વચ્છંદપણે ઉપલબ્ધિ-બોધ કરતો હોવાથી તેનું વચન મૃષા છે. જેમકે ઉન્મત્ત = પાગલ. (લાકડામાં ઉત્પન્ન થતો કીડો લાકડાના ભાગને કોરી ખાતો હોય છે. એમાં ક્યારેક એ ઘુણ કીડા દ્વારા ખવાતો ભાગ એવી રીતે ખવાય કે એમાં ક, ખ... એવો અક્ષરનો આકાર ઉપસ્થિત થાય. એના દ્વારા કોઈ એમ કહે કે ઘુણે 'ક' કોતર્યો, એટલે એ 'ક' વગેરેનો જ્ઞાતા છે, તો એ વાત ન મનાય. કેમકે કોતરેલા 'ક' કે એ સિવાયનો ગમે તેવો આકાર... એ બધો જ એ ઘુણમાટે તો સરખો જ છે. ઘુણને એ ખબર જ નથી કે આ 'ક' એ અક્ષર છે અને બીજી કોતરણીઓ અક્ષર નથી... એમ મિથ્યાત્વી આત્મા જે વચન બોલે એ સંવાદી પણ લાગે, અર્થાત્ એ વચનનો અર્થ શાસ્ત્રાનુસારી પણ લાગે... પણ એ મિથ્યાત્વી તો કયા પદાર્થો સત્ = સાચા = ઉપાદેય અને કયા પદાર્થો અસત્ = ખોટા = અનુપાદેય એ બે વચ્ચેનો સાચો ભેદ સમજતો નથી. ઉલ્ટું એ તો સત્‌ને પણ અસત્ અને અસત્‌ને પણ સત્ માનનારો હોવાથી વધુ દોષપાત્ર બને છે.

બીજીવાત એ કે જેમ ગાંડો માણસ પોતાના મનમાં આવે એ પ્રમાણે જ બોધ કે પ્રવૃત્તિ કરતો હોય છે. એમાં ઘણીવાર એ સારી, સાચી પ્રવૃત્તિ પણ કરે. પણ છતાં એણે ડહાપણપૂર્વક પ્રવૃત્તિ કરી કે બુદ્ધિપૂર્વક પ્રવૃત્તિ કરી, એમ નથી કહેવાતું. એની સારી કે ખરાબ બધી પ્રવૃત્તિ ગાંડપણના જ એકભાગ તરીકે આલેખાય છે. એમ આ મિથ્યાત્વી જે કંઈપણ જ્ઞાન કરે છે કે પ્રવૃત્તિ કરે છે, તે બધી સ્વચ્છંદમતિથી જ કરે છે. આગમને અનુસારે નહિ. એમાં કેટલુંક આગમને અનુસારી દેખાય પણ એ પણ ખરેખર તો સ્વચ્છંદમતિથી કરાયેલું હોવાથી આગમાનુસારી ન ગણાય.

આ અંગે વિશેષસ્પષ્ટતા મેળવવી હોય તો તત્ત્વાર્થસૂત્રના આ સૂત્રની વૃત્તિ જોવી...)

મોક્ષમાર્ગ ... (side margin ornament text)

हवइ उ असच्चमोसा सुअंमि उवरिल्लए तिनाणंमि । जं उवउत्तो भासइ एत्तो वोच्छं चरित्तंमि ॥ २८१ ॥

નિ.૨૮૧ શ્રુતમાં તથા ઉપરના ત્રણજ્ઞાનમાં ઉપયોગવાળો જે બોલે, તે અસત્યામૃષા થાય. હવે ચારિત્રમાં કહીશ.

व्याख्या-भवति तु असत्यामृषा 'श्रुते' आगम एव परावर्तनादि कुर्वतस्तस्यामन्त्रण्यादिभाषारूपत्वात्तथा 'उपरितने' अवधिमनःपर्यायकेवललक्षणे 'त्रिज्ञान' इति ज्ञानत्रये यदुपयुक्तो भाषते सा असत्यामृषा, आमन्त्रण्यादिवत् तथाविधाध्यवसायप्रवृत्तेः, इत्युक्ता श्रुतभावभाषा । अत ऊर्ध्वं वक्ष्ये 'चारित्र' इति चारित्रविषयां भावभाषामिति गाथार्थः ॥

ટીકાર્થ : શ્રુતમાં અસત્યામૃષા ભાષા બે રીતે થાય. (૧) સાધુ આગમને વિશે જ સૂત્રોનું પુનરાવર્તન વગેરે કરતો હોય ત્યારે તે અસત્યામૃષા ગણાય. કેમકે એ પરાવર્તનાદિ ભાષા એ આમંત્રણી વગેરે ભાષા રૂપ છે. (આમાં એ સાધુ કંઈ પદાર્થનું પ્રતિપાદન નથી કરતો કે એમાં સત્યા કે મૃષાનો પ્રશ્ન રહે. અહીં તો આગમસૂત્રોમાં જે આવે, એનું પુનરાવર્તન જ કરે છે...)

(૨) ઉપરના ત્રણજ્ઞાનમાં એટલે કે અવધિ, મનઃપર્યવ અને કેવલજ્ઞાન આ ત્રણમાંથી કોઈપણ એકાદ જ્ઞાનમાં ઉપયોગવાળો જે બોલે તે અસત્યામૃષા છે.

પ્રશ્ન : આ તો સત્યા જ ભાષા ગણવી જોઈએ ને ? અસત્યામૃષા કેમ ?

ઉત્તર આમંત્રણીવગેરે ભાષામાં જેવાપ્રકારના અધ્યવસાયની પ્રવૃત્તિ હોય છે, આમાં પણ તેવા- પ્રકારના અધ્યવસાયની પ્રવૃત્તિ હોવાથી તેને અસત્યામૃષા ભાષા કહેવાય.

(આમાં એવું લાગે છે કે મતિશ્રુતજ્ઞાની પોતાના જ્ઞાનવડે પદાર્થને જાણીને એ પદાર્થ બોલે ત્યારે એ પદાર્થને સાચો સાબિત કરવાનો અધ્યવસાય ચાલતો હોય છે. મતિ અને શ્રુત એ બંને જ્ઞાન નિશ્ચયથી પરોક્ષજ્ઞાન છે. એટલે તે જ્ઞાનવાળો જ્યારે એ જ્ઞાનને અનુસારે જે પદાર્થો બોલે ત્યારે એના અધ્યવસાયમાં કોઈક વિશેષતા હોય જ છે. જ્યારે અવધિવગેરે જ્ઞાનવાળાઓ એ પદાર્થને પ્રત્યક્ષજ્ઞાનથી જુએ છે, માટે તેઓ એ જ્ઞાનને અનુસારે જે બોલે, એમાં એમના અધ્યવસાયમાં ચોક્કસપ્રકારની વિશેષતા હોય છે... આ વિશેષતા કયા પ્રકારની છે ? એ વગેરે બાબતો બહુશ્રુતો પાસે જાણવી.

તથા કેવલીને સત્યા અને અસત્યામૃષા બંને ભાષા ગણી છે. જયારે અહીં કેવલજ્ઞાનમાં ઉપયોગવાળા જે ભાષા બોલે તેને અસત્યામૃષા જ કહી છે. તો કેવલીને સત્યાભાષા ન હોય ? અહીં કેમ એનો ઉલ્લેખ નથી કર્યો ? આવો પ્રશ્ન સંભવિત છે. એનું સમાધાન એમ લાગે છે કે દ્રવ્યભાવભાષા, શ્રુતભાવભાષા... એમ ભાષાના ભેદો પૂર્વે બતાવી જ ગયા છે. અહીં શ્રુતભાવભાષાની વાત ચાલે છે. કેવલી શ્રુતમાં તો ઉપયોગ મુક્તા નથી. તેઓ તો કેવલોપયોગથી જ બોલે છે. તો એમની ભાષા ખરેખર તો શ્રુતભાવભાષા જ કેમ કહેવાય ? છતાં એમના શબ્દો દ્રવ્યશ્રુતસ્વરૂપ છે, તથા એમની ભાષા કેવલોપયોગજન્ય હોવા છતાં પ્રાયઃ શ્રુતાનુસારિણી જ હોય છે, એટલે જાણે કે એ શ્રુતને અનુસારે બોલાયેલી હોય એમ ગણાય અને એટલે એ શ્રુતભાવભાષા પણ ગણાય. પણ એમાં એ ભાષા અસત્યામૃષા રૂપ જ ગણવી.

કેવલીને સત્યા અને અસત્યામૃષા એમ બે ભાષા હોવાની જે વાત કરી છે. તે દ્રવ્યભાવભાષાની અપેક્ષાએ વિચારી શકાય. અર્થાત્ કેવલી "હે ગોયમા !" વગેરે બોલે તો એ દ્રવ્યભાવભાષાનો અસત્યામૃષાભાષાનો ભેદ ગણાય. અને કેવલી "સાત નારક છે..." વગેરે બોલે તો એ દ્રવ્યભાવભાષાનો સત્યાભાષાનો ભેદ ગણાય. આ બંને ભાષા શ્રુતભાવભાષા રૂપે વિચારીએ તો એ અસત્યામૃષા જ ગણાય...

આમાં ઘણી વિચારણા થઈ શકે છે... બહુશ્રુતોને પૃચ્છા કરવી.)

આ પ્રમાણે શ્રુતભાવભાષા કહેવાઈ ગઈ.

હવે આગળ ચારિત્રવિષયકભાવભાષાને કહીશ.

पढमबिइआ चरित्ते भासा दो चेव होंति नायव्वा । सचरित्तरस उ भासा सच्चा मोसा उ इअरस्स ॥ २८२ ॥

નિ.૨૮૨ ચારિત્રમાં પહેલી અને બીજી બેજ ભાષા જાણવા યોગ્ય છે. ચારિત્રસંપન્નની ભાષા સત્યા, ઈતરની મૃષા.

व्याख्या-'<u>प्रथमद्वितीये</u>' सत्यामृषे '<u>चारित्र</u>' इति चारित्रविषये भाषे द्वे एव भवतो ज्ञातव्ये, स्वरूपमाह-'<u>सचरित्रस्य</u>' चारित्रपरिणामवतः, तुशब्दात्तद्वृद्धिनिबन्धनभूता च भाषा द्रव्यतस्तथाऽन्यथाभावेऽपि सत्या, सतां हितत्वादिति । मृषा तु '<u>इतरस्य</u>' अचारित्रस्य तद्वृद्धिनिबन्धनभूता चेति गाथार्थः ॥

ટીકાર્થ : ચારિત્રવિષયક ભાષા બે જ જાણવી. (૧) સત્યા (૨) મૃષા.

હવે એનું સ્વરૂપ બતાવે છે કે ચારિત્રપરિણામવાળાની ભાષા એ સત્યાભાષા કહેવાય. **तु** શબ્દથી સમજવું કે ચારિત્રની વૃદ્ધિના કારણભૂત ભાષા પણ સત્યા છે.

આ ભાષા દ્રવ્યથી તથા = સાચી હોય કે અન્યથા = ખોટી હોય તો પણ સાચી જ છે. (અથવા તો તથા = વાસ્તવિકતા **अन्यथा** = ઊંધી. આ ભાષા વાસ્તવિકતા કરતાં ઉંધી જ હોય તો પણ એ સત્યા છે. જેમ સાધુ હરણિયાંઓ જમણીબાજુ ગયા હોવા છતાં શિકારીઓને કહે કે "હરણિયાઓ ડાબીબાજુ ગયા છે" તો આ ભાષા વાસ્તવિકતા કરતાં વિપરીત છે, એમ હોવા છતાં આ ભાષા સાધુઓને હિતકારી હોવાથી સત્યા જ છે.)

તથા ચારિત્રરહિતજીવની ભાષા અને અચારિત્રપરિણામની વૃદ્ધિના કારણભૂત ભાષા આ બંને ભાષા મૃષા કહેવાય.

उक्तं वाक्यमधुना शुद्धिमाह-

णामंठवणासुद्धी दव्वसुद्धी अ भावसुद्धी अ। एएसिं पत्तेअं परूवणा होइ कायव्वा ॥ २८३ ॥

व्याख्या-नामशुद्धिः स्थापनाशुद्धिर्द्रव्यशुद्धिश्च भावशुद्धिश्च, 'एतेषां' नामशुद्ध्यादीनां प्रत्येकं प्ररूपणा भवति कर्तव्येति गाथार्थः ॥

વાક્ય કહેવાયું. (વાક્યશુદ્ધિ અધ્યયનમાંનો પ્રથમશબ્દ કહેવાઈ ગયો.)

હવે શુદ્ધિને કહે છે.

નિ.૨૮૩ નામશુદ્ધિ, સ્થાપનાશુદ્ધિ, દ્રવ્યશુદ્ધિ અને ભાવશુદ્ધિ. આમાંની દરેકની પ્રરૂપણા કરવાની છે.

ટીકાર્થ : (ઉપરમુજબ સ્પષ્ટ જ છે.)

तत्र नामस्थापने क्षुण्णत्वादनङ्गीकृत्य द्रव्यशुद्धिमाह-

तिविहा उ दव्वसुद्धी तद्दव्वादेसओ पहाणे अ। तद्दव्वगमाएसो अणण्णमीसा हवइ सुद्धी ॥ २८४ ॥

તેમાં નામ-સ્થાપના ક્ષુણ્ણ હોવાથી તેનો અંગીકાર કર્યાવિના દ્રવ્યશુદ્ધિ બતાવે છે.

નિ.૨૮૪ દ્રવ્યશુદ્ધિ ત્રણ પ્રકારે છે. તદ્દ્રવ્યમાં, આદેશમાં, પ્રધાનમાં. (શેષ ટીકામાંથી...)

व्याख्या-त्रिविधा तु द्रव्यशुद्धिर्भवति 'तद्द्रव्यत' इति तद्द्रव्यशुद्धिः 'आदेशत' इति आदेशद्रव्यशुद्धिः 'प्राधान्यतश्चे'ति प्राधान्यद्रव्यशुद्धिश्च । तत्र तद्द्रव्यशुद्धिः

'अनन्ये'त्यनन्यद्रव्यशुद्धिः, यद्द्रव्यमन्येन द्रव्येण सहासंयुक्तं सच्छुद्धं भवति क्षीरं दधि वा असौ तद्द्रव्यशुद्धिः, आदेशे मिश्रा भवति शुद्धिरन्यानन्यविषया, एतदुक्तं भवति-आदेशतो द्रव्यशुद्धिर्द्विविधा-अन्यत्वेनानन्यत्वेन च, अन्यत्वे यथा शुद्धवासा देवदत्तः, अनन्यत्वे शुद्धदन्त इति गाथार्थः ॥

ટીકાર્થ : દ્રવ્યશુદ્ધિ ત્રણ પ્રકારે છે. (૧) તદ્દ્રવ્યશુદ્ધિ (૨) આદેશદ્રવ્યશુદ્ધિ (૩) પ્રાધાન્યદ્રવ્યશુદ્ધિ. તેમાં (૧) તદ્દ્રવ્યશુદ્ધિ એટલે અનન્યદ્રવ્યશુદ્ધિ. એટલે કે જે દ્રવ્ય બીજા દ્રવ્યની સાથે સંયુક્ત થયા વિના જ સ્વયં શુદ્ધ હોય જેમકે દૂધ-દહીં... આ તદ્દ્રવ્યશુદ્ધિ. (તે જ દ્રવ્ય સ્વયંશુદ્ધ છે, એની શુદ્ધિમાટે બીજાદ્રવ્યની જરૂર નથી... એટલે જ **अनन्यद्रव्यशुद्धिः** કહ્યું છે. અન્યદ્રવ્ય જેમાં નથી. તેવી આ શુદ્ધિ છે.)

(૨) આદેશશુદ્ધિ એટલે મિશ્રશુદ્ધિ. અન્ય અને અનન્ય બેદ્રવ્યસંબંધી શુદ્ધિ.

કહેવાનો ભાવ એ છે કે આદેશથી દ્રવ્યશુદ્ધિ બે પ્રકારે છે. (૧) અન્યત્વેન (૨) અનન્યત્વેન. એમાં અન્યત્વમાં ` ` "શુદ્ધવસ્ત્રવાળો દેવદત્ત." અનન્યત્વમાં "શુદ્ધદાંતવાળો દેવદત્ત."

(તદ્દ્રવ્યમાં તો દૂધ-દહીં આખું દ્રવ્ય જ શુદ્ધ છે. જયારે આદેશમાં આખું દ્રવ્ય શુદ્ધ નથી. પણ એ દ્રવ્ય પોતાનાથી અન્ય એવા વસ્ત્રાદિથી શુદ્ધ ગણાય છે. કે પોતાનાથી અનન્ય = અભિન્ન એવા દાંત વગેરેથી શુદ્ધ ગણાય છે.)

प्राधान्यद्रव्यशुद्धिमाह-

वण्णरसगंधफासे समणुण्णा सा पहाणओ सद्धी । तत्थ उ सुक्किल महुरा उ संमया चेव उक्कोसा ॥ २८५ ॥

પ્રાધાન્યદ્રવ્યશુદ્ધિને કહે છે.

નિ.૨૮૫ વર્ણ-રસ-ગંધ-સ્પર્શમાં સમનુજ્ઞતા તે પ્રધાનથી શુદ્ધિ. તેમાં શુક્લ અને મધુર સંમત અને ઉત્કૃષ્ટ છે.

व्याख्या-वर्णरसगन्धस्पर्शेषु या मनोज्ञता-सामान्येन कमनीयता अथवा मनोज्ञता-यथाभिप्रायमनुकूलता सा प्राधान्यतः शुद्धिरुच्यते, 'तत्र' चैवंभूतचिन्ताव्यतिकरे शुक्लमधुरौ वर्णरसौ तुशब्दात्सुरभिमृदू गन्धस्पर्शौ च संमतौ, यथाभिप्रायमपि प्रायो मनोज्ञौ, बहूनामित्थंप्रवृत्तिसिद्धेः, 'उत्कृष्टौ च' कमनीयौ च । चशब्दस्य व्यवहित उपन्यास इति गाथार्थः ॥

ટીકાર્થ : વર્ણ, રસ, ગંધ અને સ્પર્શમાં જે મનોજ્ઞતા છે, સામાન્યથી કમનીયતા = સુંદરતા છે, તે પ્રાધાન્યદ્રવ્યશુદ્ધિ છે. અથવા તો મનોજ્ઞતા એટલે જીવના અભિપ્રાયને અનુસારે વર્ણાદિમાં જે અનુકૂલતા છે. તે પ્રાધાન્યથી શુદ્ધિ કહેવાય છે.

આવા પ્રકારની વિચારણાના પ્રસંગમાં એ જાણવું કે શુકલવર્ણ અને મધુરરસ તથા **तु** શબ્દથી સુરભિગંધ, મૃદુસ્પર્શ આ સંમત હોય છે. એટલે કે જીવોના અભિપ્રાય પ્રમાણે પણ પ્રાયઃ એ મનોજ્ઞ = મનોહર હોય છે. કેમકે ઘણાં જીવોની આ પ્રમાણે જ પ્રવૃત્તિની સિદ્ધિ થઈ છે. તથા એ કમનીય - સુંદર છે.

ગાથામાં **चेव उक्कोसा** લખેલું છે, એમાં **च** નો વ્યવહિત ઉપન્યાસ કરવો. એટલે કે **च** ને **उक्कोसा** શબ્દ પછી જોડવો.)

(વસ્તુ સ્વરૂપથી મનોજ્ઞ હોય એ જુદી વસ્તુ અને જીવોના અભિપ્રાયપ્રમાણે મનોજ્ઞ હોય એ જુદી વસ્તુ. દા.ત. મધુરરસ એ સ્વરૂપથી મનોજ્ઞ-સારો-ગમે એવો છે. પણ કોઈક જીવને મધુરરસ બિલકુલ ગમતો ન હોય એવું પણ બને. તો એના માટે મધુરરસ અમનોજ્ઞ છે. અહીં મધુરરસ સ્વરૂપથી મનોજ્ઞ છે જ. છતાં જીવોની રુચિ પ્રમાણે મનોજ્ઞ કે અમનોજ્ઞ બંને પ્રકારે બને છે. આમ છતાં મોટાભાગે તો જીવોની રુચિ પ્રમાણે પણ એ મધુરરસ મનોજ્ઞ જ બને છે.

આ જ વાત સુરભિગંધ, મૃદુસ્પર્શ વગેરે બધામાં સમજી લેવી.)

उक्ता द्रव्यशुद्धिः, अधुना भावशुद्धिमाह–

एमेव भावसुद्धी तब्भावाएसओ पहाणे अ । तब्भावगमाएसो अणण्णमीसा हवइ सुद्धी ॥ २८६ ॥

દ્રવ્યશુદ્ધિ કહેવાઈ ગઈ.

હવે ભાવશુદ્ધિ કહે છે.

નિ.૨૮૬ એ જ પ્રમાણે ભાવશુદ્ધિ તદ્ભાવ, આદેશ અને પ્રધાનમાં છે (શેષ ટીકામાંથી જાણવું)

व्याख्या-'<u>एवमेवे</u>'ति यथा द्रव्यशुद्धिस्तथा भावशुद्धिरपि, त्रिविधेत्यर्थः, '<u>तद्भाव</u>' इति तद्भावशुद्धिः '<u>आदेशत</u>' इति आदेशभावशुद्धिः '<u>प्राधान्यतश्चे</u>'ति प्राधान्यभावशुद्धिश्च, तत्र तद्भावशुद्धिः '<u>अनन्ये</u>'त्यनन्यभावशुद्धिस्तद्भावशुद्धिः, यो भावोऽन्येन भावेन

सहासंयुक्तः सन् शुद्धो भवति बुभुक्षितादेरन्नाद्यभिलाषवदसौ तद्भावशुद्धिः, आदेशे मिश्रा भवति शुद्धिस्तदन्यानन्यविषयेत्यर्थः, एतदुक्तं भवति-आदेशभावशुद्धिर्द्विविधा-अन्यत्वेऽनन्यत्वे च, अन्यत्वे यथा शुद्धभावस्य साधोर्गुरुः अनन्यत्वे शुद्धभाव इति गाथार्थः॥

ટીકાર્થ : જે રીતે દ્રવ્યશુદ્ધિ વિચારી, તે જ રીતે ભાવશુદ્ધિ પણ સમજવી. અર્થાત્ એ પણ ત્રણપ્રકારે છે. તે આ પ્રમાણે (૧) તદ્ભાવશુદ્ધિ (૨) આદેશભાવશુદ્ધિ (૩) પ્રાધાન્યભાવશુદ્ધિ

તેમાં

(૧) તદ્ભાવશુદ્ધિ એટલે અનન્યભાવશુદ્ધિ. અર્થાત્ જે ભાવ બીજાભાવની સાથે સંયોગ પામ્યાવિના જ સ્વયં શુદ્ધ હોય. જેમકે ભૂખ્યા વગેરે જીવોનો ભોજનાદિનો અભિલાષ. આ તદ્ભાવશુદ્ધિ છે.

(ભોજનાદિનો અભિલાષ કોઈ બીજાભાવથી ભળેલો નથી...)

(૨) આદેશભાવશુદ્ધિમાં મિશ્ર શુદ્ધિ છે. તદન્યવિષયક આદેશભાવશુદ્ધિ અને અનન્યવિષયક આદેશભાવશુદ્ધિ. કહેવાનો ભાવ એ છે કે આદેશભાવશુદ્ધિ બે પ્રકારે છે. અન્યત્વમાં અને અનન્યત્વમાં. તેમાં અન્યત્વમાં આ પ્રમાણે કે શુદ્ધભાવવાળા સાધુને ગુરુ આદેશભાવશુદ્ધિ. જ્યારે અનન્યત્વમાં શુદ્ધભાવ એ આદેશભાવશુદ્ધિ છે. (ગુરુ સાધુની ભાવશુદ્ધિમાં કારણ છે, જ્યારે શુદ્ધભાવ એ સાધુથી અભિન્ન છે અને એ સાધુની શુદ્ધિમાં કારણ છે... એમ યથાસંભવ વિચાર કરવો.)

प्रधानभावशुद्धिमाह-

दंसणनाणचरित्ते तवोविसुद्धी पहाणमाएसो । जम्हा उ विसुद्धमलो तेण विसुद्धो हवइ सुद्धो ॥ २८७ ॥

પ્રધાનભાવશુદ્ધિ બતાવે છે.

નિ.૨૮૭ દર્શન, જ્ઞાન, ચારિત્રમાં અને તપમાં વિશુદ્ધ એ પ્રધાન આદેશ છે. કેમકે તેનાવડે વિશુદ્ધમલવાળો જીવ વિશુદ્ધ થાય છે.

व्याख्या-'दर्शनज्ञानचारित्रेषु' दर्शनज्ञानचारित्रविषया तथा तपोविशुद्धिः 'प्राधान्यादेश' इति यद्दर्शनादीनामादिश्यमानानां प्रधानं सा प्रधानभावशुद्धिः, यथा दर्शनादिषु क्षायिकाणि ज्ञानदर्शनचारित्राणि, तपःप्रधानभावशुद्धिः-आन्तरतपोऽनुष्ठानाराधनमिति । कथं पुनरियं प्रधानभावशुद्धिरिति?, उच्यते,

एभिर्दर्शनादिभिः शुद्धैर्यस्माद्विशुद्धमलो भवति साधुः, कर्ममलरहित इत्यर्थः, तेन च मलेन '<u>विशुद्धो</u>' मुक्तो भवति सिद्ध इत्यतः प्रधानभावशुद्धिर्यथोक्तान्येव दर्शनादीनीति गाथार्थः ॥

ટીકાર્થ : દર્શન, જ્ઞાન અને ચારિત્રસંબંધી વિશુદ્ધિ તથા તપવિશુદ્ધિ આ પ્રાધાન્યાદેશ છે. એટલે આદેશ કરાતાં દર્શનાદિઓમાં જે પ્રધાન તે પ્રધાનભાવશુદ્ધિ. (આદેશ કરાતાં = ઉલ્લેખ કરાતાં = વિચારણા કરાતાં...)

જેમકે દર્શન, જ્ઞાન અને ચારિત્રમાં ક્ષાયિકદર્શન, ક્ષાયિકજ્ઞાન અને ક્ષાયિકચારિત્ર એ પ્રધાનભાવશુદ્ધિ છે. તપપ્રધાનભાવશુદ્ધિ એટલે અભ્યન્તરતપાનુષ્ઠાનની આરાધના. (આશય એ છે કે જ્યારે દર્શનની વિચારણા કરીએ ત્યારે ઔપશમિકાદિ અનેક પ્રકારના દર્શનોમાં ક્ષાયિકદર્શન પ્રધાન છે. એમ જ્ઞાનની વિચારણા કરીએ ત્યારે અનેકજ્ઞાનોમાં ક્ષાયિકજ્ઞાન = કેવલજ્ઞાન મુખ્ય છે...)

પ્રશ્ન : પણ આ પ્રધાનભાવશુદ્ધિ શા માટે ?

ઉત્તર : આ દર્શનાદિવડે શુદ્ધિ થાય, અને શુદ્ધિથી સાધુ વિશુદ્ધમલવાળો થાય છે એટલે કે કર્મરૂપી મલથી રહિત થાય છે. અને તે મલવડે વિશુદ્ધ = મુક્ત તે સાધુ સિદ્ધ થાય છે. આથી જ પૂર્વે બતાવ્યા પ્રમાણે જ દર્શનાદિ પ્રધાનભાવશુદ્ધિ જાણવી. (ગાથામાં સૌથી છેલ્લો શબ્દ **સુદ્ધો** લખેલો છે, પરંતુ વૃત્તિના આધારે **સિદ્ધો** શબ્દ હોવો જોઈએ. અને પદાર્થપ્રમાણે પણ એ વધુ સંગત થાય છે...)

उक्ता शुद्धिः, इह च भावशुद्ध्याऽधिकारः, सा च वाक्यशुद्धेर्भवतीत्याह-

जं वक्कं वयमाणस्स संजमो सुज्झई न पुण हिंसा । न य अत्तकलुसभावो तेण इहं वक्कसुद्धित्ति ॥ २८८ ॥

શુદ્ધિ કહેવાઈ ગઈ.

અહીં ભાવશુદ્ધિવડે અધિકાર છે.

અને તે ભાવશુદ્ધિ વાક્યશુદ્ધિથી થાય છે એ કહે છે કે

નિ.૨૮૮ જે કારણથી વાક્યને બોલનારાને સંયમ શુદ્ધ થાય, હિંસા ન થાય. આત્મકલુષભાવ ન થાય. તે કારણથી અહીં વાક્યશુદ્ધિ...

व्याख्या-'<u>यद्</u>' यस्माद्वाक्यं शुद्धं वदतः सतः संयमः शुद्ध्यति, शुद्ध्यतीति निर्मल उपजायते, न पुनर्हिंसा भवति कौशिकादेरिव, न चात्मनः कलुषभावः <u>कालुष्यं</u>-

दुष्टाभिसंधिरूपं संजायते, तेन कारणेन 'इह' प्रवचने वाक्यशुद्धिर्भावशुद्धेर्निमित्तमित्य-तोऽत्र प्रयतितव्यमिति गाथार्थः ॥

ટીકાર્થ : જે કારણથી શુદ્ધવાક્ય બોલનારા સાધુનું સંયમ શુદ્ધ થાય છે, એટલે કે નિર્મલ થાય છે. પરંતુ કૌશિકાદિની જેમ હિંસા થતી નથી. (એ વાક્ય બોલવાથી કોઈ હિંસા ઉત્પન્ન થતી નથી. કૌશિકનું દૃષ્ટાન્ત યોગશાસ્ત્રાદિમાંથી જાણવું. એના વચનથી મોટી હિંસા ઉત્પન્ન થયેલી અને એના કારણે તાદૃશવચન બોલનાર કૌશિક નરકમાં ગયેલો...) તથા જે વાક્ય બોલતાં આત્માનો કલુષભાવ એટલે કે દુષ્ટવિચારણા રૂપ મલિનતા થતી નથી... તે કારણથી જિનપ્રવચનમાં વાક્યશુદ્ધિ ભાવશુદ્ધિનું નિમિત્ત કહેવાય છે. એટલે જ એમાં યત્ન કરવો જોઈએ.

(શુદ્ધવાક્ય બોલો તો હિંસા, કલુષતાદિ ન થાય એટલે ભાવવિશુદ્ધિ થાય. માટે શુદ્ધવાક્ય બોલવામાં પ્રયત્ન કરવો જોઈએ...)

ततश्चैतदेव कर्तव्यमित्याह-

वयणविभत्ती कुसलस्स संजमंमी समुज्जुयमइस्स । दुब्भासिएण हुज्जा हु विराहणा तत्थ जइअव्वं ॥ २८९ ॥

તેથી જ આ જ કરવું જોઈએ કે

નિ.૨૮૯ વચનવિભક્તિમાં કુશલ, સંયમમાં ઉદ્યતમતિવાળાને દુર્ભાષિતવડે વિરાધના થાય, (તેથી) તેમાં યત્ન કરવો.

व्याख्या-'वचनविभक्तिकुशलस्य' वाच्येतरवचनप्रकाराभिज्ञस्य न केवलमित्थं-भूतस्यापितु 'संयमे उ(सम्)द्यतमतेः' अहिंसायां प्रवृत्तचित्तस्येत्यर्थः तस्याप्येवंभूतस्य कथंचिद्दुर्भाषितेन कृतेन भवेत् विराधना-परलोकपीडा अतः 'तत्र' दुर्भाषितवाक्यपरिज्ञाने 'यतितव्यं' प्रयत्नः कार्य इति गाथार्थः ॥

ટીકાર્થ : વચનવિભક્તિ એટલે વચનના વિભાગો... કેટલા વચનો વાચ્ય છે, કેટલા વચનો ઈતર-અવાચ્ય છે... આ બધા વચનપ્રકારોનો જે જાણકાર છે. તથા જે માત્ર જાણકાર જ છે એટલું નહિ, પરંતુ સંયમમાં = અહિંસામાં પ્રવૃત્તચિત્ત છે જેનું તેવો છે... આવાપ્રકારનો પણ સાધુ જો કોઈક રીતે દુષ્ટવચન બોલી જાય, તો તેનાથી એનો પરલોક બગડે. આથી જ દુષ્ટભાષણરૂપ વાક્યના બોધમાં અને ત્યાગમાં (પરિજ્ઞાનના બંને અર્થ થાય જ્ઞાન અને ત્યાગ) પ્રયત્ન કરવો.

आह-यद्येवमलमनेनैव प्रयासेन, मौनं श्रेय इति, न, अज्ञस्य तत्रापि दोषाद्, आह च-

वयणविभत्तिअकुसलो वओगयं बहुविहं अयाणंतो। जइवि न भासइ किंची न चेव वयगुत्तयं पत्तो ॥ २९० ॥

પ્રશ્ન : જો દુષ્ટવચન બોલવાથી પરલોક બગડવાનો હોય અને માટે દુષ્ટવચનાદિનું જ્ઞાન મેળવવાનો યત્ન કરવાનો હોય તો આ પ્રયાસથી જ સર્યું. મૌન જ સારું = કલ્યાણકારી. બોલીએ જ નહિ તો કોઈ નુકસાન થવાનો પ્રશ્ન જ નહિ.

ઉત્તર : ના. જે અજ્ઞાની છે, એને તો મૌન રાખવામાં પણ દોષ લાગે જ છે. એટલે અજ્ઞાની રહીને મૌન રાખવું એ હિતકારી નથી.

કહે છે કે

નિ.૨૯૦ વચનવિભક્તિ-અકુશલ, બહુવિધ વચનગત ન જાણતો જીવ જોકે કંઈ ન બોલે, તો પણ તે વચનગુપ્તિ નથી જ પામ્યો.

व्याख्या-'वचनविभक्त्यकुशलो' वाच्येतरप्रकारानभिज्ञः 'वाग्गतं बहुविधम्' उत्सर्गादिभेदभिन्नमजानानः यद्यपि न भाषते किञ्चित् मौनेनैवास्ते, न चैव वाग्गुप्ततां प्राप्तः, तथाप्यसौ अवाग्गुप्त एवेति गाथार्थः ॥

ટીકાર્થ : શું વાચ્ય છે ? શું અવાચ્ય છે ? આ બધા પ્રકારોનો જે અજ્ઞાતા છે, ઉત્સર્ગ, અપવાદ વગેરે ભેદોથી અનેકપ્રકારના વચનસંબંધી પદાર્થને નથી જાણતો, તે જોકે કંઈ ન બોલે, મૌન જ રહે. તો પણ તે વાગ્ગુપ્તતાને પામેલો નથી. એટલે મૌન રહેવા છતાં પણ આ વાગ્ગુપ્તિરહિત જ છે.

व्यतिरेकमाह-

वयणविभत्तीकुसलो वओगयं बुहविहं वियाणंतो । दिवसंपि भासमाणो तहावि वयगुत्तयं पत्तो ॥ २९१ ॥

વ્યતિરેકને (અજ્ઞાનીનું મૌન નકામું એના કરતા તદ્દન વિપરીતપદાર્થને 'જ્ઞાનીનું બોલવું સારું') બતાવે છે.

નિ.૨૯૧ વચનવિભક્તિકુશલ, બહુવિધ વચનગત જાણતો. આખોદિવસ પણ બોલે, તો પણ વાગ્ગુપ્તિને પામેલો છે.

નમોઽસ્તુ તસ્મૈ જિનશાસનાય

व्याख्या-'<u>वचनविभक्तिकुशलो</u>' वाच्येतरप्रकाराभिज्ञः '<u>वाग्गतम्</u>' बहुविधमुत्सर्गादिभेदभिन्नं विजानन् दिवसमपि भाषमाणः सिद्धान्तविधिना तथापि वाग्गुप्ततां प्राप्तः, वाग्गुप्त एवासाविति गाथार्थः ॥

टीकार्थ : વાચ્ય-ઈતર બંને પ્રકારનો જ્ઞાતા, ઉત્સર્ગાદિભેદભિન્ન અનેકપ્રકારના વચનગત પદાર્થને જાણતો સાધુ આખોદિવસ પણ સિદ્ધાન્તની વિધિ પ્રમાણે બોલે તો એ બોલવા છતાં પણ વાગ્ગુપ્તતાને પામેલો ગણાય. અર્થાત્ આ સાધુ વાગ્ગુપ્ત જ છે.

साम्प्रतं वचनविभक्तिकुशलस्यौघतो वचनविधिमाह-

पुव्वं बुद्धीइ पेहित्ता, पच्छा वयमुयाहरे । अचक्खुओ व नेतारं, बुद्धिमन्नेउ ते गिरा ॥ २९२ ॥

વચનવિભક્તિમાં કુશલ સાધુની સામાન્યથી વચન બોલવાની વિધિને હવે બતાવે છે.

નિ.૨૯૨ પહેલાં બુદ્ધિથી જોઈને પછી વચન બોલવું. ચક્ષુરહિત જેમ લઈ જનારને, તેમ તારી વાણી બુદ્ધિને અનુસરો.

व्याख्या-'<u>पूर्वं</u>' प्रथममेव वचनोच्चारणकाले '<u>बुद्ध्या प्रेक्ष्य</u>' वाच्यं दृष्ट्वा पश्चाद्वाक्यमुदाहरेत्, अर्थापत्त्या कस्यचिदपीडाकरमित्यर्थः, दृष्टान्तमाह-'<u>अचक्षुष्मानिव</u>' अन्ध इव '<u>नेतारम्</u>' आकर्षकं '<u>बुद्धिमन्वेतु ते गीः</u>' बुद्ध्यनुसारेण वाक्प्रवर्ततामिति श्लोकार्थः ॥

टीकार्थ : પૂર્વ = પહેલાં જ એટલે કે જયારે વચન ઉચ્ચારવાનું હોય, તે કાળમાં જ વાચ્ય = જે બોલવાનું છે. તેને બુદ્ધિવડે જોઈને-વિચારીને પછી વાક્ય બોલવું.

અહીં 'વાક્ય બોલવું' એમ લખ્યું છે, પણ કેવા પ્રકારનું વાક્ય બોલવું એ લખ્યું નથી. પરંતુ બુદ્ધિથી વિચારીને બોલવાનું કહ્યું છે. એટલે અર્થાપત્તિથી એ સમજી લેવું કે કોઈને પીડા ન કરનારું વચન બોલવું.

દૃષ્ટાન્ત દર્શાવે છે કે જેમ અંધ માણસ પોતાનો હાથ પકડીને લઈ જનારાને અનુસરે, તેમ તારી વાણી બુદ્ધિને અનુસરો. એટલે કે બુદ્ધિને અનુસારે તારી વાણી પ્રવર્તો.

उक्तो नामनिष्पन्नो निक्षेपः, साम्प्रतं सूत्रालापकनिष्पन्नस्यावसर इत्यादिचर्चः पूर्ववत्तावद्यावत्सूत्रानुगमेऽस्खलितादिगुणोपेतं सूत्रमुच्चारणीयं, तच्चेदम्-

चउण्हं खलु भासाणं, परिसंखाय पन्नवं ।

दुण्हं तु विणयं सिक्खे, दो न भासिज्ज सव्वसो ॥१॥

નામનિષ્પન્ન નિક્ષેપ કહેવાયો.

હવે સૂત્રાલાપકનિષ્પન્નનો અવસર છે... વગેરે ચર્ચા પૂર્વની જેમ ત્યાંસુધી જાણવી કે છેલ્લે સૂત્રાનુગમમાં અસ્ખલિતાદિગુણોથી યુક્ત એવું સૂત્ર ઉચ્ચારવાનું હોય.

તે સૂત્ર આ છે.

ગા.૧ પ્રજ્ઞાવાન ચારભાષાઓના (સ્વરૂપને) જાણીને બેના વિનયને શીખે, બેને સર્વપ્રકારે ન બોલે.

चतसृणां खलु भाषाणां, खलुशब्दोऽवधारणे, चतसृणामेव, नातोऽन्या भाषा विद्यत इति, 'भाषाणां' सत्यादीनां 'परिसंख्याय' सर्वैः प्रकारैर्ज्ञात्वा, स्वरूपमिति वाक्यशेषः 'प्रज्ञावान्' प्राज्ञो बुद्धिमान् साधुः, किमित्याह- 'द्वाभ्यां' सत्यासत्यामृषाभ्यां तुरवधारणे द्वाभ्यामेवाभ्यां 'विनयं' शुद्धप्रयोगं विनीयतेऽनेन कर्मेतिकृत्वा 'शिक्षेत' जानीयात्, 'द्वे' असत्यासत्यामृषे न भाषेत 'सर्वशः' सर्वैः प्रकारैरिति सूत्रार्थः ॥ १ ॥

ટીકાર્થ : ગાથામાં **खलु** શબ્દ અવધારણમાં = 'જ' કાર અર્થમાં છે. એટલે કે ચાર જ ભાષા... એમ અર્થ લેવો. ચાર સિવાયની બીજી કોઈ ભાષા વિદ્યમાન નથી. આ ચારભાષાઓના સ્વરૂપને સર્વપ્રકારે જાણીને... સ્વરૂપ શબ્દ ગાથામાં નથી, પણ એ વાક્યના શેષ તરીકે લઈ લેવો.

આ જાણીને બુદ્ધિમાન સાધુ સત્યા અને અસત્યામૃષા આ બે જ ભાષાઓવડે વિનયને જાણે. અહીં **तु** અવધારણમાં છે. તથા વિનય એટલે શુદ્ધ વાક્યપ્રયોગ.

પ્રશ્ન : શુદ્ધ વાક્યપ્રયોગ વિનય શી રીતે કહેવાય ?

ઉત્તર : જેનાવડે કર્મ દૂર કરાય તે વિનય. શુદ્ધપ્રયોગથી કર્મ દૂર થાય છે, માટે તે વિનય કહેવાય. ટુંકમાં બે ભાષાઓના જ વાક્યપ્રયોગને શીખવો.

જે અસત્યા અને સત્યામૃષા છે, તેને સર્વપ્રકારે ન બોલવી.

विनयमेवाह-

जा अ सच्चा अवत्तव्वा, सच्चामोसा अ जा मुसा । जा अ बुद्धेहिं नाइन्ना, न तं भासिज्ज पन्नवं ॥ २ ॥

વિનયને જ - શુદ્ધપ્રયોગને જ દેખાડે છે.

ગા.૨ જે સત્યા અવક્તવ્ય છે. તથા જે સત્યામૃષા અને મૃષા છે. જે બુદ્ધોવડે આચીર્ણ નથી. પ્રજ્ઞાવાન તે ભાષા ન બોલે.

'जा अ सच्च'त्ति सूत्रं, या च सत्या पदार्थतत्त्वमङ्गीकृत्य 'अवक्तव्या' अनुच्चारणीया सावद्यत्वेन, अमुत्रस्थिता पल्लीति कौशिकभाषावत्, सत्यामृषा वा यथा दश दारका जाता इत्यादिलक्षणा, मृषा च संपूर्णैव, चशब्दस्य व्यवहितः संबन्धः, या च 'बुद्धैः' तीर्थकरगणधरैरनाचरिता असत्यामृषा आमन्त्रण्याज्ञापन्यादिलक्षणा अविधिपूर्वकं स्वरादिना प्रकारेण, 'नैनां भाषेत' नेत्थंभूतां वाचं समुदाहरेत् 'प्रज्ञावान्' बुद्धिमान् साधुरिति सूत्रार्थः ॥ २ ॥

ટીકાર્થ : જે ભાષા પદાર્થતત્ત્વની અપેક્ષાએ સાચી છે, પણ સાવદ્ય હોવાથી ઉચ્ચારવા યોગ્ય નથી. ('હરણીયાં ડાબી બાજુ ગયા છે' એ ભાષા પદાર્થતત્ત્વની દૃષ્ટિએ સાચી હોય તો પણ જો શિકારીઓને આ વાત કહેવાય તો આ ભાષા સાવદ્ય બનવાથી એ ઉચ્ચારણીય નથી)

તથા જે સત્યામૃષા છે. જેમકે દસ છોકરા જન્મ્યા... વગેરે લક્ષણવાળી ભાષા.

તથા જે સંપૂર્ણ જ મૃષા છે. (થોડી પણ સત્યા નથી...)

च શબ્દનો વ્યવહિત ઉપન્યાસ કરવો. (**मुसा** શબ્દ પછી **अ** = **च** જોડવો.)

તથા જે આમંત્રણી, આજ્ઞાપની વગેરે લક્ષણવાળી અસત્યામૃષા તીર્થંકરો અને ગણધરોવડે આચરાયેલી નથી...

પ્રશ્ન : ચોથીભાષા તો આચરિત જ છે ને ?

ઉત્તર : સ્વર વગેરે પ્રકારે અવિધિપૂર્વક આમંત્રણી વગેરે બોલવામાં આવે તો એ અનાચરિત છે. (મોટા સ્વરે બુમો પાડીને બોલે... મુહપત્તીના ઉપયોગ વિના બોલે... આ બધી રીતે આ ચોથીભાષા બોલાય તો એ ન ચાલે.)

આવા પ્રકારની વાણીને બુદ્ધિમાન સાધુ ન બોલે.

यथाभूताऽवाच्या भाषा तथाभूतोक्ता, साम्प्रतं यथाभूता वाच्या तथाभूतामाह-

असच्चमोसं सच्चं च, अणवज्जमकक्कसं । समुप्पेहमसंदिद्धं, गिरं भासिज्ज पन्नवं ॥ ३ ॥

જેવા પ્રકારની ભાષા અવાચ્ય છે, તેવા પ્રકારની ભાષા કહેવાઈ ગઈ.

હવે જેવા પ્રકારની ભાષા વાચ્ય છે, તેવા પ્રકારની ભાષા બતાવે છે.

ગા.૩ અનવદ્ય, અકર્કશ, અસંદિગ્ધ એવી અસત્યામૃષા અને સત્યાભાષા પ્રજ્ઞાવાન વિચારીને બોલે.

'असच्चमोसं'ति सूत्रम् , 'असत्यामृषाम्' उक्तलक्षणां 'सत्यां च' उक्तलक्षणामेव, इयं च सावद्यापि कर्कशापि भवत्यत आह-'असावद्याम्' अपापाम् 'अकर्कशाम्' अतिशायोक्त्या ह्यमत्सरपूर्वां 'संप्रेक्ष्य' स्वपरोपकारिणीति बुद्ध्याऽऽलोच्य 'असंदिग्धां' स्पष्टामक्षेपेण प्रतिपत्तिहेतुं 'गिरं' वाचं 'भाषेत' ब्रूयात् 'प्रज्ञावान्' बुद्धिमान् साधुरिति सूत्रार्थः ॥ ३ ॥

ટીકાર્થ : અસત્યામૃષા અને સત્યા ભાષા બોલવાની છે. પણ આ ભાષા સાવદ્ય પણ અને કર્કશપણ હોઈ શકે છે એટલે કહે છે કે એ અસાવદ્ય = પાપરહિત હોય, તથા અતિશયોક્તિ દ્વારા જે ઈર્ષ્યાપૂર્વક બોલાય તે કર્કશ. તેવી ન હોય તે અકર્કશ. (કોઈક તપસ્વીને બીજા તપસ્વીની ઈર્ષ્યા છે, તો એ ઈર્ષ્યાથી અતિશયોક્તિ કરે કે "અહો ! તમે ઘોરતપસ્વી !" આ અતિશયોક્તિ દ્વારા ઈર્ષ્યાપૂર્વકની ભાષા છે... એ કર્કશ કહેવાય.) તથા આ ભાષા વિચારીને બોલવી. એટલે કે "આ મારાવડે બોલાતી ભાષા સ્વ અને પરને ઉપકારી બનશે..." એ પ્રમાણે બુદ્ધિથી વિચારીને ભાષા બોલવી તથા સ્પષ્ટભાષા બોલવી. એટલે કે શ્રોતાને જે ભાષા ઝડપથી બોધનું કારણ બને, તે ભાષા બોલવી. બુદ્ધિમાન સાધુ આવી ભાષા બોલે.

साम्प्रतं सत्यासत्यामृषाप्रतिषेधार्थमाह-

एअं च अट्ठमन्नं वा, जं तु नामेइ सासयं । स भासं सच्चमोसंपि, तंपि धीरो विवज्जए ॥ ४ ॥

હવે સત્યા અને સત્યામૃષાના પ્રતિષેધને માટે કહે છે.

ગા.૪ આવાપ્રકારનું કે બીજું જે શાશ્વતને નમાવે, ધીર સાધુ સત્યામૃષા એવી પણ ભાષાને વર્જે.

'एअं च' त्ति सूत्रम्, 'एतं चार्थम्' अनन्तरप्रतिषिद्धं सावद्यकर्कशविषयम् 'अन्यं वा' एवंजातीयं, प्राकृतशैल्या 'यस्तु नामयति शाश्वतं' य एव कश्चिदर्थो नामयति-अननुगुणं

करोति शाश्वतं-मोक्षं तमाश्रित्य 'स' साधुः पूर्वोक्तभाषाभाषकत्वेनाधिकृतो भाषां 'सत्यामृषामपि' पूर्वोक्ताम्, अपिशब्दात्सत्यापि या तथाभूता तामपि 'धीरो' बुद्धिमान् 'विवर्जयेत्' न ब्रूयादिति भावः । आह-सत्यामृषाभाषाया ओघत एव प्रतिषेधात्तथाविधसत्यायाश्च सावद्यत्वेन गतार्थं सूत्रमिति, उच्यते, मोक्षपीडाकरं सूक्ष्ममप्यर्थमङ्गीकृत्यान्यतरभाषाभाषणमपि न कर्तव्यमित्यतिशयप्रदर्शनपरमेतददुष्टमेवेति सूत्रार्थः ॥ ४ ॥

ટીકાર્થ : एअं च अट्ठं = एतं च अर्थं = હમણાં જ જેનો નિષેધ કરાયેલો છે. એવો સાવદ્ય, કર્કશરૂપ અર્થ. **अन्नं वा = अन्यं वा** = સાવદ્ય - કર્કશાદિ જેવો જ બીજોકોઈ અર્થ.

આવા જે કોઈ અર્થો મોક્ષને પ્રતિકૂળ બનતા હોય, તેવા અર્થને આશ્રયીને પૂર્વોક્તભાષાના ભાષક તરીકે અધિકૃતસાધુ પૂર્વે જણાવેલી સત્યામૃષા ભાષાને પણ ન બોલે.

અહીં **जं तु नामेइ** માં **जं** એ શબ્દ પ્રાકૃતશૈલિથી લખાયેલો સમજવો. બાકી ખરેખર **जो** લેવો. એટલે જ **यस्तु...** એમ અર્થ લઈ શકાય.

सत्यामृषामपि માં જે **अपि** શબ્દ છે, એનાથી આ સમજવું કે સત્ય એવી પણ જે ભાષા કર્કશ, સાવદ્યાદિઅર્થવાળી છે, તેને પણ બુદ્ધિમાન સાધુ ન બોલે.

(ટુંકમાં મોક્ષને પ્રતિકુળ બને એવી સાવદ્ય, કર્કશાદિ ભાષા સત્યામૃષા હોય કે સત્યા હોય એ બોલવી નહિ.)

પ્રશ્ન સત્યામૃષા ભાષાનો તો સામાન્યથી જ નિષેધ કરી જ દીધો છે, અને સાવદ્યાદિરૂપ સત્યાભાષાનો પણ સાવદ્ય હોવાથી નિષેધ કહેવાઈ જ ગયેલો છે, એટલે આ સૂત્રનો અર્થ પૂર્વે આવી જ ગયો છે. તો ફરી કહેવાની જરૂર શી ?

ઉત્તર : મોક્ષને પીડાકરનારો અર્થ સૂક્ષ્મ હોય, સાવ નાનો હોય તો પણ તેને આશ્રયીને કોઈપણ પ્રકારની ભાષાનું ભાષણ પણ ન કરવું" (અસત્યાનું તો નહિ જ, પણ એ સિવાયનું પણ નહિ) આમ આ વિષયમાં અતિશય દેખાડવામાં તત્પર આ સૂત્ર અદુષ્ટ = નિર્દોષ જ છે. (અર્થાત્ આ વાત પૂર્વે આવી ગયેલી હોવા છતાં પણ એના પર ભાર મુકવામાટે ફરી નિષેધ કરેલો છે.)

साम्प्रतं मृषाभाषासंरक्षणार्थमाह-

वितहंपि तहामुत्तिं, जं गिरं भासए नरो । तम्हा सो पुट्ठो पावेणं, किं पुणं जो मुसं वए? ॥५॥

હવે મૃષાભાષાનાં સંરક્ષણને માટે કહે છે કે

ગા.૫ મનુષ્ય વિતથ એવી પણ તથામૂર્તિને આશ્રયીને જે ભાષા બોલે, તેનાથી તે પાપવડે સ્પૃષ્ટ બને છે. તો જે મૃષા બોલે, તેનું શું ?

'वितहंपि'त्ति सूत्रं, 'वितथम्' अतथ्यं 'तथामूर्त्यपि' कथंचित्तत्स्वरूपमपि वस्तु, अपिशब्दस्य व्यवहितः संबन्धः, एतदुक्तं भवति-पुरुषनेपथ्यस्थितवनिताद्यप्यङ्गीकृत्य यां गिरं भाषते नरः, इयं स्त्री आगच्छति गायति वेत्यादिरुपां, 'तस्माद्' भाषणादेवंभूतात्पूर्वमेवासौ वक्ता भाषणाभिसंधिकाले 'स्पृष्टः पापेन' बद्धः कर्मणा, किं पुनर्यो मृषा वक्ति भूतोपघातिनीं वाचं?, स सुतरां बद्ध्यत इति सूत्रार्थः ॥५॥

ટીકાર્થ : જે વસ્તુ ખોટી છે, છતાં કોઈક રીતે તે સ્વરૂપવાળી છે. અહીં **वितहंपि** માં રહેલા **अपि** નો વ્યવહિત સંબંધ કરવો. એટલે કે **तहामुत्तिंपि** એમ સમજવું. (એનો અર્થ દર્શાવાશે.)

કહેવાનો આશય એ છે કે કોઈક સ્ત્રી વગેરે પુરુષનો વેષ ધારણ કરેલી હોય. તો એ પુરુષ નથી = પુરુષ રૂપે અસત્ = વિતથ છે. છતાં પુરુષ તરીકે દેખાય છે તથામૂર્તિ છે. તો આવી વસ્તુને આશ્રયીને પણ સાધુ જે ભાષા બોલે કે "આ સ્ત્રી આવે છે કે આ સ્ત્રી ગાય છે." વગેરે. તો સાધુ આવાપ્રકારના ભાષણની પૂર્વે જ આ વક્તા આવું બોલવાનો વિચાર કરતી વખતે પાપકર્મથી બંધાય છે. તો પછી જે સાધુ જીવની વિરાધના કરનારી. ભાષા = મૃષા ભાષા બોલે, તેની શું વાત કરવી ? એ તો સુતરાં પાપથી બંધાય.

(સાધુએ સ્ત્રીને જ સ્ત્રી કહી છે, છતાં એનો બાહ્ય આકાર પુરુષનો હોવાથી લોકવ્યવહારાદિથી એ ભાષા વિપરીત થાય છે... એટલે ખરેખર સાચીભાષા બોલવા છતાં સાધુ પાપથી બંધાય છે. તો જે ચોક્ખી મૃષા બોલે... એની તો શી વાત કરવી ?)

तम्हा गच्छामो वक्खामो, अमुगं वा णे भविस्सइ । अहं वा णं करिस्सामि, एसो वा णं करिस्सइ ॥ ६ ॥ एवमाइ उ जा भासा, एसकालंमि संकिआ । संपयाइअमट्ठे वा, तंपि धीरो विवज्जए ॥ ७ ॥

ગા.૬-૭ તેથી "જશું, કહીશું, અમારું અમુક થશે, હું કરીશ, આ કરશે" આ વગેરે જે ભાષા ભવિષ્યકાલમાં શંકાવાળી છે કે વર્તમાન કે ભૂતઅર્થમાં શંકાવાળી છે, તેને પણ ધીરપુરુષ વર્જે.

'तम्ह'त्ति सूत्रं, यस्माद्वितथं तथामूर्त्यपि वस्त्वङ्गीकृत्य भाषमाणो बद्ध्यते तस्माद्गमिष्याम एव श्व इतोऽन्यत्र, वक्ष्याम एव श्वस्तत्तदौषधनिमित्तमिति, अमुकं वा नः कार्यं वसत्यादि भविष्यत्येव अहं चेदं लोचादि करिष्यामि नियमेन, एष वा साधुरस्माकं विश्रामणादि करिष्यत्येवेति सूत्रार्थः ॥ ६ ॥ 'एवमाइ'त्ति सूत्रम्, एवमाद्या तु या भाषा, आदिशब्दात् पुस्तकं ते दास्याम्येवेत्येवमादिपरिग्रहः, 'एष्यत्काले' भविष्यत्कालविषया, बहुविघ्नत्वात् मुहूर्तादीनां 'शङ्किता' किमिदमितथमेव भविष्यत्युतान्यथेत्यनिश्चितगोचरा, तथा साम्प्रतातीतार्थयोरपि या शङ्किता, साम्प्रतार्थे स्त्रीपुरुषाविनिश्चये एष पुरुष इति, अतीतार्थेऽप्येवमेव बलीवर्दतत्स्त्र्याद्यनिश्चये तदाऽत्र गौरस्माभिर्दृष्ट इति । याप्येवंभूता भाषा शङ्किता तामपि धीरो विवर्जयेत्, तत्तथाभावनिश्चयाभावेन व्यभिचारतो मृषात्वोपपत्तेः, विघ्नतोऽगमनादौ गृहस्थमध्ये लाघवादिप्रसङ्गात्, सर्वमेव सावसरं वक्तव्यमिति सूत्रार्थः ॥ ७॥

ટીકાર્થ : જેથી વિતથ તથામૂર્તિ એવી પણ વસ્તુની અપેક્ષાએ બોલનારવ્યક્તિ બંધાય છે, તેથી જ "આવતી કાલે અહીંથી અન્યસ્થાને જઈશ જ", "આવતીકાલે તે તે ઔષધના નિમિત્તને કહીશ જ," "અમારું અમુક વસતિવગેરે કાર્ય થશે જ" "હું આ લોચાદિ કાર્યો અવશ્ય કરીશ", "આ સાધુ અમારી સેવાદિ કરશે જ"

આ વગેરે જે ભાષા છે (एवमादि માં જે आदि પદ છે, તેનાથી "તને પુસ્તક આપીશ જ" આ વગેરે ભાષાઓ લેવી.) કે જે ભાષાઓ ભવિષ્યકાલ સંબંધી છે. તે ભાષાઓ શંકાવાળી છે, અર્થાત્ "જે પ્રમાણે બોલાયું છે, એ પ્રમાણે જ થશે કે નહિ થાય ?" એમ એ ભાષાનો વિષય અનિશ્ચિત છે.

પ્રશ્ન : કેમ શંકિત છે ?

ઉત્તર : કેમકે મુહૂર્ત, પ્રહર, દિવસ, ક્ષણાદિ ઘણાં વિઘ્નોવાળાં છે. એટલે વિઘ્નના કારણે ભાષામાં કહેવાયેલો અર્થ સંપન્ન થાય કે ન પણ થાય.

એ ઉપરાંત જે ભાષા વર્તમાન અને ભૂતઅર્થમાં પણ શંકાવાળી હોય, જેમકે વર્તમાનઅર્થમાં શંકાવાળી આ પ્રમાણે કે સામેની વ્યક્તિ સ્ત્રી છે કે પુરુષ ? એનો નિશ્ચય

થયો ન હોય ત્યારે 'આ પુરુષ છે' એ ભાષા. તથા ભૂતઅર્થમાં શંકાવાળી પણ આ પ્રમાણે જ કે બળદ, કે બળદની સ્ત્રી = ગાય વગેરેનો એ ભૂતકાળમાં નિશ્ચય થયો ન હોય, છતાં "ત્યારે અમારાવડે અહીં ગાય જોવાયેલી" એ ભાષા.

આમ જે કોઈપણ આવાપ્રકારની શંકાવાળી ભાષા છે, ધીરપુરુષ તેને પણ વર્જે. (જે સર્વથા ખોટી તરીકે જાણી જ છે, એ તો ન જ બોલે... પણ શંકાવાળી પણ ન બોલે.)

પ્રશ્ન : શા માટે આ ભાષા ન બોલવી ?

ઉત્તર : તેનો તથાભાવનો નિશ્ચય નથી. એટલે કે સામેની વ્યક્તિનો સ્ત્રીત્વાદિનો નિશ્ચય નથી અને તેથી 'આ સ્ત્રી છે' ઈત્યાદિ ભાષામાં વ્યભિચાર = વિરોધ = વિપરીતતા સંભવે છે. તેના કારણે એ ભાષા મૃષા બની જાય છે. એટલે આવી ભાષા ન બોલાય.

વળી "અમે આવતીકાલે જઈશું જ" વગેરે બોલીએ અને પછી વિઘ્ન આવી પડવાથી ગમનાદિ ન થાય તો ગૃહસ્થોની મધ્યમાં સાધુની લઘુતા, નિંદા, મશ્કરી વગેરે થવાનો સંભવ રહે.

એટલે બધું જ અવસર પ્રમાણે બોલવું.

किंच-

अईअंमि अ कालंमि, पच्चुप्पण्णमणागए । जमट्ठं तु न जाणिज्जा, एवमेअंति नो वए ॥ ८॥

વળી,

ગા.૮ અતીતકાલમાં, વર્તમાન કે અનાગતમાં જે અર્થને જાણે, તેને "આ આમ છે" એમ ન કહે.

'अईयंमि'त्ति सूत्रं, अतीते च काले तथा '<u>प्रत्युत्पन्ने</u>' वर्तमानेऽनागते च यमर्थं तु न जानीयात् सम्यगेवमयमिति, तमङ्गीकृत्य एवमेतदिति न ब्रूयादिति सूत्रार्थः, अयमज्ञातभाषणप्रतिषेधः ॥ ८ ॥

ટીકાર્થ : ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળમાં જે જે અર્થ છે, તેને સાધુ જો સારી રીતે જાણતો ન હોય તો એ પદાર્થમાટે આવું ન બોલે કે "આ આપ્રમાણે હતું "કે" આ આપ્રમાણે છે" કે "આ આપ્રમાણે થશે".

આ નહિ જાણેલી વસ્તુના ભાષણનો પ્રતિષેધ કર્યો.

तथा-

अईअंमि अ कालंमि, पच्चुप्पण्णमणागए । जत्थ संका भवे तं तु, एवमेअं ति नो वए ॥ ९ ॥

ગા.૯ અતીતકાળમાં, વર્તમાનમાં કે ભવિષ્યમાં જે અર્થમાં શંકા ોય, તેને "આ આપ્રમાણે છે" એમ ન બોલે.

'अईयम्मि'त्ति सूत्रं, अतीते च काले प्रत्युत्पन्नेऽनागते यत्रार्थे शङ्का भवेदिति तमप्यर्थमाश्रित्यैवमेतदिति न ब्रूयादिति सूत्रार्थः, अयमपि विशेषतः शङ्कितभाषणप्रतिषेधः ॥ ९ ॥

ટીકાર્થ : ભૂત, વર્તમાન કે ભાવિ જે કાલસંબંધી પદાર્થમાં શંકા હોય (કે આ અર્થ આમ હતો કે નહિ ? આ અર્થ આમ છે કે નહિ ? આ અર્થ આમ થશે કે નહિ ?) તો તે અર્થને આશ્રયીને પણ "આ આમ છે" એમ ન બોલવું.

આ પણ શંકિતભાષણનો વિશેષથી પ્રતિષેધ કર્યો. (સામાન્યથી તો પ્રતિષેધ પૂર્વે ૭મી ગાથામાં **एसकालंमि संकिआ** દ્વારા કહી જ દીધો છે.)

तथा-

अईयंमि अ कालंमि, पच्चुप्पण्णमणागए । निस्संकिअं भवे जं तु, एवमेअं तु निद्दिसे ॥ १०॥

ગા.૧૦ અતીતકાળમાં, વર્તમાનમાં અને ભવિષ્યમાં જે નિઃશંકિત હોય, "આ આમ છે" એમ નિર્દેશ કરવો

'अईयंमि'त्ति सूत्रं, अतीते च काले प्रत्युत्पन्नेऽनागते निःशङ्कितं भवेत्, यदर्थजातं तुशब्दादनवद्यं, तदेवमेतदिति निर्दिशेत्, अन्ये पठन्ति-'स्तोकस्तोक'मिति, तत्र परिमितया वाचा निर्दिशेदिति सूत्रार्थः ॥१०॥

ટીકાર્થ : ત્રણેકાળ સંબંધમાં જે પદાર્થ નિઃશંકિત હોય અને **तु** શબ્દથી સમજી લેવું કે જે પદાર્થ અનવદ્ય હોય, તે પદાર્થને આશ્રયીને "આ આમ છે કે હતું કે થશે") એમ નિર્દેશ કરાય.

અહીં બીજાઓ **थोवं थोवं** એ પાઠ દર્શાવે છે. તેનો અર્થ આ પ્રમાણે કે નિઃશંકિત પદાર્થમાટે પરિમિત વાણીથી નિર્દેશ કરવો.

तहेव फरुसा भासा, गुरुभूओवघाइणी । सच्चावि सा न वत्तव्वा, जओ पावस्स आगमो ॥११॥

ગા.૧૧ તે જ પ્રમાણે (જે) ગુરુભૂતોપઘાતિની કર્કશભાષા, સાચી પણ તે ન બોલવી, જેનાથી પાપનો આગમ થાય.

'तहेव'त्ति सूत्रं, तथैव '<u>परुषा भाषा</u>' निष्ठुरा भावस्नेहरहिता '<u>गुरुभूतोपघातिनी</u>' महाभूतोपघातवती, यथा कश्चित्कस्यचित् कुलपुत्रत्वेन प्रतीतस्तदा तं दासमित्यभिदधतः, सर्वथा सत्यापि सा बाह्यार्थातथाभावमङ्गीकृत्य न वक्तव्या, '<u>यतो</u>' यस्या भाषायाः सकाशात् '<u>पापस्यागमः</u>' अकुशलबन्धो भवतीति सूत्रार्थः ॥ ११ ॥

ટીકાર્થ : પરુષ એટલે નિષ્ઠુર, ભાવસ્નેહ = લાગણી રહિત (બહારથી સ્નેહ દેખાડે, અંદર વૈર હોય, તે દ્રવ્યસ્નેહ)

ગુરુભૂતોપઘાતિની એટલે મોટાજીવોની હિંસાવાળી (અથવા જીવોની મોટીહિંસાવાળી)

જેમકે કોઈક માણસ કોઈકને કુલપુત્ર તરીકે પ્રતીત છે = ણાયેલો છે, તેને તે "આ દાસ છે" એમ બોલે, તે.

આ ભાષા બાહ્યઅર્થના અતથાભાવને આશ્રયીને સર્વથા સત્યા પણ હોય, તો પણ તે ન બોલવી, કે જે ભાષાદ્વારા પાપનો આગમ એટલે અકુશલકર્મોનો બંધ થાય. (એ માણસ ખરેખર કુલપુત્ર છે, કુળવાન છે. પણ કર્મવશ અત્યારે દાસ તરીકે કામ કરે છે. લોકોમાં દાસ તરીકે પ્રસિદ્ધ છે. એટલે અહીં બાહ્યઅર્થનો અતથાભાવ = અકુલપુત્રત્વ છે. અર્થાત્ જે રીતનો બાંહ્યદેખાવ છે, બાહ્યપરિસ્થિતિ છે, એ પ્રમાણે તો એમાં કુલપુત્રતા નથી જ, એ દાસ જ છે. એટલે બાહ્યાર્થના અતથાભાવને લીધે આ માણસને "દાસ" કહો તો એ ભાષા એ રીતે સર્વથા સત્યા છે. પણ છતાં જે એમ જાણે છે કે "આ માણસ ખરેખર તો કુલપુત્ર જ છે" તે વ્યક્તિ બાહ્યાર્થની અકુલપુત્રતાને આગળ કરી દાસ કહે તો એને પાપકર્મનો બંધ થાય જ, એટલે જ એ ભાષા ઉપરમુજબ સત્યા હોય તો પણ ન બોલવી. સીધી વાત છે કે કુલપુત્ર દાસતરીકે કામ કરતો હોય તો પણ આ ભાષા એને દુઃખી કરે. આ પંક્તિનો ભાવાર્થ શાંતચિત્તે વિચારવો.)

तहेव काणं काणत्ति, पंडगं पंडगत्ति वा । वाहीअं वावि रोगित्ति, तेणं चोरत्ति नो वए ॥१२॥

ગા.૧૨ તે જ પ્રમાણે કાણાને કાણો, નપુંસકને નપુંસક, રોગીને રોગી, ચોરને ચોર ન કહેવો.

'तहेव'त्ति सूत्रं, तथैवेति पूर्ववत्, 'काणं'त्ति भिन्नाक्षं काण इति, तथा 'पण्डकं' नपुंसकं पण्डक इति वा, व्याधिमन्तं वापि रोगीति, स्तेनं चौर इति नो वदेत्, अप्रीतिलज्जानाशस्थिररोगबुद्धिविराधनादिदोषप्रसङ्गादित्ति गाथार्थः ॥ १२॥

ટીકાર્થ : **तथैव** એટલે પૂર્વની જેમ જ. એટલે કે જેમ પૂર્વે બીજાને પીડાકારી ભાષા ન બોલવાની વાત કરી, તે જ પ્રમાણે અહીં પણ સમજવું કે કોઈકની એક આંખ ભેદાઈ ગઈ હોય, કાણો થઈ ગયો હોય તો એને 'કાણો' કહેવો નહિ. એમ કોઈ નપુંસક હોય તો એને નપુંસક કહેવો નહિ. વ્યાધિવાળાને 'રોગી' કહેવો નહિ. ચોરને ચોર ન કહેવો.

જો કાણાને કાણો કહો તો એને અપ્રીતિ થાય.

જો નપુંસકને નપુંસક કહો તો લજ્જાનાશ થાય. (નપુંસકતરીકે પ્રસિદ્ધ થાય, જાહેર થાય એટલે પછી નિર્લજ્જ બને.)

જો રોગીને રોગી કહો તો સ્થિરરોગની બુદ્ધિ થાય. (રોગી વિચારે કે "હું રોગી છું, બધા મને રોગી કહે છે. ખરેખર મારો રોગ નહિ મટે..." વગેરે.)

જો ચોરને ચોર કહો તો લોકોને એ ચોર હોવાની ખબર પડતા જ એને મારે... આમ એની વિરાધના થાય.

આમ આ બધા દોષોનો સંભવ હોવાથી આ પ્રમાણે ન બોલવું.

एएणऽन्नेण अट्ठेणं, परो जेणुवहम्मइ । आयारभावदोसन्नू, न तं भासिज्ज पन्नवं ॥ १३ ॥

ગા.૧૩ આ કે અન્ય જે અર્થવડે બીજો હણાય, આચારભાવદોષજ્ઞ પ્રજ્ઞાવાન તે ન બોલે.

'एएण'त्ति सूत्रं, एतेनान्येन वाऽर्थेनोक्तेन सता परो येनोपहन्यते, येन केनचित्प्रकारेण । आचारभावदोषज्ञो यतिर्न तं भाषेत प्रज्ञावांस्तमर्थमिति सूत्रार्थः ॥ १३ ॥

ટીકાર્થ : આ ઉપર બતાવેલો અર્થ કે બીજોકોઈ અર્થ, જે અર્થ બોલવાથી બીજોકોઈ ગમે તે રીતે પણ હણાતો હોય, પીડા પામતો હોય. આચારભાવદોષનો જ્ઞાતા બુદ્ધિમાન સાધુ તે અર્થને ન બોલે. (આચાર = ક્રિયા, ભાવ = અધ્યવસાય. આ બંનેના દોષોને જાણતો સાધુ... આમાં આવી ભાષા બોલવાથી આચારનો દોષ તો લાગે જ. તથા આવી ભાષા બોલવામાં બીજાજીવો પ્રત્યેની ઉપેક્ષા, નિષ્ઠુરતાદિ પણ છે જ, એટલે એ ભાવદોષ પણ લાગે.

અથવા તો આચાર = સાધ્વાચાર. સાચીભાષા બોલવી, ખોટી ન બોલવી... વગેરે સાધ્વાચારોનો ભાવ એ છે કે સ્વ-પરને પીડા ન થવી જોઈએ. આચાર કરતાં પણ આચારનો આ ભાવ જ મુખ્ય છે. એ ભાવ માટે જ આચાર છે. ઉપરોક્ત ભાષાઓમાં આ આચારના ભાવનો દોષ ઉભો થાય છે, માટે એ ભાષા ન બોલવી... આમ યથાસંભવ અર્થ વિચારવો.)

तहेव होले गोलित्ति, साणे वा वसुलित्ति अ । दमए दुहए वावि, नेवं भासिज्ज पन्नवं ॥ १४॥

ગા.૧૪ તે જ પ્રમાણે હોલો, ગોલ, સાણ, વસુલ, દ્રમક, દુર્ભગ આપ્રમાણે પ્રજ્ઞાવાન ન બોલે.

'तहेव'त्ति सूत्रं, तथैवेति पूर्ववत्, होलो गोल इति श्वा वा वसुल इति वा द्रमको वा दुर्भगश्चापि नैवं भाषेत प्रज्ञावान् । इह होलादिशब्दास्तत्तद्देशप्रसिद्धितो नैष्ठुर्यादिवाचकाः अतस्तत्प्रतिषेध इति सूत्रार्थः ॥ १४ ॥

ટીકાર્થ : તથૈવ એટલે પૂર્વની જેમ. હોલ, ગોલ, શ્વા, વસુલ, દ્રમક, દુર્ભગ આ પ્રમાણે પ્રજ્ઞાવાન સાધુ ન બોલે.

અહીં હોલાદિ શબ્દો તે તે દેશની પ્રસિદ્ધિ પ્રમાણે નિષ્ઠુરતાવગેરેના વાચક છે, આથી તેનો પ્રતિષેધ કરેલો છે. (આશય એ છે કે બધા શબ્દો બધે ખરાબ હોતા નથી. પરંતુ અમુક શબ્દો અમુકદેશમાં અમુક ખરાબ પદ્ધતિથી જ વપરાતા હોય છે... એટલે એ દૃષ્ટિએ એવા શબ્દોનો અત્રે નિષેધ કરેલો છે.)

एवं स्त्रीपुरुषयोः सामान्येन भाषणप्रतिषेधं कृत्वाऽधुना स्त्रियमधिकृत्याह-

अज्जिए पज्जिए वावि, अम्मो माउसिअत्ति अ । पिउस्सिए भायणिज्जत्ति,

थूए णत्तुणिअत्ति अ ॥ १५ ॥ हले हलित्ति अन्नित्ति, भट्टे सामिणि गोमिणि । होले गोले वसुलित्ति इत्थिअं नेवमालवे ॥ १६ ॥

આ પ્રમાણે સ્ત્રી અને પુરુષમાં સામાન્યથી (ભેદ પાડ્યા વિના) ભાષણનો પ્રતિષેધ કરીને હવે સ્ત્રીને આશ્રયીને ભાષણ પ્રતિષેધ કહે છે. (૧૪મી ગાથામાં એ દર્શાવ્યું કે સ્ત્રીને કે પુરુષને હોલ, ગોલાદિ શબ્દો ન કહેવા. હવે ૧૫મી ગાથામાં એ દર્શાવાશે કે "સ્ત્રી હોય તો સ્ત્રીને આ આ શબ્દો ન કહેવા...")

ગા.૧૫-૧૬ આર્જિકા, પ્રાર્જિકા, માતા, માસી, ફઈ, ભાણી, દીકરી, પૌત્રી, હલે હલે, અન્ના, ભટ્ટે, સ્વામિની, ગોમિની, હોલે, ગોલે, વસુલા... આ પ્રમાણે સ્ત્રીને બોલાવવી નહિ.

'अज्जिए'त्ति सूत्रं, आर्जिके प्रार्जिके वापि अम्ब मातृष्वस इति च पितृष्वसः भागिनेयीति दुहितः नप्त्रीति च । एतान्यामन्त्रणवचनानि वर्तन्ते, तत्र मातुः पीतुर्वा माताऽऽर्यिका, तस्या अपि याऽन्या माता सा प्रार्यिका, शेषाभिधानानि प्रकटार्थान्येवेति सूत्रार्थः ॥ १५ ॥ किं च-'हले हले'त्ति सूत्रं, हले हले इत्येवमन्ने इत्येवं तथा भट्ट स्वामिनि गोमिनि । तथा होले गोले वसुले इति, एतान्यपि नानादेशापेक्षया आमन्त्रणवचनानि गौरवकुत्सादिगर्भाणि वर्तन्ते, यतश्चैवमतः स्त्रियं नैवं हलादिशब्दैरालपेदिति, दोषाश्चैवमालपनं कुर्वतः सङ्गगर्हातत्प्रद्वेषप्रवचनलाघवादय इति सूत्रार्थः ॥१६॥

ટીકાર્થ : હે આર્જિકા ! હે પ્રાર્જિકા !... આ આમંત્રણવચનો છે. તેમાં માતાની કે પિતાની માતા એ આર્થિકા (નાની+દાદી), તેમની પણ જે બીજી માતા તે પ્રાર્જિકા (વડનાની-વડદાદી) બાકીના નામો તો પ્રકટઅર્થવાળા જ છે. (સાધુ નાનીને નાની કે સગીમાતાને માતા ન જ કહી શકે કેમકે આ સાંસારિકસંબંધ- દર્શક નામો છે, સાધુને એ સંબંધ હવે નથી.)

વળી

"હલે હલે !" એ પ્રમાણે કે "અન્ને" એ પ્રમાણે તથા "ભટ્ટ, સ્વામિનિ ! ગોમિનિ ! હોલે ! ગોલ! વસુલે !" આ બધા વચનો પણ જુદા જુદા દેશોની અપેક્ષાએ આમંત્રણવચનો છે, જે વચનો ગૌરવ, કુત્સા વગેરેથી ગર્ભિત છે. (શ્રીમંતસ્ત્રીને લોકો ગૌરવવાચક સ્વામિનિ ! વગેરે શબ્દોથી બોલાવે. પણ સાધુથી આ રીતે વચન ન બોલાય. એમ હલે, ગોલે... એ શબ્દો એ વ્યક્તિ પ્રત્યે કુત્સા, જુગુપ્સા, તિરસ્કાર સુચવનારા

છે... સાધુ આવા વચનો પણ ન બોલે..)

આમ આ વચનો ગૌરવાદિસુચક છે, માટે જ સાધુ ક્યાંય કોઈ સ્ત્રીને આ બધા શબ્દોથી ન બોલાવે.

પ્રશ્ન : આ ૧૫-૧૬મી ગાથામાં દર્શાવેલા આમંત્રણવચનો બોલવામાં શું શું દોષ લાગે ?

ઉત્તર આપ્રમાણે આલપનકરનારા સાધુને સંગ, ગર્હા, તત્પ્રદ્વેષ, પ્રવચન લાઘવ વગેરે દોષો લાગે.

(સાધુ નાની, દાદી, માસી... વગેરે સંબંધવાચક શબ્દો બોલે, એનાથી એ સ્ત્રીઓ લાગણીવાળી હોય તો સાધુ પ્રત્યે સ્નેહવાળા બને... વાતચીતાદિ શરું થાય. આમ સંગ = મમત્વ = સ્નેહાદિ દોષો ઉભા થાય. ક્યારેક સ્ત્રીઓ ગુસ્સે થાય "આ સાધુ આવા શબ્દો બોલી અમારી ઈજ્જત બગાડે છે..." વગેરે વિચારી સાધુની નિંદા કરે. અથવા તો ભલે એ સ્ત્રી ખરેખર સાધુની નાની-દાદી વગેરે હોય તો પણ આવી ભાષા સાંભળારા બીજાઓ સાધુની નિંદા કરવાના કે "દીક્ષા લીધા પછી પણ હજી કેવો સંસાર પ્રત્યેનો, સ્વજનો પ્રત્યેનો સ્નેહભાવ છે. 'હોલે ! ગોલે !' વગેરે હલકાશબ્દો સાંભળીને તે સ્ત્રીને દ્વેષ ઉત્પન્ન થાય. તથા સાધુ હે 'સ્વામિનિ !' વગેરે ગૌરવવાચક શબ્દો ોલે તો લોકો બોલે કે "આ જૈનસાધુઓ સારી સારી વસ્તુઓ મેળવવા કેવા મશ્કા લગાવે છે..." વગેરે. આમ પ્રવચનલાઘવ થાય.)

यदि नैवमालपेत् कथं तर्ह्यालपेदित्याह-

नामधिज्जेण णं बूआ, इत्थीगुत्तेण वा पुणो । जहारिहमभिगिज्झ आलविज्ज लविज्ज वा ॥ १७ ॥

પ્રશ્ન જો આ પ્રમાણે નહિ બોલાવાવી, તો સ્ત્રીને કઈ રીતે બોલાવવી ?

ગા.૧૭ ઉત્તર નામથી અથવા સ્ત્રીગોત્રથી બોલાવવી. યથાર્હ અભિગ્રહીને આલપન કે લપન કરવું.

'नामधिज्जेणं'त्ति सूत्रं, 'नामधेयेने'त्ति नाम्नैव एनां ब्रूयात्स्त्रियं क्वचित्कारणे यथा देवदत्ते! इत्येवमादि । नामास्मरणादौ गोत्रेण वा पुनर्ब्रूयात् स्त्रियं यथा काश्यपगोत्रे! इत्येवमादि, 'यथार्हं' यथायथं वयोदेशैश्वर्याद्यपेक्षया 'अभिगृह्य' गुणदोषानालोच्य 'आलपेल्लपेद्वा' ईषत्सकृद्वा लपनमालपनमतोऽन्यथा लपनं, तत्र वयोवृद्धा मध्यदेशे

ईश्वरा धर्मप्रियाऽन्यत्रोच्यते धर्मशीले इत्यादिना, अन्यथा च यथा न लोकोपघात इति सूत्रार्थः ॥ १७ ॥

ટીકાર્થ : કાંઈક કારણસર સ્ત્રીને ઉદ્દેશીને બોલવું પડે તો નામથી બોલાવવી. જેમકે દેવદત્તે ! વગેરે. જો નામ યાદ ન આવે કે નામ ખબર જ ન હોય તો પછી સ્ત્રીને ગોત્રથી બોલાવવી. જેમકે "કાશ્યપગોત્રે !" વગેરે. (બોલાવવી = એ રીતે એની સાથે વાત કરવી...) ટુંકમાં જે રીતે યોગ્ય હોય એ રીતે એટલે કે ઉંમર, દેશ, ઐશ્વર્ય વગેરેની અપેક્ષાએ ગુણો અને દોષોને વિચારીને આલપન કે લપન કરવું.

કંઈક બોલવું કે એકવાર બોલવું તે આલપન.

એનાથી વિપરીત (એટલે કે વધુ બોલવું કે અનેકવાર બોલવું) તે લપન.

તેમાં મધ્યદેશમાં વયોવૃદ્ધ સ્ત્રી 'ઈશ્વરા' એ પ્રમાણે કહેવાય છે. અન્યક્ષેત્રમાં ધર્મપ્રિયા સ્ત્રી 'ધર્મશીલે' એ પ્રમાણે કહેવાય છે.

હવે આ રીતે બોલવું કે અન્યથા = બીજી રીતે બોલવું. જે રીતે લોકોપઘાત ન થાય એટલે કે લોકોમાં નિંદાવગેરે દોષો ન થાય એ રીતે બોલવું. (આશય એ છે કે અહીં દર્શાવ્યા પ્રમાણે જ બોલવું એવું ન સમજવું. બધો ભાર દો ો ઉત્પન્ન ન થવા ઉપર છે. જે ભાષા બોલવાથી અત્યારે એવું અનુભવાય છે કે સાધુ "ધર્મિષ્ઠા, અલકા, લતા..." વગેરે નામો બોલે, તો બેહુદુ લાગે. નામ બોલવા જ હોય ત્યારે ધર્મિષ્ઠાબહેન, અલકાબહેન... એમ 'બહેન' શબ્દ જોડવાપૂર્વક બોલાય છે... એટલે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવાદિને નજર સામે રાખીને વિચાર કરવો...)

उक्तः स्त्रियमधिकृत्यालपनप्रतिषेधो विधिश्च, साम्प्रतं पुरुषमाश्रित्याह-

अज्जए पज्जए वावि, बप्पो चुल्लपिउत्ति अ । माउलो भाइणिज्ज त्ति, पुत्ते णत्तुणिअत्ति अ ॥ १८ ॥ हे भो हलित्ति अन्नित्ति, भट्टे सामिअ गोमिअ । होल गोल वसुलि त्ति, पुरिसं नेवमालवे ॥१९॥

સ્ત્રીને આશ્રયીને આશ્રયીને આલપનનો પ્રતિષેધ અને વિધાન કહ્યું.

હવે પુરુષને આશ્રયીને કહે છે.

ગા.૧૮-૧૯ આર્યક, પ્રાર્યક, બાપા, કાકા, મામા, ભાણિયો, પુત્ર, પૌત્ર, હે ! ભો ! હલ ! અન્ન ! ભટ્ટ! સ્વામી ! ગોમિન્ ! હોલ ! ગોલ ! વસુલ ! આ પ્રમાણે પુરુષને બોલાવવો નહિ.

'अज्जए'त्ति सूत्रं, आर्यकः प्रार्यकश्चापि बप्पश्चुल्लपितेति च, तथा मातुल भागिनेयेति पुत्र नत्त इति च, इह भावार्थः स्त्रियामिव द्रष्टव्यः, नवरं चुल्लबप्पः पितृव्योऽभिधीयत इति सूत्रार्थः ॥ १८ ॥ किंच-'हे भो'त्ति सूत्रं, हे भो हलेति । अन्नेत्ति भर्तः! स्वामीन् गोमिन् होल गोल वसुल इति पुरुषं नैवमालपेदिति, अत्रापि भावार्थः पूर्ववदेवेति सूत्रार्थः ॥ १९ ॥

ટીકાર્થ : અહીં ભાવાર્થ સ્ત્રીમાં દર્શાવ્યા પ્રમાણે સમજી લેવો. માત્ર ચુલ્લબપ્પ એટલે કાકા કહેવાય છે.

(૧૫મી ગાથાનો અર્થ જોઈ લેવો...)

વળી હલે... અહીં પણ ભાવાર્થ પૂર્વની જેમ જ છે. (૧૬મી ગાથાનો અર્થ જોવો.)

यदि नैवमालपेत्, कथं तर्ह्यालपेदित्याह-

नामधिज्जेण णं बूआ, पुरिसगुत्तेण वा पुणो । जहारिहमभिगिज्झ, आलविज्ज लविज्ज वा ॥२०॥

પ્રશ્ન જો આપ્રમાણે આલપન ન કરવું, તો કઈ રીતે આલપન કરવું ?

ગા.૨૦ ઉત્તર : નામથી બોલાવવા, અથવા પુરુષગોત્રથી બોલાવવા. યથાયોગ્ય વિચારીને આલપન કે લપન કરવું.

'नामधिज्जेण'त्ति सूत्रं, व्याख्या पूर्ववदेव, नवरं पुरुषाभिलापेन योजना कार्येति ॥ २० ॥

ટીકાર્થ : આની વ્યાખ્યા પૂર્વની જેમ જ (૧૭મી ગાથા) છે. માત્ર અહીં સ્ત્રીની જગ્યાએ પુરુષના અભિલાપથી બધી અર્થયોજના કરવી.

उक्तः पुरुषमप्याश्रित्यालपनप्रतिषेधो विधिश्च, अधुना पञ्चेन्द्रियतिर्यग्गतं वाग्विधिमाह-

पंचिंदिआण पाणाणं, एस इत्थी अयं पुमं । जाव णं न विजाणिज्जा, ताव जाइत्ति आलवे ॥२१॥

પુરુષને આશ્રયીને પણ આલપનનો પ્રતિષેધ અને વિધિ કહેવાયા.

હવે પંચેન્દ્રિયતિર્યંચ સંબંધી વચનવિધિને બતાવે છે.

ગા.૨૧ પંચેન્દ્રિયજીવોમાં 'આ સ્ત્રી, આ પુરુષ' એમ જ્યાંસુધી ન જાણે, ત્યાંસુધી જાતિથી આલાપ કરવો.

'पंचिंदिआण'त्ति सूत्रं, 'पञ्चेन्द्रियाणां' गवादीनां प्राणिनां 'क्वचिद्' विप्रकृष्टदेशावस्थितानामेषा स्त्री गौरयं पुमान् बलीवर्दः, यावदेतद्विशेषेण न विजानीयात् तावन्मार्गप्रश्नादौ प्रयोजने उत्पन्ने सति 'जाति'मिति जातिमाश्रित्यालपेत्, अस्माद्गोरूपजातात्कियद्दूरेणेत्येवमादि, अन्यथा लिङ्गव्यत्ययसंभवान्मृषावादापत्तिः, गोपालादीनामपि विपरिणाम इत्येवमादयो दोषाः, आक्षेपपरिहारौ तु वृद्धविवरणादवसेयौ, तच्चेदम्-'जइ लिंगवच्चए दोसो ता कीस पुढवादि नपुंसगत्तेवि पुरिसित्थिनिद्देसो पयट्टइ, जहा पत्थरो मट्टिआ करओ उस्सा मुम्मुरो जाला वाओ वाउली अंबओ अंबिलिआ किमिओ जलूया मक्कोडओ कीडिआ भमरओ मच्छिया इच्चेवमादि?, आयरिओ आह-जणवयसच्चेण ववहारसच्चेण य एवं पयट्टइत्ति ण एत्थ दोसो, पंचिंदिएसु पुण ण एयमंगीकीरइ, गोवालादीणवि ण सुदिट्ठधम्मत्ति विपरिणामसंभवाओ, पुच्छिअसामायारिकहणे वा गुणसंभवादिति' इति सूत्रार्थः ॥ २१ ॥

ટીકાર્થ : ક્યાંક એવું બને કે ગાય-ભેંસાદિ પંચેન્દ્રિયપ્રાણીઓ ઘણાં દૂરના સ્થાને રહેલા હોય અને એટલે દૂર રહેલા સાધુને એ ખરાબ ન પડે કે "આ સ્ત્રી છે એટલે કે ગાય છે" કે "આ પુરુષ છે એટલે કે બળદ છે"

હવે જ્યાંસુધી આ વાત વિશેષથી ન જાણે, ત્યાંસુધી તો જો માર્ગની પૃચ્છાવગેરે પ્રયોજન ઉત્પન્ન થાય તો જાતિને આશ્રયીને બોલવું. દા.ત. "આ ગોરૂપજાતથી કેટલે દૂર છે ?" (માર્ગાદિની પૃચ્છા કરવી છે, દૂર પ્રાણી ઊભું છે. પણ 'ગાય કે બળદ' એ ખબર નથી. તો ખેડુતાદિને એમ ન પુછાય કે "ભાઈ ! એ પેલો બળદ ઉભો છે ને ? એનાથી કેટલે દૂર માર્ગ છે ? પણ એમ કહેવું કે કે "એ ગોજાતિથી કેટલે દૂર માર્ગ છે ?")

પ્રશ્ન : પણ ગાય કે બળદના ઉલ્લેખદ્વારા જ પ્રશ્ન કરીએ તો ?

ઉત્તર : જો ગોજાતિને બદલે ગાય કે બળદના ઉલ્લેખથી પ્રશ્ન કરાય તો ત્યાં લિંગના વ્યત્યયનો સંભવ હોવાથી મૃષાવાદની આપત્તિ આવે. (સાધુ 'ગાય' કહે અને એ પ્રાણી બળદ હોય તો ? સાધુ 'બળદ' કહે અને એ પ્રાણી ગાય હોય તો ? આમ લિંગનો વ્યત્યય હોય તો મૃષાવાદદોષ લાગે.)

વળી જે ગોવાળાદિને પૃચ્છા કરી હોય એને પણ વિપરિણામ થાય (કે આ

જૈનસાધુઓને આટલું પણ ભાન નથી... આમ સાધુ પ્રત્યે અસદ્ભાવ થાય.... વગેરે.)

આ બધા દોષો છે.

આ વિષયમાં પ્રશ્ન અને ઉત્તર વૃદ્ધવિવરણમાંથી = ચૂર્ણિમાંથી જાણવા.

તે આ છે.

પ્રશ્ન : (આક્ષેપ) : જો લિંગનો વ્યત્યય કરવામાં દોષ હોય એટલે કે ગાય = સ્ત્રીને બળદ = પુરુષ કહેવામાં દોષ હોય તો પછી પૃથ્વીવગેરે જીવો તો બધા નપુંસક જ છે. તો એ બધામાટે શા માટે પુરુષલિંગ અને સ્ત્રીલિંગશબ્દનો નિર્દેશ પ્રવર્તે છે ? (**पृथ्वी** એ સ્ત્રીલિંગ શબ્દ છે, **मणिः** એ પુલ્લિંગ છે. આ શબ્દો નપુંસકલિંગ પૃથ્વીજીવોમાટે વપરાય છે.)

જેમકે પૃથ્વી માટે **पत्थरो, मट्टिआ.**

પાણી માટે **करओ, उस्सा**

અગ્નિ માટે **मुम्मुरो, जाला**

વાયુ માટે **वाओ, वाउली**

વનસ્પતિ માટે **अंबओ, अंबिलिआ**

બેઈન્દ્રિય માટે **किमिओ, जलुआ**

તેઈન્દ્રિય માટે **मक्कोडओ, कीडिआ**

ચઉરિન્દ્રિય માટે **भमरओ, मच्छिआ.** વગેરે.

(આમાં પૃથ્વીથી માંડી ચઉરિન્દ્રિય બધા જ નપુંસક છે. અને છતાં બધામાટે પુલ્લિંગ અને સ્ત્રીલિંગ શબ્દો વપરાય છે. આ બધા શબ્દો અહીં પ્રાકૃતભાષા પ્રમાણે લખેલા છે...)

ઉત્તર (પરિહાર) આચાર્ય કહે છે કે જનપદસત્યથી અને વ્યવહારસત્યથી આ પ્રમાણે વચનપ્રયોગ પ્રવર્તે છે. એટલે આમાં દોષ નથી. (જનપદમાં આ રીતે પ્રયોગો માન્ય છે, વ્યવહારમાં પણ આ રીતે પ્રયોગ માન્ય છે...)

પરંતુ પંચેન્દ્રિયમાં આ પ્રમાણે અંગીકાર કરાયો નથી. એટલે કે બળદને ગાય કે ગાયને બળદ કહેવી એ રીતે લિંગવ્યત્યય કરવો એ જનપદમાં કે વ્યવહારમાં માન્ય નથી.

વળી ગોવાળવગેરેને પણ વિપરિણામ થવાનો સંભવ છે કે "આ સાધુઓએ ધર્મને સારી રીતે જોયો નથી. માટે જ તો જાણ્યા વિના જ ગાય કે બળદ એમ જાણ્યા વિના

જ એ રીતે ઉચ્ચાર કરે છે."

અથવા એવું બને કે જો સાધુ જાતિનો ઉલ્લેખ કરીને બોલાવે, તો ગોવાળાદિ પૂછે કે "કેમ તમે ગાય કે બળદનો ઉલ્લેખ કરવાનો બદલે ગોજાતિનો ઉલ્લેખ કર્યો તો આ સાધુ એને સાધુસામાચારી કહે કે "એ પ્રાણી ગાય કે બળદ તરીકે જાણ્યા વિના જ એ રીતે એને માટે શબ્દ ન વપરાય, મૃષાદોષ લાગે..." આ રીતે કહે એટલે ગોવાળાદિને જૈનધર્મ પ્રત્યે બહુમાન ઉત્પન્ન થાય, આમ લાભ થાય.

એટલે ગાથામાં દર્શાવેલી બાબત બરાબર આચરવી.

किंच-

तहेव माणुसं पसुं, पक्खि वावि सरीसवं । थूले पमेइले वज्झे, पायमित्ति अ नो वए ॥ २२॥

ગા.૨૨ તે જ પ્રમાણે મનુષ્યને, પશુને, પક્ષીને કે સરિસૃપને "સ્થૂલ, પ્રમેદુર, વધ્ય, પાક્ય" એ પ્રમાણે ન કહેવો.

'तहेव'त्ति सूत्रं, 'तथैव' यथोक्तं प्राक् 'मनुष्यम्' आर्यादिकं 'पशुम्' अजादिकं 'पक्षिणं वापि' हंसादिकं 'सरीसृपम्' अजगरादिकं 'स्थूलः' अत्यन्तमांसलोऽयं मनुष्यादिः तथा 'प्रमेदुरः' प्रकर्षेण मेदःसंपन्नः तथा 'वध्यो' व्यापादनीयः पाक्य इति च नो वदेत्, 'पाक्यः' पाकप्रायोग्यः, कालप्राप्त इत्यन्ये, 'नो वदेत्' न ब्रूयात् तदप्रीतितद्व्यापत्त्याशङ्कादिदोषप्रसङ्गादिति सूत्रार्थः ॥ २२ ॥

ટીકાર્થ : આર્ય વગેરે મનુષ્ય, બકરો વગેરે પશુ, હંસ વગેરે પક્ષી, અજગર વગેરે સરિસૃપ... આ બધા જીવોને ઉદ્દેશીને એવું ન બોલવું કે "આ મનુષ્યાદિ અત્યંતમાંસલ = માંસપુષ્ટ છે." "પ્રકર્ષથી ચરબીવાળો છે" "મારવાયોગ્ય છે" "પકાવવાયોગ્ય છે."

પાક્ય એટલે પકાવવા માટે યોગ્ય એમ અર્થ થાય. બીજાઓ વળી એમ કહે છે કે પાક્ય એટલે કાલપ્રાપ્ત. (જેનો પકાવવાદિનો કાળ આવી ગયો છે તે.)

પ્રશ્ન આવું બોલવામાં દોષ શું ?

ઉત્તર તેને અપ્રીતિ, તદવ્યાપત્તિ આશંકા વગેરે દોષો લાગી શકે.

(મનુષ્યને 'અતિમાંસલ' કહો એટલે એને અપ્રીતિ થાય જ. એમ વધ્ય વગેરે કહેવામાં પણ અપ્રીતિ થાય. સાધુ કોઈ ચોરાદિને માટે કહે કે 'આને તો મારી જ નાંખવો

જોઈએ' તો સ્પષ્ટવાત છે કે દોષ લાગવાનો જ. એ ચોરાદિને અપ્રીતિ થવાની જ.

હવે ધારોકે તે પશુ, માણસાદિના માલિકનો નિર્ણય હોય કે "આ પશુ વગેરેને અત્યારે મારવો નથી" પરંતુ સાધુ બોલે કે "આ તગડો છે કે વધ્ય છે" તો એના માલિકને એમ થાય કે "સાધુ કહે છે એ પ્રમાણે તો આ પશુ વગેરેને મારીનાંખવો જોઈએ" આમ તે પશુ વગેરેના અવિનાશમાં આશંકા થાય. અર્થાત્ પશ્વાદિની હિંસા ન થવાની હતી, એ વાત હવે શંકાવાળી બને... માલિકાદિ એનો વિનાશ કરી પણ દે... એવી પરિસ્થિતિ ઉભી થાય.

(**तदव्यापत्त्याशंका** શબ્દના બીજાપણ અર્થો સંભવી શકે છે. સાધુ આવા શબ્દો બોલે એટલે લોકોને સાધુને વિશે જીવની અવ્યાપત્તિ = અહિંસા સંબંધી આશંકા ઉભી થાય. અર્થાત્ "આ સાધુ આ રીતે બોલે છે, એમાં તો સાધુ એ જીવની હિંસાને ઈચ્છતો લાગે છે. તો પછી સાધુ જીવની હિંસા ન કરે ન ઈચ્છે... એ વાત શું ખોટી હશે ?...")

कारणे पुनरुत्पन्न एवं वदेदित्याह-

परिवूढत्ति णं बूआ, बूआ उवचिअत्ति अ । संजाए पीणिए वावि, महाकायत्ति आलवे ॥२३॥

જો કોઈ કારણ ઉત્પન્ન થાય તો આ પ્રમાણે બોલવું કે

ગા.૨૩ 'પરિવૃદ્ધ', એમ બોલવું કે 'ઉપચિત' એમ બોલવું. 'સંજાત, પ્રીણિત, મહાકાય' એમ બોલવું.

'परिवूढ'त्ति सूत्रं, परिवृद्ध इत्येनं-स्थूलं मनुष्यादिं ब्रूयात्, तथा ब्रूयादुपचित इति च, संजातः प्रीणितश्चापि महाकाय इति चालपेत् परिवृद्धं, पलोपचितं परिहरेदित्यादाविति सूत्रार्थः ॥२३ ॥

ટીકાર્થ : સ્થૂલમનુષ્યાદિમાટે એમ બોલવું કે "પરિવૃદ્ધ..." તથા ઉપચિત, સંજાત, પ્રીણિત, મહાકાય આ બધા શબ્દો એ પરિવૃદ્ધને માટે વાપરી શકાય. જેમકે "પલોપચિતને પરિહરવો" વગેરે વાક્યોમાં આ રીતે ઉપચિતવગેરે શબ્દોનો પ્રયોગ થાય છે. (જેમ આપણે રોટલી માટે સાંકેતિક શબ્દ વાપરીએ, કે જેથી રોટલી શબ્દ બોલવાથી થનારા નુકસાનો અટકે. એમ અહીં પણ "પેલો જે જાડો માણસ ઉભો છે, એ ને ન પૂછતા એ બીજાને પુછવું, વગેરે વગેરે બોલવાનો અવસર આવે ત્યારે સ્થૂલ, પ્રમેદુર વગેરે

શબ્દોને બદલે પરિવૃદ્ધ વગેરે શબ્દો ેલવા. જેથી સ્થૂલાદિ શબ્દો બોલવાથી થનારા નુકસાનો અટકે.)

किं च-

तहेव गाओ दुज्झाओ, दम्मा गोरहगत्ति अ । वाहिमा रहजोगित्ति, नेवं भासिज्ज पन्नवं ॥२४॥

ગા.૨૪ તે જ પ્રમાણે ગાયો દોહ્ય છે. ગોરથકો દમ્ય છે. વાહ્ય છે, રથયોગ્ય છે... પ્રજ્ઞાવાન

આ પ્રમાણે ન બોલે.

'तहेव'त्ति सूत्रं, तथैव गावो 'दोह्या' दोहार्हा दोहसमय आसां वर्तत इत्यर्थः, 'दम्या' दमनीया गोरथका इति च, गोरथकाः कल्होडाः, तथा वाह्याः सामान्येन ये क्वचित्तानाश्रित्य रथयोग्याश्चैत इति नैवं भाषेत प्रज्ञावान् साधुः, अधिकरणलाघवादिदोषादिति सूत्रार्थः ॥ २४ ॥

ટીકાર્થ : પ્રજ્ઞાવાન સાધુ એમ ન બોલે કે "આ ગાયો દોહનમાટે યોગ્ય છે એટલે કે ગાયોને દોહવાનો સમય વર્તે છે એમ ન બોલે. તથા ગોરથક = કલ્હોડાઓ દમનકરવાયોગ્ય છે. એમ ન બોલે. એમ કલ્હોડાઓ વહન કરવા યોગ્ય છે, એમ ન બોલે. તથા જે વહનકરવાયોગ્ય છે, તેમને આશ્રયીને એમ ન બોલે કે 'આ રથયોગ્ય છે.' અહીં વહન કરવા એ સામાન્યથી સમજવું. એટલે કે માણસ એના ઉપર બેસીને પણ એને વહન કરી શકે. (જ્યારે એવા વાહ્ય જીવો માટે 'રથયોગ્ય' તરીકેની ભાષા એ વિશેષથી વાહ્યતાને જણાવનારી છે...)

પ્રશ્ન : આવું કેમ ન બોલવું ?

ઉત્તર સાધુના આવા શબ્દો સાંભળી ગોવાળ ગાયોને દોહવા લાગે, ગોરથકોનું દમન કરે, રથમાં જોડે... તો આ બધી હિંસા ઉત્પન્ન થાય. વળી આવી બધી વાતો બોલનાર સાધુની અને શાસનની લોકમાં લઘુતા થાય.

प्रयोजन तु क्वचिदेवं भाषेतेत्याह-

जुवं गवित्ति णं बूआ, धेणुं रसदयत्ति अ । रहस्से महल्लए वावि, वए संवहणित्ति अ ॥२५॥

કોઈક પ્રયોજન આવી પડે તો આ પ્રમાણે બોલવું કે

ગા.૨૫ 'યુવાનગાય' એમ બોલે, ધેનુને 'રસદા' કહે. મોટા કે નાનાને 'સંવહન' કહે.

'जुवं' ति सूत्रं, युवा गौरिति-दम्यो गौर्युवेति ब्रूयात्, धेनुं गां रसदेति ब्रूयात्, रसदा गौरिति, तथा हूस्वं महल्लकं वापि गोरथकं हूस्वं वाह्यं महल्लकं वदेत्, संवहनमिति रथयोग्यं संवहनं वदेत्, क्वचिद्दिगुपलक्षणादौ प्रयोजन इति सूत्रार्थः ॥ २५ ॥

ટીકાર્થ : જે ગાય દમવાયોગ્ય હોય એને માટે 'યુવાનગાય' એમ બોલે. તથા (જે ગાય દોહનને યોગ્ય હોય તે) ગાયને 'રસદા ગાય' એમ કહે. તથા જે હ્રસ્વ કે મહલ્લક ગોરથક વાહ્ય હોય, તેને માટે હ્રસ્વ કે મહલ્લક શબ્દ બોલે. તથા રથયોગ્યને માટે 'સંવહન' શબ્દ બોલે.

દિશાનું ઉપલક્ષણાદિ કોઈક પ્રયોજન આવી પડે ત્યારે આ પ્રમાણે બોલે. (દૂર ગાયો ઉભી હોય. એમાં દૂધાળી ગાય જયાં ઊભી હોય તે દિશાનું સુચન સાધુને કરવું હોય ત્યારે સાધુ બોલે કે "જુઓ, પેલી રસદા ગાય ઉભી છે, ત્યાંથી આગળ જશો એટલે વડીનીતિની જગ્યા મળી જશે." વગેરે. એ વખતે "પેલી દૂધાળી ગાય... વગેરે ન બોલવું. કેમકે એ સાંભળનારાઓદ્વારા પાછળથી અધિકરણાદિ થવાનો સંભવ છે.)

तहेव गंतुमुज्जाणं, पव्वयाणि वणाणि अ । रुक्खा महल्ल पेहाए, नेवं भासिज्ज पन्नवं ॥ २६॥ अलं पासायखंभाणं, तोरणाण गिहाण अ । फलिहऽग्गलनावाणं, अलं उदगदोणिणं ॥२७॥

ગા.૨૬-૨૭ તે જ પ્રમાણે ઉદ્યાન, પર્વતો કે વનોમાં જઈને મોટા વૃક્ષોને જોઈને પ્રજ્ઞાવાન આ પ્રમાણે ન બોલે કે પ્રાસાદો, સ્તંભો, તોરણો, ઘરો, ફલિહ, અર્ગલા, નાવ ઉદકદ્રોણીને માટે આ વૃક્ષો સમર્થ છે.

'तहेव'त्ति सूत्रं 'तथैवे'ति पूर्ववत्, गत्वा 'उद्यानं' जनक्रीडास्थानं तथा पर्वतान् प्रतीतान् गत्वा तथा वनानि च, तत्र वृक्षान् 'महतो' महाप्रमाणान् 'प्रेक्ष्य' दृष्ट्वा नैवं भाषेत 'प्रज्ञावान्' साधुरिति सूत्रार्थः ॥ २६ ॥ किमित्याह-'अलं'ति सूत्रं, 'अलं' पर्याप्ता एते वृक्षाः प्रासादस्तम्भयोः, अत्रैकस्तम्भः प्रासादः, स्तम्भस्तु स्तंभ एव, तयोरलम्, तथा 'तोरणानां' नगरतोरणादीनां 'गृहाणां च' कुटीरकादीनाम्, अलमिति योगः, तथा

'परिघार्गलानावां वा' तत्र नगरद्वारे परिघः गोपुरकपाटादिष्वर्गला नौः प्रतीतेति आसामलमेते वृक्षाः, तथा उदकद्रोणीनां अलम्, उदकद्रोण्योऽरहट्टजलधारिका इति सूत्रार्थः ॥ २७ ॥

ટીકાર્થ : ઉદ્યાન એટલે લોકોનું ક્રીડા કરવાનું સ્થાન, પર્વતો પ્રતીત જ છે. આ ઉદ્યાન, પર્વત કે વનોમાં સાધુ જાય અને જઈને મોટા પ્રમાણવાળા વૃક્ષો જુએ, તો એ જોઈને પ્રજ્ઞાવાન સાધુ આ પ્રમાણે ન બોલે કે (શું ન બોલે ? એ જ બતાવે છે કે) "આ વૃક્ષો પ્રાસાદો અને થાંભલાઓ બનાવવા માટે અલં = યોગ્ય = અનુકૂળ છે." આમાં એકથાંભલાવાળું ઘર એ પ્રાસાદ. સ્તંભ તો સ્તંભ જ છે. એમ "નગરના તોરણાદિ અને ઝુંપડી વગેરેને માટે યોગ્ય છે" એમ ન બોલે. अलम् શબ્દનો અહીં યોગ કરવો. તથા "આ વૃક્ષો પરિઘ, અર્ગલા, નાવ બનાવવામાટે યોગ્ય છે" એમ ન બોલે. તેમાં નગરના બારણામાં પરિઘ હોય. બારણાનાં કમાડવગેરેમાં અર્ગલા-સાંકળ હોય. નાવ તો પ્રતીત છે. (આ બધું જ તે વખતે લાકડાનું બનતું...)

તથા "આ વૃક્ષો ઉદકદ્રોણીઓ બનાવવામાટે યોગ્ય છે" એમ ન બોલે. એમાં ઉદકદ્રોણી એટલે અરહટ્ટ દ્વારા ખેંચાયેલા પાણીને ધારણકરનારી વસ્તુ. (અરહટ્ટથી પાણી ખેંચીને આ લાકડાની બનાવેલી દ્રોણીઓમાં એ બધું પાણી સંઘરવામાં આવે...)

तथा

पीढए चंगबेरे (रा) अ, नंगले मइयं सिआ । जंतलट्ठी व नाभी वा, गंडिआ व अलं सिआ ॥ २८ ॥

ગા.૨૮ પીઢક, ચંગબેર, નંગલ, મયિક, યંત્રલષ્ટી, નાભી, ગંડિકાને માટે (આ વૃક્ષો) યોગ્ય છે (એમ ન બોલે.)

'पीढए'त्ति सूत्रं, पीठकायालमेते वृक्षाः, पीठकं प्रतीतं तदर्थम्, 'सुपां सुपो भवन्ती'ति चतुर्थ्यर्थे प्रथमा, एवं सर्वत्र योजनीयं, तथा 'चंगबेरा ये'ति चङ्गबेरा-काष्ठपात्री तथा 'नंगले'त्ति लाङ्गलं-हलं, तथा अलं मयिकाय स्यात्, मयिकम्-उप्तबीजाच्छादनं, तथा यन्त्रयष्ट्ये वा, यन्त्रयष्टिः प्रतीता, तथा नाभये वा, नाभिः शकटरथाङ्गं, गण्डिकायै वाऽलं स्युरेते वृक्षा इति, नैवं भाषेत प्रज्ञावानिति वर्तते, गण्डिका सुवर्णकाराणामधिकरणी (अहिगरणी) स्थापनी भवतीति सूत्रार्थः ॥ २८ ॥

ટીકાર્થ : પીઠક પ્રતીત છે "એને માટે આ વૃક્ષો યોગ્ય છે" એમ ન બોલવું. અહીં **पीठए** પહેલી- વિભક્તિ છે. પણ પ્રાકૃતમાં બધી વિભક્તિઓની બધી વિભક્તિઓ થઈ શકે એ મુજબ અહીં પહેલીવિભક્તિ ચોથીવિભક્તિના અર્થમાં સમજવી. આ પ્રમાણે બધા શબ્દોમાં સમજવું. ચંગબેરા = લાકડાની પાત્રી. નંગલ = લાંગલ = હળ. મયિક = વાવેલા બીજોને ઢાંકવાનું સાધન. યન્ત્રયષ્ટિ (કોઈક યન્ત્રમાં વપરાતી લાકડી. જેમકે ઘંટીમાં ઉપર પકડવા માટે લાકડી હોય.) નાભિ એટલે ગાડા કે રથનું અંગ. (પૈંડાનો વચ્ચેનો ભાગ વગેરે.) ગંડિકા એટલે સોનીઓની અધિકરણી (સોનીઓને સોનું ટીપવા વગેરેમાં ઉપયોગી એક પ્રકારનું સાધન...)

'આ વૃક્ષો આ આ વસ્તુ માટે યોગ્ય છે' એમ ન બોલે... એમ બધામાં સમજવું.

तथा

आसणं सयणं जाणं, हुज्जा वा किंचुवस्सए । भूओवघाइर्णि भासं, नेवं भासिज्ज पन्नवं ॥२९॥

ગા.૨૯ આસન, શયન, યાન કંઈક ઉપાશ્રયમાં થાય... પ્રજ્ઞાવાન આ પ્રમાણે જીવહિંસક ભાષા ન બોલે.

'आसणं'ति सूत्रं, 'आसनम्' आसन्दकादि 'शयनं' पर्यङ्कादि 'यानं' युग्यादि भवेद्वा किञ्चिदुपाश्रये-वसतावन्यद्-द्वारपात्राद्येतेषु वृक्षेष्विति 'भूतोपघातिनीं' सत्त्वपीडाकारिणीं भाषां नैव भाषेत प्रज्ञावान् साधुरिति सूत्रार्थः ॥ दोषाश्चात्र तद्वनस्वामी व्यन्तरादिः कुप्येत्, सलक्षणो वा वृक्ष इत्यभिगृह्णीयात्, अनियमितभाषिणो लाघवं चेत्येवमादयो योज्याः ॥ २९ ॥

ટીકાર્થ : આસન્દક વગેરે આસનો. પલંગાદિ શયન. યુગ્ય વગેરે યાન. (બે જણથી વહન થાય તે યુગ્ય...)

"આ વૃક્ષોમાં આસનાદિ થઈ શકે કે ઉપાશ્રયમાં જરૂરી દ્વાર, પાત્ર વગેરે થઈ શકે..."

આવી ભાષા જીવોને પીડાકરનારી છે. પ્રજ્ઞાવાન સાધુ તે ભાષા ન બોલે.

પ્રશ્ન : આ બધુ બોલવામાં દોષ શું છે ?

ઉત્તર : **तहेव गन्तुमुज्जाणं** થી માંડીને અહીં સુધી દર્શાવેલી ભાષાઓમાં દોષ એ

છે કે આ ભાષા સાંભળી તે વનનો સ્વામી વ્યંતરાદિ ગુસ્સે થાય. (મારા વનને કાપવાની ઈચ્છા આ સાધુની લાગે છે...) અથવા તો વ્યંતર વિચારે કે "સાધુએ આ વૃક્ષના વખાણ કર્યા છે, એટલે આ વૃક્ષ લક્ષણવાળું છે" એમ વિચારી વ્યંતર એ વૃક્ષમાં રહી જાય. તથા આ રીતે અનિયમિતબોલનારા, જેમ તેમ બોલનારા સાધુની લઘુતા થાય. આ બધા દોષો અહીં જોડી દેવા.

अत्रैव विधिमाह-

तहेव गंतुमुज्जाणं, पव्वयाणि वणाणि अ । रुक्खा महल्ल पेहाए, एवं भासिज्ज पन्नवं ॥ ३०॥

આ જ વિષયમાં વિધિ (કારણ આવી પડે ત્યારે શું બોલવું ? એ) બતાવે છે.

ગા.૩૦ તે જ પ્રમાણે ઉદ્યાન, પર્વત, વનમાં જઈને મોટા વૃક્ષો જોઈને પ્રાજ્ઞાવાન આ પ્રમાણે બોલે.

'तहेव'त्ति सूत्रं, वस्तुतः पूर्ववदेव, नवरमेवं भाषेत ॥ ३० ॥

ટીકાર્થ : આનો અર્થ વસ્તુતઃ પૂર્વની જેમજ = ૨૬મી ગાથાની જેમ જ સમજવો. માત્ર ત્યા **नेवं** હતું અહીં **एवं** છે. સાધુએ આ પ્રમાણે બોલવું...

जाइमंता इमे रुक्खा, दीहवट्टा महालया । पयायसाला विडिमा, वए दरिसणित्ति अ ॥ ३१॥

ગા.૩૧ આ વૃક્ષો જાતિમાન, દીર્ઘ, વૃત્ત, મહાલય. પ્રજાતશાખાવાળા, વિટપી, દર્શનીય છે. એમ બોલે.

'जाइमंत'त्ति सूत्रं, 'जातिमन्तः' उत्तमजातयोऽशोकादयः अनेकप्रकारा 'एत' उपलभ्यमानस्वरूपा वृक्षा 'दीर्घवृत्ता महालयाः' दीर्घा नालिकेरीप्रभृतयः वृत्ता नन्दिवृक्षादयः महालया वटादयः 'प्रजातशाखा' उत्पन्नडाला 'विटपिनः' प्रशाखावन्तो वदेद्दर्शनीया इति च । एतदपि प्रयोजन उत्पन्ने विश्रमणतदासन्नमार्गकथनादौ वदेन्नान्यदेति सूत्रार्थः ॥ ३१ ॥

ટીકાર્થ : આ = ઉપલભ્યમાન સ્વરૂપવાળા = પ્રત્યક્ષ દેખાતા અનેકપ્રકારના અશોકાદિ વૃક્ષો ઉત્તમજાતિવાળા છે.

(આશય એ છે કે જો અશોકાદિ અનેક પ્રકારના ઉત્તમ જાતિવાળા વૃક્ષોને આશ્રયીને કંઈક બોલવું હોય તો આ પ્રમાણે બોલવું કે "આ વૃક્ષો ઉત્તમજાતિ વાળા `...")

નાળીયેરીવગેરે વૃક્ષોમાટે બોલવું કે "આ દીર્ઘવૃક્ષો `"

નન્દીવૃક્ષવગેરે માટે બોલવું કે "આ ગોળવૃક્ષો છે"

વડવગેરે વૃક્ષોમાટે બોલવું કે "આ મોટાઆલયવાળા વૃક્ષો છે"

તથા "આ વૃક્ષો ઉત્પન્નથયેલી ડા ાેવાળા `"

"આ વૃક્ષો પ્રશાખાવાળા છે"

"આ દર્શનીય છે" વગેરે યથોચિત બોલવું.

આ બધું પણ કોઈ પ્રયોજન આવીપડે ત્યારે જ બોલવું, અન્યકાળમાં નહિ.

એ પ્રયોજનો વિશ્રમણ, તદાસન્નમાર્ગકથન વગેરે છે. (કોઈક સાધુને આરામ કરવા માટે વૃક્ષ દર્શાવવું છે તો સાધુ જે વૃક્ષ દર્શાવવું હોય તે માટે ઉપરમુજબ ઉચિતપ્રયોગ કરે. દા.ત. છાંયડાવાળો વડલો બતાવવો હોય, તો "પેલું મહાલયવાળું વૃક્ષ છે..." એમ કહી શકે... એમ બીજા વૃક્ષોમાટે પણ સમજવું.

તથા અમુકવૃક્ષ પાસેથી આગળના સ્થાને જવાનો માર્ગ નીકળતો હોય તો સાધુ બીજાસાધુને એ માર્ગ દેખાડવા તે વૃક્ષનો નિર્દેશ ઉપરમુજબની ભાષા પ્રમાણે કરે...)

तहा फलाइं पक्काइं, पायखज्जाइं नो वए । वेलोइयाइं टालाइं, वेहिमाइ त्ति नो वए ॥ ३२ ॥

ગા.૩૨ તથા "ફળો પક્વ છે, પાક ખાદ્ય છે, વેલોચિત છે, ટાલ છે. દ્વૈધિક છે.." એમ ન બોલે.

'तहा फलाणि'त्ति सूत्रं, तथा 'फलानि' आम्रफलादीनि 'पक्वानि' पाकप्राप्तानि तथा 'पाकखाद्यानि' बद्धास्थीनीति गर्तप्रक्षेपकोद्रवपलालादिना विपाच्य भक्षणयोग्यानीति नो वदेत् । तथा 'वेलोचितानि' पाकातिशयतो ग्रहणकालोचितानि, अतः परं कालं न विषहन्तीत्यर्थः, 'टालानि' अबद्धास्थीनि कोमलानीति तदुक्तं भवति, तथा 'द्वैधिकानी'ति पेशीसंपादनेन द्वैधीभावकरणयोग्यानीति नो वदेत । दोषाः पुनरत्रात ऊर्द्धवं नाश एवामीषां न शोभनानि वा प्रकारान्तरभोगेनेत्यवधार्य गृहिप्रवृत्तावधिकरणादय इति सूत्रार्थः ॥ ३२ ॥

ટીકાર્થ : સાધુએ આવું ન બોલવું કે "આ કેરીવગેરે પાકી ચૂકેલા છે", "પાકખાદ્ય છે એટલે કે એમાં અસ્થિ, ઠળીયા, ગોટલા બંધાઈ ગયા છે, માટે ખાડામાં નાંખવાદ્વારા કે કોદ્રવઘાસવગેરેદ્વારા પકાવીને ખાવાયોગ્ય આ ફળો છે" (આજે પણ કાચીકેરી ઘરે લાવીને ઘાસમાં રાખીને પકાવવામાં આવે છે, એમ ખાડામાં રાખીને પણ એ પકાવી શકાય છે..)

તથા "આ ફળો વેલાને ઉચિત છે, એટલે કે એટલા બધા પાકી ગયા છે કે હવે તરત એને વૃક્ષ ઉપરથી ગ્રહણ કરી લેવા ઉચિત છે. હવે પછી એ ફળો કાલને સહન નહિ કરે. અર્થાત્ જો એને વૃક્ષ ઉપરથી ઉતારી લેવામાં નહિ આવે, તો એ ફળો પડી જ જશે."

તથા "આ ફલો નહિ બંધાયેલા અસ્થિવાળા છે, એટલે કે કોમળ છે..." હજી અંદર ગોટલા-ઠળીયા બંધાયા નથી..."

તથા "આ ફળો દ્વૈધિક છે, એટલે કે પેશીના સંપાદન દ્વારા બે ભાગ કરવાને યોગ્ય છે. (એટલે કે જેમ કેરીની ચીરીઓ કરી કરીને કેરીના ભાગ કરાય, ચીકુને વચ્ચેથી સમારીને એના બે ભાગ કરાય. સક્કરટેટી વગેરેને પણ વચ્ચેથી તોડીને બે ભાગ કરાય... એમ અહીં સમજવું)

આ બધી ભાષાઓ સાધુએ ન બોલવી.

પ્રશ્ન આમાં દોષો શું છે ?

ઉત્તર આમાં દોષો છે. સાધુ જો બોલે કે આ ફળો પાકી ગયા છે..." તો એ સાંભળી ગૃહસ્થો વિચારે કે "હવે પછી આ ફળોનો નાશ જ થશે. (પાકી તો ગયા જ છે. છતાં વાપરશું નહિ, વધુ ને વધુ પાકીને સાવ ખલાસ થઈ જશે.) અથવા તો બીજાપ્રકારના ભોગવડે આ ફળો સારા નથી. (એટલે કે તાત્કાલિક ભોગ કરી લઈએ, એ પ્રકાર સારો. આ સિવાયના બીજાકોઈપણ પ્રકારે જો ભોગ કરવાનો વિચાર કરશું તો એમાં આ ફળો સારા રહેવાના નથી. એનો સારો ભોગ થઈ શકવાનો નથી.)"

આ પ્રમાણે વિચાર કરીને ગૃહસ્થો એ ફળો ખાવામાં, તોડવામાં... પ્રવૃત્તિ કરે. અને એમાં અધિકરણાદિ દોષો = જીવહિંસાદિ દોષો થાય જ.

(બધાપ્રકારના ઉપરદર્શાવેલા વચનોમાં દોષો વિચારી લેવા. જેમકે 'પાકયોગ્ય' બોલે, તો ગૃહસ્થો એ ફળો પકાવવા ખાડો ખોદે, ઘાસ લાવે... વગેરે હિંસા કરે. વેલોચિત બોલે તો ગૃહસ્થો તરત એ ફળો તોડવા માંડે...)

प्रयोजने पुनर्मार्गदर्शनादावेवं वदेदित्याह-

असंथडा इमे अंबा, बहुनिव्वडिमाफला । वइज्ज बहुसंभूआ, भूअरूवत्ति वा पुणो ॥ ३३ ॥

માર્ગ દેખાડવાવગેરેરૂપ પ્રયોજન આવી પડે તો આ પ્રમાણે બોલવું કે

ગા.૩૩ આ આંબાઓ અસમર્થ છે. બહુનિર્વર્તિતફલવાળા છે. બહુસંભૂત છે, ભૂતરૂપ છે." બોલે.

'असंथड'त्ति सूत्रं, असमर्था 'एते' आम्राः, अतिभरेण न शक्नुवन्ति फलानि धारयितुमित्यर्थः, आम्रग्रहणं प्रधानवृक्षोपलक्षणम्, एतेन पक्वार्थ उक्तः, तथा 'बहुनिर्वर्त्तितफलाः' बहुनि निर्वर्त्तितानि-बद्धास्थीनि फलानि येषु ते तथा, अनेन पाकखाद्यार्थ उक्तः, वदेद् 'बहुसंभूताः' बहुनि संभूतानि-पाकातिशयतो ग्रहणकालोचितानि फलानि येषु ते तथा, अनेन वेलोचितार्थ उक्तः, तथा भूतरूपा इति वा पुनर्वदेत्, भूतानि रूपाणि-अबद्धास्थीनि कोमलफलरुपाणि येषु ते तथा, अनेन टालाद्यर्थ उपलक्षित इति सूत्रार्थः ॥३३॥

ટીકાર્થ : આ આંબાના વૃક્ષો અસમર્થ છે એટલે કે ફળો ઘણાં પાકી ગયા હોવાથી તેના ઘણાં ભારના કારણે આ આંબાઓ ફળોને ધારણકરવામાટે સમર્થ નથી."

ગાથામાં આંબાનું ગ્રહણ કરેલુ છે, તે પ્રધાનવૃક્ષોનું ઉપલક્ષણ છે. એટલે કે આંબા જેવા બીજા પણ પ્રધાનવૃક્ષો આંબા શબ્દથી સમજી લેવાના.

આના દ્વારા 'પક્વાર્થ' કહેવાયો. અર્થાત્ પાકીગયેલા ફળોમાટે પક્વ બોલવાનો નિષેધ કરેલો, તેના સ્થાને શું બોલવું એ જણાવ્યું કે ત્યાં 'આ આંબાના વૃક્ષો અસમર્થ છે' એમ બોલવું. (સામેનો ચતુરસાધુ એનો ભાવાર્થ સમજી શકે...)

તથા "આ વૃક્ષો ઘણાં બધાં બદ્ધાસ્થિક ફળો જેમાં છે, તેવા છે" આમ બોલવું. આના દ્વારા પાકખાદ્યાર્થ કહેવાયો. અર્થાત્ જે ફળોમાં ઠળીયા વગેરે આવી ગયા છે, હવે એ પકાવીને ખાવાયોગ્ય છે, એ ફળોમાટે પાકખાદ્ય બોલવાનો નિષેધ કરેલો. એટલે એની જગ્યાએ શું બોલવું એ જણાવ્યું કે "બદ્ધાસ્થિક ઘણાં ફળોવાળા આ વૃક્ષ છે."

તથા "જે વૃક્ષોમાં ઘણાં સંભૂત ફળો છે તેવા આ વૃક્ષો છે" એમ બોલવું. એટલે કે પાકના અતિશયને લીધે ગ્રહણકાલને ઉચિતવૃક્ષો છે, એમ કહેવું. આના દ્વારા વેલોચિતાર્થ કહ્યો. એટલે કે અતિપાકેલા, ઝાડ પર રહેલા જે ફળો માટે **वेलोचितानि** બોલવાનો નિષેધ કરેલો, એ ફળો માટે શું બોલવું એ જણાવ્યું કે "બહુસંભૂતફળોવાળા આ

વૃક્ષો છે"

તથા "ભૂતરૂપ છે" એમ બોલવું. રૂપ = નહિ બંધાયેલા અસ્થિવાળા કોમલફળો. આવા ફળો જે વૃક્ષોમાં થયેલા છે, તેવા આ વૃક્ષો છે... એમ બોલવું. આના દ્વારા ટાલવગેરે અર્થ ઉપલક્ષિત કરાયો છે. એટલે કે અબદ્ધાસ્થિ = કોમલફળોમાટે ટાલ શબ્દ વાપરવાનો નિષેધ કરેલો અને અમુકફળો માટે દ્વૈધિક શબ્દ વાપરવાનો નિષેધ કરેલો. એને બદલે શું બોલવું એ દર્શાવ્યું કે "ભૂતરૂપ છે" એમ બોલવું.

तहेवोसहिओ पक्काओ, नीलिआओ छवीइ अ । लाइमा भज्जिमाउत्ति, पिहुखज्ज त्ति नो वए ॥ ३४ ॥

ગા.૩૪ તે જ પ્રમાણે ઔષધિઓ પક્વ છે, છવીઓ નીલ ` લવનયોગ્ય છે, ભર્જનયોગ્ય છે, પૃથુકભક્ષ્ય છે" એ પ્રમાણે સાધુ ન બોલે.

'तहेवि'त्ति सूत्रं, तथा 'औषधयः' शाल्यादिलक्षणाः, पक्वा इति, तथा नीलाश्छवय इति वा वल्लचवलकादिफललक्षणाः तथा 'लवनवत्यो' लवनयोग्याः, 'भर्जनवत्य' इति भर्जनयोग्याः तथा 'पृथुकभक्ष्या' इति पृथुकभक्षणयोग्याः,नो वदेदति सर्वत्राभिसंबध्यते, पृथुका अर्धपक्वशाल्यादिषु क्रियन्ते, अभिधानदोषाः पूर्ववदिति सूत्रार्थः ॥ ३४ ॥

ટીકાર્થ : શાલિ વગેરે ઔષધિઓમાટે એમ ન બોલવું કે "આ પાકી ગયેલી છે"

છવિઓ એટલે વાલ-ચોળાવગેરે ફળવાળી વનસ્પતિઓ. એ લીલી છે એમ ન બોલવું.

એમ "કાપવાયોગ્ય છે" "ભુંજવાયોગ્ય છે" "પૃથુકભક્ષણને યોગ્ય છે" એમ ન બોલવું. **नोवदेद्** શબ્દ બધે જ જોડવો.

પૃથુકો (પ્હોંક = પોંક = સુરત વગેરેમાં પ્રસિદ્ધ છે...) અડધાપાકેલા શાલિવગેરેમાં બનાવવામાં આવે છે.

આવું બોલવામાં જે દોષો છે, તે પૂર્વની જેમ સમજી લેવાના (ગૃહસ્થો સાધુવચન પ્રમાણે કાપ-કુપ કરે, ભુંજવે, પોંક બનાવવાની પ્રવૃત્તિ કરે...)

प्रयोजने पुनर्मार्गदर्शनादावेवमालपेदित्याह–

रूढा बहुसंभूआ, थिरा ओसढावि अ । गब्भिआओ पसूआओ, संसाराउत्ति

आलवे ॥ ३५ ॥

માર્ગ દેખાડવો વગેરે રૂપ પ્રયોજન આવી પડે તો આ પ્રમાણે બોલવું કે

ગા.૩૫ રુઢ, બહુસંભૂત, સ્થિર અને ઉત્સૃત પણ ગર્ભિત, પ્રસૂત અને સસાર પણ છે એ પ્રમાણે બોલે.

'रूढ' त्ति सूत्रं, 'रूढाः' प्रादुर्भूताः 'बहुसंभूता' निष्पन्नप्रायाः 'स्थिरा' निष्पन्नाः 'उत्सृता' इति उपघातेभ्यो निर्गता इति वा, तथा 'गर्भिता' अनिर्गतशीर्षकाः 'प्रसूता' निर्गतशीर्षकाः 'संसाराः' संजाततन्दुलादिसारा इत्येवमालपेत्, पक्काद्यर्थयोजना स्वधिया कार्येति सूत्रार्थः ॥३५॥

ટીકાર્થ :

આ રૂઢ છે. નિષ્પન્નપ્રાય છે, સ્થિર = નિષ્પન્ન છે, ઉત્સૃત = ઉપઘાતોમાંથી નીકળી ગઈ છે, ગર્ભિત છે = જેમાં શીર્ષનો ભાગ નીકળ્યો નથી તેવી છે, સસારા છે = ઉત્પન્ન થયેલો છે ચોખાવગેરે સાર જેમાં એવી છે... આ પ્રમાણે બોલવું.

પ્રશ્ન : પણ ક્યાં કોનામાટે કઈ ભાષા વાપરવી, એ જુદુ જુદુ તો દર્શાવો.

ઉત્તર પક્વાદિ અર્થની યોજના સ્વબુદ્ધિથી કરવી.

('ઔષધિઓ પાકેલી છે' એને બદલે 'રૂઢ છે' એમ બોલવું. 'લીલી છે' એને બદલે 'બહુસંભૂત છે.' એમ બોલવું. 'લવનયોગ્ય છે' અને બદલે 'સ્થિર છે' એમ બોલવું. 'ભર્જનયોગ્ય છે' એને બદલે 'ઉત્સૃત છે' એમ બોલવું 'પૃથુકભક્ષ્ય છે', એને બદલે 'ગર્ભિત છે' એમ બોલવું..)

वाग्विधिप्रतिषेधाधिकारेऽनुवर्तमान इदमपरमाह–

तहेव संखडिं नच्चा, किच्चं कज्जंति नो वए । तेणगं वावि वज्झित्ति, सुतित्थित्ति अ आवगा ॥३६॥

વાણીનાં વિધાન અને પ્રતિષેધનો અધિકાર ચાલુ જ છે, એમાં આ બીજીવાત કહે છે.

ગા.૩૬ તે જ પ્રમાણે સંખડિને જાણીને 'કૃત્યકાર્ય છે' એમ ન બોલે, ચોરને 'વધ્ય' એમ ન કહે. નદીઓને 'સુતીર્થ' એમ ન કહે.

'तहेव'त्ति सूत्रं, तथैव 'संखडिं ज्ञात्वा' संखण्ड्यन्ते प्राणिनामायूंषि यस्यां प्रकरणक्रियायां सा संखडी तां ज्ञात्वा, 'करणीये'ति पित्रादिनिमित्तं कृत्यैवैषेति नो वदेत्, मिथ्यात्वोपबृंहणदोषात्, तथा स्तेनकं वापि वध्य इति नो वदेत्, तदनुमतत्वेन निश्चयादिदोषप्रसङ्गात्, सुतीर्था इति च, चशब्दाद्दुस्तीर्था इति वा 'आपगा' नद्यः केनचित्पृष्टः सन्नो वदेत्, अधिकरणविघातादिदोषप्रसङ्गादिति सूत्रार्थः ॥३६॥

ટીકાર્થ : જે પ્રકરણક્રિયામાં = પ્રસંગ સંબંધી ભોજનાદિ ક્રિયામાં જીવોના આયુષ્યો ખંડાય તે સંખડી કહેવાય. કોઈકસ્થાને એ સંખડીની વાત જાણીને એમ ન બોલવું કે "પિતાવગેરેને નિમિત્તે આ સંખડી રૂપી કાર્ય કર્તવ્ય જ છે" કેમકે એમાં મિથ્યાત્વની અનુમોદના રૂપ દોષ લાગે. (અજૈનો પિતા મરીગયાબાદ શ્રાદ્ધ કરે. જમણવારાદિ ગોઠવે. તેઓ આ બધું ધર્મરૂપ માને છે, એ મિથ્યાત્વ છે. એટલે ઉપરમુજબ બોલવામાં એ મિથ્યાત્વની અનુમોદના સ્પષ્ટ જ છે.)

તથા ચોરને માટે "આ વધ્ય છે = હણવાયોગ્ય છે એમ ન બોલવું. કેમકે સાધુવડે તેના વધની અનુમતિ અપાઈ, એટલે નિશ્ચયાદિ દોષનો પ્રસંગ આવે. ((૧) કોઈ માણસ ચોર તરીકે પકડાયો છે, પણ હજી એ પાકુ થયું ન હોય. સાધુ જો એને વધ્ય કહે. તો બીજાઓ નિશ્ચય કરી લે કે "આ મહાત્મા એને વધ્ય કહે છે, એટલે નક્કી એ ચોર જ છે..." (૨) ચોરને મારવો કે નહિ એની વિચારણા ચાલતી હોય, એમાં સાધુના વચનથી તેઓ મારીનાંખવાનો નિશ્ચય કરી લે... आदि શબ્દથી સાધુને મારી નાંખે... વગેરે સમજવું)

તથા "આ નદીઓ સુતીર્થ છે એટલે કે નદીમાં ઉતરવામાટે પગથિયાદિ બરાબર છે" એમ **च** શબ્દથી એ પણ સમજવું કે "નદીઓ દુસ્તીર્થ છે" (તીર્થો બરાબર નથી) જ્યારે કોઈ ગૃહસ્થ સાધુને નદી અંગે પૃચ્છા કરે ત્યારે ઉપરમુજબનો કોઈપણ જવાબ આપવો નહિ. કેમકે એમાં અધિકરણ, વિઘાત વગેરે દોષોનો પ્રસંગ છે. (સાધુ સુતીર્થ કહે એટલે સાધુના વચનભરોસે એ નદીમાં ઉતરે... આમ વિરાધના થાય. એમાં જો એ ડુબી જાય તો વિઘાતદોષ લાગે. અથવા તો સાધુ દુસ્તીર્થ કહે એટલે પેલો સ્વકામ માટે જતો અટકે, એને ડુબી જવાનો ભય લાગે. પરિણામે એના કાર્યોનો વિઘાત થાય. ભવિષ્યમાં કદાચ સાધુ પર જ દ્વેષ થાય...)

प्रयोजने पुनरेवं वदेदित्याह–

संखडिं संखडिं बूआ, पणिअट्ठ त्ति तेणगं । बहुसमाणि तित्थाणि, आवगाणं

विआगरे ॥३७॥

જો કારણ આવી પડે તો આ પ્રમાણે બોલવું.

ગા.૩૭ સંખડિને સંખડિ કહેવી. ચોરને પણિતાર્થ કહેવો. નદીઓનાં તીર્થ બહુસમ કહેવા.

'संखडि'न्ति सूत्रं, संखडिं संखडिं ब्रूयात्, साधुकथनादौ संकीर्णा संखडीत्येवमादि, पणितार्थ इति स्तेनकं वदेत्, शैक्षकादिकर्मविपाकदर्शनादौ, पणितेनार्थोऽस्येति पणितार्थः, प्राणद्यूतप्रयोजन इत्यर्थः, तथा बहुसमानि तीर्थानि 'आपगानां' नदीनां व्यागृणीयात् साध्वादिविषय इति सूत्रार्थः ॥३७॥

ટીકાર્થ : સંખડિમાટે સંખડિ શબ્દ જ વાપરવો. એટલે કે જ્યારે સાધુઓને સંખડિ અંગે કથન કરવાનું હોય ત્યારે અહીં સંકીર્ણ = પુષ્કળઅવરજવરવાળી = સાંકડી સંખડી છે..." વગેરે.

એમ ચોર માટે 'પણિતાર્થ' શબ્દ વાપરવો. જ્યારે નૂતનદીક્ષિત વગેરેને ચોરી વગેરે પાપકર્મોના વિપાકો દેખાડવાના હોય ત્યારે "જો ! પેલો પણિતાર્થ ! એને સૈનિકો પકડીને લઈ જાય છે, મારે છે..."

પ્રશ્ન : પણિતાર્થ એટલે શું ?

ઉત્તર : પણિત વડે અર્થ છે આને તે પણિતાર્થ. પણિત એટલે દ્યુત, જુગાર. જેને માટે પોતાના પ્રાણ સમાન દ્યુત એ જ એકમાત્ર કાર્ય છે, અને એને માટે ચોરી વગેરે કરે છે... તે.

સાધુ વગેરે સંબંધમાં જ્યારે નદી અંગે કંઈપણ કહેવાનું હોય ત્યારે "નદીઓના તીર્થો બહુસમ છે" એ પ્રમાણે બોલે.

वाग्विधिप्रतिषेधाधिकार एवेदमाह–

तहा नईओ पुण्णाओ, कायतिज्जत्ति नो वए । नावाहिं तारिमाउत्ति, पाणिपिज्जत्ति नो वए ॥३८॥

વાણીના વિધિ અને પ્રતિષેધના અધિકારમાં જ આ કહે છે કે

ગા.૩૮ તથા નદીઓ પૂર્ણ 'કાયતરણીય' ન કહેવી, 'નાવોવડે તરવાયોગ્ય છે. પ્રાણિપેય છે' એમ ન બોલવું.

'तहा नईउ'त्ति सूत्रं, तथा नद्यः 'पूर्णा' भृता इति नो वदेत्, प्रवृत्तश्रवणनिवर्त्तनादिदोषात्, तथा 'कायतरणीयाः' शरीरतरणयोग्या इति नो वदेत्, साधुवचनतोऽविघ्नमिति प्रवर्त्तनादिप्रसङ्गात्, तथा नौभिः-द्रोणीभिस्तरणीयाः-तरणयोग्या इत्येवं नो वदेत्, अन्यथा विघ्नशङ्कया तत्प्रवर्त्तनात्, तथा 'प्राणिपेयाः' तटस्थप्राणिपेया नो वदेदेति, तथैव प्रवर्तनादिदोषादिति सूत्रार्थः ॥३८॥

ટીકાર્થ : નદીઓ માટે 'નદીઓ ભરેલી છે' એમ ન બોલવું. જો એમ બોલો તો જે માણ ો નદી ઉતારવામાટે પ્રવૃત્તિવાળા બનેલા છે, તેઓ આ વાત સાંભળશે અને નદી ઉતરવાનું બંધ કરી પાછા ફરશે... આ બધા દોષો લાગે. (સાધુના નિમિત્તે એ પાછા ફરે એ પણ સાધુમાટે દોષ જ છે.)

તથા "નદીઓ શરીરથી તરવામાટે યોગ્ય છે" એમ ન બોલવું. કેમકે સાધુના વચનપ્રમાણે શ્રોતા એમ સમજે કે "અહીં વિઘ્ન નથી" એટલે નદી ઉતરવાદિમાં પ્રવૃત્તિ કરવા લાગી જાય, (એમાં હિંસા થાય, મરણાદિ થાય, એનાથી સાધુ પર દ્વેષ થાય... વગેરે.)

તથા "આ નદીઓ દ્રોણીઓવડે = નાવડીઓવડે તરવાયોગ્ય છે" એમ ન બોલવું. કેમકે જો આવું બોલો, તો જે માણ ો નાવડી વિના જ નદી ઉતરવાના હતા, તેઓ એમ વિચારે કે "સાધુના કહેવાપ્રમાણે તો આ નદી નાવથી ઉતરવી જોઈએ. એનો અર્થ એ કે નાવ વિના ઉતરવામાં જોખમ ઘણું છે." આમ એને વિઘ્નની શંકા થાય અને એટલે તે નાવડીની વ્યવસ્થા કરે. અર્થાત્ નાવનું પ્રવર્તન થાય. માટે સાધુએ આ ન બોલવું.

તથા "આ નદીકિનારે રહેલા પ્રાણીઓવડે પીવાયોગ્ય છે" એ પ્રમાણે ન બોલવું કેમકે એમાં પણ ઉપરમુજબ જ પ્રવર્તનાદિદોષો લાગે. (નદીમાં છેક કિનારેથી પણ પાણી પી શકાય છે, એનો અર્થ એ કે પાણી પુષ્કળ છે. તો ચાલો નાવની વ્યવસ્થા કરીએ..." તથા "કિનારેથી પાણી પીવાય છે, નદીમાં અંદર જવાની જરૂર નથી. તો ચાલો, આપણા પ્રાણીઓને પાણી પીવડાવવા લઈ જઈએ... આ રીતે પ્રવર્તનાદિ થાય.)

प्रयोजने तु साधुमार्गकथनादावेवं भाषेतेत्याह–

बहुवाहडा अगाहा, बहुसलिलुप्पिलोदगा । बहुवित्थडोदगा आवि, एवं भासिज्ज पन्नवं ॥३९॥

સાધુને માર્ગનું કથન કરવું વગેરે પ્રયોજન આવી પડે તો આ પ્રમાણે બોલવું કે

ગા.૩૯ "બહુભૃત, અગાધ, બહુસલિલોત્પીલોદક છે. બહુવિસ્તૃતોદક છે" એમ બુદ્ધિમાન બોલે.

'बहुवाहड'त्ति सूत्रं, बहुभृताः प्रायशो भृता इत्यर्थः, तथा 'अगाधा' इति बह्वगाधाः प्रायोगम्भीराः, तथा 'बहुसलिलोत्पीलोदकाः' प्रतिस्त्रोतोवाहितापरसरित इत्यर्थः, तथा 'विस्तीर्णोदकाश्च' स्वतीरप्लावनप्रवृत्तजलाश्च, एवं भाषेत प्रज्ञावान् साधुः, न तु तदाऽऽगतपृष्टो न वेद्म्यहमिति ब्रूयात्, प्रत्यक्षमृषावादित्वेन तत्प्रद्वेषादिदोषप्रसङ्गादिति सूत्रार्थः ॥३९॥

ટીકાર્થ : સાધુ બોલે કે "નદી બહુભૃત છે" એટલે કે નદી પ્રાયઃ ભરેલી છે."

તથા "નદી બહુઅગાધ છે" એટલે "નદી પ્રાયઃ ગંભીર છે."

તથા નદી બહુસલિલોત્પીલોદક છે" એટલે કે "ઊંધા પ્રવાહ રૂપે વહન થયેલી બીજી નદી વળી છે." (આ નદી જે દિશામાં જાય છે, એના કરતા વિપરીત દિશામાં જતી નદીવાળી આ નદી છે. એ બંને નદીના પુષ્કળ પાણી અત્રે ભેગા થાય છે.)

તથા "નદી વિસ્તીર્ણોદક છે" એટલે કે પોતાના કીનારાને જ ડુબાડી દેવા પ્રવૃત્ત થયેલા પાણીવાળી છે.

આ રીતે પ્રજ્ઞાવાન સાધુ બોલે.

પણ સાધુ નદી તરફથી જ આવેલો હોય અને કોઈકવડે પૂછાય કે "નદીમાં કેટલું પાણી છે ?" તો ત્યારે 'હું નથી જાણતો' એમ ન બોલે. કેમકે જો એમ બોલે તો એ પ્રત્યક્ષમૃષાવાદી ઠરે, એના લીધે સાધુ ઉપર તે ગૃહસ્થાદિને દ્વેષ થવાવગેરેરૂપ દોષ લાગે. (પૂછનારો વિચારે જ કે "આ સાધુ નદી તરફથી જ આવે છે, છતાં એમ કહે છે કે 'મને ખબર નથી.' આ તો પ્રત્યક્ષથી મૃષાવાદ જ છે...)

वाग्विधिप्रतिषेधाधिकार एवेदमाह–

तहेव सावज्जं जोगं, परस्सट्ठा अ निट्ठिअं । कीरमाणंति वा नच्चा, सावज्जं न लवे मुणी ॥४०॥

વાણીનાં વિધિ અને પ્રતિષેધનાં અધિકારમાં જ આ વાત કહે છે કે –

ગા.૪૦ તે જ પ્રમાણે બીજામાટે નિષ્ઠિત કે ક્રિયમાણ એવા સાવદ્યયોગને જાણીને

મુનિ સાવદ્ય ન બોલે.

'तहेव'त्ति सूत्रं, तथैव 'सावद्यं' सपापं 'योगं' व्यापारमधिकरणं सभादिविषयं 'परस्यार्थाय' परनिमित्तं 'निष्ठितं' निष्पन्नं तथा 'क्रियमाणं वा' वर्त्तमानं वाशब्दाद्भविष्यत्कालभाविनं वा ज्ञात्वा 'सावद्यं नालपेत्' सपापं न ब्रूयात् 'मुनिः' साधुरिति सूत्रार्थः ॥४०॥

ટીકાર્થ : જે યોગ પાપયુક્ત છે જેમકે સભાદિસંબંધી યોગ, એટલે કે મોટા સભામંડપાદિ કરવાસંબંધી યોગ. એ યોગ બીજામાટે નિષ્ઠિત થયો હોય એટલે કે બીજાના માટે સભા બની ચૂકી હોય કે અત્યારે યોગ કરાતો હોય. **वा** શબ્દથી સમજી લેવું કે ભવિષ્યકાળમાં એ યોગ થવાનો હોય... તો એ જાણીને સાધુ પાપવાળી ભાષા ન બોલે.

(કઈ ભાષા પાપવાળી ? એ આગળ બતાવશે...)

तत्र निष्ठितं नैवं ब्रूयादित्याह–

सुकडिति सुपक्कित्ति, सुच्छिन्ने सुहडे मडे । सुनिट्ठिए सुलट्ठित्ति, सावज्जं वज्जए मुणी ॥४१॥

તેમાં જે સભાદિ બની ચૂકેલા છે, તેને માટે સાધુ આમ ન બોલે કે

ગા.૪૧ સુકૃત છે, સુપક્વ છે, સુછિન્ન, સુહૃત, સુમૃત, સુનિષ્ઠિત, સુલષ્ટ... મુનિ સાવદ્ય વર્જે.

'सुकडि'त्ति सूत्रं, 'सुकृत'मिति सुष्ठु कृतं सभादि 'सुपक्व'मिति सुष्ठु पक्वं सहस्रपाकादि 'सुच्छिन्न'मिति सुष्ठु छिन्नं तद्वनादि 'सुहृत'मिति सुष्ठु हृतं क्षुद्रस्य वित्तं 'सुमृत' इति सुष्ठु मृतः प्रत्यनीक इति, अत्रापि सुशब्दोऽनुवर्तते, 'सुनिष्ठित'मिति सुष्ठु निष्ठितं वित्ताभिमानिनो वित्तं 'सुलट्ठि'त्ति सुष्ठु सुन्दरा कन्या इत्येवं सावद्यमालपनं वर्जयेद् मुनिः, अनुमत्यादिदोषप्रसङ्गात्, निरवद्यं तु न वर्जयेत्, यथा–'सुकृत'मिति सुष्ठु कृतं वैयावृत्त्यमनेन 'सुपक्व'मिति सुष्ठु पक्वं ब्रह्मचर्यं साधोः 'सुच्छिन्न'मिति सुष्ठु छिन्नं स्नेहबन्धनमनेन, 'सुहृत'मिति सुष्ठु हृतं शिक्षकोपकरणमुपसर्गे 'सुमृत' इति सुष्ठु मृतः पण्डितमरणेन साधुरिति, अत्रापि सुशब्दोऽनुवर्त्तते, 'सुनिष्ठित'मिति सुष्ठु निष्ठितं कर्माप्रमत्तसंयतस्य 'सुलट्ठ'त्ति सुष्ठु सुन्दरा साधुक्रियेत्येवमादीति सूत्रार्थः ॥४१॥

ટીકાર્થ : "આ સભાદિ સારા કર્યા." "આ સહસ્રપાકાદિ તેલ સારું પકાવેલું છે" "તે વનાદિ સારા છેદાયા" "તે ક્ષુદ્ર માણસનું ધન સારું ચોર્યું." "શત્રુ સારો મર્યો" **मडे** શબ્દ સાથે **सु** નથી. પણ એમાં પણ **सु** શબ્દ જોડી દેવો. "ધનનાં અભિમાનીનું ધન સારું ખતમ થયું." "કન્યા ખૂબ સારી છે" આ પ્રમાણે સાવદ્યવચનને મુનિ વર્જે. કેમકે આવા વચનો બોલવામાં એ સાવદ્યકાર્યોની અનુમતિવગેરે રૂપ દોષ લાગે છે.

આ જ વચનો. નિરવદ્ય હોય તો ન વર્જવા, એ બોલવા.

જેમકે "આનાવડે વૈયાવચ્ચ સારું કરાયુ" **सुकृतं**

"આ સાધુનું બ્રહ્મચર્ય સારું પાકેલું છે" **सुपक्कं**

"આનાવડે સ્નેહબંધન સારું છેદાયું" **सुच्छिन्नं**

"આનાવડે ઉપસર્ગમાં નૂતન સાધુનું ઉપકરણ સારું હરાયું. (ચોરાદિના હાથમાં જતું અટકાવાયું) **सुहृतं**

"આ સાધુ પંડિતમરણવડે સારુ મર્યો. **सुमृतः** અહીં પણ **सु** શબ્દ અનુવર્તે છે એટલે કે જોડવો.

"અપ્રમત્તસાધુનું કર્મ સારું ખલાસ થયુ" **सुनिष्ठितं**

"સાધુક્રિયા સુંદર છે" **सुलष्टा**

उक्तानुक्तापवादविधिमाह-

पयत्तपक्कत्ति व पक्कमालवे, पयत्तछिन्नत्ति व छिन्नमालवे ।

पयत्तलट्ठित्ति व कम्महेउअं, पहारगाढत्ति व गाढमालवे ॥४२॥

કહેવાયેલાની અને નહિ કહેવાયેલાની અપવાદવિધિ બતાવે છે. (**पक्व** વગેરે શબ્દો ન બોલવારૂપ ઉત્સર્ગ આગળ આવી ગયો છે. એની અપવાદવિધિ આ ૪૨મી ગાથામાં છે, એટલે એ **उक्त**ની = પૂર્વે કહેવાયેલઉત્સર્ગની અપવાદવિધિ કહેવાય. જ્યારે ગાઢપ્રહારવગેરે શબ્દો ન બોલવાની ઉત્સર્ગવિધિ પૂર્વે આવી નથી, એટલે અહીં એની જે અપવાદવિધિ બતાવે છે, તે અનુક્તઉત્સર્ગની અપવાદવિધિ કહેવાય...)

ગા.૪૨ પક્વને 'પ્રયત્નપક્વ' કહે, છિન્નને 'પ્રયત્નછિન્ન' કહે, પ્રયત્નલષ્ટ કહે, કર્મનિમિત્તક કહે, ગાઢને ગાઢપ્રહાર કહે.

'पयत्त'त्ति सूत्रं, 'प्रयत्नपक्क'मिति वा प्रयत्नपक्वमेतत् 'पक्वं' सहस्रपाकादि

ग्लानप्रयोजन एवमालपेत्, तथा 'प्रयत्नच्छिन्न'मिति वा प्रयत्नच्छिन्नमेतत् 'छिन्नं' वनादि साधुनिवेदनादौ एवमालपेत्, तथा 'प्रयत्नलष्टे'ति वा प्रयत्नसुन्दरा कन्या दीक्षिता सती सम्यक् पालनीयेति 'कर्महेतुक'मिति सर्वमेव वा कृतादि कर्मनिमित्तमालपेदिति योगः, तथा 'गाढप्रहार'मिति वा कञ्चन गाढमालपेत्-गाढप्रहारं ब्रूयात् क्वचित्प्रयोजने, एवं हि तदप्रीत्यादयो दोषाः परिहृता भवन्तीति सूत्रार्थः ॥४२॥

ટીકાર્થ : સહસ્રપાકાદિ જે તેલ સારીરીતે પકાવાયેલા હોય, તેને માટે ગ્લાનસાધુના પ્રયોજન વખતે બોલવું પડે તો આમ બોલે કે આ તેલ પ્રયત્નપકવ છે (એટલે આ ગ્લાનસાધુમાટે અનુકૂળ છે... વગેરે.)

તથા સાધુને નિવેદનકરવાવગેરેરૂપ કાર્યમાં છિન્નવનાદિને માટે આ પ્રમાણે બોલે કે "આ વન પ્રયત્નછિન્ન છે. (એ જગ્યાએ ઝાડી ન હોવાથી વડીનીતિ નહિ જવાય... અથવા તો એ પ્રયત્નછિન્ન હોવાથી ત્યાંથી વિહાર કરવામાં વાંધો નથી... વગેરે.)

તથા કન્યામાટે આ પ્રમાણે બોલે કે 'પ્રયત્નસુંદરા કન્યા' એટલે કે આ કન્યાને દીક્ષા આપ્યાબાદ સારી રીતે પાલન કરવા જેવી છે. (અર્થાત્ એનું જો સારી રીતે પાલન કરશો, તો એ સારી તૈયારી થશે, હિતકારી બનશે.)

અથવા તો કૃત, છિન્ન વગેરે બધું જ 'કર્મનિમિત્ત છે' એમ બોલે. **कर्महेतुकं** શબ્દ સાથે **आलपेद्** શબ્દ જોડી દેવો. (અહીં કર્મો એટલે આઠકર્મો નહિ, પણ ક્રિયાઓ લેવી. **कृत** ને માટે **क्रियाहेतुकं**, **छिन्न** ને માટે **छेदनहेतुकं**, **पक्व** ને માટે **पचनहेतुकं** એ પ્રમાણે સમજવું.)

તથા કોઈક ગાઢ હોય એટલે કે ગાઢપ્રહારવાળો હોય (એટલે કે દઢપ્રહારીની જેમ જોરદાર પ્રહાર- કરનારો હોય) તો કોઈક પ્રયોજન આવી પડે તો એને ઉદ્દેશીને આ પ્રમાણે બોલવું કે "આ ગાઢપ્રહારવાળો છે" (પણ આ નિષ્ઠુર છે, હિંસક છે, ઘાતકી છે... વગેરે ન બોલવું) આ રીતે બોલીએ તો એ ગાઢ- પ્રહારવાળાને અપ્રીતિ થવી, સાધુ પર ક્રોધ આવવો વગેરે દો ો પરિહાર કરાયેલા થાય છે. એટલે કે એ દોષો ન લાગે.

क्वचिद्व्यवहारे प्रक्रान्ते पृष्टोऽपृष्टो वा नैवं ब्रूयादित्याह–

सव्वुक्कसं परग्घं वा, अउलं नत्थि एरिसं । अविक्किअमवत्तव्वं, अचिअत्तं चेव नो वए ॥४३॥

ક્યાંક એવું બને કે વ્યવહાર પ્રકાન્ત હોય એટલે કે વેપાર-વાણિજયસંબંધી ચર્ચાઓ શરુ થઈ હોય એ વખતે લોકો સાધુને વેપાર અંગે પૃચ્છા કરે... હવે આ રીતે પુછાયેલો કે નહિ પુછાયેલો સાધુ આ પ્રમાણે ન બોલે કે

ગા.૪૩ "સર્વોત્કૃષ્ટ છે, પરાર્ધ છે, અતુલ છે, ઈદૃશ નથી, અસંસ્કૃત છે, અવકતવ્ય છે, અપ્રીતિકર છે" એમ ન બોલે.

'सव्वुक्कसं'ति सूत्रं, एतन्मध्य इदं 'सर्वोत्कृष्टं' स्वभावेन सुन्दरमित्यर्थः, 'परार्घं वा' उत्तमार्घं वा महार्घं क्रीतमिति भावः अतुलं नास्तीदृशमन्यत्रापि क्वचित्, 'अविक्किअं'ति असंस्कृतं सुलभमीदृशमन्यत्रापि, 'अवक्तव्य'मित्यनन्तगुणमेतत् अवि(चि)अत्तं वा-अप्रीतिकरं चैतदिति नो वदेत्, अधिकरणान्तरायादिदोषप्रसङ्गादिति सूत्रार्थः ॥४३॥

ટીકાર્થ : "આ બધી વસ્તુઓની મધ્યમાં આ સર્વોત્કૃષ્ટ છે = સ્વભાવથી સુંદર છે."

"આ મોટીકિંમતવાળું ખરીદાયું છે, એટલે કે આની ખરીદી મોંઘી થઈ છે (અથવા તો ખરીદાયેલું આ હવે મોટીકિંમતવાળું થવાનું છે.)

"આ અતુલ છે. બીજે ક્યાંય આના જેવી વસ્તુ નથી."

"આ અસંસ્કૃત છે. એટલે કે અન્યસ્થાનોમાં પણ આવા પ્રકારની વસ્તુ સુલભ છે."

"આ અવક્તવ્ય છે એટલે કે અનંતગુણવાળું છે."

"આ અપ્રીતિકર છે."

આ ઉપરદર્શાવેલી કોઈપણ ભાષા સાધુએ ન બોલવી. કેમકે એમાં અધિકરણ, અંતરાય વગેરે દોષોનો પ્રસંગ છે. (સાધુ જે વસ્તુને સર્વોત્કૃષ્ટ કહે, બધા એને ખરીદે પરિગ્રહ કરે, એવી વસ્તુ બનાવવાનો પ્રયત્ન કરે... આ બધામાં અધિકરણ = હિંસાદિદોષ સ્પષ્ટ જ છે. વળી જેને અસંસ્કૃત કહે એટલે લોકો એ ન ખરીદે, એટલે એ વસ્તુના માલિકને ધન કમાવવામાં અંતરાય કર્યાનો દોષ લાગે. સાધુના કારણે એનો માલ ઓછો વેચાયો... આમ બીજા બધા વચનોમાં પણ યથાસંભવ અનેક દોષો વિચારી લેવા.)

किं च–

सव्वमेअं वइस्सामि, सव्वमेअं ति नो वए । अणुवीइ सव्वं सव्वत्थ, एवं भासिज्ज पन्नवं ॥४४॥

વળી

ગા.૪૪ "આ બધું જ કહીશ" એમ ન બોલે. "આ બધું જ (કહેજો)" એમ ન બોલે. બધે જ બધું વિચારીને પ્રજ્ઞાવાન આ પ્રમાણે બોલે. (દોષ ન લાગે એ મુજબ બોલે.)

'सव्वमेअं'ति सूत्रं, 'सर्वमेतद्वक्ष्यामी'ति केनचित् कस्यचित् संदिष्टे सर्वमेतत्त्वया वक्तव्यमिति सर्वमेतद्वक्ष्यामीति नो वदेत्, सर्वस्य तथास्वरव्यञ्जनाद्युपेतस्य वक्तुमशक्यत्वात्, तथा सर्वमेतदिति नो वदेत्, कस्यचित्संदेशं प्रयच्छन् सर्वमेतदित्येवं वक्तव्य इति नो वदेत्, सर्वस्य तथास्वरव्यञ्जनाद्युपेतस्य वक्तुमशक्यत्वात्, असंभवाभिधाने मृषावादः, यतश्चैवमतः 'अनुचिन्त्य' आलोच्य सर्वं वाच्यं 'सर्वत्र' कार्येषु यथा असंभवाद्यभिधानादिना मृषावादो न भवत्येवं भाषेत प्रज्ञावान् साधुरिति सूत्रार्थः ॥४४॥

ટીકાર્થ : કોઈકવડે કોઈકને સંદેશો આપવામાટે સાધુ કહેવાયો કે "તમારે આ બધું જ ત્યાં કહેવું." તો એ રીતે સંદેશ કરાયે છતે સાધુ એમ ન બોલે કે "હા ! હું આ બધું જ કહીશ."

પ્રશ્ન : કેમ ? એમાં શું વાંધો ?

ઉત્તર : તેવાપ્રકારના સ્વર, વ્યંજનાદિથી યુક્ત એવું બધું જ બોલવું શક્ય જ નથી. (સંદેશો આપનારે જે સ્વરો, જે વ્યંજનોનો ઉપયોગકરવાપૂર્વક સંદેશો કહ્યો છે, સાધુ એ જ સ્વરાદિ પ્રમાણે ત્યાં બોલે તો જ એણે બધું જ કહેલું ગણાય. પણ આ શક્ય જ નથી. અને એટલે જ અશક્યવસ્તુમાટે સાધુ કહે કે "હું આ બધું જ બોલીશ" તો એમાં મૃષાવાદ સ્પષ્ટ જ છે.)

તથા સાધુ "આ બધું જ" એમ ન બોલે. એટલે કે સાધુ જયારે કોઈકને કોઈક દ્વારા સંદેશો આપે છે, ત્યારે સાધુ એમ ન બોલે કે "આ મેં જે કહ્યું, એ બધું જ તારે ત્યાં કહેવું." કેમકે સાધુ જે સ્વર, વ્યંજનાદિથી યુક્ત વચનો બોલ્યો છે, તેવા જ સ્વરાદિયુક્ત વચનો પેલો સંદેશવાહક બોલી શકવાનો જ નથી. અને જે વસ્તુનો અસંભવ છે, તેનુ કથન કરવામાં મૃષાવાદ લાગે.

આવું છે, માટે બધા જ કાર્યોમાં, વાચ્ય એવું બધું જ વિચારીને જે રીતે અસંભવાદિના કથન વગેરે દ્વારા મૃષાવાદ ન થાય એ પ્રમાણે પ્રજ્ઞાવાન સાધુ બોલે.

किंच-

सुक्कीअं वा सुविक्कीअं, अकिज्जं किज्जमेव वा । इमं गिण्ह इमं मुंच,

पणीअं नो विआगरे ॥४५॥

ગા.૪૫ સુક્રીત, સુવિક્રીત, અક્રેય, ક્રેય જ, આ લો, આ મુકો, પણ્યને કહેવું નહિ.

'सुक्कीअं व'त्ति सूत्रं, 'सुक्रीतं वे'ति किञ्चित् केनचित् क्रीतं दर्शितं सत्सुक्रीतमिति न व्यागृणीयात् इति योग:, तथा 'सुविक्रीत'मिति किञ्चित्केनचिद्विक्रीतं दृष्ट्वा पृष्टः सन् सुविक्रीतमिति न व्यागृणीयात्, तथा केनचित् क्रीते पृष्टः 'अक्रेयं' क्रयार्हमेव न भवतीति न व्यागृणीयात्, तथैवमेव 'क्रेयमेव वा' क्रयार्हमेवेति, तथा 'इदं' गुडादि गृहाणागामिनि काले महार्घं भविष्यति तथा 'इदं' मुञ्च घृताद्यागामिनि काले समर्घं भविष्यतीतिकृत्वा 'पणितं' पण्यं नैव व्यागृणीयात्, अप्रीत्यधिकरणादिदोषप्रसङ्गादिति सूत्रार्थः ॥४५॥

ટીકાર્થ : કોઈકવડે કોઈકવસ્તુ ખરીદાઈ છે, અને એ સાધુને દેખાડાઈ તો સાધુ એમ ન બોલે કે "આ વસ્તુ સારીખરીદી" અહીં सुक्रीतं શબ્દ સાથે विआगरे = व्यागृणीयात् શબ્દ જોડવો.

એમ કોઈકવડે કોઈકવસ્તુ વહેંચાઈ જોઈને કોઈક સાધુને એ અંગે પૃચ્છા કરે તો સાધુ એમ ન બોલે કે "સારું વેચાણ કર્યું."

કોઈક કોઈકવસ્તુ ખરીદ્યા પછી સાધુને પુછે તો પુછાયેલો સાધુ એમ ન બોલે કે "આ વસ્તુ ખરીદવાયોગ્ય જ ન હતી." (તમે ખોટી ખરીદી કરી...) તથા ત્યારે એમ પણ ન બોલે કે "આ વસ્તુ ખરીદવા જેવી જ હતી" (તમે ખૂબ સારુ કર્યું.)

તથા "આ ગોળવગેરે તમે લઈ લો, ભવિષ્યકાળમાં અત્યંતકિંમતી થશે."

તથા "આ ગોળવગેરે મુકી દો, વેંચી દો. કેમકે ભવિષ્યકાળમાં સમર્ઘ = સરખીકિંમતવાળી થશે." (અત્યારે ઘણાં મોંઘા છે, એટલે અત્યારે વેચશો તો પૈસા કમાશો, પછી એની સમ્યક્કિંમત થશે, એટલે કે એ પ્રમાણસર કિંમતના થશે. ત્યારે નફો ઓછો થશે...)

પણ્ય = વેપાર કરવાયોગ્ય વસ્તુને ઉદ્દેશીને ઉપરની કોઈપણ બાબત સાધુ ન બોલે. કેમકે એમાં અપ્રીતિ, અધિકરણ વગેરે દોષનો પ્રસંગ આવે. (સારી ખરીદીવગેરેની પ્રશંસા કરે તો એ વધુ ખરીદીવગેરે કરે, એમાં અધિકરણ-હિંસાદિ થવાના જ. એ પછી જો એમાં નુકસાન જાય, તો સાધુ પર અપ્રીતિ થાય... એમ ખરીદીવગેરેની નિંદા કરે... તો એને અપ્રીતિ વગેરે થાય...)

अत्रैव विधिमाह–

अप्पग्घे वा महग्घे वा, कए वा विक्कएवि वा । पणिअट्ठे समुप्पन्ने, अणवज्जं वियागरे ॥४६॥

આ જ બાબતમાં વિધિ બતાવે છે. (વિધિ = અનુમતિ અથવા વિધિ = ઉચિતપ્રવૃત્તિ...)

ગા.૪૬ અલ્પાર્ઘ કે મહાર્ઘ, ક્રય કે વિક્રય પણિતાર્થ સમુત્પન્ન થાય ત્યારે અનવદ્ય બોલવું.

'अप्पग्घे व'त्ति सूत्रं, अल्पार्घे वा महार्घे वा, कस्मिन्नित्याह-क्रये वा विक्रयेऽपि वा 'पणितार्थे' पण्यवस्तुनि समुत्पन्ने केनचित् पृष्टः सन् 'अनवद्यम्' अपापं व्यागृणीयात् यथा नाधिकारोऽत्र तपस्विनां व्यापाराभावादिति सूत्रार्थः ॥४६॥

ટીકાર્થ : કોઈક ખરીદી અલ્પકિંમતવાળી કે મોટીકિંમતવાળી, કોઈક વેચાણ અલ્પકિંમતાવાળું કે મોટી કિંમતવાળું થાય... આવી પણ્યવસ્તુ ઉત્પન્ન થાય ત્યારે કોઈકવડે પુછાયેલો સાધુ અનવદ્ય = પાપરહિત બોલે. એટલે કે એમ કહે કે "આમાં તપસ્વીઓનો = સાધુઓનો અધિકાર નથી. કેમકે તેઓને વેપાર-ધંધાનો અભાવ છે."

किंच-

तहेवासंजयं धीरो, आस एहि करेहि वा । सय चिट्ठ वयाहित्ति, नेवं भासिज्ज पन्नवं ॥४७॥

ગા.૪૭ તે જ પ્રમાણે પ્રજ્ઞાવાન ધીર (સાધુ) અસંયતને "બેસ, જા, સૂઈજા, બોલ" આ પ્રમાણે ન બોલે.

'तहेव'त्ति सूत्रं, तथैव 'असंयतं' गृहस्थं 'धीरः' संयतः आस्वेहैव, एहीतोऽत्र, कुरु वेदं-संचयादि, तथा शेष्व निद्रया, तिष्ठोर्ध्वस्थानेन, व्रज ग्राममिति नैवं भाषेत प्रज्ञावान् साधुरिति सूत्रार्थः ॥४७॥

ટીકાર્થ : ધીર = સંયત, પ્રજ્ઞાવાન સંયત અસંયતને = ગૃહસ્થને આ પ્રમાણે ન કહે કે "અહીં જ બેસ." "અહીંથી અહીં જા" "આ સંચય = ભેગુંકરવુંવગેરે કર." "નિદ્રાવડે ઊંઘ" "ઉર્ધ્વ સ્થાનથી રહે એટલે કે ઉભો રહે." "ગામમાં જા" (દોષો સ્પષ્ટ જ છે...)

किंच-

बहवे इमे असाहू, लोए वुच्चंति साहुणो । न लवे असाहु साहुत्ति, साहुं साहुत्ति आलवे ॥४८॥

વળી

ગા.૪૮ આ ઘણાં બધા અસાધુઓ લોકમાં સાધુ કહેવાય છે. અસાધુને સાધુ ન કહેવા, સાધુને સાધુ કહેવો.

'बहवे'त्ति सूत्रं, बहवः 'एते' उपलभ्यमानस्वरूपा आजीवकादयः असाधवः निर्वाणसाधकयोगापेक्षया 'लोके तु' प्राणिसंघाते उच्यन्ते साधवः सामान्येन, तत्र नालपेदसाधुं साधुं, मृषावादप्रसङ्गात्, अपितु साधुं साधुमित्यालपेत्, न तु तमपि नालपेत्, उपबृंहणातिचारदोषप्रसङ्गादिति सूत्रार्थः ॥४८॥

ટીકાર્થ : જેનું સ્વરૂપ ઉપલભ્યમાન છે = જણાય છે, એવા આજીવકવગેરે ઘણાં અસાધુઓ છે.

પ્રશ્ન તેઓ સાધુવેષધારી છે, છતાં અસાધુ કેમ ?

ઉત્તર : મોક્ષને સાધી આપે એવા યોગોની અપેક્ષાએ તેઓ અસાધુ છે. તેઓ પાસે એ યોગો નથી. અને એ યોગો વિના તેઓ સાધુ ન કહેવાય.

આવા અસાધુઓ પણ લોકમાં = પ્રાણીસમૂહમાં સામાન્યથી સાધુ કહેવાય છે. પણ જૈનમુનિએ અસાધુને સાધુ ન કહેવો. કેમકે એમાં મૃષાવાદનો દોષ લાગે. પરંતુ સાધુને જ સાધુ કહેવો.

પ્રશ્ન : આ બધી લમણાઝીંક કરવા કરતાં કોઈને પણ સાધુ કહીએ જ નહિ તો ? દોષ ન લાગે ને ?

ઉત્તર : 'સાધુને પણ સાધુ ન કહેવો.' એમ ન કરવું કેમકે એમાં ઉપબૃંહણા નામના સમ્યગ્દર્શનાચારના અતિચારનો દોષ લાગે. (સાધુને સાધુ કહેવો એ એના ગુણોની અનુમોદના છે, એ આચાર છે. એ ન કરવો એ અતિચાર છે...)

किंविशिष्टं साधुं साधुमित्यालपेदित्यत आह–

नाणदंसणसंपन्नं, संजमे अ तवे रयं । एवंगुणसमाउत्तं, संजयं साहुमालवे ॥४९॥

પ્રશ્ન : કયા વિશેષણવાળા સાધુને 'સાધુ' એમ કહેવું.

ગા.૪૯ જ્ઞાનદર્શનસંપન્ન, સંયમમાં અને તપમાં રત આવા ગુણવાળા સંયતને સાધુ કહેવો.

'नाण'त्ति सूत्रं, ज्ञानदर्शनसंपन्नं-समृद्धं संयमे तपसि च रतं यथाशक्ति एवंगुण-समायुक्तं संयतं साधुमालपेत्, न तु द्रव्यलिङ्गधारिणमपीति सूत्रार्थः ॥४९॥

ટીકાર્થ : જે સંયત જ્ઞાન અને દર્શનથી સમૃદ્ધ હોય, જે સંયમમાં અને તપમાં શક્તિપ્રમાણે રત હોય, આવાપ્રકારના ગુણવાળા સંયતને સાધુ કહેવો. પરંતુ જે દ્રવ્યલિંગધારી છે = માત્ર વેષધારી છે, એને પણ સાધુ કહેવો નહિ.

किंच–

देवाणं मणुआणं च, तिरिआणं च वुग्गहे । अमुगाणं जओ होउ, मा वा होउ त्ति नो वए ॥५०॥

વળી

ગા.૫૦ દેવોના, મનુષ્યોના અને તિર્યંચોના યુદ્ધમાં 'અમુકનો જય થાઓ, અથવા ન થાઓ' એમ ન બોલવું.

'देवाणं'ति सूत्रं, 'देवानां' देवासुराणां 'मनुजानां' नरेन्द्रादीनां 'तिरश्चां' महिषादीनां च 'विग्रहे' संग्रामे सति 'अमुकानां' देवादीनां जयो भवतु मा वा भवत्विति नो वदेद्, अधिकरणतत्स्वाम्यादिद्वेषदोषप्रसङ्गादिति सूत्रार्थः ॥५०॥

ટીકાર્થ : દેવો અને અસુરોના યુદ્ધ થાય, રાજાવગેરે મનુષ્યોનાં યુદ્ધ થાય, પાડાવગેરે તિર્યંચોના યુદ્ધ થાય. તેમાં સાધુ એમ ન બોલે કે "દેવવગેરેનો જય થાઓ..." કે એમ પણ ન બોલે કે "અમુક દેવાદિનો જય ન થાઓ." કેમકે એમાં અધિકરણ, તેના સ્વામી વગેરેને દ્વેષ થવો... એ રૂપ દોષ લાગે છે. (સાધુ જેનો જય થવાનું બોલે, તેઓ ઉત્સાહમાં આવી જાય. સાધુનાં વચનથી આપણો જય થશે જ' એમ વિચારી વધુઉત્સાહથી લડે... આમાં હિંસાદિ દોષ થાય. તથા તિર્યંચાદિના સંબંધમાં સાધુ જેનો જય ન થવાનું કહે એના માલિકને સાધુ પર ગુસ્સો ચઢે કે "આ કેમ મારા પશુનો પરાજય થવાનું બોલે છે...")

किं च-

वाओ वुट्ठं च सीउण्हं, खेमं धायं सिवंति वा । कया णु हुज्ज एआणि ?, मा वा होउ त्ति नो वए ॥५१॥

ગા.૫૧ 'વાત, વૃષ્ટિ, શીત, ઉષ્ણ, ક્ષેમ, ધ્રાત, શિવ' "આ ક્યારે થશે ?" અથવા તો "ન થાઓ" એમ ન બોલવું.

'वाउ'त्ति सूत्रं, '<u>वातो</u>' मलयमारुतादिः, '<u>वुट्ठं वा</u>' वर्षणं, शीतोष्णं प्रतीतं '<u>क्षेमं</u>' राजविड्वरशून्यं '<u>ध्रातं</u>' सुभिक्षं '<u>शिव</u>'मिति चोपसर्गरहितं कदा नु भवेयुः '<u>एतानि</u>' वातादीनि, मा वा भवेयुरिति घर्माद्यभिभूतो नो वदेद्, अधिकरणादिदोषप्रसङ्गाद्, वातादिषु सत्सु सत्त्वपीडापत्तेः तद्वचनतस्तथाभवनेऽप्यार्तध्यानभावादिति सूत्रार्थः ॥५१॥

ટીકાર્થ : વાત = મલયાચલપર્વતનો (ચંદનની ગંધવાળો) પવન વગેરે. વૃષ્ટિ = વરસાદ શીતોષ્ણ પ્રતીત છે. ક્ષેમ = રાજાઓના વિડ્વરથી = ત્રાસ, આક્રમણાદિથી રહિત. ધ્રાત = સુભિક્ષ. શિવ = ઉપસર્ગ-રહિત...

"આ બધું ક્યારે થશે ?" એમ કે " બધું ન થાઓ" એમ બફારા, ગરમીવગેરેથી હેરાન થયેલો સાધુ ન બોલે. (સાધુ ગરમીથી પરેશાન થાય તો "ઠંડી ક્યારે પડશે, પવન ક્યારે વાશે ?" વગેરે ઈચ્છે, બોલે. એમ ગરમીથી ત્રાસેલો સાધુ બોલે કે "ગરમી ન પડે તો સારું..." એમ અન્ય બાબતોમાં પણ વિચારી લેવું) કેમકે આવું બોલવામાં અધિકરણાદિ દોષો લાગે. (સાધુ ઠંડી પડવાનું બોલે છે. હવે જો ઠંડી પડે તો ગરમીના વાતાવરણમાં જીવવા ટેવાયેલા જીવોની હિંસા થવાની જ. તેઓ ઠંડીમાં મરી જવાના... એટલે 'ઠંડી પડો, ગરમી ન પડો' આવું ઈચ્છવામાં બોલવામાં એ થનારી હિંસાઓની અનુમોદનાવગેરેરૂપ દોષ લાગે. અમુક પાક ગરમીમાં જ થતો હોય, સાધુ ઠંડી પડવાનું બોલે તો એ પાક લેનારાઓ સાધુ આપણો દુશ્મન છે એમ વિચારી સાધુ પર ગુસ્સે ભરાય... વગેરે અનેક રીતે દોષો સંભવે છે.)

પ્રશ્ન : આ દોષો શી રીતે લાગે ?

ઉત્તર : જો સાધુ બોલે એ પ્રમાણે પવનવગેરે થાય તો ત્રસ, સ્થાવરાદિ ઘણાં જીવોને પીડા થાય. આ અધિકરણદોષ લાગે.

પ્રશ્ન : પણ સાધુ બોલે એટલા માત્રથી કંઈ પવન થોડો આવવા લાગે ?

ઉત્તર : સાધુના વચનપ્રમાણે પવનવગેરે ન થાય તો પણ આમાં સાધુને આર્તધ્યાન તો થાય જ છે, આવું બોલવા, વિચારવામાં આર્તધ્યાનરૂપ દોષ તો લાગવાનો જ.

तहेव मेहं व नहं व माणवं, न देवदेवत्ति गिरं वइज्जा ।
समुच्छिए उन्नए वा पओए, वइज्ज वा वुट्ठ बलाहय त्ति ॥५२॥

ગા.૫૨ તે જ પ્રમાણે મેઘ, નભ કે માનવને માટે દેવદેવ છે એવી વાણી ન બોલવી. એમ બોલવું કે "પયોદ સંમૂર્ચ્છિત છે કે ઉન્નત છે" અથવા "**बलाहक वृष्टः**" એમ બોલવું.

'तहेव'त्ति सूत्रं, तथैव मेघं वा नभो वा मानवं वाऽऽश्रित्य नो देववेवत्ति गिरं वदेत्, मेघमुन्नतं दृष्ट्वा उन्नतो देव इति नो वदेत्, एवं 'नभ' आकाशं 'मानवं' राजानं वा देवमिति नो वदेत्, मिथ्यावादलाघवादिप्रसङ्गात् । कथं तर्हि वदेदित्याह-उन्नतं दृष्ट्वा संमूर्छित उन्नतो वा पयोद इति, वदेद्वा वृष्टो बलाहक इति सूत्रार्थः ॥५२॥

ટીકાર્થ : વાદળ, આકાશ કે માનવને આશ્રયીને 'આ દેવદેવ છે' એવી વાણી ન બોલવી. આશય એ છે કે ઉન્નત = મોટા = ઉંચા વાદળને જોઈને "ઉન્નત દેવ" એ પ્રમાણે ન બોલવું. એમ આકાશને કે રાજાને 'દેવ' એમ ન કહેવું. કેમકે એમાં મિથ્યાત્વ, લાઘવવગેરે દોષો લાગે. (વાદળો વરસાદ વરસાવી ઘણી શાંતિ આપે છે, માટે લોકો એને દેવ ગણે છે. પણ જૈનદર્શન એને દેવ માનતું નથી. આ રીતે જે દેવ નથી એને દેવ કહેવો, માનવો... એ મિથ્યાત્વ છે. એટલે આવું બોલવામાં સાધુને મિથ્યાત્વદોષ લાગે.

બીજીવાત એ કે સાધુ રાજાને 'દેવ' કહે એટલે સાધુની લઘુતા થાય. સાધુને રાજાની ગરજ છે... એમ દેખાય...)

પ્રશ્ન : તો પછી શું બોલવું ?

ઉત્તર : ઉન્નતમેઘને જોઈને બોલવું કે "આ સંમૂર્ચ્છિત મેઘ છે" કે "ઉન્નત મેઘ છે" અથવા એમ બોલવું કે "બલાહક = વાદળ વરસ્યું."

नभ आश्रित्याह–

अंतलिक्खत्ति णं बूआ, गुज्झाणुचरिअत्ति अ । रिद्धिमंतं नरं दिस्स, रिद्धिमंतंति आलवे ॥५३॥

(મેઘની વાત કરી. હવે) આકાશને આશ્રયીને કહે છે કે

ગા.૫૩ 'અંતરિક્ષ' એમ બોલવું, 'ગુહ્યાનુચરિત' એમ બોલવું. ઋદ્ધિમાન મનુષ્યને

જોઈને 'ઋદ્ધિમાન' એમ બોલવું.

'अंतलिक्ख'त्ति सूत्रं, इह नभोऽन्तरिक्षमिति ब्रूयाद्गुह्यानुचरितमिति वा, सुरसेवितमित्यर्थः, एवं किल मेघोऽप्येतदुभयशब्दवाच्य एव। तथा 'ऋद्धिमन्तं' संपदुपेतं नरं दृष्ट्वा, किमित्याह—'रिद्धिमंत'मिति ऋद्धिमानयमित्येवमालपेत्, व्यवहारतो मृषावादादिपरिहारार्थमिति सूत्रार्थः ॥५३॥

ટીકાર્થ : અહીં આકાશને માટે આ પ્રમાણે બોલવું કે "અન્તરિક્ષ, સુરસેવિત..." (દેવોવડે સેવાયેલ...)

આ રીતે મેઘ પણ આ બંને શબ્દોથી વાચ્ય જ છે. એટલે કે મેઘમાટે પણ અન્તરિક્ષ, સુરસેવિત શબ્દ વાપરી શકાય. તથા સંપત્તિવાળા માણસને (રાજાદિને) જોઈને આ ઋદ્ધિમાન છે એમ બોલવું (પણ દેવ છે, વગેરે શબ્દો ન બોલવા.)

પ્રશ્ન : પણ ઋદ્ધિમાનને પણ ઋદ્ધિમાન કહેવાની શી જરૂર ?

ઉત્તર વ્યવહારમાં બધા એને ઋદ્ધિમાન કહેતાં હોય અને એટલે જ જો એને ઋદ્ધિમાન ન કહીએ તો મૃષાવાદવગેરે દોષો લાગે. આ દોષોનો પરિહાર કરવામાટે આ પ્રમાણે શબ્દપ્રયોગ કરવો. (જેમ કોઈકનું નામ ભગવાન હોય, તો સાધુ પણ એને 'ભગવાન' કહે. આ વ્યવહારથી કહે છે.જો ભગવાન ન કહે તો વ્યવહારમાં મૃષાવાદ લાગે. એમ ઋદ્ધિમાનમાટે પણ સમજવું. આમાં એ ઋદ્ધિ પ્રત્યેના આદર-બહુમાનથી નહિ, પરંતુ સહજ રીતે જ બોલે...)

किंच—

तहेव सावज्जणुमोअणी गिरा, ओहारिणी जा य परोवघाइणी।
से कोह लोह भय हास माणवो, न हासमाणोऽवि गिरं वइज्जा ॥५४॥

વળી,

ગા.૫૪ સાવદ્યનું અનુમોદનકરનારી, અવધારણી, પરોપઘાતિની જે ભાષા હોય, આવાપ્રકારની ભાષાને ક્રોધથી, લોભથી, ભયથી, હાસ્યથી હસતાં હસતાં પણ માનવ ન બોલે.

'तहेव'त्ति सूत्रं, तथैव सावद्यानुमोदिनी 'गीः' वाग् यथा सुष्ठु हतो ग्राम इति, तथा 'अवधारिणी' इदमित्थमेवेति, संशयकारिणी वा, या च परोपघातिनी यथा-मांसमदोषाय

'से' इति तामेवंभूतां क्रोधाल्लोभाद्भयाद्धासाद्वा, मानप्रेमादीनामुपलक्षणमेतत्, 'मानवः' पुमान् साधुर्न हसन्नपि गिरं वदेत्, प्रभूतकर्मबन्धहेतुत्वादिति सूत्रार्थः ॥५४॥

ટીકાર્થ : આ ગામ સારું હણાયું એવા પ્રકારની વાણી સાવદ્યનું અનુમોદન કરનારી છે. તથા આ આ પ્રમાણે જ છે એ વાણી અવધારણી છે અથવા તો સંશયને ઉત્પન્ન કરાવનારી વાણી અવધારણી જાણવી. તથા જે ભાષા પરોપઘાતિની છે... જેમકે માંસ અદોષ માટે છે, એટલે કે માંસ ખાવામાં કોઈ જ દોષ નથી.

તો આવાપ્રકારની તે ભાષાને પુરુષ સાધુ હસતાં હસતાં પણ ક્રોધથી, લોભથી, ભયથી કે હાસ્યથી ન બોલે. અહીં ક્રોધાદિ એ માન, પ્રેમાદિનું ઉપલક્ષણ છે.

(અંદરના ક્રોધથી બહાર હસતાં હસતાં, અંદરના અહંકારની બહાર હસતાં હસતાં... અંદર હાસ્યભાવથી બહાર હસતાં હસતાં.. બોલે... એ ન ચાલે...)

આવી ભાષા પુષ્કળ કર્મબંધનું કારણ હોવાથી ન બોલવી.

वाक्यशुद्धिफलमाह—

सवक्कसुद्धिं समुपेहिआ मुणी, गिरं च दुट्ठं परिवज्जए सया ।
मिअं अदुट्ठे (ट्ठं) अणुवीइ भासए, सयाण मज्झे लहई पसंसणं ॥५५॥

વાક્યશુદ્ધિના ફલને કહે છે.

ગા.૫૫ સુવાક્યશુદ્ધિને સમ્યગ્ જોઈને મુનિ સદા દુષ્ટવાણીને વર્જે. મિત, અદુષ્ટ વિચારીને બોલે. સજ્જનોની મધ્યમાં પ્રશંસા પામે.

'सवक्क 'त्ति सूत्रं, सद्वाक्यशुद्धिं स्ववाक्यशुद्धिं वा सवाक्यशुद्धिं वा, सतीं शोभनां, स्वामात्मीयां, स इति वक्ता, वाक्यशुद्धिं 'संप्रेक्ष्य' सम्यग् दृष्ट्वा 'मुनिः' साधुः गिरं तु 'दुष्टां' यथोक्तलक्षणां परिवर्जयेत् सदा, किंतु 'मितं' स्वरतः परिमाणतश्च, 'अदुष्टं' देशकालोपपन्नादि 'अनुविचिन्त्य' पर्यालोच्य भाषमाणः सन् 'सतां' साधूनां मध्ये 'लभते प्रशंसनं' प्राप्नोति प्रशंसामिति सूत्रार्थः ॥५५॥

ટીકાર્થ **सवक्कसुद्धिं** ગાથામાં લખેલું છે. સંસ્કૃતમાં એ ત્રણ રીતે ખુલે. (૧) સદ્વાક્યશુદ્ધિ (૨) સ્વવાક્યશુદ્ધિ (૩) સવાક્યશુદ્ધિ.

(૧) સદ્વાક્યશુદ્ધિ = સારી વાક્યશુદ્ધિ.

(૨) સ્વવાક્યશુદ્ધિ = પોતાની વાક્યશુદ્ધિ.

(૩) સવાકયશુદ્ધિ = स વાક્યશુદ્ધિ એમ स જુદો પાડવો. स = વક્તા.

વકતાસાધુ વાક્યશુદ્ધિને સારી રીતે જોઈને સદા પૂર્વે જણાવેલા લક્ષણવાળી દુષ્ટવાણીને સદા વર્જે. પરંતુ સ્વરથી અને પરિમાણથી મિત (ધીમા અવાજે અને ઓછું) તથા અદુષ્ટ = દેશ અને કાલને યોગ્ય હોય તેવા પ્રકારની વાણી = વચન વિચારીને બોલનારો સાધુ સજ્જનોની મધ્યમાં પ્રશંસાને પામે. (અહીં **पर्यालोच्य** શબ્દ **मितं** ની પહેલાં જોડવો ઉચિત લાગે છે. વિચારીને મિત-અદુષ્ટબોલનારો સાધુ...)

यतश्चैवमतः—

भासाइ दोसे अ गुणे अ जाणिआ, तीसे अ दुट्ठे परिवज्जए सया ।

छसु संजए सामणिए सया जए, वइज्ज बुद्धे हिअमाणुलोमिअं ॥५६॥

આવું છે, માટે

ગા.૫૬ ભાષાનાં દોષોને અને ગુણોને જાણીને તે દુષ્ટભાષાનો સદા પરિવર્જક, છમાં સંયત સદા સાધુપણામાં યત = યત્નવાન બુદ્ધ સાધુ મનોહર, હિતકારી વચન બોલે.

'भासाइ'त्ति सूत्रं, 'भाषाया' उक्तलक्षणाया दोषांश्च गुणांश्च 'ज्ञात्वा' यथावदवेत्य तस्याश्च दुष्टाया भाषायाः परिवर्जकः सदा, एवंभूतः सन् षड्जीवनिकायेषु संयतः, तथा 'श्रामण्ये' श्रमणभावे चरणपरिणामगर्भे चेष्टिते 'सदा यतः' सर्वकालमुद्युक्तः सन् वदेद् बुद्धो 'हितानुलोमं' हितं-परिणामसुन्दरम् अनुलोमं-मनोहारीति सूत्रार्थः ॥५६॥

ટીકાર્થ : કહેવાયેલા લક્ષણવાળી ભાષાના દોષોને અને ગુણોને વાસ્તવિક રીતે જાણીને તે દુષ્ટભાષાનો સદા ત્યાગકરનાર, ષડ્જીવનિકાયમાં સંયમવાળો તથા ચારિત્રપરિણામગર્ભિત ચારિત્રચેષ્ટા = ક્રિયારૂપ શ્રમણભાવમાં સર્વકાળ ઉદ્યમવાળો, બોધવાળો સાધુ પરિણામે સુંદર અને મનોહર વચનો બોલે.

उपसंहरन्नाह—

परिक्खभासी सुसमाहिइंदिए, चउक्कसायावगए अणिस्सिए ।

से निद्धुणे धुन्नमलं पुरेकडं, आराहए लोगमिणं तहा परं ॥५७॥ ति बेमि ॥

सवक्कसुद्धीअज्झयणं समत्तं ॥७॥

ઉપસંહાર કરતાં કહે છે –

ગા.૫૭ પરીક્ષ્યભાષી, સુસમાહિતેન્દ્રિય, અપગતચતુષ્કષાય, અનિશ્રિત તે સાધુ પૂર્વકૃત પાપકર્મને ધુણાવીને આ લોક તથા પરલોકને આરાધે છે. તેમ હું કહું છું.

'परिक्ख'त्ति सूत्रं, 'परीक्ष्यभाषी' आलोचितवक्ता तथा 'सुसमाहितेन्द्रियः' सुप्रणिहितेन्द्रिय इत्यर्थः, 'अपगतचतुष्कषायः' क्रोधादिनिरोधकर्तेति भावः, 'अनिश्रितो' द्रव्यभावनिश्रारहितः, प्रतिबन्धविमुक्त इति हृदयम्, स इत्थंभूतो 'निर्धूय' प्रस्फोट्य 'धुन्नमलं' पापमलं 'पुराकृतं' जन्मान्तरकृतं, किमिति ?-'आराधयति' प्रगुणीकरोति लोकम् 'एनं' मनुष्यलोकं वाक्संयतत्वेन, तथा 'पर'मिति परलोकमाराधयति निर्वाणलोकं, यथासंभवमनन्तरं पारम्पर्येण वेति गर्भः । ब्रवीमीति पूर्ववत् । नयाः पूर्ववदेव ॥५७॥

ટીકાર્થ : પરીક્ષ્યભાષી = વિચારાયેલા = પરીક્ષાકરાયેલા પદાર્થોનો વક્તા. તથા સુપ્રણિધાનયુક્ત ઈન્દ્રિયવાળો, તથા ક્રોદાદિ ચારકષાયોનો નિગ્રહકરનાર, અનિશ્રિત = દ્રવ્યનિશ્રા અને ભાવનિશ્રા વિનાનો ('અમુકવસ્તુ મારે જોઈએ જ' એ દ્રવ્યનિશ્રા અને પોતાના વિચારો-ચંતનોવગેરે ઉપર કદાગ્રહ એ ભાવનિશ્રા) એટલે કે પ્રતિબંધરહિત = રાગરહિત.

આવાપ્રકારનો તે સાધુ બીજા જન્મોમાં કરેલા પાપમલને ધુણાવીને = ખતમકરીને વાણીના સંયમવાળો હોવા રૂપે આ મનુષ્યલોકને આરાધે છે

મોક્ષની આરાધના = મોક્ષની પ્રાપ્તિ યથાસંભવ અનંતર કે પરંપરાએ થાય એ ગર્ભિત રીતે સમજી લેવું. (પ્રથમસંઘયણાદિ સામગ્રી હોય તો અનંતર = આ ભવ પછી તરત જ મોક્ષ પામે. અને એ સામગ્રી ન હોય તો દેવલોકાદિ કેટલાંક ભવો બાદ મોક્ષ પામે...)

ब्रवीमि શબ્દ પૂર્વની જેમ સમજવો.

નયો પણ પૂર્વની જેમ જ સમજવા.

इति श्रीहरिभद्रसूरिविरचितायां दशवैकालिकटीकायां वाक्यशुद्ध्यध्ययनं समाप्तम् ॥७॥

સાતમા અધ્યયનનું વ્યાખ્યાન થઈ ગયું.

સભાષાંતર દશવૈકાલિકસૂત્ર ભાગ-૩ સંપૂર્ણ